કલા-અંક વિષે જુઓ આ અંકમાં છેવટે પાને

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનાં જ્ઞાન, સાહિત્ય, કલા અને સંસ્કારઘડતરનું એકમાત્ર માસિક

તંત્રી · બચુભાઈ રાવત

સળંગ અંક ૫૧૬





ઢીંગલા-ઢીંગલી પચ્ચીસેક વર્ષ પહેલાંના ગ્રામજીવનનું એક માણવાન ચિત્ર

ચિત્રકાર · ચન્દ્રશંકર રાવળ

આ અંક

કલા-અંક

તરીકે આપના હાથમાં આવવાનો હતો

પરંતુ

એની વિપુલ-વિવિધ સાહિત્ય-ચિત્રસામગ્રીને ધારેલી મુદતમાં ટાંચાં સાધનો વડે પહોંચી વળી શકાય તેમ ન લાગવાથી, આ અંક ચાલુ સ્વરૂપમાં આપીને કલા-અંક જાન્યુઆરીમાં (લગભગ ત્રીજા અઠવાડિયામાં) પ્રકટ કરવાનો નિર્ણય લેવો પડ્યો છે.

◖ તે અંક સલામત મેળવવા માટે જેમણે રજિસ્ટર્ડથી કે વી. પી. દ્વારા તે મંગાવ્યો છે તેમને તે વિધિ થતાં થોડો મોડો મળે તો નિભાવી લેવા વિનંતી છે.

◖ જે ગ્રાહકો આ અંક સાથે બંધ થાય છે તેઓ પણ એ ખાસ અંક મેળવવાની અપેક્ષાથી ગ્રાહક થયા હોઈ, તેમને આગામી અંક મોકલીને અમારી જવાબદારી અમે અદા કરીશું જ—અને આશા રાખીશું કે તેઓ આવતે વર્ષે ચાલુ રહેવાનો નિર્ણય કરશે.

◖ જેઓ ડિસેમ્બર અંકના કલા-અંક તરીકે ચાર રૂપિયા વધારે ભરીને તેર માસના ગ્રાહક થયા છે તેમને હવે જાન્યુઆરી અંકથી જ પંદર રૂપિયાના પૂરા ગ્રાહક તરીકેનો લાભ આપીશું અને તેમનું લવાજમ ઈ. ૧૯૬૮ના માર્ચ સુધી લંબાવી આપીશું. આશા છે કે તેઓ બીજા ૧૧ રૂપિયા મોકલીને ઈ.૧૯૬૮નું આખા વર્ષનું લવાજમ પૂરું કરી આપશે.

◖ આ ફેરફારથી વાચકોની આતુરતાને નિરાશ કરવા માટે તથા તેમને પડનારી તકલીફ માટે ક્ષમા માગીએ છીએ.

કુમાર

ડિસેમ્બર ૧૯૬૬ · અંક ૫૧૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



આજ્ઞાંકિત અને પ્રામાણિક માનવીની **દાસી**

વીજળીની સચિત્ર કથા

ઈ. પૂર્વે ૬૦૦માં ગ્રીસમાં થઈ ગએલા થૅલસ ને મિલેટ્સ-ન્થી માંડીને ચુંબકત્વની શોધ કરીને અંબર માટેના ગ્રીક શબ્દ 'ઇલેક્ટ્રા' પરથી 'ઇલેક્ટ્રિસિટી' નામ આપનાર સર વિલિયમ ગિલ્બર્ટ, વિદ્યુતનું વહન શોધનાર સ્ટીવન ગ્રે, આકાશી વિદ્યુતના શોધક બેન્જામિન ફ્રાંકલિન, ગૅલ્વૅનો-મીટરના શોધક પ્રો. ગૅલ્વાની, વીજકોષ બનાવનાર વૅાલ્ટા, ગણિતજ્ઞ આંપેર, તારનો શોધક મોર્સ, ટલિફોન શોધનાર બેલ, જનરેટર બનાવનાર ફેરાડે, વીજળીનું પ્રકાશમાં રૂપાંતર કરનાર એડિસન જેવા અનેકોની સાધનાનો કોઈ **રસિક નવલકથાનાં પ્રકરણો જેવો શ્રેષ્ઠ ઇતિહાસ**

આર્નોલ્ડ મૅન્ડલબમના અંગ્રેજી પરથી અનુવાદક

બિહારીલાલ ટાંક ('કુમાર'ના ઉપસંપાદક)

કિં. રૂ. બે; પોસ્ટેજ ૨૦ પૈસા. રજિ. પો. સાથે રૂ. ૨-૭૫

કુમાર કાર્યાલય લિમિ૦ અમદાવાદ ૧

મુંબાઈમાં : એન. એમ. ત્રિપાઠી પ્રિન્સેસ સ્ટ્રીટ
કલકત્તામાં : એલ. કે. મેઘાણી અંમરતલ્લા સ્ટ્રીટ
ભાવનગરમાં : લોકમિલાપ કાર્યાલય કોરટ રસ્તો

યોગાસનો

ત્રીજી આવૃત્તિ

શરીર મન અને જ્ઞાનતંતુઓ—ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામ-પદ્ધતિની

દામુભાઈ શુક્લ

લિખિત પુસ્તિકાની ફરી એક વધુ આવૃત્તિ જ એની ઉપયોગિતા દર્શાવી આપે છે.

ત્રીસ આસનો અને તેને સમજાવતાં ચિત્રો, પ્રત્યેક આસનથી શરીરને થતા લાભની વિગતો, યોગમુદ્રા, ઉડ્ડિયાનબંધ, નૌલિ અને પ્રાણાયામની ક્રિયાઓ તથા શરીરસ્વાસ્થ્યને માટે એ બધાંને પ્રયોજવા અંગેનાં માર્ગદર્શક ઉપયોગી સૂચનોવાળી સરળતમ રજૂઆતને કારણે આ પુસ્તિકાનું મૂલ્ય ઘણું વધી રહે છે.

(કિં. ૧-૦૦ રૂપિયો · પોસ્ટેજના ૧૫ ન.પૈ.)

લિપિકા

કવિવર, ગુરુદેવ રવીન્દ્રનાથની જીવનખેડના પાછલા ભાગના મધુર પરિપાક રૂપ આ કથનિકાઓમાં સૌ કોઈ ને સ્પર્શે તેવો કવિતાનો રણકો છે. કદ અને માંડણીમાં કલાત્મક રૂપે રજૂ કરેલું આ પુસ્તક જીવનના યાદગાર પ્રસંગોએ ભેટ આપવા યોગ્ય છે.

(કિં. રૂા. ૨ · પોસ્ટેજ ૩૦ પૈસા)

પ્રકાશક

કુમાર કાર્યાલય લિ. · રાયપુર · અમદાવાદ

'કુમાર'માં એને નિયમિત વાંચતા રહેવા છતાં સંખ્યાબંધ ગ્રાહકો જેને પુસ્તકાકારે મેળવવા તલપી રહેલા તે

ડૉ. મધુસૂદન પારેખ રચિત **શેકસ્પીઅરની નાટચકથાઓ** કિં. રૂ. ૪ાા; પોસ્ટેજ સાથે રૂ. ૫

પ્રો. દિગીશ મહેતાએ લખેલી એની પ્રસ્તાવનામાંથી એક જ ફકરો ઉતારીએ:

'આજથી દસકાઓ પછી ગુજરાતનો કોઈ તરુણ વાચક રજાઓમાં અભરાઈઓ ફીંદતો હશે તેને એક એવી ચોપડી મળી આવશે કે જેની લખાવટ તેને જકડી રાખશે, જેનું વસ્તુ તેને અનન્ય કારણોસર રીઝવી જશે....અને ત્યારે આ વાર્તાંતરોનું કામ શરૂ થયું ગણાશે. તે પછી એ આપણો વારસો બની જશે.'

આ અભિપ્રાયમાં હવે વધારે શું અને કોણ ઉમેરી શકવાનું હતું?

પ્રકાશક: કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ-૧

વાચકો લખે છે

નૂતન વર્ષારંભે આવતાં અભિનંદનોમાં સ્વરચિત ચિત્રો પેઠે ઘણા મિત્રો તરફથી કાવ્યો પણ મળે છે, તેમાંનાં થોડાં અહીં આપ્યાં છે. ચિત્રકૃતિઓ આવતા માસે કલા-અંકમાં.

ગગન રેલતું ગાણું
મનનું ગગન રેલતું ગાણું.
કિરણકિરણના દોરે બાંધી
ક્ષિતિજો ઊડતી જાય,
સ્હેજ અડે જ્યાં તાર ઝીણેરા
ગુંજી ધરતી જાય;
અંધકારના શિર પર ઝૂલતી
સોનલ લટ, હું માણું!
ફૂલ ઊગ્યાં અણજાણ્યાં ગગને
આગમહીં યે શીત,
અરૂપનું આંગણ પણ ઓઢે
રેશમરસતી પ્રીત;
સદા છુપેલું, ઘડી પ્રકટતું
વા'લપવરણું વ્હાણું.
ઇમારતોને ખૂણે-ખાંચરે
તેજ ઘેરતા ભેજ,
પથે, આંગણે, ઘડીક, તો યે
મ્હોરે આભલ હેજ;
હું આંસુનો પ્યાસી :
પ્યાલી પળેક અમરત માણું.
ગગન રેલતું ગાણું
મનનું ગગન રેલતું ગાણું.

(અમદાવાદ) —વ્રજલાલ દવે

અધ્યાત્મ ને ઐહિકના સમન્વયે
સોહે, રસી વ્યોમ-વસુંધરાને
જે સારવે સત્યતણો પરાગ,
એ વિશ્વનું મંગલતત્ત્વ ઉરમાં
વ્યાપી રહો: અનિલમિષ, મધુરપંથ.

(અમદાવાદ) —ચિમનલાલ શિ. ત્રિવેદી

ખીલી રહો નિત નવાં ઋતપોયણાંઓ
હૈયાતણા સરવરે ઋજુ શ્વેતશ્વેત,
આનંદનાં વિમલ શાશ્વત બ્રહ્મતેજ,
આયુષ્યની હરિત કુંજ વિષે પ્રકાશો.

(અમદાવાદ) —શશીશિવમ્

વર્ષાભિનંદનના સુયોગ્ય સંદેશા ભાગ્યે જ કોઈ પત્રિકામાં હોય છે. એવા થોડા નમૂના 'કુમાર'માં આપી શકો તો ઉપયોગી થશે.

આ અંકમાં 'તમે બંને'-સૂચક મથાળાવાળો લેખ વાંચ્યો. હમણાં જ એક મરાઠી અંકમાં લલિતાદેવી શાસ્ત્રીએ લખેલો લેખ અસાપતિ, અસાપિતા વાંચ્યો, એમાંથી થોડુંક:

'હું કાંઈ ભણેલી-ગણેલી સ્ત્રી નથી. જૂના જમાનામાં ઉછરેલી એક સીધીસાદી હિંદુ ગૃહિણી છું. શાસ્ત્રીજીનું રાજકીય કર્તવ્ય હું પૂરું સમજી શકી છું એવું પણ નથી; પણ સુયોગથી દેશસેવામાં રત બનેલી એક અસામાન્ય વ્યક્તિની હું પત્ની છું, એનાં બાળકોની મા છું, એ મારું અહોભાગ્ય છે. મારું જીવન ધન્ય થયું લાગે છે. પૂર્વના પુણ્યથી એમની જીવનસહચારિણી થવાનું મને ભાગ્ય પ્રાપ્ત થયું છે.'

ચર્ચિલે પણ એમનાં પત્ની વિષે લખ્યું છે કે એના વિના મેં કશી જ પ્રગતિ કરી ન હોત.

'મારી માન્યતા' વિભાગમાં ફોટો નીચે હસ્તાક્ષરસાથે થોડા અક્ષરોમાં કારકિર્દી આપો તો અજાણ્યાને પરિચય થાય. 'કુમાર' રાજકારણમાં ન પડે? 'આ માસની તસવીર' જેવું મથાળું રાખી શરૂઆત કરી શકો.

હમણાં ઊધઈનો ઉપદ્રવ થયો છે. એનો રામબાણ ઈલાજ જણાવશો?

૫૦૦મા અંકના પૂંઠા પર કુમારના ઊંધા અક્ષરે ઘોડો બનાવ્યો છે એ બહુ મોડેથી ખબર પડી. કદાચ ઘણાને હજુ પણ જાણ નહિ હોય.

(મુલુંદ) —રમેશ બી. શાહ

૫૧૪ અંકમાં શ્રી અજિત શેઠ લિખિત 'બંગાળી લોકસંગીત'માં ઉલ્લેખિત 'આ માસનાં ગીતો' વિષે લખવાનું કે '૫૬ના ફાગણનાં ગીતોની રસલ્હાણ ભારતના એ વર્ષના પ્રવાસ દરમ્યાન મળેલી. દિલ ડોલી ઊઠે અને ઘડી ઘડી આવી મનમાં ગુંજી ઊઠે એવાં એ ગીત-સંગીત આજે પણ એટલાં જ યાદ આવે છે. ઇચ્છું છું કે દરેક માસે ગીતોની લહાણી પણ મળી હોત! મૌલિક, ખ્યાતનામ ગુજરાતી તેમજ અન્ય પ્રાંતીય કવિઓ-સંગીતકારોની સંગતથી રચાએલો આવો સુમેળ ઇચ્છું છું કે ગ્રામોફોન રેકોર્ડ્ઝ યા ટેપ પર મળી શકે. સાથે સાથે એ પણ આશા રહી જાય છે કે શા માટે શ્રી પંકજ મલ્લિક, કુ જ્યુથિકા રૉય, કાનનદેવી, શુભલક્ષ્મી, ગીતા રોય (દત્ત) વગેરે અનેક કલાકારો એમનાં ગળાંની મીઠાશ જેટલી બની શકે તેટલી અમ તરસ્યાંને ન પીવડાવે?

'કુમાર'ની ચાહક હું બચપણથી જ હતી. આજે એક કલાકાર તરીકે તેની ગુજરાતીઓમાં હાજરીની કિંમત મારે મન બહુ જ છે. જ્યારે મારું ચિત્રકામ મને સંતોષ આપતું થશે ત્યારે 'કુમાર'નાં પાનાં પર તે જોવાની અભિલાષા સાથે–

(નાઇરોબી) —પ્રભા કાનજી લાખાણી

વર્ષના પહેલા દિવસે આપણે 'સાલ મુબારક' કરીએ છીએ. 'સાલ' ફારસી શબ્દ છે અને 'મુબારક' અરબી. આ શબ્દો આપણા જીવનમાં કેવી રીતે વણાઈ ગયા એનો ઇતિહાસ રસપ્રદ અને ઉપયોગી નીવડે.

(ઘાટકોપર) —જયંતીલાલ દવે

[● રાજભાષાના થર પ્રચલિત લોકભાષા પર ચડે છે. અંગ્રેજી શબ્દો ટેબલ, સ્ટેશન, ટિકિટ વગેરે પેઠે રૂમાલ, તારીખ આદિ ફારસી શબ્દો ગુજરાતીમાં જેમ સમરસ થયા તેમ.]

અંક ૫૧૪માં બતાવેલી કહેવતને મળતી બીજી કહેવતો: 'બ્રાહ્મણવાડે ફાતિયો નહિ'; 'ઢેઢવાડે આભડછેટ નહિ'; 'અપાસરે ઢોકળાં નહિ'; 'ટીંટોડીને માળો નહિ ને કુંવારાને સાળો નહિ'; 'પાવઈ થાય નહિ પદમણી ને મૂંડો થાય નહિ ફકીર' વગેરે.

(રાણપુર) —હસમુખ ગાલિયા

ધનસુખલાલ મહેતાનો લેખ 'અતીતનાં પુષ્પો' સુંદર છે. એમના પરમ સ્નેહીનો ઉલ્લેખ કરતાં 'મુક્તે લાલિયા ઘસ બે ચંદન' કહેવત ટાંકી છે તે ખરેખર એમ નથી. પરંતુ 'મુક્ત કે ચંદન ઘસ બે લાલિયા' એમ હોવી જોઈએ.

અનીતભાઈ પંડયાના વાળના ખોડા વિષેનો ઉપાય દૂધ અને ગોળ દરરોજ એક અઠવાડિયા સુધી સવારે માથામાં નાખવું અને રોજ માથું ચોળવું

(નવસારી) —વિનોદરાય પંડયા

'કુમાર'માં બે વિભાગો શરૂ ન કરી શકાય? આજે ગુજરાત, ભારત અને વિશ્વમાં અનેક સામયિકો નીકળે છે એનો પરિચયાત્મક પરિચય ન કરાવી શકાય? ઉપરાંત, ભારતનાં અન્ય રાજ્યોનાં સાહિત્ય વિષે મિતાક્ષરી પરિચય ન કરાવી શકાય?

(લુણાવાડા) —કિરીટ વૈદ્ય

[* આપનો પત્ર મળ્યા પહેલાં યોજાએલી 'દુનિયાનાં દૈનિક પત્રો'ની માળાનો પહેલો લેખ આ અંકમાં જોશો. બીજા સૂચનની યોજના પણ વિચારી જ છે. માણસ બધી મહેચ્છાઓને પહોંચી શકતો નથી.]

ગોપીનાથ ર. શાહ મુંબાઈની આંખવિષેની તકલીફ વિષે જાતઅનુભવ લખી જણાવું છું.

આંખની ઝાંખપને લઇને વાંચવાનું કાર્ય અત્યંત મુશ્કેલ બની ચૂકયું હતું. વળી શરમાળપણાને લઇને ચશ્માના નંબર હોવા છતાં પણ ચશ્મા ખરીદેલાં નહિ. બી. એસસી.નું છેલ્લું વર્ષ હતું ને વાંચન નહિવત્ હતું.

આ જ અરસામાં સસ્તા સાહિત્ય પ્રકાશનની 'સોનેરી સૂચનો' નામની ચોપડી મારા વાંચવામાં આવી, જેમાં આંખો તેજસ્વી બનાવવા માટેનો પણ ઉપાય હતો. તે નીચે મુજબ છે: 'બ્રાહ્મમુહૂર્તે ઊઠીને તે ગાળામાં નાસિકા દ્વારા પાણી પીવાથી યાદશક્તિ તીવ્ર બને છે ને આંખો ગરુડના જેવી તીક્ષ્ણ.'

ડૂબતો તરણું ઝાલે તેમ સવારના ચાર થી પાંચ વાગ્યાના ગાળામાં નાસિકા દ્વારા પાણી પીવાની શરૂઆત કરી. ધીમેધીમે પાણીનું પ્રમાણ વધારતા જઈ આજે બે મહિનાને અંતે આખો લોટો પાણીનો સહેલાઈથી નાક દ્વારા પી લેવાની પ્રેક્ટીસ પડી છે. ને મારી આંખો માટે શું લખું? આંખોનું નૂર વધી ગયું છે; ને વર્ષને અંતે જ્યારે બી. એસસી.માં મારી ફતેહ બદલ લોક મુબારકવાદી પાઠવતા હશે ત્યારે મારું અંતરમન આ માટે 'આયુર્વેદના આ અદ્ભુત પ્રયોગોને પ્રશંસી રહ્યું હશે.'

(છોટા ઉદેપુર) —નરેન્દ્ર બાબરિયા

મારી લઘુકથા બાબત આટલા બધા ઉત્સાહના જવાબમાં મારે શું કહેવું તેની મને ખરેખર મૂંઝવણ થાય છે. એ નિયમિત 'કુમાર' વાંચે છે અને આ બધી ચર્ચા વાંચવા છતાં એના તરફથી કશો પ્રત્યુત્તર આવ્યો નથી તેથી તે પ્રગટ થવા રાજી નહિ હોય એમ મને લાગે છે. હું તપાસ કરીશ. જે લોકોએ આ કિસ્સામાં રસ દર્શાવ્યો છે તે બધાનો હું ફરીથી આભાર માનું છું અને એ લોકોને જે પાત્ર પરત્વે સહાનુભૂતિ છે તે પાત્રનું નામ-સરનામું પણ આપવા માટે હું સમર્થ નથી તેથી મને લાગી આવે છે.

(અમદાવાદ) —ઉજમશી પરમાર

અનીત પંડયાના મિત્ર ખોડો મટાડવા નીચેનો પ્રયોગ અજમાવશે તો અવશ્ય મટી જશે.

લીમડાને ઉકાળી તેના પાણીથી ધોયા પછી ઘોડાની લાદના રસમાં સિંધાલુણ અને કૂકડાની હગાર મેળવી ખૂબ લસોટી તેનો લેપ થોડા દિવસ કરવો. અનેકને લાભ થયો છે. ખોડો ન મટે ત્યાં સુધી માથામાં તેલ કે ચીકણાં દ્રવ્યો ન નાખવાં તે ખાસ ધ્યાનમાં રાખવું.

(ભાવનગર) —આર્યવૈદ્ય પં. મિલિન્દ

સ્પેઇનની ટપાલટિકિટો

(જુઓ પાછલા પૂઠામાં)

સ્પેઇનની ટપાલટિકિટો પર વિખ્યાત ચિત્રકૃતિઓ. પહેલી દસ ટિકિટો ઉપર અલ ગ્રેકોની કૃતિઓ છે. એમાં અનુક્રમે: ૧ સંત પીટર, ૨ મેરી ('હોલી ફૅમિલો' નામક ચિત્રમાંથી), ૩ જિસસ ('બાગમાં વેદના' નામક ચિત્રમાંથી), ૪ 'ઘોડેસવાર' નામક ચિત્રનું પાત્ર, ૫ ગ્રેકો (નિજી છબિ), ૬ ખ્રિસ્તને ધર્મદીક્ષા, ૭ પવિત્ર ત્રિમૂર્તિ, ૮ કાઉન્ટ ઑર્ગાયાઝનું દફન, ૯ 'પૈસાની લૂંટ' નામક ચિત્રમાં ઈસુનું પાત્ર અને ૧૦ સંત મોરિસની શહાદત. આ પછીની ટિકિટો પર વિખ્યાત ચિત્રકાર ગોયાની કૃતિઓ છે: એમાં અનુક્રમે: ૧ છાયામાં, ૨ પુસ્તક વિક્રેતાની પત્ની (એક સ્ત્રી-પાત્ર), ૩ ફેર્નાન નૂનેઝનો કાઉન્ટ, ૪ કાચનાં વાસણવાળો, ૫ ડૉના ઈઝાબેલ, ૬ ચિત્રકાર ગોયા (આલેખક લૉપેજ), ૭ મેળાનો ઢીંગલો, ૮ મારિયાનિટો ગોયા, ૯ ફાલ અને ૧૦ મદ્યપાન.

લોકસાહિત્ય માટે એક વિનતિ

ગુજરાત રાજ્ય લોકસાહિત્યસમિતિ દ્વારા પ્રસિદ્ધ થતા પત્ર 'લોકગુર્જરી' માટે લોકગીતો, લોકકથાઓ, જોડકણાં, હાલરડાં, લોકોક્તિઓ અને લોકસાહિત્યનાં અન્ય સ્વરૂપોની છણાવટ કરતા લેખો ઉપરાંત લોકસાહિત્યના વિકાસ વિષે પરિચયલેખો, લોકકળા, લોકશિલ્પ, લોકસંગીત, લોકવાદ્યો, લોકસાહિત્યના છંદો, ભાષાલઢણો, લોકપ્રતીકો ઈત્યાદિ વિષયો પર વિવેચનાત્મક લેખો, જરૂરી ચિત્રો, આલેખો, નકશા વગેરે સહિત નીચેને સરનામે મોકલી આવતા સૌ રસ ધરાવનારાઓને વિનંતી છે. મંજુલાલ ર. મજમુદાર, અધ્યક્ષ, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, રાજ્ય શિક્ષણભવન, રાયખડ, અમદાવાદ.

ભગિની નિવેદિતા પારિતોષિક

શ્રી હરિઃ ૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધિ અર્થે બહેનોએ રચેલી સર્વશ્રેષ્ઠ બે કૃતિઓને અપાનારા અનુક્રમે રૂા. ૬૦૦) અને રૂા. ૪૦૦)નાં બે 'ભગિની નિવેદિતા' પારિતોષિકો માટે જીવનને ને સમાજને ઉન્નત કરે એવી ભાવનાપ્રેરક, શક્તિપ્રેરક અને ગુણવિકાસક જે મૌલિક કૃતિઓ ૧૯૬૬ના વર્ષ દરમ્યાન પ્રકાશિત થઈ હોય તે દરેકની બે બે નકલો ગુજરાતી સાહિત્ય પરિષદ C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, ૨. છો. માર્ગ, અમદાવાદ-૯ એ સરનામે તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૬૭ સુધીમાં પહોંચાડવી.

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૧૬ ડિસેમ્બર ૧૯૬૬
તંત્રી બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર · ૧૮

મિત્રતા

રેવ૦ ફાધર વાલેસ

'મારો મિત્ર ને હું: સરવાળે એક જણ પણ નહિ, ને બે પણ નહિ', એવી આદર્શ મિત્રની વ્યાખ્યા એક ઉમદા વિચારકે પોતાની રોજનીશીમાં લખેલી. જે માણસ એવો દાવો કરી શકે, જે કંઈ નહિ તો પોતાના નજીકમાં નજીકના મિત્ર માટે વિશ્વાસપૂર્વક અને કૃતાર્થતાપૂર્વક કહી શકે કે, 'અમે સાથે મળીને એક તો નહિ, પણ બે પણ થતા નથી; એ મારી પાસે આવે ત્યારે ન મારું એકાંત તૂટે કે ન એ મને સાલે; તેના સાથમાં હું એકલો પણ નથી', એનું જીવન ધન્ય છે. સાચી મિત્રતા એ સંસાર-સાગરની લહરી, જગબગીચાની સૌરભ અને હૃદયમંદિરનો અખંડ દીપ છે. મિત્રપ્રેમ એ માનવહૃદયનો ઉત્કૃષ્ટ ભાવ છે, અને કોઈ જો એ ભાવને હલકો પાડે તો પોતાને કોઈ સાચો મિત્ર કદી હતો જ નહિ એમ જ તે સાબિત કરે છે.

માણસને એકાંત સાલે છે. સમાચાર જાણ્યા કે તરત એ બીજાને–ગમે તેને–કહેવા દોડયો; રમૂજ સૂઝી તો બીજાને કહ્યા વગર ચેન પડયું નહિ; દિલમાં ચિંતા જાગી એટલે બીજાની આગળ દિલ ઠાલવ્યા વિના છૂટકો ન થાય. શું ઋષિમુનિઓ હિમાલયનાં જંગલોમાં મૌનવ્રતની સિદ્ધિમાં આનંદનો ઊભરો આવતાં વૃક્ષોની છાલ ઉખેડીને દુનિયાને પોતાના આનંદનો સંદેશ નહોતા પહોંચાડતા? એક લેખિકા માર્મિક કલાત્મક વિરોધાભાસ બાંધીને લખે છે: 'એકાંતનો લહાવો અનેરો છે...; એ બીજાના સાથમાં માણી શકાય તો જ!' અને એક વૈજ્ઞાનિક નવલકથાનો નાયક માનવજાતથી રિસાઈને પૃથ્વી પર કદી પાછા ન આવવાની પ્રતિજ્ઞા લઈ પોતાના અવકાશયાનમાં એકલો એકલો બ્રહ્માંડની અનંત યાત્રાએ ઊપડે છે ત્યારે આકાશની સૃષ્ટિની અદ્‌ભુત શોભાનું દર્શન થતાં એ બબડે છે: 'આ સૌંદર્યની વાત હું હવે કોને કરું?' અને ધીરેથી અવકાશયાન ફેરવીને માનવજાતની ગોદમાં પાછો આવી જાય છે!

માણસો વચ્ચે રહેવાથી માણસનું સ્થૂલ એકાંત મટી જાય છે. પણ બીજું એક સૂક્ષ્મ એકાંત–દિલનું એકાંત પણ હોય છે કે જે સમાજની ધમાલથી ને દોસ્તદારોનાં ટોળટપ્પાંથી ઘટવાને બદલે વધી જાય છે. ધાંધલિયા સમારંભ-મેળાપની વચ્ચે એકદમ હૃદયના ઊંડાણમાં એકલાઅટૂલા હોવાનું ભેદી તીવ્ર ભાન કોને નહિ થયું હોય? સમાચાર ને ટુચકાઓ, અફવાઓ ને ટીકાઓનો વ્યવહાર ગમે તેની સાથે કરી શકાય; પરંતુ દિલની વાતો ને ભાવો, દુઃખ ને સંકોચ, સ્વપ્નો ને આકાંક્ષાઓનો વિનિમય કરવા સાચો મિત્ર જોઈએ. મિત્રને એ અંતરતમ વાતો કઢાવવા કુતૂહલ નથી એટલે જ એને એ કહેવાનું મન થાય છે. મિત્રની હૃદયવીણાના તાર આપણા તાર સાથે સંવાદિત થયા હોવાથી એક જ સ્પંદનથી આખું ગીત ગૂંજે, એક જ શબ્દથી આખી વાત સમજાય, માટે એની આગળ મનની ગૂંચ સરળતાથી રજૂ કરી શકાય. મિત્રની પાસે દુઃખનો સ્થૂળ ઉપાય નથી તેથી જ ઓશિયાળા બનવાની બીક વિના એને એ દુઃખનો ભાગીદાર બનાવી શકાય. મિત્ર અડગ વફાદારીથી દિલની વાત દિલમાં દબાવી શકે–કૂવા પેઠે એમાં ગમે તે વસ્તુ નાખીએ પણ તે એની ચાડી ન ખાય–તેથી જ હૃદયનાં દ્વાર એની આગળ ખુલ્લાં મૂકી શકાય. ખરેખર, મિત્રપ્રેમ એ હૃદયવૃંદાવનનું અમૃતફળ છે.

આટલી આત્મીયતા છતાં ખરી મિત્રતામાં ઈજારાવૃત્તિ હોતી નથી. બેમાં ત્રીજો આવે તો બંનેના આનંદમાં ઉમેરો થાય. શુદ્ધ મિત્રભાવને દેહસાથે કામ નથી. ખરું કહીએ તો મિત્રોને એકબીજામાં રસ નથી, પરંતુ બંનેને એ જ પ્રવૃત્તિઓમાં, એ જ સ્વપ્નોમાં સહિયારો રસ છે. તેઓ એકબીજા વિષે કે પોતાની મૈત્રી વિષે ઘણું કરીને વાતો કરતા પણ નથી (પ્રેમીઓ પ્રેમની વાતો કરે છે એ રીતે તો નહિ!), પણ એક થઈ ચૂક્યા પછી દુનિયાની બધી વાતો એક દૃષ્ટિએ જુએ છે ને પોતાનું જીવન એક જ માળખામાં ઘડે છે. એ વિચારો, મૂલ્યાંકનો, યોજનાઓ ને આકાંક્ષાઓની આપ-લે એ મિત્રતાના તાણાવાણા છે. આપવું-લેવું એ મિત્રવ્યવહારના કેન્દ્રમાં છે; માટે જેની પાસે સાંસ્કૃતિક ને આધ્યાત્મિક સંપત્તિ હોય, જેનો હૃદયખજાનો સમૃદ્ધ હોય, અને પરિણામે એ સંસ્કારો બીજાની પાસેથી ગ્રહણ કરવા જેની તૈયારી હોય, એ જ સાચા મિત્રની વ્યાખ્યામાં આવી શકે. જેની પાસે કશું ન હોય એ બીજાઓને કશાના ભાગીદાર પણ ન બનાવી શકે. દિલ ખાલી હોય તો એનાં દ્વાર ખોલવાથી શો લાભ? ક્યાં યે જવાનું ન હોય તો યાત્રાસાથીઓ શોધવાનો શો અર્થ?

'મિત્ર' શબ્દ સાપેક્ષ છે. 'સેતુ' બે ખંડ વચ્ચે જ હોય. 'એ મારો મિત્ર છે, પણ હું તેનો મિત્ર નથી' એ વાક્ય અર્થવિહોણું જ છે. એક વાર એક જ વર્ગના વિદ્યાર્થીઓને પોતાના મિત્રોની ક્રમબદ્ધ યાદી બનાવવાનું કહેવામાં આવ્યું; પણ યાદીઓ વચ્ચે બરાબર મેળ ન બેઠો. રમેશની યાદીમાં પહેલું સ્થાન દિનેશનું આવે, પણ દિનેશની યાદીમાં પહેલું સ્થાન રમેશનું ન પણ આવે એવું બન્યું ખરું. એ દોસ્તી હશે, ભાઈબંધી હશે, પણ ખરી મિત્રતા તો નહિ. મિત્રતાનું બીજ બંને ક્યારામાં એક જ વેળાએ ઊગે ને એક જ વસંતમાં ખીલે. મિત્રોમાં નાનો કોણ ને મોટો કોણ એ પ્રશ્ન અર્થ વિનાનો છે. તોરણના બંને સ્તંભ સરખા હોય તો જ એના ઉપર કમાન બેસે.

તમારી નાડ પારખવા તમારા આજના મિત્રોની અને ત્રણ વર્ષ પહેલાંના મિત્રોની એમ બે યાદી બનાવો. પછી બંને સરખાવો. શું, ઘણાં નામ જૂની યાદીમાંથી રદ થયાં કે નવાં આવ્યાં? સાચા મિત્ર થોડા જ હોય, પણ જીવનમાં જેમ જુદીજુદી અવસ્થામાંથી પસાર થઈએ છીએ તેમ નવા સંબંધો પણ બાંધતાં આવડવું જોઈએ.

નવા મિત્રો બનાવવા માટે શું કરવું? એ જો તમારો પ્રશ્ન હોય—બીજા અનેકનો છે તેમ—તો એનો સીધો જવાબ એ આપી શકાય કે મિત્રતામાં અરસપરસનો ગુણ હોવાથી મિત્રો બનાવવા માટે પ્રથમ તમે પોતે મિત્ર બની જાઓ, તમારી હૃદયસમૃદ્ધિના બીજાઓને ભાગીદાર બનાવો, બીજાઓની લાગણીને આદરપૂર્વક માન આપો, વફાદારીનું વ્રત નિષ્ઠાથી પાળો, ખાનગી વાતો ખાનગી જ રાખો, જરૂર પડ્યે બીજાઓની મદદ માગો અને બીજા તમારી મદદ માગે તે પહેલાં એ આગળ ધરવા સામે ચાલો, અને મિત્ર માટે ભોગ આપવાનો પ્રસંગ આવે ત્યારે તમારી જાતને ભાગ્યશાળી લેખો. મિત્રતાની કસોટી—ને તેથી તેની સાધનાની પરાકાષ્ઠા—બલિદાન છે. બીજાઓને માટે જડ કર્તવ્યબુદ્ધિથી નહિ પરંતુ હૃદયના ઉમળકાથી નાનામોટા ભોગ હસતે મોંએ આપવા તૈયાર થાઓ, એટલે તમારા જીવન-આકાશમાં નવા તારાઓ ઊગશે.

ગ્રીક સાહિત્યમાં આદર્શ મિત્રો ડામોન અને પીથિયાસની વાત પ્રખ્યાત છે. સરમુખત્યાર રાજા ડાયોનિસસને ગાદી પરથી ઉથલાવવાના કાવતરામાં બંને જોડાયા; એમાં પીથિયાસ પકડાયો; મૃત્યુદંડ મળ્યો. ફાંસીનું શરણું. એણે ઘેર જઈને સગાંવહાલાંની વિદાય લેવા રાજાની પાસે રજા માગી, અને ડામોને સામે આવીને પોતાના મિત્ર માટે જામીન થઈ રહેવા તૈયારી બતાવી ત્યારે જ રાજાએ પરવાનગી આપી: 'ત્રણ દિવસમાં એ પાછો નહિ આવે તો તને જ ફાંસીએ લટકાવીશ.' અને પીથિયાસ ઘેર જવા ઊપડ્યો. એક દિવસ જવાનો, એક ઘેર રહેવાનો અને એક પાછા આવવાનો એવી એની ગણતરી હતી; પરંતુ પાછા આવતી વખતે અડચણોની પરંપરા એને નડી. નદીમાં પૂર આવ્યું, જંગલમાં લૂંટારાઓનો ભેટો થયો, ઘોડો વીફર્યો, રસ્તો ભુલાયો...એટલામાં ત્રણ દિવસની મુદત પૂરી થવા આવી. ડામોનને ચોકમાં ઊભા કરેલા ફાંસીના મંચ પર લઈ જવામાં આવ્યો ત્યારે રાજાએ તેની ઠેકડી ઉડાવી: 'તારો મિત્ર તને ઠીક છેતરીને છટકી ગયો છે! ભલા માણસ, કોઈનો ક્યારે ય પણ વિશ્વાસ ન કરવો એ પાઠ તને મોડો શીખવા મળ્યો. ચડાવો એને ફાંસીએ!' ડામોન પોતાને હાથે ગળે ફાંસો ગોઠવીને બોલ્યો: 'મને ખાતરી જ છે કે એને કંઈક થયું હશે. હું એને માટે ખુશીથી પ્રાણ આપું છું. એ આવશે ત્યારે એને કશી સજા નહિ થાય એ આપનું વચન હું આપને યાદ કરાવું છું.' બધાની મીટ માંચડા ઉપર મંડાએલી હતી ત્યાં દૂરથી એક બૂમ સંભળાઈ: 'સબૂર! હું આવી પહોંચ્યો છું.' હાંફતોહાંફતો પીથિયાસ આવીને પોતાના મિત્રને ભેટી પડ્યો. રાજા એ અદ્ભુત દૃશ્ય જોઈ રહ્યા; બંને મિત્રોને બોલાવીને માફી આપી ને માગી; ને પછી એમની પાસે માગણી કરી, 'મને પણ તમારા મિત્ર તરીકે સ્વીકારો!'

આદર્શ મિત્ર થવાની પ્રક્રિયામાં માણસનું વ્યક્તિત્વ સુદૃઢ, સુશોભિત ને સમૃદ્ધ બની જાય છે. મિત્રવિહીન માણસ એટલે તો તારાઓ વિનાનું આકાશ ને પક્ષીઓ વિનાનું ઉપવન. મૈત્રીનું સૌમ્ય સંગીત સાંભળીને હૃદયને પાંખો આવે છે, મનમાં અલૌકિક ઉલ્લાસ રેલાય છે, જીવનયાત્રાની મજલ કાપવા અદમ્ય હોંશ અનુભવાય છે.

જેને સાચો મિત્ર મળ્યો એને જીવનનો ખજાનો મળ્યો. જે પોતે સાચો મિત્ર બન્યો તે સાચો માણસ પણ બન્યો.

સામેના પાના પરના કાવ્ય કુમાર (છબિ) વિષે સંદર્ભ તરીકે કંઈક

જ્વાલાફેણ: જ્વાલા—તેજ ને આગ—યજ્ઞની જ્વાલા જે કલ્યાણકારી છે; ફેણ—સર્પની, વાસનાની—વાસના જે આગ સ્વરૂપા જ છે, જે પોતાને માટે અને અન્યને માટે વિનાશરૂપી છે.

ઊછળતી આગ: ધરતીના પેટાળનો લાવા, જે ધરતીમાંથી બહાર આવી પર્વત રૂપે નવું સ્વરૂપ પામે છે. હિમાલયને સ્થળે પ્રથમ સાગર હતો. ત્યાં જ્વાલામુખીફાટતાંએણેસાગરનેસ્થાને હિમાચલને સ્થાપ્યો—એટલે ત્યાં લાવાએ આવી હિમાચલનું રૂપ લીધું... હિમાચલનું—મહાદેવનું, જેને શિરે શ્વેત જટા (તુહિન: બરફ) છે ને જેનો કંઠ નીલવર્ણો (જેને ફરતી નીલવનરાજી છે).

દેવાસુરતૃષ્ણા: સમુદ્રમંથન દેવ અને અસુરોએ ભેગા મળીને કરેલું. અહીં બન્નેની તૃષ્ણાને પ્રાધાન્ય આપ્યું છે; બન્નેને અમર થવું હતું, પણ મોહિનીના દર્શને મૂળ ઇચ્છા ભૂલી રૂપમુગ્ધ બન્યા; ઈષ્ટ વસ્તુ હાથમાંથી સરકી જાય એવી સ્થિતિ ઉપર આવીને ઊભા રહ્યા.

દક્ષ: Sophisticated Society, જે સત્યને અસત્ય અને અસત્યને સત્ય તરીકે ઠરાવવા બુદ્ધિને પ્રેરે છે. તર્ક (લૉજિક)થી એ શક્ય બને છે, પણ સત્ય એથી મહાન થતું નથી. એને પડખે પણ નૈસર્ગિક શક્તિ (ઋષભથી સાંકેતિક) રહેલી છે, જે એ અનૃતનો ધ્વંસ કરે છે.

કૌશિકના તપનો પ્રભાવ: કૌશિક—વિશ્વામિત્ર; પૃથ્વી અને સ્વર્ગની વચ્ચે ત્રિશંકુ માટે એમણે એક નવો લોક ઉત્પન્ન કર્યો—પોતાના તપના પ્રભાવથી; એ જ શક્તિ મેનકાના ગર્ભાધાનમાં પણ ઊતરી.

કાલની વ્યંજના: દેશની દશામાં આમ શક્તિનાં અનેક સ્વરૂપ પ્રગટતાં જણાય છે, પણ નિશ્ચિત રૂપે કયું આવશે એ તો કોણ જાણે? કાલમાં એ તો રહસ્યમય જ રહે છે.

રામનારાયણ વિ. પાઠકના પત્રો

રામનારાયણ વિ. પાઠકે સાહિત્યરસિક ભાઈબહેનોને લખેલા પત્રોનો સંચય ગ્રંથાકારે પ્રસિદ્ધ કરવા ધાર્યો છે; તો તે સહુને, નીચેને સરનામે તમામ પત્રો મોકલી આપવા વિનંતી છે. પત્રોની નકલ કરીને, કામ પત્યે (જેમની ઇચ્છા હશે તેમને) તે પરત કરવામાં આવશે.

હીરા રામનારાયણ પાઠક, ૧૫, પ્રજ્ઞા સોસાએટી, નવરંગપુરા, અમદાવાદ-૯

કુમાર (છબિ)
રાજેન્દ્ર શાહ

• પરંપરિત મનહર •

નયનને કોર લાગી
કસુંબલ તેજની ટશર.
સુકોમલ તરલ વર્ણની આભા
વહે ક્ષિતિરેખની બે મેર,
ઝાકળની ઝીણી
જવનિકાની આ પાર,
લહે ધરા ને ગગન ચરાચર.

કસુંબલ તેજની ટશર...
જ્વાલાફેણ મહીં
પલેપલ પ્રગટંત ભિન્ન કંઈ રૂપ:

◖ ઊછળતી આગ
ખારાં જલને ઉલેચી
રચે હિમાચલસૃષ્ટિ
[શ્વેતજટા નીલકંઠ
નિર્મલ આવેગે વહે જ્યહીં
મંદાકિની વ્યોમગંગ].

◖ મંથને વળેલ જાણે
દેવાસુર તૃષ્ણા.
[અમૃતનું પાત્ર પામે
પામે ’થવા
મોહિની જ માત્ર].

◖ દક્ષને આંગણ જાણે
સતીની પડખે ઊભો
અબોલ ઋષભ
[શિવપ્રિયા માનભંગ મૃત
અનૃતનો યજ્ઞ
છિન્નભિન્ન કરે શીંગી
નિજ આગને ઉચ્છ્વાસ
ખુરાને આઘાત દ્રુતદ્રુત]:

◖ ભૂમિ નહિ સ્વર્ગ નહિ
અંતરીક્ષમહીં
દિવ્યનૂતનજગનો પ્રાદુર્ભાવ
[કૌશિકના તપનો પ્રભાવ
તપના આતપનો વા
ધરે ગર્ભ કો પ્રગલ્ભ
અપ્સરઅંગના!?]

જ્વાલાફેણ મહીં
પલેપલ પ્રગટંત
કંઈ ભિન્નભિન્ન રૂપ...
કાલની વ્યંજના...
ક્ષિતિરેખ પર
કસુંબલ તેજની ટશર.

કવિજીવન / ઉશનસ્

• પરંપરિત ઝૂલણા •

હાય રે કવિતણું કારમું જીવવું:

એક અસ્ફુટ કે અર્ધસ્ફુટ ઊઘડું ઊઘડું
નિત્ય અભ્યંતરે ગીતની ફરકતી
પંક્તિ લૈ ઊઠવું, રઝળવું, રાતદિન
ભીડમાં સ્વપ્નમાં ઊગડું ઊગડું
ભાર લૈ પીઠપે ભટકવું;

સર્વ સંગાથી શું તાળી દૈ વાતમાં
અન્યમન તો ય રે તોળીને
બોલતાં બોલતાં વિહરવું;

ને છતાં
ગર્ભ-ગીત પૂર્ણ પોષાઈ ર્હે એ રીતે
સત્ત્વથી સભર એકાન્તના શૂન્યને
જીવથી જાળવી
ભાનમાં એકલાએકલા જીરવવું...

હાય રે કવિતણું કારમું જીવવું.

એવડો નાતો... / હરિકૃષ્ણ પાઠક

• ગાન •

આભની સાથે એવડો નાતો:
શ્વાસમાં જેમ સમીર સમાતો!
કો’ક સવારે અદકો ઊગું,
રંગ લઈને ફૂલમાં પૂગું,
ફોરમ કેરી ફાંદ ભરીને
મન ફાવે ત્યાં વેરતો જાતો. આભ૰

કો’ક બપોરે તેજના શીળા
દરિયા જેવા ઊજળા-નીલા
આભમાં ર્હોળી પાંખ પસારી
હળવે રહી ફરકી જાતો. આભ૰

કો’ક દી વળી સાંજને સમે
ગોરજ જ્યારે ઘૂઘરે રમે,
વાદળ વાદળ તેજની શેડ્યું
છોડતો ફૂમું સૂરજ રાતો. આભ૰

કો’ક દી મૂગી રાતની વેળા
તારલિયાને કરતો ભેળા,
મટમટાવું આંખ ને કરું
ફૂલપરીની મીઠડી વાતો.
આભની સાથે એવડો નાતો.

ક્રૉસ / વ્રજલાલ દવે

ઉષ્માભર્યા હૈયા પરે
જાહેરમાં મૂકાયલી જે ચોકડી,
આજ લગ દૂઝયા કરે,
લખ સૂરથી ગુંજ્યા કરે.

ફીણુ ઝાઝાં ને— / ‘સરોદ’

• ભજન •

વેગીલા બેલી, ફીણુ ઝાઝાં ને નીર થોડાં.
વગદાં ઝાઝાં ને હીર થોડાં;
વેગીલા બેલી, ફીણુ ઝાઝાં ને નીર થોડાં.

વેધ વીંધવાને સહુએ પણછું ચડાવી;
થોથાં ઝાઝાં ને તીર થોડાં:
વેગીલા બેલી, ફીણુ ઝાઝાં ને નીર થોડાં.

મનની મનીષા, બેલી, સહુ કોઈ સાધે;
ચંચળ ઝાઝાં ને થીર થોડાં:
વેગીલા બેલી, ફીણુ ઝાઝાં ને નીર થોડાં.

જંગ જીતવાને જાણે સહુ કોઈ હાલે;
મડદાં ઝાઝાં ને મીર થોડા.
વેગીલા બેલી, ફીણુ ઝાઝાં ને નીર થોડાં.

કહે છે ‘સરોદ’, દુનિયા નીરખીને જોઈ લો;
પાણા ઝાઝા ને પીર થોડા.
વેગીલા બેલી, ફીણુ ઝાઝાં ને નીર થોડાં.

પરોઢ / શંભુપ્રસાદ જોશી

• ખંડ સવૈયા - રોળા •

અંધકારનું પોત પાતળું પડ્યું,
હવા શી આરપાર થૈ વહે!
સઢ ફુલાવી
આભનીરમાં વાદળીઓ કૈં
સફર ખેડવા ચહે!

નીમવૃક્ષ આ પર્ણપર્ણથી
રોમહર્ષનું વર્ષણ આછું ઝરે!
અંગ મરોડી વન્ય પંથ આ
ગાઢ નિંદ પરહરે!

જાગી ઊઠ્યાં નીડ, અરે પંખી પરવરિયાં;
નીડ તણા અવકાશપિંડ પૂંઠે સંચરિયા!
કુંળી તાજી કુંપળ રેલતી ટ્હૌકા મીઠા,
ટ્હૌકામાંથી ફૂલ ફોરતાં અહો અદીઠાં!
સામે સૂતું નગર... ...

હાઇકુ / રાવજી પટેલ

૧
ચકલી ગાતી
હરખ ભરીને ગાણું.
ફૂંડું બહેરું.

૨
ગામથી છેટે,
એક કૂવામાં બેઠી
તરસી સીમ.

૩
છત્રી નીચે છે
બે જણ ચૂપચૂપ:
સર્વ સાંભળે.

૪
રજાઈમાંથી
વાત ન આવે બ્હાર
શિયાળો આખો.

૫
અંધકારમાં
સૂરજ હરે ફરે
આગિયો બની.

૬
પાંપણમાંથી
આજ લાગલુ આવ્યું
ખેતર મારું.

ભારતીય કલાસંસ્કારના ગૌરવને પુનઃ પ્રતિષ્ઠા અપાવનાર જગવિખ્યાત કલામર્મજ્ઞ



ભારતીય કળાસંસ્કૃતિની નવપ્રતિષ્ઠા કરવામાં ડૉ. આનંદ કુમારસ્વામીનું સ્થાન ગુરુદેવ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની કક્ષામાં આવી શકે તેવું છે. એમણે ભારતીય કળાની સૌંદર્યભાવના અને રહસ્યને પુનઃ પ્રકાશમાં આણ્યાં અને તેની રસમીમાંસાની જગત આગળ પ્રબળ રજૂઆત કરી.

યુગોનાં અજ્ઞાન અને પ્રમાદના આવરણમાં દબાઈ રહેલી ભારતીય કળાને સ્વયં ભારતની પ્રજાએ વિસારી દીધી હતી. તેની પ્રણાલીઓ અને આદર્શો મૃતપ્રાય બન્યાં હતાં. શ્રી કુમારસ્વામીની પ્રતિભાએ વિશ્વને તેનો પરામર્શ કરાવી તેનાં સ્થાન અને માન પ્રસ્થાપિત કર્યાં. આજે ભારતની કળા, જગતઆખાની મહામૂલી સમૃદ્ધિ ગણાય છે તે મોટે ભાગે એમના જ ભગીરથ પ્રયત્નોને આભારી છે. નિશ્ચલ ભારતીય પુનર્જાગૃતિના તે એક મહાન પુરસ્કર્તા હતા. એમની અમાપ સેવાઓ છતાં આ મહાન લંકાવાસી વિષે કેટલા ભારતીયોને પૂરી ભાળ હશે? કેટલાને એમના ગ્રંથો અને લેખોનો પરિચય હશે? પૂર્વ ને પશ્ચિમને મહત્ત્વના એવા એમના કલાગ્રંથો કે એમના જીવન યા પ્રસંગોની કેટલાને માહિતી હશે?

યૌવનકાળે કરેલા સંસ્કૃતના પ્રગાઢ અધ્યયન ને સંખ્યાબંધ ગ્રંથોના અભ્યાસથી ભારતીય સાહિત્યનો તેઓ પૂરો રસાસ્વાદ પામ્યા હતા, એટલું જ નહિ પણ ભારતીય કળાનું સૌંદર્ય પિછાની શક્યા હતા. જીવનમાં અને કળાસૃષ્ટિમાં રસ અને સૌંદર્ય પારખવાની નૈસર્ગિક શક્તિથી તેઓ આસપાસની પુરાણી સૃષ્ટિનાં ખંડેરોમાં અને પડી ભાંગતા શિલ્પઉદ્યોગોમાં રહેલાં સૌંદર્યસ્વરૂપો અને લોકપ્રણાલીઓનો લોપ થતો જોઈ શક્યા અને તેનું રક્ષણ તથા સમુદ્ધાર કરવાની ધગશ તેમનામાં પ્રકટી, અને ભારત તથા સિંહલદ્વીપનાં રહસ્યો દુનિયા સામે મૂકવા કટિબદ્ધ થયા. સીલોન તેમને મન આર્યાવર્તનું એક સંસ્થાન અને આર્યાવર્તના આદર્શોએ સરજેલી કલાપરંપરાની એક વિસ્તારશાખા જ હતી.

ત્યાં રંગવિહીન શુષ્ક જીવનપ્રણાલીને એમણે મૂળ ઘાલતી જોઈ. લંકાની બચી રહેલી રમણીયતાઓને નષ્ટ કરે કે તેની સજીવ સર્જકતાનો વિનાશ કરે એ પહેલાં ફેલાતી જતી વર્ણસંકરતાને જડમૂળથી ઉખેડી નાખવાનો પોતાનો ધર્મ સ્વીકાર્યો અને ભાષણો તથા લખાણો દ્વારા કઠોર પ્રહારો કરી એ રાષ્ટ્રઘાતક પ્રવૃત્તિઓની સામે એમણે પ્રચંડ વંટોળ જેવી જેહાદ ઉપાડી.

એકલપંડે ને ટાંચાં સાધનોથી તેમણે ભારતીય કળા માટે જે વિરાટ કાર્ય કર્યું તે આશ્ચર્યકારક છે. તેમણે ખૂબ ભ્રમણ કર્યું, વિશ્વનાં સંગ્રહસ્થાનો જોઈ નાખ્યાં, પૂર્વ અને પશ્ચિમના કલાવિદોનો સમાગમ કર્યો અને પ્રતીતિકર તથા સપ્રમાણ લેખનકાર્યના અધિકારી બન્યા. તેમને શ્રદ્ધા હતી કે વિશ્વને પૂર્વમાંથી જ સૌંદર્યનું નવું ભાન આપી શકાશે. એમની લેખનશૈલી સરલ અને ચિત્તાકર્ષક હતી. પોતે મહાન તત્ત્વજ્ઞ ને વિદ્વાન હોવા છતાં તેમના વિચારો ને અભિવ્યક્તિમાં કંઈ પણ અષ્ટમ્‌પષ્ટમ્ કે અગમ્ય લાગતું નથી.

વાણીમધુર, સૌજન્યપૂર્ણ, વિરોધી ટીકાઓથી અક્ષુબ્ધ એવા તે પોતાનું સન્માન કરનારા મંડળમાં ફરતા ત્યારે પ્રત્યેક જણ સાથે વાત કરતા. વયથી જરા વળેલા, અભ્યાસ અને સેવાના પાકથી શ્વેત બનેલી કેશાવલિ અને બે કાળી કીકીઓ ચમકાવતી તેજસ્વી આંખોવાળા ગંભીર વદનથી તેઓ આજના પોશાકમાં છુપાએલા કોઈ પ્રાચીન ઋષિ જેવા લાગતા. તેઓ ચાલતા ત્યારે દેખાવે અને વળાંકે ગુરુદેવ ટાગોરનું સ્મરણ કરાવતા. અને ખરે જ, વીસમી સદીમાં ભારતની સંસ્કૃતિનું નવવિધાન કરનાર આ બંને વિભૂતિમત્તો ભારતના રાજર્ષિઓ જ હતા.

તેમણે હમેશાં આત્મવૃત્ત લખવા કે લખાવવા ઇન્કાર કર્યો હતો. વ્યક્તિત્વને તેઓ પરમ બ્રહ્મનો અંશ માનતાં હોઈ તેમાં જ ફરી લીન થઈ જવાની જીવનભાવના એમણે રાખી હતી. પોતાનું શેષ જીવન હિમાલયમાં કોઈ એકાંત આશ્રમમાં વ્યતીત કરવાની એમને ઇચ્છા હતી અને એ માટે તેઓ પોતાનાં સાધનો અને કાર્યો સમેટી પણ રહ્યા હતા; પરંતુ એ ઇચ્છા ફળે તે પહેલાં જ તેમણે દેવશરણ લીધું. ૭૦ વર્ષની વયે બૉસ્ટન(અમેરિકા)માં ૧૯૪૭ની ૭મી સપ્ટેમ્બરે એમનું અવસાન થયું, અને કલા તથા સાહિત્યના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કીર્તિવાળી એક મહાન વ્યક્તિની

ડૉ. આનંદ કુમારસ્વામી

લેખક
રવિશંકર મ. રાવળ



'યક્ષ' વિષેના પોતાના એક ગ્રંથમાં ડૉ. કુમારસ્વામીએ કરેલું કમલકળશનું રેખાંકન

નીચે : પતિ-પત્ની (આનંદ કુમારસ્વામી અને સ્ટેલા બ્લૉક)

ખોટ પડી. થોડા જ સમય પહેલાં એમની અંતિમ ઇચ્છા મુજબ. એમનાં પત્નીએ અહીં આવીને એમનાં અસ્થિ ગંગામાં પધરાવી તેમની કાયાને ભારતની ભૂમિનો અંતિમ પાવક સ્પર્શ આપ્યો હતો.

તેઓ માત્ર શ્રેષ્ઠ પ્રાચ્યવિદ્યા-વિશારદ કે કેવળ પૂર્વીય કલાના મર્મજ્ઞ જ ન હતા, અથવા ભારતીય કળાનાં સર્વ અંગો પર વિવેચનાત્મક ભાવ-સૂક્ષ્મ લેખો લખનારા જ ન હતા, કે ભારતીય કળાનાં રહસ્યો ખુલ્લાં કરી બતાવનાર કલા-કોવિદમાત્ર પણ ન હતા; પરંતુ સાથેસાથે વિશ્વસનીય ઇતિહાસ-જ્ઞાતા હતા, પૂર્વ અને પશ્ચિમની કળાઓનાં ઉત્તમ અંગોમાંની મૂળભૂત એકતાના પ્રગાઢ પુરસ્કર્તા હતા. રડ્યાર્ડ કિપ્લિંગના પોકળ નિરાશાવાદનું નિરસન કરી એમણે મહાન વિલક્ષણતાથી પૂર્વ અને પશ્ચિમની આધ્યાત્મિક એકતા પોતાના જ વ્યક્તિત્વમાંથી એમણે પ્રકટ કરી હતી.

એમની પ્રવૃત્તિઓની સમગ્રતાને આવડા લઘુલેખમાં આવરી લેવી અશક્ય છે. તેઓ એક વરિષ્ઠ ભારતીય પુરુષ થઈ ગયા. સ્વદેશી હીલચાલ નીચે પહેલાંના સમયથી રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવામાં અને તેનો પ્રચાર કરવામાં તેમણે જે ભાગ ભજવ્યો છે એ તો આજે આપણે વીસરી જ ગયા છીએ.

મહાપંડિતોનાં જીવન રાજકીય નેતાઓની જેમ માપી શકાતાં નથી. પ્રતિપક્ષીઓ સાથે થએલા વિગ્રહમાં બતાવેલાં ધૈર્ય અને રાજસત્તાથી માંડી સ્વાર્થ-સાધના સુધીની વાતો પરથી રાજકીય નેતાઓનાં મૂલ્યો થાય છે; જ્યારે જ્ઞાનના સીમાડા પર મોરચા માંડીને સંશોધન કરી, તત્ત્વરત્નો શોધી લાવી, અને સંસ્કૃતિના સ્તંભો પર ઝળહળતી મેધાની જ્યોત પ્રકટાવીને નવીનોને જે માર્ગદર્શન કરાવ્યું હોય તેના પરથી પંડિતોનાં માપ નીકળે છે. ભારતીય જીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં ભરતી લાવતી અને રાષ્ટ્રીય ગૌરવને પુનઃ જાગૃત કરતી જે સેવાઓ ડૉ. કુમારસ્વામીએ કરી એનું મહત્ત્વ ઘણું છે, અને એ દૃષ્ટિથી એમને રાષ્ટ્રના પ્રમુખ પુરોધા ગણીએ તો તે સર્વથા યોગ્ય છે. એમની એ મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય સેવાનું ઉચિત સ્મારક કરવાની ખરી તકો હવે આવી મળી છે.

પોતાના જીવન વિષે કોઈ પણ જાતની નોંધ કે માહિતી આપવામાં તે હમેશાં મૌન સેવતા. પરંતુ અજાણતાં કે પ્રસંગવશાત્ જે થોડી વિગતો મળી છે તે પરથી જાણવા મળે છે કે સીલોનના પાટનગર કોલંબોમાં ઈ. ૧૮૭૦ના ઑગસ્ટની ૨૨મી તારીખે એમનો જન્મ થયો હતો. પિતા મુત્તુ કુમારસ્વામી પ્રસિદ્ધ ને વિદ્વાન શ્રીમંત હતા ને લંડન જઈને બૅરિસ્ટર બનનાર પ્રથમ સિંહલવાસી હતા. પાલિના એક બૌદ્ધ ગ્રંથનું સૌપ્રથમ અંગ્રેજી ભાષાંતર તેમણે કરેલું. ઈંગ્લંડના કેન્ટ પ્રાંતની એક આંગ્લ યુવતી સાથે એમણે લગ્ન કરેલું. ડૉ. આનંદ કુમારસ્વામીની બે જ વર્ષની વયે આ પિતાનું અવસાન થતાં અંગ્રેજ માતાએ જ તેમનું સંવર્ધન-સંગોપન કર્યું હતું.

લગભગ પચ્ચીસ વર્ષના થયા ત્યાં સુધી ડૉ. કુમારસ્વામીએ માતૃભૂમિનું દર્શન કર્યું ન હતું. ગ્લોસ્ટર શાયરના સ્ટોનહાઉસ ખાતે પ્રાથમિક શિક્ષણ લઈ તે લંડન આવ્યા. ત્યાં ૧૯મી સદીના એ અંતકાળે કલા અને હસ્તશિલ્પના ઉદ્ધારમાં ભારે પ્રયત્ન કરનાર રસ્કિન અને વિલિયમ મૉરિસ જેવા મનીષીઓની સર્વવ્યાપક છાપ એમના પર પડી. છતાં ભૌતિકશાસ્ત્ર–ખાસ કરીને ભૂગર્ભશાસ્ત્ર અને ખનિજશાસ્ત્રના અધ્યયનમાં પોતાનો અભ્યાસ કેન્દ્રિત કર્યો. બાવીસમે વર્ષે તેમણે ભૂગર્ભશાસ્ત્રના એક ત્રૈમાસિકમાં 'લંકાના પાષાણ-ખડકો અને કૃષ્ણ-સીસું' (સીલોન રૉક્સ ઍન્ડ ગ્રેફાઈટ્સ) નામનો લેખ પ્રકટ કર્યો હતો. પચ્ચીસમે વર્ષે સીલોનનાં ખનિજોના સંશોધન-માપન ખાતામાં તેઓ સંચાલક નિમાયા. એ પદ પરથી વર્ષો સુધી સીલોનમાં દાખવેલી ઉજ્જ્વળ કારકિર્દીની કદરમાં લંડન યુનિવર્સિટીએ એમને ડૉક્ટર ઑવ.સાયન્સની પદવી આપી.


આ દરમિયાન સીલોનમાં નામશેષ બનતા જતા વ્યવસાયો પ્રતિ એમનું લક્ષ દોરાયું. એમણે જોયું કે નવા યુગનો યાંત્રિક વિકાસ સીલોનની કળાકારીગરીની પીઠ તોડી રહ્યો હતો; અંગ્રેજી શિક્ષણથી દૃષ્ટિવિમુખ બનતા જતા સીલોનના તરુણોમાંથી રાષ્ટ્રીય





ઉપર : ડૉ. કુમારસ્વામી, એમના દફતરમાં. નીચે : કિશોર આનંદ કેન્ટિશ કુમારસ્વામી, માતા, માસી અને નાનીમા સાથે.

ભાવનાનો લોપ થઈને તેઓ એ પ્રત્યે દુર્લક્ષ સેવવા માંડ્યા હતા; અંગ્રેજી શિક્ષણના પ્રભાવે આપણી સામાજિક અને આધ્યાત્મિક વૃત્તિઓ પર જે આઘાત થયો હતો તેની ક્ષતિ પૂરવાનું મુશ્કેલ બન્યું હતું; પ્રાચીન કલા-સંસ્કૃતિને હદપાર કરી પાશ્ચાત્ય સુધારણા સ્થાપવાનો જાણે કે ઝંઝાવાત ઊપડ્યો હતો. એવા કાળે સીલોનની સંસ્કૃતિ અને કલા-કારીગરીના તે અડંગ હિમાયતી બન્યા અને એ કલાવ્યવસાયોને પુનર્જીવિત કરવા એમણે આગળ પડીને 'કૅન્ડીઅન એસોસીએશન'ની સ્થાપના કરી. પ્રાચીન કલાશિલ્પ ને હસ્તઉદ્યોગોને ઉત્તેજન આપી સજીવ કરવાનું એ મંડળનું ધ્યેય હતું.



પશ્ચિમી સંસ્કૃતિના ઝગમગાટથી અંજાઈ જઈ તેનું અંધ અનુકરણ કરતા સિંહાલી તરુણોને યથાર્થ રાષ્ટ્રીય દૃષ્ટિ આપવા માટે એમણે 'સીલોન નૅશનલ રિવ્યૂ' નામે એક પત્ર પણ પ્રકટ કરવા માંડયું અને વર્ષો સુધી તેના સંપાદકપદે રહી અનેક પ્રેરક અગ્રલેખો દ્વારા એમણે એક નવચેતના ફેલાવવા માંડી.

પરંતુ એમણે આદરેલું આ મહાકાર્ય સરળ નહોતું. અનેક મુશ્કેલીઓનો એમને સામનો કરવો પડ્યો ને અંતે સરકારી સેવાની મુદત પૂરી થતાં તેઓ ઇંગ્લંડ પાછા ચાલ્યા ગયા.


ઇંગ્લંડમાં તે સી. આર. ઍશબી જેવા સામાજિક તત્ત્વવેત્તાઓને પણ મળ્યા. એ લોકો ત્યારે સ્પર્ધાયુક્ત ઔદ્યોગિક યુગમાં પણ હજી હસ્તવ્યવસાયોનાં મહત્ત્વ ને મૂલ્ય લોકોને સમજાવી રહ્યા હતા. રસ્કિન અને વિલિયમ મૉરિસનાં તત્ત્વોનો પ્રચાર, બદલાએલી રાજકીય પરિસ્થિતિના વિરોધ છતાં, તેઓએ ચાલુ રાખ્યો હતો. આ હિલચાલ કરનારાઓની સંખ્યા અલ્પ હતી. તેઓ પોતાનું કાર્યકેન્દ્ર લંડનથી બદલીને ગ્લોસ્ટર પરગણાના બ્રોડ કૅંપડનના ગોથિક ચર્ચમાં લઈ ગયા અને ત્યાં 'ઇસેક્સ હાઉસ પ્રેસ' નામે છાપખાનું શરૂ કરી, નવાં બીબાં પ્રયોજીને સંખ્યાબંધ સુંદર પત્રિકાઓ, ગંભીર સ્વરૂપનાં પ્રકાશનો તથા નવસમાજવાદના પ્રચાર માટે પુનર્મુદ્રણો પ્રકટ કરવા માંડ્યાં. આ ધ્યેયવાદી અંગ્રેજ જૂથમાં તે પણ ભળ્યા.

સીલોનમાં પોતાના વસવાટ દરમિયાન નોકરીમાંથી ફાજલ પડેલા સમયનો સદુપયોગ કરી એમણે ત્યાં ટકી રહેલા પરંપરાગત કલાશિલ્પના વ્યવસાયોની એક વિગતસભર શાસ્ત્રીય મોજણી કરી હતી. સૌન્દર્યપૂર્ણ સૂક્ષ્મ આંતરદૃષ્ટિથી કરેલાં ચોકસાઈભર્યાં એ અવલોકનો દરમિયાન એમને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે પણ અંતરમાં અપાર પ્રેમ જાગ્યો હતો. આ બધાંના પરિણામ રૂપે એમણે ઇસેક્સ હાઉસ પ્રેસમાંથી 'મધ્યકાલીન સિંહલદ્વીપની કલા' વિષે એક વિદ્વત્તાપૂર્ણ, મૌલિક સમાલોચના-ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. આધાર વિવેચના અને જાતે કરેલી સંખ્યાબંધ રમણીય ચિત્રાકૃતિઓથી સભર એ ગ્રંથ ગુણવત્તા અને વિસ્તારની દૃષ્ટિએ અપ્રતિમ બન્યો હતો. તેમાં વ્યક્ત થએલી વિદ્વત્તા, આગવી સૌંદર્યદૃષ્ટિ અને પ્રચુર માહિતીએ એમને શાસ્ત્રીય જગતમાં નામના મેળવી આપી. ભારતીય કળાના વિશદ અર્થ તારવીને તેની સાચી ઓળખ કરાવનાર એક પૂર્ણ અધિકૃત વિદ્વાન તરીકે સર્વ સ્થળે એમનો સ્વીકાર થયો.

આ ગ્રંથના પ્રકાશન અને તેને મળેલા સત્કાર પછી એમના જીવનમાં એક કાયમી નવો વળાંક આવ્યો. કલાસંશોધન સાથે જીવનનાં મૂળ તત્ત્વો તથા તેનાં આધ્યાત્મિક મૂલ્યોની એમણે ખોજ આદરી. એ જ વર્ષે એમણે 'ભારતીય કળાનાં લક્ષ્યો' વિષે એક પત્રિકા બહાર પાડીને માનવસંસ્કૃતિના એક અલ્પપ્રસિદ્ધ ને વગોવાએલા જેવા અંગનું સાચું સ્વરૂપ સમજવાની ગુરુચાવી લોકોના હાથમાં મૂકી. પ્રાચીન શિલ્પગ્રંથોના આધારે યથાતથ અર્થવિવરણ કરીને રજૂ કરેલું એ સૌપ્રથમ સ્પષ્ટીકરણ હતું. એ પત્રિકા પછી એમણે કોપનહૅગનની ૧૫મી આંતરરાષ્ટ્રીય પ્રાચ્યવિદ્યા પરિષદમાં 'ભારતીય કલા પર ગ્રીક અસરો' વિષે નિબંધ વાંચીને પાશ્ચાત્ય



માતા : એલિઝાબેથ



પિતા : સર મુત્તુ કુમારસ્વામી

પુરાશોધકોએ સ્થાપિત કરેલા એ મતને પડકાર્યો. 'ભારતીય કલા પર ગ્રીક કલાની ઘેરી છાયા' હોવાનો મત માત્ર આરોપિત હતો એમ એમણે સાબિત કર્યું. અદ્યતન ખાતરીપૂર્ણ ચોક્કસ માહિતીઓ અને પુરાવા સાથેના ભારતીય કલાના એ પ્રભાવી સમર્થકના કથનનો સ્વીકાર કર્યે જ સૌનો છૂટકો હતો. અગાઉ મિ. હૅવેલે પણ આ અંગે લખ્યું હતું ખરું, પણ ડૉ. આનંદ કુમારસ્વામીની જ્ઞાનસંપદા બહુ મોટા પ્રમાણની હોઈ એમનું વચન કાયમી થયું.

પરંતુ હજી સુધી ડૉ. કુમારસ્વામીને ભારતીય કલાનો તેના સ્વાભાવિક વાતાવરણમાં અભ્યાસ કરવાની તક મળી ન હતી. તેના કલા-સમૃદ્ધ મઠો, વિહારો, મંદિરો, મસ્જિદો, મકબરાઓ કે ગુફામંડળોની ભવ્યતા તેમણે પ્રત્યક્ષ અનુભવી ન હતી. તેથી ૧૯૦૯માં તેઓ ભારતની અભ્યાસયાત્રાએ આવ્યા. એમનું એ આગમન સમયોચિત પણ બની ગયું. તે સમયે સ્વદેશીની ચળવળ શિખરે ચડી હતી, તેથી તેમણે પોતાની પ્રભાવી વક્તૃત્વશક્તિ ને ભાવાનુવેગથી ભારતીય કલાનાં મૂલ્યોની જે પ્રતિષ્ઠા કરી અને ભારતીય હસ્તવ્યવસાયોમાં સમાએલી મૂળભૂત આધ્યાત્મિકતાને સ્પષ્ટ કરી તેથી સહજપણે તેઓ રાષ્ટ્રીયતાના મહાન પુરોધા તરીકે સ્વીકારાયા.

એ કાળે કલકત્તામાં નવોત્થાન કરતી ભારતીય કલાના માતૃગૃહ બનેલા શ્રી અવનીન્દ્રનાથના અતિથિ બનીને તેઓ કેટલાંક અઠવાડિયાં રહ્યા. ત્યાં 'નૅશનલ કાઉન્સિલ ઑવ એડ્યુકેશન' (રાષ્ટ્રીય શિક્ષણસંઘ) તરફથી પ્રાચ્ય કલાની સંસ્થા 'ઇંડિયન સોસાએટી ઑવ ઑરીએન્ટલ આર્ટ'માં ભગિની નિવેદિતા વગેરેના અધ્યક્ષપણા નીચે એમણે જે સચિત્ર વ્યાખ્યાનો આપ્યાં તેનાથી રાષ્ટ્રીય કલાનાં મૂલ્યો બહુ સચોટરીતે લોકોના લક્ષમાં આવ્યાં. આ નવી દૃષ્ટિએ સર્વત્ર એક પ્રકારનો ભાવકલ્લોલ જગાડયો. એ વ્યાખ્યાનોએ રાષ્ટ્રવાદીઓને કળાની મહાન શક્તિ અને ધર્મનું પ્રથમ ભાન કરાવ્યું અને તેથી તેઓ દૃષ્ટિ ખોલીને કળા પ્રતિ જોતા થયા. તે સમયથી કુમારસ્વામી ભારતીય રાષ્ટ્રીયતાના માનવંત અગ્રેસર ને સમર્થક ઠર્યા, ને તેમના આયુષ્યપર્યંત એ ક્ષેત્રમાં એમનું અધિકૃતત્વ અબાધિત રહ્યું. ભારતીય કળાના ધામ જેવા સુપ્રસિદ્ધ સ્તૂપો, ગુફાઓ અને અવશેષોના અભ્યાસ માટે ખૂબ પ્રવાસ કરીને એમણે બહુમૂલ્ય નમૂના ને સાધનો એકઠાં કર્યાં, ને પરિણામદાયી રીતે જીવનભર તેનો સદ્ઉપયોગ કરીને ભારતીય સભ્યતા, સંસ્કૃતિ અને તેની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરવાના સફળ પ્રયત્નો કરતા રહ્યા.

કલકત્તામાં એમના આયુષ્યની એક અન્ય વિશિષ્ટ ઘટના પણ બની, જે વિષે એમના નિકટવાસી સ્નેહીઓ વિના કોઈને પૂરી જાણ નથી. ખ્રિસ્તી માતાપિતાથી એમનો જન્મ થયો હતો. પણ અહીં જાણે તે પરિપૂર્ણ સનાતન વૈભવથી ઉજ્જ્વળ એવી ભારતભૂમિની પૂજા માટે પવિત્ર દર્ભાસન પર બેસી ગયા, અને તેમને લાગ્યું કે ભારતીય આધ્યાત્મિકતાનો પરિચય કરવાને પોતાના જેવા સાધકને માથે લદાએલો ખ્રિસ્તીધર્મ અયુક્તિક છે. કલકત્તામાં કોઈ એક સાધુની પ્રેરણાથી ધર્માંતર કરી તેઓ વૈષ્ણવ થયા. એ સમય પછીના એમના જે જે ગ્રંથો પ્રકાશિત થયા તેમાં એમનું ખ્રિસ્તી અભિધાન કેનેથ સાથેનું નામ (આનંદ 'કે.' કુમારસ્વામી) જોવા નથી મળતું એમાં આ જ રહસ્ય છે.

ભારતીય કળાના આ મહાન વ્યાસની કલા-વિષયક અભ્યાસની કારકિર્દી આશ્ચર્યપૂર્ણ મહાન વિજયસ્તંભ જેવી છે. લંડનની ઈંડિયા સોસાએટીએ (જેના તેઓ ઉપાધ્યક્ષ હતા) એમના 'ઇન્ડિ-





ડૉ. કુમારસ્વામીની ત્રણ લાક્ષણિક તસવીરો

યન ડ્રૉઈંગ્સ'ના બે ગ્રંથ પ્રગટ કર્યા. પેલી કલકત્તાની ઓરીએન્ટલ આર્ટ સોસાએટીના આમંત્રણથી ૧૯૧૦માં ફરીથી ભારત આવ્યા અને અલ્લાહાબાદના સરકારી ઔદ્યોગિક પ્રદર્શનમાં મૂકવા માટે કલા-વસ્તુઓ એકઠી કરવા ઉત્તર ભારતનો વિસ્તૃત પ્રવાસ કરી મોટા પ્રમાણમાં આશ્ચર્યકારક ઉત્કૃષ્ટ કલાકૃતિઓ એકઠી કરી આપી. પુષ્કળ ચિત્રો અને ચિત્રાલેખોના એમણે કરેલા એ સંગ્રહથી જ ભારતીય કલાનો પ્રદીર્ઘ અખંડ કાળક્રમ નક્કી કરવાનું શક્ય બન્યું છે.

કાશીમાં જો એક ચિત્રાલય સ્થપાય તો એ મહામૂલો કલા-સર્વસંગ્રહ ત્યાં અર્પણ કરી દેવાની એમની મહેચ્છા હતી. આ દેશનો જ વારસો હોઈ એ સંગ્રહ અહીં જ રહે તે માટે પોતાના નામથી છાપેલું વિજ્ઞપ્તિપત્ર પણ તેમણે પ્રસિદ્ધ કર્યું હતું. પરંતુ એમના દેશબંધુઓમાં એ કાળે કળાની એટલી બધી કદર નહોતી. મહિનાઓ સુધી તેમણે એ સંગ્રહને ઠેકઠેકાણે ફેરવ્યો ને આખરે યુરોપ અને ત્યાંથી છેવટે અમેરિકા લઈ ગયા. બોસ્ટન મ્યૂઝિયમના કલાચાર્ય અને કલાવિદ્ ડૉ. ડેનહામની સલાહથી ભારતીય કલાના ખાસ અભ્યાસ માટે એ સંગ્રહાલયમાં એક નવા વિભાગનું નિર્માણ થયું ને આ મહાન વિદ્વાનને સમ્માનપૂર્વક તેના અધ્યક્ષપદે નિયુક્ત કરી એમણે કરેલા કલાસંગ્રહને ત્યાં સમાવી લેવામાં આવ્યો. છેક સુધી એ પદ પર રહી એમણે પોતાના જીવનયજ્ઞની પૂર્ણાહુતિ કરી.

૧૯૧૭ દરમિયાન એમણે કોલંબો મ્યૂઝિયમમાં સંઘરાએલી કાંસ્ય-પ્રતિમાઓ પર પરિશ્રમથી તૈયાર કરેલી સૂચિ અને રાજપૂત ચિત્રકલા વિષે એક મોટો ચિત્રસંપુટ, એમ એમનાં બે પ્રકાશનો ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે પ્રગટ કર્યાં. આ ઉપરાંત બોસ્ટન મ્યૂઝિયમમાંથી કલાવિષયક અન્ય પત્રપત્રિકાઓ પણ પ્રકટ થતાં રહ્યાં. તે સાથે ત્યાંના કલાસંગ્રહમાં પણ અભિવૃદ્ધિ થતી જ રહી. સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રીય ચિત્રશાળા સ્થાપવાની મોટીમોટી વાતો થાય છે, પણ ડૉ. આનંદ કુમારસ્વામીએ પ્રકટાવેલા દૃષ્ટાંતનો પ્રભાવ રાજકીય અગ્રણીઓ હજી પણ પૂરો સમજ્યા નથી એ ખેદની બિના છે.

ઈ. ૧૯૦૮ થી ૧૯૪૭ના પોતાના જીવનકાળ દરમિયાન ભારતીય ચિત્રકળા, શિલ્પકાર્ય, સ્થાપત્ય વગેરેનું સર્વાંગ જ્ઞાન અને રસાસ્વાદન કરાવવા યુરોપ ને અમેરિકામાં એમણે કરેલા પ્રયત્નોનું સંકલન અત્રે શક્ય નથી. તે ઉપરાંત, આજનો માનવસમાજ જે એક વિશિષ્ટ આપત્તિપૂર્ણ કાળમાંથી પસાર થઈ રહ્યો છે અને જે ગંભીર પ્રશ્નો એની સામે આવી પડ્યા છે તે સર્વનું નિરસન કરવા ભારતીય સંસ્કૃતિના મૂળભૂત તત્ત્વોના આધારે તેમણે જે વેધક પ્રકાશ પાડ્યો છે તેની પણ વિદ્વાનોમાં ભારે પ્રશંસા થાય છે. તેમણે પાશ્ચાત્ય સંસ્કૃતિના જે દોષો બતાવ્યા છે અને તેમ કરતાં સમાજ-શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના જે મુદ્દાઓ અચૂકપણે દર્શાવ્યા છે તથા તેના સમર્થનમાં પ્રસિદ્ધ વિદ્વાનોનાં જે વચનો ટાંક્યાં છે તેની પાશ્ચાત્ય વિવેચકોમાં વાહવાહ બોલાય છે.

ચાળીસ વર્ષના અધ્યયનમાં તેમણે માત્ર કલાચિંતન વિષે જ નહિ, પણ પૌરસ્ત્ય સંસ્કૃતિ સંબંધી અનેક વિષયો પર પણ લેખિની ચાલુ રાખી હતી અને પૂર્વની પ્રજાને તેના પૂર્વજોના વારસાનું સાચું મહત્ત્વ સમજાવીને અણમોલ સેવા આપી હતી. પૂર્વની સંસ્કૃતિ પશ્ચિમમાં હાસ્યાસ્પદ ગણાતી હતી. અધિકૃત લેખકોના અભાવે એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાની ૧૩મી આવૃત્તિ સુધી તેના સંપાદકોના લક્ષમાં પૂર્વની સંસ્કૃતિ નહોતી આવી. કુમારસ્વામીએ જ જગતની કલાસંસ્કૃતિમાં પૌરસ્ત્ય કલાને પ્રથમ સ્થાન અપાવ્યું અને એ જ એન્સાઈક્લોપીડિયાની ૧૪મી આવૃત્તિમાં એમના કલાવિષયક જુદાજુદા આઠ લેખો પ્રકટ થયા. તે જ પ્રમાણે અમેરિકાની નૅશનલ એન્સાઈક્લોપીડિયામાં પણ એમણે લેખો આપ્યા. આ ઉપરાંત, વેબ્સ્ટરના આંતરરાષ્ટ્રીય બૃહદ્કોષ માટે ભારતમાંથી લેવાએલા અંગ્રેજી શબ્દોનું એમણે સંપાદન કર્યું. પ્રભાવી અને ગુણવત્તાવાળા એમના અંગ્રેજી લેખો ફ્રાન્સ, જર્મની, ફિનલૅન્ડ, હૉલૅંડ ને રૂમાનિયા વગેરે દેશોમાં પણ ભાષાંતરિત થયા છે.

ક્યાં યે પણ ભારતીય કલાનું નામ લેતાં એની સાથે જ ડૉ. આનંદ કુમારસ્વામીનું નામ પણ અવશ્ય લેવાશે જ. ભારતમાતાનો આવો એક સપૂત વર્ષો પહેલાં આપણી વચ્ચે હતો. આજે એ ડૉ. આનંદ કુમારસ્વામી સદેહે તો નથી, પણ પોતાના ગ્રંથો દ્વારા એમનું જીવનકાર્ય અને સંદેશ આપણને હમેશાં પ્રેરણા આપતાં રહેશે.

એક મોટર-અકસ્માત

કેવડાની મહેક

ને પ્રાચીન રાજપ્રાસાદ

વિખ્યાત વાર્તાકાર **શ્રી શરદેન્દુ બંદ્યોપાધ્યાયની** એક અભિનવ કથા

અનુવાદક · રમણિક મેઘાણી

દૈવયોગે તે દિવસે ગલૂડિયું આડે ઊતર્યું. સુવીર પત્નીને સાથે લઈ મોટરમાં સાંજે ફરવા નીકળ્યો હતો. ઘોડા હૂડવાળી જૂની ગાડીને ધીરે ચાલતાં જાણે આવડતું જ નહોતું. સામે જ સધર્ન ઍવન્યુનો વિશાળ મોકળો માર્ગ મળતાં એ ઉલ્કા વેગે આગળ ધસતી હતી.

ગલૂડિયું ટાણું સમજીને જ ફૂટપાથ છોડી માર્ગ ઉપર ઊતર્યું અને ધીરેધીરે રસ્તો પાર કરવા લાગ્યું. દેખાવમાં એ એકદમ નાનું ને વાને જરા યે ન ગમે તેવું હતું. સુવીરનું ધ્યાન જ એની તરફ નહોતું. જ્યારે ધ્યાન ગયું ત્યારે તેની અને મોતની વચ્ચે વીસ વારનું છેટું રહ્યું હતું. સુવીરે જોરથી બ્રેક મારી. પતિની બાજુમાં બેઠેલી અરુણા એકાએકના આવા આંચકા માટે તૈયાર નહોતી. એનું કપાળ 'ડૅશ બોર્ડ' સાથે ધડાક કરતું અટકાયું. કપાળમાં ચીરો તો ન પડ્યો, છતાં એક ધીમી ચીસ પાડતી અરુણા સુવીરના ખભા ઉપર ઢળી પડી.

ગલૂડિયું બચી ગયું હતું. એ હળવે હળવે પાછું ફૂટપાથ પર પહોંચી ગયું. સુવીરે જોયું તો અરુણા બેભાન પડી હતી. એણે વ્યગ્ર સાદે એને ઢંઢોળી: 'અરુણા! અરુણા!' પણ અરુણા કંઈ બોલી નહિ. સુવીરને ફાળ પડી; મોટરને વાળીને એણે મારી મૂકી. માઈલેક દૂર એક નર્સિંગ હોમ હતું ત્યાંના દાક્તર એના ઓળખીતા હતા.

સુવીર સ્થિતિસંપન્ન ખાનદાન ઘરનો નબીરો હતો. શાંત, સંસ્કારી તંદુરસ્ત જુવાન. એના સ્વભાવમાં એક પ્રકારની નિશ્ચલતા હતી. હજુ છ માસ પહેલાં જ અરુણા સાથે એ પરણ્યો હતો. અરુણા દેખાવે સપ્રમાણ અને રૂપવતી હતી. આધુનિક આદર્શ મુજબની ક્રશાંગી તન્વી નહોતી, છતાં કાલિદાસ અને જયદેવની દૃષ્ટિએ કદાચ સુંદર ગણાય તેવી હતી. એને જોતાં 'ગીતગોવિંદ' અને 'મેઘદૂત' યાદ આવી જતાં.

છ મહિનાના પરિણીત જીવનને પરિણામે એ બન્નેનાં મન પરસ્પરની નિકટ આવ્યાં હતાં, પણ એકબીજામાં પૂરેપૂરાં ઓતપ્રોત તો નહોતાં જ થયાં. સુવીરે એનું હૈયું આખું યે અરુણા ઉપર ઓળઘોળ કરી દીધું હતું, છતાં અરુણાનું હૈયું એ પૂરેપૂરું સર નહોતો કરી શક્યો. લગ્ન એ એક એવો સંસ્કારવિધિ છે કે જેને પરિણામે બે યુવક-યુવતી અચાનક જ પરસ્પરનું ગાઢ સાન્નિધ્ય અનુભવે છે, પરંતુ શારીરિક સુમેળ સધાવાથી મનનો પણ સુમેળ સધાય જ છે એવું કંઈ નક્કી નથી. કોઈ કોઈના દિલના દરવાજા ધીમેધીમે ઊઘડતા હોઈ કોઈ કોઈનાં મનના મેળ મળતાં મોડું પણ થાય છે.

નર્સિંગ હોમના દાક્તરે અરુણાને તપાસીને જણાવ્યું: 'આમાં ચિંતા જેવું કંઈ જ નથી. સામાન્ય 'કંકશન' થયું છે. અરધા કલાકમાં જ ભાનમાં આવી જશે.' થોડી વારે અરુણા ભાનમાં આવી ત્યારે સુવીર એકીટશે એની સામે નિહાળતો એના બિછાના પાસે જ બેઠો હતો. પરંતુ અરુણાની આંખમાં કોઈ માયાવી દૃષ્ટિ હતી. એ પળ વાર એની સામે જોઈ રહી. પછી ધીમા સાદે બોલી: 'કેવડો મહેકે છે!'

દાક્તરે જણાવ્યું કે, 'અરુણાને પૂરેપૂરી સ્વસ્થ થતાં ત્રણ-ચાર દિવસ લાગશે.' એટલે અરુણા નર્સિંગ હોમમાં જ રહી.

ચોથે દિવસે સુવીર અરુણાને ઘેર લઈ ગયો. હવે અરુણાને સારું છે; પેલો માયાવી ભાવ હવે નથી; છતાં એનું હાસ્ય અને આંખની દૃષ્ટિ જોતાં મનમાં થતું કે જાણે મનોમન એ કોઈ સુદૂરના દેશમાં વિચરી રહી છે. બાહ્ય જગત સાથે એનો સંપર્ક ઘટી ગયો છે. પતિ-પત્ની વચ્ચે જે સાન્નિધ્ય ગાઢતર થવા ઉપર હતું તે ફરી પાછું શિથિલ બની ગયું છે.

વધુ થોડા દિવસ રાહ જોયા પછી સુવીરે દાક્તરને મળી બધી વાત કરી. દાક્તરે ધ્યાનપૂર્વક સાંભળીને કહ્યું: 'આમાં ફિકર જેવું કંઈ નથી. છતાં એક કામ કરો: થોડા દિવસ એમને ક્યાંક લઈ જાઓ. હવાફેરથી જલદી આરામ થશે.'

'પણ જવું ક્યાં? શિયાળો માથે આવે છે. આ ઋતુમાં કોઈ હિલ-સ્ટેશન પર જઈએ એ બરાબર ન ગણાય ને?' સુવીરે કહ્યું.

'તો આવડો મોટો રાજસ્થાનનો રણપ્રદેશ છે તે બાજુ જાઓ.'

રાજસ્થાનની મરુભૂમિ! અને સુવીરને યાદ આવ્યા દૂરના સગપણે એના બનેવી થતા એક મહાન પુરાતત્ત્વવિદ. અત્યારે એ રાજસ્થાનમાં પશ્ચિમ બાજુ કંઈ ખોદકામ ચલાવતા હતા. બરાબર છે; અરુણાને લઈને ત્યાં જ જવું. નવો દેશ, નવો પરિવેશ. ત્યાં અરુણાને થોડા વખતમાં જ સારું થઈ જશે.

ઘેર જઈને એણે અરુણા પાસે વાત મૂકી. જોકે અરુણાએ ખાસ ઉત્સાહ તો ન બતાવ્યો, છતાં એણે હા પાડી. અને એ પછીના દસેક દિવસમાં બનેવી સાથે પત્રવ્યવહાર કરી ત્યાં રહેવા-કરવાની ગોઠવણ પાકી કરી સુવીર અરુણાને લઈને રાજસ્થાન જવા નીકળી પડ્યો.

કલકત્તાથી રાજસ્થાનના છેવાડા સુધીનો રસ્તો સામાન્ય નથી. દિલ્હીથી ગાડી બદલીને જતાં ત્રણ દિવસ લાગે છે. મેઈલ ટ્રેઈનના એક 'કુપે'માં એટલો લાંબો પથ વટાવતાં વટાવતાં અરુણાનું મન પ્રફુલ્લિત થઈ ઊઠ્યું. એના વદન પર અને આંખોમાં ઉત્સુકતા જણાવા લાગી. આ બારીએથી પેલી બારી તરફ દોડાદોડી કરતી એ સુવીરને અનેકાનેક ચિત્ર-વિચિત્ર પ્રશ્નો પૂછી થકાવવા લાગી. અરુણાનું એ પરિવર્તન જોઈ સુવીર ખૂબ આહ્લાદિત થયો. અરુણાને પોતાની પાસે ખેંચીને ગળગળા સાદે એણે પૂછ્યું: 'હવે સારું લાગે છે ને?'

અને હરખાતાં હરખાતાં અરુણાએ ઉત્તર આપ્યો: 'બહુ સારું લાગે છે. ખૂબ જ ગમે છે. મને મનમાં શું થાય છે, કહું? એવું થાય છે જાણે ઘણો સમય પરદેશ રહીને હવે હું મારા વતનમાં જાઉં છું.'

તે પછી એક દિવસના ત્રીજા પહોરે એ બેઉ રાજસ્થાનના એક નાના સ્ટેશને ઊતર્યાં. એમણે પ્લૅટફૉર્મ ઉપર પગ મૂક્યો કે તુરત સ્ટેશન બહારની સુક્કી વેરાન ભૂમિમાંથી રેતાળ ઊના પવનનું એક મોજું એમના ઉપર થઈને વહી ગયું. અરુણાએ ચમકેલી નજરે ચારેબાજુ નજર નાખીને કહ્યું: 'તમને કંઈ વાસ આવે છે? કેવડાની મહેક?'

અરુણાએ અગાઉ પણ અર્ધચેતનાવસ્થામાં કેવડાની સુગંધનો ઉલ્લેખ કર્યો હતો તે સુવીરને યાદ આવી ગયું. એક ઊંડો શ્વાસ લઈને એણે કહ્યું: 'કેવડાની સુગંધ? નહિ તો. એન્જિનમાં બળતા કોયલાની ગંધ આવે છે મને તો!'

એ જ વખતે કોટ-પૅન્ટ અને સોલા હૅટમાં સજ્જ પુરાતત્ત્વવિદ્

વિરાજમોહનબાબુ આવી પહોંચ્યા. તપેલા તાંબાવરણી ને એકવડી કાયાવાળા આધેડ ઉમરે પહોંચેલા એ માનવી હતા. બંગાળી-અંગ્રેજી-હિન્દી સંસ્કૃત મિશ્ર ભાષામાં વાતો કરે. એમને જોતાં જ સુવીરે પ્રણામ કર્યા ને એ જોઇને અરુણાએ પણ એમને પ્રણામ કર્યા. વિરાજમોહન-બાબુએ આ પહેલાં અરુણાને ક્યારેય જોઈ નહોતી. એની પ્રશંસા કરતાં હસીને એ બોલ્યા: 'વાહ, સાળાવેલી સાચે જ સરસ છે હોં!'

સુવીરે ચમકીને પૂછ્યું: 'સાળાવેલી?'

'સાળાવેલીમાં સમજ્યા નહિ?' વિરાજબાબુએ ફોડ પાડતાં કહ્યું: 'તમે મારા સાળા થાઓ, અને આને તમે પરણી લાવ્યા એટલે તમારાં પત્ની મારાં સાળાવેલી થાય. ચાલો, હું જીપ લાવ્યો છું. સ્ટેશનથી પંદર માઈલ દૂર જવાનું છે.'

જીપમાં સરસામાન ચડાવી ત્રણે જણ બેઠાં. વિરાજબાબુ ગાડી ચલાવતા હતા. સ્ટેશનથી અરધો માઈલ વટાવ્યા પછી ક્યાં ય વસતિ દેખાતી નહોતી. ચારેબાજુ ધૂ...ધૂ કરતી રેતી ફૂંકાતી હતી; બે-ચાર હાડપિંજર જેવાં સુક્કાં વૃક્ષો ને ઝાંખરાં, આઘે આઘે નાનાનાના દેખાતા પહાડનાં શિખરો અને એ બધાંની વચ્ચે થઇને જતો ધૂંધળો પથરાળ રસ્તો. આટલું જ નજરે પડતું હતું.

જીપ ચલાવતાં ચલાવતાં વિરાજબાબુ વાતો કરતા હતા. 'આ પ્રદેશ આજે ભલે મરુભૂમિ બની ગયો, પણ બે હજાર વર્ષ પહેલાં આવો નહોતો. ત્યારે આ પ્રદેશ બહુ ફળદ્રુપ હરિયાળો પ્રદેશ હતો. અહીં મરુભૂમિની એક બાજુએ નાનું એવું એક રાજ્ય હતું. તે સમય જતાં પ્રકૃતિ અને માનવી એકીસાથે એ રાજ્યની પાછળ પડયાં. ઇતિહાસમાં જેને પાર્થિયન કહેવાયા છે એ પારદ લોકોએ આ પ્રદેશ ઉપર હુમલો કરી એને જીતી લીધો. પણ એ લોકો યે વધુ વખત ટકી ન શક્યા. બે સૈકા થયા ન થયા ત્યાં તો મરુભૂમિ આવી એનો કોળિયો કરી ગઈ. હવે આ બાજુએ લોકોની વસતિ જ નથી એમ કહી શકાય. જૂનાં મકાનો પણ ખંડેર બની ધરણી પર ઢળી પડયાં છે. માત્ર પથ્થરોથી બંધાએલો રાજપ્રાસાદ જ હજુ પણ મરુભૂમિને પડકારતો, અર્ધો રેતીમાં દટાએલો માથું કાઢીને ઊભો છે. આપણો ઉતારો પણ એ પ્રાસાદમાં જ છે; અર્થાત્ ત્યાં જ હેડ ક્વાર્ટર છે. તમને પણ ત્યાં જ લઈ જાઉં છું.'

'તમારું કાર્યક્ષેત્ર હમણાં ત્યાં જ હશે, ખરું ને?' સુવીરે પૂછ્યું.

'અરે નહિ નહિ, એ મહેલ તો માત્ર દોઢ બે હજાર વરસ જૂનો છે. અમારી દૃષ્ટિ વધુ ઊંડે છે. રાજપ્રાસાદથી ત્રણેક માઈલ દૂરના એક સ્થળે સિંધુ સભ્યતાનો થોડોક આભાસ મળ્યો છે. ઓછામાં ઓછાં ચાર હજાર વર્ષ પહેલાં ત્યાં બ્રૉન્ઝયુગની સંસ્કૃતિ હતી; આજે એ દટાઈ ગએલી છે. અમે ત્યાં ખોદકામ કરી એને બહાર લાવીએ છીએ.'

વિરાજબાબુ માત્ર પુરાતત્ત્વવિદ્ નથી, એ પુરાતત્ત્વ-પાગલ છે. ઉત્સાહમાં આવી ખોદકામ અને શોધખોળ અંગેની એ ઘણી વાત કરવા લાગ્યા, પણ સુવીરને પુરાતત્ત્વમાં કંઈ ખાસ રસ નહોતો એટલે એ મૂંગો મૂંગો સાંભળતો રહ્યો. લગભગ અરધો કલાકની સફર પછી આગળ નજર કરતાં દૂર પાષાણનો એક ઊંચો ટેકરો દેખાયો: જાણે રેતીના પેટાળમાંથી કોઈ ત્રિકોણ પાષાણ માથું બહાર કાઢીને ઊભો હોય તેમ લાગતું હતું. એ બતાવતાં વિરાજબાબુએ કહ્યું: 'પેલું જુઓ રાજપ્રાસાદ દેખાય. તમારે ત્યાં જ રહેવાનું છે.' અરુણા ઉત્સુક આંખે તે તરફ જોઈ રહી. સુવીરે પૂછ્યું: 'તમે ત્યાં જ રહો છો?'

'ત્યાં મારી ઑફિસ છે; પણ મોટે ભાગે તો મારે તંબૂમાં જ રહેવાનું થાય છે. જ્યાં ખોદકામ ચાલે છે ત્યાં બરાબર હાજરી ન આપીએ તો ઘણું ગુમાવવું પડે. મારા સહકારીઓ અને મજૂરો પણ ત્યાં સાથે જ રહે છે. આ રાજપ્રાસાદ તો તમારા બે માટે ખાસ રિઝર્વ છે. નચિંત રહેજો.' વિરાજબાબુએ હસતાંહસતાં જણાવ્યું.

જરા અકળાતાં સુવીરે પૂછ્યું: 'અમારે બેએ એકલાં જ રહેવાનું?'

'એકદમ એકલાં નહિ, ઑફિસનો એક પહેરેગીર છે તે અહીં જ રહે છે. એની વહુને બોલાવી લીધી છે. તેઓ અહીંનાં જ રહીશ છે. બેઉ જણ મળીને તમારું ધ્યાન રાખશે.' વિરાજબાબુએ ખુલાસો કર્યો.

રાજપ્રાસાદ પાસે જીપ થોભી. મહેલની છાયામાં રેતી ઉપર એક સ્ત્રી અને એક પુરુષ પરસ્પરની સામું જોતાં બેઠાં હતાં. એમણે ઊભા થઈને સલામ કરી. પુરુષને માથે સુંડલા પાઘડી હતી. પાઘડીની નીચે વધેલાં દાઢી-મૂછ સિવાય બીજું કંઈ જ દેખાતું નહોતું. સ્ત્રીના નાકમાં નથ અને કપાળમાં સેંથાના પ્રારંભે દામણી હતી.

'ગિરધરસિંગ, આ લોકો આવી ગયાં છે. એમની સારસંભાળ રાખજો. ને રુક્મિણી, રસોઈનો બંદોબસ્ત કર્યો છે ને? વારુ; તો હવે હું મારે કામે જાઉં છું. દીવાટાણું થયે પાછો ફરીશ. મહેમાનનો સરસામાન અંદર લઈ જાઓ.' વિરાજબાબુએ પેલાં દંપતીને કહ્યું અને પછી સુવીર તરફ ફરી જણાવ્યું: 'આજની રાત પૂરતો હું અહીં રહીશ જેથી તમને નવા વાતાવરણમાં તદ્દન એકલા પડી ગયા જેવું ન લાગે. તમે જરા વ્યવસ્થિત થાઓ એટલું તો મારે જોવું જ જોઇએને? વારુ ત્યારે.' કહી વિરાજબાબુ જીપમાં વિદાય થયા.

ગિરધરસિંગ અને રુક્મિણી સરસામાન સરખો મૂકવામાં પડયાં ને સુવીર તથા અરુણા રાજપ્રાસાદની સામે જ રેતાળ પટમાં ફરતાં ચારે બાજુનું નિરીક્ષણ કરવા લાગ્યાં. પ્રાસાદનો દરવાજો લગભગ પચાસ ગજ પહોળો અને આખો ભગવા-ગેરુઆ રંગના પથ્થરોથી બંધાએલો હતો. એનો નીચેનો ભાગ રેતીના થરમાં દબાએલો હતો, પણ જે બે માળ દેખાતા હતા તે જોતાં હજુ પણ એ ચાળીસ ફૂટ ઊંચો તો હશે જ એમ લાગતું હતું. ત્રીજો માળ પિરામિડની જેમ ત્રિકોણાકૃતિમાં હતો. ઠેકઠેકાણે પથ્થર ખસી પડવાને લીધે મહેલની ભીંતોમાં ખાડા-ખબડા જણાયા છતાં હજુ યે એ અતૂટ હતો.

સુવીર એ બધું જોતાંજોતાં બોલ્યો: 'આટલું જૂનું મકાન હોવા છતાં દેખાવમાં એવું લાગતું નથી. અહીં દોઢ-બેહજાર વર્ષ પર રાજા-રાણી રહેતાં હશે ત્યારે લાવલશ્કર ને સૈન્યસામન્તોથી વાતાવરણ કેવું ધમધમતું હશે એની કલ્પના પણ નથી આવતી. તને આવે છે અરુણા?'

સ્વપ્નભરી દૃષ્ટિએ સામું જોતી અરુણાએ કહ્યું: 'હા!'

ગિરધરે આવીને ખબર આપ્યા કે બધું ઠેકાણાસર મૂકી દીધું છે; હવે શેઠ-શેઠાણી અંદર આવી શકે છે. સુવીર અને અરુણા રેતીનો ઢોળાવ ચડતાં ચડતાં એકદમ બીજા માળના ઝરૂખામાં પહોંચી ગયાં.

ઝરૂખો વિશાળ હતો. એની એક તરફથી ઓરડાઓની હાર શરૂ થતી હતી. ઓરડા પછી ઓરડા... સંખ્યાબંધ ઓરડાઓ. કોઈક સભાગૃહ જેવડો વિશાળ, તો કોઈ સાવ ચોલકા જેવો. બધું મળીને એક વિશાળ મધપૂડા જેવું જણાતું હતું. અટ્ટાલિકાને ભોંયતળિયેથી પથ્થરની એક સીડી દરમાંથી નીકળતા અજગરની જેમ બીજા માળના ઝરૂખામાં પહોંચતી હતી, અને પછી વળાંક લઈ ત્રીજે માળે ચાલી જતી હતી.

'આપનો મહેલ ત્રીજે માળે છે. આવો બતાવું.' ગિરધરસિંગે કહ્યું.

'તમે લોકો ક્યાં રહો છો?' સુવીરે પૂછ્યું.

દાદરના તળિયા તરફ આંગળી ચીંધી ગિરધરે જણાવ્યું: 'નીચે બે ઓરડી છે એ સાફ કરી લીધી છે. અમે ત્યાં જ રહીએ છીએ. રસોડું પણ ત્યાં જ છે. બહુ સરસ સ્થળ છે, હજૂર. નહિ ઠંડી, નહિ ગરમી. હા, થોડુંક અંધારું છે એટલું ખરું.'

'અને ઑફિસ ક્યાં છે?'

'આ પેલી બાજુનો ઓરડો છે ત્યાં જ ઑફિસ છે.'

સુવીરે એ તરફ જઈ એક મોટા ઓરડામાં ડોકિયું કર્યું, ઘણાં ટેબલ-ખુરશી ત્યાં પડ્યાં હતાં. બધાં ટેબલ પર ભાતભાતના નાના-મોટા કદના પથ્થરના ટુકડા પડ્યા હતા. ઑફિસનો સ્વાભાવિક સરસામાન, કાગળ-ફાઈલ-ટાઇપરાઇટર કે એવું કંઈ જ નજરે ન પડ્યું.

'ચાલો, હવે ઉપર આપણો મહેલ જોઈએ.'

ત્રીજે માળે ચંદ્રશાળા અર્થાત્ ચબૂતરો હતો. બાજુબાજુમાં ત્રણ ઓરડા, બાકીની અગાશી–ઉઘાડી વિશાળ મેદાન જેવી. ચારે તરફ પથ્થરની કોતરણીવાળી વંડીજેવી ભીંત,છાઉપરરેતીનો થર બાઝયો હતો.

ઓરડા ત્રણ જ હતા પણ વિશાળ ને સાફ હતા. ક્યાંય ધૂળ કે રેતીનું કોઈ રજકણ પણ દેખાતું નહોતું. વચલા ઓરડામાં એક મોટી પાટ, એની એક બાજુના ઓરડામાં વચ્ચે એક ટેબલ અને ફરતી થોડીક ખુરશીઓ હતી અને બીજી બાજુની ઓરડીમાં નહાવા-ધોવાની સગવડ હતી. પુરાતત્ત્વવિદ્ હોવા છતાં યે વિરાજબાબુએ વર્તમાનકાળનાં સાળા ને સાળાવેલીનાં સુખ-સગવડનું ધ્યાન પૂરું રાખ્યું હતું.

આ ઓરડા-ઓરડીઓમાં એકતકલીફ હતી. ક્યાંયબારણાં નહોતાં. ભૂતકાળમાં ચોક્કસપણે લાકડાંની ચોગઠ અને બારણાં ત્યાં હશે જ. હવે કદાચ જરા-જીર્ણ થઈને ત્યાંથી એ અદૃશ્ય થઈ ગયાં છે. પણ વિરાજબાબુએ પડદા નંખાવી મર્યાદાભેર રહી શકાય તેવું કર્યું છે.

'હજૂર, હવે આપ બન્ને આરામ કરો. હું ચા લઈને આવું છું.' કહી ગિરધરસિંગ ચાલ્યો ગયો. સુવીર અને અરુણા આંટા મારતાં ઓરડાઓ જોવા લાગ્યાં. સુવીરના આંખ-મોં પર નૂતનતાની ઉત્સુકતા હતી તો અરુણાની આંખમાં અવાસ્તવનું કુતૂહલ હતું. સુવીરે પૂછ્યું : 'કેવું લાગે છે આ બધું?' અરુણા મનોમન બોલતી હોય તેમ ધીમે સાદે ગણગણી : 'આ બધો સરંજામ અહીં શા માટે?'

સુવીરે કહ્યું : 'જૂના જમાનાના આ મકાનમાં નવા જમાનાનો સરસામાન નથી શોભતો ખરુંને? પણ શું થાય? હાથીદાંતનો છત્રીપલંગ, સુવર્ણની કલાત્મક દીવીઓ એ બધું આ જમાનામાં ક્યાંથી કાઢવું?'

એક મોટા થાળમાં ચાની સામગ્રી લઈ ગિરધરસિંગ આવી પહોંચ્યો. પથ્થરના બે કચોળામાં મસાલેદાર ચા, ભજિયાં, મસાલેદાર દાળ, ગરમાગરમ પાપડ વગેરે વાનીઓ હતી. બેઉને ભૂખ કકડીને લાગી હતી એટલે ચા-નાસ્તાને ન્યાય આપવા તુરત બેસી ગયાં.

ચાનો સ્વાદ બરાબર–સ્વાભાવિક ચા જેવો નહોતો, છતાં ઠીક હતો. ભજિયાં, દાળ ને બીજી વાનીઓ પ્રમાણમાં વધુ તીખી હતી છતાં બહુ જ સ્વાદિષ્ટ હતી. બેઉ જણે થોડી વારમાં જ બધું સાફ કરી નાખ્યું. પછી ઓરડાની બહાર આવી અગાશીમાં જઈ ઊભાં રહ્યાં.

પ્રાસાદની પછીતે રેતાળ પટની પેલી પાર સૂર્ય અસ્તાચળે જતો હતો. દિવસ આખાના ઊના વાયરામાં હવે શીતળતા આવતી જણાતી હતી. બંને જણ ચારે બાજુ ફરતાંફરતાં પશ્ચિમ બાજુએ ગયાં. અરુણા ઓચિંતાની ધ્રૂજી ઊઠી. સુવીરે પાસે આવી તેને ખભે બેઉ હાથ મૂકીને કહ્યું : 'કેમ, ટાઢ વાય છે? ચાલ અંદર જઇને બેસીએ. રાજસ્થાન બહુ રળિયામણો દેશ લાગે છે. સવારે ઉનાળો ને સાંજ થાય ન થાય ત્યાં પાછો શિયાળો. કેવી મઝા!' બંને ઓરડામાં ચાલ્યાં ગયાં. સુવીરને ખયાલ ન રહ્યો કે અરુણાની આંખમાં શંકા-જનિત ઉત્તેજના હતી. એ આમ એકાએક ધ્રૂજી ઊઠી તેમાં ફક્ત શીતળ વાયુના સ્પર્શનું કારણ નહોતું. એના મનને જાણે કોઈ અણચિંતવ્યો સ્પર્શ થયો હતો.

ઓરડામાં એક અર્ધ-ગોળાકાર બારી હતી. હમણાં એના ઉપર પડદો છે. સાંજના અંધારામાં સુવીર અને અરુણા બાજુબાજુમાં ખુરશીઓ નાખીને બેઠાં. અરુણાનો એક હાથ પોતાના હાથમાં લેતાં સુવીરે કહ્યું : 'નવી જગ્યાએ આવવાથી હવે તને ગમે છે, ખરુંને?'

'ગમે તો છે જ, પણ સાથે મને થોડીક બીક પણ લાગે છે.' થોડી વાર ચૂપ રહીને અરુણાએ ઉત્તર આપ્યો.

અરુણાનો હાથ અને એના હાથની આંગળીઓ સુવીરને ઠંડીગાર જણાઈ. અરુણાનાં આંગળાંમાં આંગળાં ભરાવી તેને ધરપત આપતાં સુવીરે કહ્યું : 'અહીં બીવા જેવું શું છે? મકાન-મહેલ માંધાતાના જમાનાનો છે એટલે, અને બીજા કોઈ ખાસ અહીં નથી એટલે જરા ભૂતિયું લાગે એ ખરું, પણ એ તો બે દિવસમાં ટેવાઈ જઈશું.'

'હા.' અરુણાએ દ્વિધાભાવે કહ્યું.

દરવાજા પાસે પ્રકાશ દેખાયો. રુક્મિણી અંદર આવી. એના હાથમાં એક થાળમાં મીણબત્તીઓ જલતી હતી. એ દીપાન્વિતા રમણીને જોઈ સુવીરને ભ્રમ થયો, જાણે રુક્મિણી આ વર્તમાનકાળની સ્ત્રી નથી. એના પહેરવેશ–રાજશણગાર હાવ-ભાવ બધામાં જ જાણે દૂરદૂરના ભૂતકાળનો સ્પર્શ સ્પષ્ટ હતો. રુક્મિણી સુંદરી નહોતી. ઉમર ત્રીસી વટાવી ગઈ હતી. વાન તાંબાવરણો ગૌર અને શરીર ખડતલ. એના નથ પહેરેલા મોં તરફ જોતાં ત્યાં કુલીનતાનું તેજ તરવરતું હતું. પ્રકૃતિના વિચિત્ર વિધાને રાજસ્થાનની ઉચ્ચ-નીચ બધી જાતિમાં દીકરીઓ—સ્ત્રીઓ દેખાવે રાજકન્યા જેવી ગરવી ને સોહામણી લાગે છે.

રુક્મિણીનું હાસ્ય મીઠું હતું ને સાદ મંજુલ હતો. એક મીણબત્તી ટેબલ ઉપર ગોઠવીને એણે અરુણા તરફ આંખ માંડી ભાંગીતૂટી હિન્દીમાં પૂછ્યું : 'બાઈ, સબ ઘરમેં રખ આઉં?'

'જાઓ, રખ આઓ.' અરુણાએ કહ્યું. અરુણાનું મહિયર બિહારમાં હોઈને એ થોડુંઘણું હિન્દી બોલી શકતી હતી. રુક્મિણી ચાલી ગઈ. બીજા બે ઓરડાઓમાં મીણબત્તી પેટાવી આવી એ અરુણા પાસે ઊભી રહી : 'બાઈ, હવે તમારા વાળ ઓળી દઉં?' એણે પૂછ્યું.

અરુણાએ હસીને એની સામે જોયું ને પોતાને માથે હાથ ફેરવીને કહ્યું : 'આજ રહેવા દે, આજે હાથ-મોં ધોઈ લઈશ. કાલે જો'શું.'

'ભલે, તો હું જાઉં? રસોઈની તૈયારી કરું.' 'જા ત્યારે.'

અને અરુણા તરફ આછું હસતી રુક્મિણી વિદાય થઈ. સુવીરે કહ્યું : 'રુક્મિણી તને ગમી ગઈ છે ખરુંને, અરુણા?'

જવાબમાં અરુણા અન્યમનસ્કપણે થોડું હસી.

મીણબત્તીના અજવાળામાં બેઉ જણ બાજુબાજુમાં મૂંગાંમૂંગાં બેઠાં રહ્યાં. અરુણા તરફ જોતાં સુવીરને થયું જાણે એ આછા અજવાળામાં અરુણા વધુ અવાસ્તવિક બની ગઈ છે.

નીચે જીપનો અવાજ આવ્યો. વિરાજબાબુ આવ્યા હતા. અરુણા ઊભી થઈ ને સૂટકેસમાંથી કપડાં સાબુ ટુવાલ વગેરે લઈ નાહવાની ઓરડી તરફ ચાલી ગઈ.

વિરાજબાબુ અંદર આવ્યા. એમના હાથમાં અગરબત્તીનું પૅકેટ હતું. એમણે મોટેથી પૂછ્યું : 'કેમ, કેવું લાગે છે અહીં? સાળાવેલી ક્યાં?'

'એ નાહવા ગઈ છે. અને આ અટ્ટાલિકા તો સાચે જ સરસ છે. પણ તમે ક્યાં સૂવાના છો?' સુવીરે પૂછ્યું.

'ચિંતા ન કરશો. તમને વિઘ્નરૂપ નહિ બનું. હું બીજે માળે સૂવાનો છું. સ્ટેશન ઉપરથી એક પૅકેટ અગરબત્તી લીધી હતી તે જીપમાં જ રહી ગઈ હતી.' કહી એમણે થોડી અગરબત્તી સળગાવી અને ખુરશીમાં બેસતાં બેસતાં કહ્યું : 'અહીં ધૂપ-ધૂણી કરવાની જરૂર છે. ઘણા દિવસથી અવાવરું પડ્યું હતું એટલે તો ખાસ.'

ધીરેધીરે વાતાવરણ ધૂપ-સુગંધથી ભરાઈ ગયું.

'અહીંનાં હવા-પાણી બહુ સારાં કહેવાય છે એ ખરું?'સુવીરે પૂછ્યું.

'મરૂભોમ જેવી જગ્યા છે એટલે રોગના જીવાણુઓ અહીં ટકી જ શક્તા નથી. ઉપરાંત અહીં જેવી શાળી રાત્રિ દુનિયામાં બીજે ક્યાંય નહિ હોય.' વિરાજબાબુએ ઉત્સાહથી ઉત્તર આપ્યો.

'શું કહો છો?'

'ખરૂં કહું છું. આ સ્થળ રાજસ્થાનની અંતર્ગત હોવા છતાં અસલ તો માળવાનો પ્રદેશ છે. મુસ્લિમો સૌ પહેલાં જ્યારે ભારતમાં આવ્યા ત્યારે એમને લાગ્યું હતું કે અયોધ્યાની સંધ્યા અને માળવાની રાત જગતમાં અજોડ છે. મુસલમાની ભાષામાં આ અંગે એક ઉક્તિ પણ છે.'

માળવાની રાત! એ વાક્યનો રોમાંચક સ્વાદ સુવીર મનમાં મમળાવતો હતો તેવામાં અરુણા શયનખંડમાંથી બહાર આવી. એના હાથમાં મીણબત્તી હતી. અંદર આવતાં જ એ થંભીને ઊભી રહી ગઈ. ચકિત નજરે આજુબાજુ જોઇને એણે પૂછ્યું: 'કેવડો મહેકે છે?'

વિરાજબાબુએ હસતાંહસતાં કહ્યુ: 'કેવડો નથી મહેકતો, આ તો અગ્બરી ધૂપની સુવાસ છે. આ બાજુ તો કેવડો ક્યાંથી આવે? વળી, અત્યારે કેવડાને ફૂલ આવવાની ઋતુ પણ નથી. હં પણ તમે ત્યાં ઊભાં કેમ રહી ગયાં સાળાવેલી? આવો, બેસો.'

દ્વિધામાં પગલાં ભરતાં નજીક જઇને અરુણાએ ટેબલ ઉપર મીણબત્તી મૂકી અને આછેરું સ્મિત કરતાં એ વિરાજબાબુની બાજુની ખુરશીમાં બેસી ગઈ. એના મનમાં જાણે વાસ્તવ અને અવાસ્તવ વચ્ચે ઘમસાણ ચાલતું હતું. સુવીરનું મન એક અકળામણભર્યા આશ્ચર્યને ચકરાવે ચડ્યું: અરુણાને અવારનવાર કેવડાની મહેક શાથી આવે છે?

વિરાજબાબુએ વાતો શરૂ કરી. એ જરા વધુપડતા વાચાળ હતા, પરંતુ એમની વાતો નીરસ નહોતી. અનેક પ્રકારની આડીઅવળી વિદ્વત્તાભરી વાતોમાં ને રમૂજ-મશ્કરીમાં બે કલાક પસાર થઈ ગયા.

ગિરધર અને રુક્મિણી રાતના ભોજનની સામગ્રી લઈ આવ્યાં. બધું ટેબલ ઉપર સરખી રીતે ગોઠવીને ગિરધરે બીજી પણ થોડી મીણબત્તીઓ પેટાવીને ત્યાં મૂકી. ત્રણે જણ ટેબલ ફરતાં ગોઠવાઈ ગયાં.

ભોજનની વાનીઓ સંખ્યા ને પ્રમાણમાં પ્રચુર હતી. શાક-પાન જ વધુ હતાં. એ સાથે ઘીમાં બનાવેલા પરોઠા ભજિયાં-વડાં વગેરે, મલાઈ-બરફી ને બીજી મિષ્ટ વાનીઓ હતી. જમતાંજમતાં સુવીરે કહ્યુ: 'આ રણપ્રદેશમાં તમને તાજાં શાક-પાન ક્યાંથી મળે છે?'

'બે માઈલ છેટે આહીરોનું એક ગામ છે. અહીં દૂધ અને શાકપાન એ લોકો જ લઈ આવે છે. ક્યારેક ઘેટાંનું માંસ પણ મળે છે. પણ માછલાં મળતાં નથી. મરુભૂમિમાં પાણી જ ક્યાં હતું કે માછલાં મળે?'

સુવીરે પાણીનો પ્યાલો હાથમાં લઈ ઘૂંટડો ભરતાં પૂછ્યું: 'અહીંનું પાણી તો બહુ મીઠું લાગે છે ભાઈ; ક્યાંથી લાવો છો આ પાણી?'

'ભોંયતળિયે એક ઓરડામાં પાણીનો કુંડ છે. લગભગ બે હજાર વરસ જૂનો. પણ શું પાણી છે! બરફ જેવું ઠંડુ ને શરબત જેવું મીઠું છે.'

અરુણાએ સુવીર અને વિરાજબાબુની વાતોમાં સાથ ન પુરાવ્યો. એ જરા વધુપડતી વિચારમાં હોય તેમ ચૂપચાપ જમવા લાગી. જમવાનું પૂરું થતાં વિરાજબાબુએ એને કહ્યુ: 'સાળાવેલી! આજ તમે થાકેલાં જણાઓ છો. જાઓ નિરાંતે આડાં પડો. અમે થોડી વાર ગપ્પાં મારીશું. કાલ સવારે તો મારે પાછું વહેલું જ ચાલ્યા જવાનું છે. કદાચ બેત્રણ દિવસ ન આવી શકું એમ પણ બને.'

જવાબમાં અરુણા જરા માથું હલાવી શયનખંડ તરફ ચાલી ગઈ. પછી બંને મિત્રોએ વાતોમાં ને વાતોમાં ભૂતની વાત કાઢી, અને વિરાજબાબુએ સાદ ખૂબ ધીમો કરી જણાવ્યું કે, 'સાળાવેલીને વાત ન કરશો, પણ ગિરધરને મોંએ સાંભળ્યું છે કે અહીં ભૂત જેવું કંઈક છે.'

'ભૂત-પ્રેત? તમે એમાં માનો છો?'

વિરાજબાબુએ જરા હસીને કહ્યુ,'ભાઈ, હું વિજ્ઞાની છું, સાબિતી મળે છતાં યે ન માનું એ કેમ બને?'

'ત્યારે તમને સાબિતી મળી છે, ખરુંને?'

'જુઓ, ભૂતકાળ વિષેનો જ અમારો વ્યવસાય છે. ભૂતકાળનું સંશોધન કરતાં. ખોદકામ કરતાં ક્યારેક ઓચિંતાનું કંઈક એવું મળી જાય છે કે જે વાસ્તવિક ન કહેવાય. એની વાતો તમને ફરી ક્યારેક કરીશ. પરંતુ આ પ્રાસાદમાં મેં જાતે તો પ્રત્યક્ષ કંઈ જ જોયું નથી. જે સાંભળ્યું છે તે નોકર-ચાકર પાસેથી.'

'એ લોકો શું કહે છે?'

'એ લોકો કહે છે કે અહીં કોઈના આત્માનો વાસ છે. ક્યારેક ક્યારેક ગાઢ રાત્રિએ વીણાનો ઝંકાર સંભળાય છે અને ચારે બાજુનું વાતાવરણ તાજાં ફૂલની સુવાસથી મહેકી ઊઠે છે.'

'ક્યા ફૂલની મહેક? કેવડાની?'

વિરાજબાબુ થોડી વાર સુવીર સામે જોઈ રહ્યા. પછી બોલ્યા: 'એ તો નથી જાણતો, પણ આજે સાળાવેલીને કેવડાની મહેક આવી હતી, એથી એ જ હશે. પણ મને એનો બરાબર ખયાલ નથી રહ્યો.'

'આ અકસ્માત પછી અરુણાએ ત્રણ વાર એને કેવડાની મહેક આવે છે એમ જણાવ્યું છે. આજુબાજુ ક્યાંય કેવડો ન હોવા છતાં આવું કેમ થાય છે એ મને સમજાતું નથી, તમે સમજાવી શકશો?' કહી સુવીરે મોટરના અકસ્માત પછીની બધી વાતો વિગતે કહી.

થોડી વાર વિચાર કરીને વિરાજબાબુએ કહ્યુ: 'અહીં આવ્યા તે અગાઉ પણ જો આવું બન્યું હોય તો તો આમાં કંઈ અલૌકિક તત્ત્વ ન હોય એવું પણ બને. કદાચ માથા ઉપર આઘાત થવાને કારણે એની ઘ્રાણેન્દ્રિય બગડી ગઈ હોય. સ્નાયુ બહુ વિચિત્ર યંત્ર છે. ખેર, જે હોય તે. ચિંતા જેવું કંઈ નથી. ધીરેધીરે બધું નૉર્મલ થઈ જશે.'

એ પછી રાત વધી રહી છે તે જોઈ વિરાજબાબુ નીચે બીજે માળે સૂવા ચાલ્યા ગયા. સુવીરે શયનખંડમાં જતાં પહેલાં એક વાર બહારના દરવાજા ઉપરનો પડદો એક બાજુ કરી અગાશી તરફ નજર કરી. બહાર મધુર શીતળતા હતી. ચંદ્ર આકાશમાં વચ્ચોવચ્ચ ખીલ્યો હતો. રેતીમાં ઢંકાએલી વિશાળ અગાશી ચંદ્રકિરણોમાં કિનખાબની જેમ ચમકતી હતી. તંદ્રાઘેર્યું સ્વપ્નસભર દૃશ્ય હતું. માળવાની રાત! સુવીરે એક ઊંડો નિસાસો મૂક્યો. અરુણા સ્વસ્થ હોત તો બેઉ મળીને માળવાની એ સુંદર રાતને પૂરેપૂરી માણી શકત.

સુવીર શયનખંડમાં ગયો. વિશાળ એવા ખંડમાં મોટા પલંગમાં અરુણા એક બાજુએ ઊંઘી ગઈ હતી. સુવીરે એની બાજુ લળીને ધીમા સાદે એને ઢંઢોળતાં કહ્યુ: 'અરુણા! અરુણા!!'

પણ અરુણા જાગી નહિ. એ એવી તો શિથિલ થઈને પથારીમાં પડી હતી કે જાણે એ માત્ર ઊંઘમાં જ નહિ પણ એથી યે કંઈક વિશેષ અવચેતનતામાં એનું સકળ ચૈતન્ય જાણે ડૂબી ગયું હતું. એકાએક શંકિત બની એણે એના હૈયા પર હાથ મૂક્યો. ના, હૈયું ધબકે છે, ધીરે છતાં સ્વાભાવિક ગતિએ ધબકે છે. સુવીરે કાળજીપૂર્વક એને શાલ ઓઢાડી ને એકીટશે એના ઊંઘતા ચહેરા તરફ એ જોઈ રહ્યો.

ઓશીકા તરફની મીણબત્તી પૂરી થવા આવી હતી. ઓલવાતાં પહેલાં એ એકવાર વધુ ચમકી ઊઠી. સુવીરે હળવેકથી પથારીમાં લંબાવ્યું.

વળતી સવારથી એમનું સ્વાભાવિક પ્રવાસ-જીવન શરૂ થઈ ગયું. નિર્જન યાત્રામાં સગવડ-અગવડ બેઉ છે. પરિચિત લોકોની ગેરહાજરી ક્યારેક સગવડરૂપ બને છે તો ક્યારેક અગવડ પણ ઊભી કરે છે. કંઈ કામકાજ ન હોય કે છાપાં પણ વાંચવાનાં ન હોય એવું ક્યારેક ક્યારેક

ગમે છે તો ક્યારેક નથી પણ ગમતું. પણ જ્યાં બે સ્ત્રી-પુરુષ વચ્ચે પ્રણયનું મીઠું બંધન હોય છે ત્યારે તો નિર્જનતા બહુ મીઠી બની જાય છે.

સુવીરનું મન આવા એકાન્તને ઝંખતું રસાનુભવથી સભર હતું, પણ અરુણા તરફથી એનો પડઘો પડતો નહોતો. ઊલટાનું એવું લાગતું કે એ ઇચ્છાપૂર્વક એનાથી અળગી રહે છે. સાથેસાથ રહેવા છતાં યે બેઉ જણ જાણે મનોમન એકબીજાને આંતરીને જ ચાલતાં હતાં. અરુણા સ્વભાવે સરળ ને નિખાલસ હતી, પણ હવે એની આંખમાં કંઈ છાનો કટાક્ષ દેખાતો હતો. એ જાણે પોતાના મનોભાવ સુવીરથી છાના રાખવા ઇચ્છતી હતી; એના મનમાં કંઈક એવું ઘમસાણ ચાલતું હતું જે સુવીર ન જાણે તેમ એ ઇચ્છતી હતી.

રુક્મિણી પ્રથમ પરિચયે જ અરુણા ઉપર મુગ્ધ બની ગઈ હતી. પોતાના કામમાંથી નવરાશ મળતાં જ એ ઉપર દોડી આવતી અને અરુણાની આજુબાજુ ઘૂમ્યા કરતી, અયાચિતપણે એની સેવા કર્યા કરતી. માથામાં તેલ સીંચી એના વાળ ઓળી આપતી ને બીજી અનેકાનેક વાતો કરતી રહેતી. અરુણા પણ તેની સાથે મોકળા મને હળતી-મળતી. સ્ત્રીઓની આ એક વિશેષતા છે કે તેઓ ઊંચ-નીચના ભેદ વિના કોઈ પણ જાતની સ્ત્રીઓ સાથે હળીભળી જાય છે. પુરુષોમાં એ ગુણ નથી. એવું હોત તો સુવીરને બહુ નિરાંત થાત; ગિરધર સાથે જાતજાતની વાતોમાં વખત કાઢી શકત. પણ અત્યારની સ્થિતિમાં એ જાણે નિરાધાર બની ગયો હતો. કલકત્તાથી સાથે જે થોડીક ચોપડીઓ લાવ્યો હતો તે ઉઘાડીને અવારનવાર એ બેસતો, પણ મન વાચનમાં ચોંટતું નહિ એટલે ઊભો થઇને એ બીજા માળ પરની અગણિત ઓરડીઓમાં આંટા મારતો. એ ઓરડીઓ સાફ કરેલી નહોતી. ક્યાંક ભીંતમાંથી પથ્થર નીકળી ગયા હતા, તો ક્યાંક ઉપરના ખૂણામાં ચામાચિડિયાંએ માળા નાખ્યા હતા. સમગ્રપણે જોતાં અવાવરો નિર્જન પ્રાસાદ નિષ્પ્રાણ હાડપિંજર જેવો શુષ્ક જણાતો હતો.

એક દિવસ સાંજ પછી સુવીર ત્રીજા માળની ઉઘાડી અગાશીમાં એકલો ફરતો હતો. અગાશીની પાળેપાળે ફરતો અનેક જાતની માથા-મેળ વિનાની વાતોના વિચારમાં એને ભૂતપ્રેતના વિચારો પણ આવતા હતા વિરાજબાબુ વિજ્ઞાની હોવા છતાં અલૌકિક વાતોમાં માનતા હતા. આ પ્રાસાદમાં રાત વેળાએ વીણાનો ઝંકાર સંભળાય છે. ફૂલની મહેક આવે છે. કદાચ કંઈક હશે. ભૂતિયા મકાનની ઘણી વાતો સંભળાય છે એ બધી જ શું ખોટી હશે? આ પ્રાસાદ બે હજાર વર્ષથી આ મરુભૂમિમાં ઊભો છે; કદાચ જીવતા હતા ત્યારે જેઓ અહીં વસતા હતા તેઓમાંનું કોઈક આ મહેલની માયા મૂકી નહિ શક્યું હોય. બે હજાર વર્ષથી અહીં કોઈની રાહ જોઈ રહ્યું હશે. કોની રાહ જોતું હશે, કોણ જાણે? આ રાજસ્થાનમાં જ ક્યાંક એક રાજપ્રાસાદ છે જ્યાં રાતવેળા પ્રેતાત્માઓ 'હું ભૂખ્યો છું' કહેતા રડતા ફરતા ફરે છે.

આજે પણ આકાશમાં ચંદ્ર ખીલ્યો હતો. ઠંડા પવનથી સુવીરને ટાઢ જણાવા લાગી. એ અંદર તરફ વળ્યો.

અંદર બેઠકઘરમાં કોઈ નહતું, પણ શયનખંડ બાજુથી રુક્મિણીનો કલકલ સાદ સંભળાયો. સુવીરે શયનખંડનો પરદો ખસેડીને જોયું તો ત્યાં એ બેઉની મિજલસ જામી હતી. નીચે સામસામાં બેઠાંબેઠાં અરુણા અને રુક્મિણી વાતો કરતાં હતાં. એમની વચ્ચે એક ઠીબમાં દેવતા બળતો હતો. રુક્મિણી મગફળી શેકીશેકીને અરુણાને આપતી હતી અને અરુણા પરમ આનંદથી મીઠામરચા સાથે એ ખાઈ રહી હતી.

સુવીરને બારણા નજીક જોતાં જ રુક્મિણીએ વાત થંભાવી દીધી. અરુણાએ ઊંચે જોયું. સુવીર એમની નજીક બેસી ગયો. હસતાંહસતાં એણે કહ્યુ : 'શી વાત ચાલે છે? હું યે એ સાંભળવા આવી ગયો છું.'

'પણ અમારી સ્ત્રીઓની વાતો તમને ગમશે?' અરુણાએ જરા અકળાતાં પૂછ્યું.

'નહિ ગમે તો અગાશીમાં ચાલ્યો જઈશ. કંઈ નહિ તો ય થોડીક મગફળી તો ખાવા મળશે.' અને થોડા દાણા મોંમાં મૂકતાં સુવીરે પૂછ્યું: 'વારુ રુક્મિણી, તમને અહીં ક્યારેક કોઈ ફૂલની મહેક આવે છે?'

સુવીરના આગમનથી રુક્મિણી જરા થંભી ગઈ હતી એ હવે પાછી સ્વસ્થ થઈ ગઈ. એણે વિના સંકોચે કહ્યુ : 'જી માલિક, આવે છે; વળી ક્યારેક ક્યારેક મોડી રાતે વાંસળીના સૂર પણ સંભળાય છે.'

'શાની મહેક આવે છે? કોઈ ફૂલની, કે અત્તર, ગુલાબ કે ધૂપની?'

'જી, તાજાં ફૂલની સુવાસ આવે છે: જાઈ, જૂઈ, ચંપો, એ બધાંની.'

'કેવડાની મહેક ક્યારે ય આવી છે?'

અરુણાએ સુવીર તરફ ચકિત બનીને જોયું. રુક્મિણીએ ઉત્સુક સાદે કહ્યુ : 'કેવડાની મહેક? ના બાબુજી, કેવડાની મહેક કેવી હોય તેની મને ખબર નથી. કેવડો મેં ક્યારેય જોયો પણ નથી. છતાં હા, કેવડાનાં ફૂલની એક વાત હું જાણું છું.'

'કેવડાનાં ફૂલની વાત!'

'હા, બાબુજી, ભારે ચમત્કારિક છે એ વાત. મેં મારી દાદી પાસે એ સાંભળી હતી ને મારાં દાદીએ એમનાં દાદીમા પાસે એ સાંભળેલી આ મહેલને અંગેની જ છે. જમાનાઓથી એ ચાલી આવે છે.'

'એમ? ત્યારે તો એ વાત અમે પણ સાંભળીશું.'

અને રુક્મિણીએ મગફળી શેકતાં શેકતાં વાત શરૂ કરી.

'ઘણા જમાનાઓ પહેલાં અહીં એક રાજ્ય હતું. મરુભૂમિના કાંઠા પર એ આવેલું હતું. રાજ્ય નાનું હતું, પણ બહુ સુખભર્યું હતું. ક્યાં ય શત્રુનો ઉત્પાત નહિ. અનાજના ભર્યા ભંડારો. ક્યાં ય માંદગી કે મહામારી નહિ. વસતિ પણ નીરોગી. સહુ તન-મનના આનંદથી વસતાં.

રાજાનું નામ હતું વિજયકેતુ. જુવાન રાજવી. દક્ષિણ તરફની એક રાજકન્યા સાથે તાજાં જ લગ્ન કરેલાં. રાજકન્યા પણ રૂપરૂપના અંબાર સમી. જેવી રૂપાળી એવી જ ગુણિયલ. સ્વભાવે પણ એવી જ મીઠી ને મળતાવડી. એનું નામ હતું અરુણાવતી.'

'નામ શું કહ્યુ?' સુવીરે ચોંકીને પૂછ્યું.

'અરુણાવતી. આ વાત રાણી અરુણાવતીની વાત તરીકે જ જાણીતી છે.' સુવીર ને અરુણાએ પહોળી આંખે પરસ્પરની સામે જોયું. થોડી વારે અરુણાએ આંખો નીચે નમાવી લીધી. સુવીરે કહ્યુ : 'વારુ, વાત આગળ ચલાવો.' રુક્મિણી વાત કહેવા લાગી:

'રાજા અને રાણી બેઉમાં ગજબનો મેળ. પરસ્પરને જોયા વિના પળ વાર પણ રહી ન શકે. રાજા જ્યારે રાજસભામાં બિરાજે ત્યારે રાણી ઝરૂખે આવીને અવારનવાર એમને જોઈ જાય, અને રાજા પણ અવારનવાર રાજસભા છોડી અંદર જઈ રાણીને જોઈ આવે. રાજા-રાણી જાણે કબૂતર-કબૂતરીનું જોડું હતું પણ રાણીના મનમાં એક વાતનું દુઃખ. એના પિતાને ત્યાં ઋતુએ ઋતુનાં ફૂલ ખીલે. વસંતમાં આસોપાલવની મંજરી જેવી જૂઈ. ઉનાળામાં ચંપક. બકુલ, પિયાલ; વર્ષામાં ગોકર્ણ, કદમ્બ, કેતકી. એવાં ફૂલ અહીં ખીલતાં નહિ.

એક દિવસ સાંજે રાજા-રાણી ચંદ્રના આછા અજવાળામાં પરસ્પર હાથમાં હાથ ભેરવી ફરતાં હતાં ત્યાં એમણે આકાશમાં વાદળાં ઘેરાએલાં જોયાં અને બેઉ ખૂબ આનંદમાં આવી ગયાં. આ બાજુએ વરસાદ બહુ ઓછો આવે, એટલે વાદળાં ભાગ્યે જ ઘેરાય. રાણીએ કાજળકાળાં વાદળ તરફ જોતાં કહ્યુ : 'વહાલા, ઘણા સમયથી કેવડાની સુવાસ માણવા મળી નથી. અહીં આપણે ત્યાં શું કેવડો નથી ઊગતો?'

'ના, પણ પશ્ચિમાદો લાટ દેશ છે ત્યાંની વનરાઈમાં કેવડો ઘણો ઊગે છે. ત્યાં ગામ લોકો કેવડાની જ વાડવાડી કરે છે.' રાણી આનંદમાં આવી જઈને બોલી: 'લાટ દેશ? એ અહીંથી કેટલે દૂર?'

'ઘોડા ઉપર જતાં બેત્રણ દિવસ થાય'. રાજાએ કહ્યું. રાજાના હૈયા પર બેઉ હાથ મૂકી રાણી બોલી; 'તો તો મને ત્યાંથી કેવડાનાં થોડાંક ફૂલ મંગાવી આપો ને? કેવડા માટે મારું મન બહુ અધીર બની ગયું છે.'

'એમાં શી મોટી વાત છે, હું જાતે જ જઈને એ લઈ આવીશ.'

જરા શંકિત બનીને રાણીએ પૂછ્યું: 'તમે પોતે જશો?'

'કાલ સવારે જ જઈશ. ત્રણ ચાર દિવસમાં જ તારે માટે ઢગલો એક ફૂલ લઈને પાછો ફરીશ.'

-રાણી થોડી વાર રાજાના હૈયા સરસું માથું ચાંપી ઊભી રહી. પછી હસતે મોંએ એણે કહ્યું: 'ભલે, પણ તમે પાછા નહિ આવો ત્યાં સુધી હું રોજ પાંચ ટીપાં મધ જ લઈશ; બીજું કંઈ જ મોંમાં નહિ મૂકું.'

'બીજું કંઈ શા માટે નહિ ખાય?'

'તમે વહેલાવહેલા અહીં પાછા ફરો તે માટે.'

વળતી સવારે રાજા ઘોડેસવાર થઈ પશ્ચિમ તરફ ચાલ્યા. રાણીએ મહેલના ઊંચા ગોખથી જ્યાં સુધી એ દેખાયા ત્યાં સુધી જોયા કર્યું.

એ પછી એક દિવસ ગયો. બે દિવસ ગયા. રાણી રોજ પાંચ જ ટીપાં મધ લે છે. ત્રીજા દિવસથી રાણીએ ફરી ઉપર ગોખમાં જઈ મારગ તરફ મીટ માંડીને જોવાનું શરૂ કર્યું. ચોથો દિવસ પણ એ રીતે જ વીત્યો. રાણીનું શરીર દિવસોદિવસ સુકાવા માંડયું. આંખના ખૂણા કાળા પડવા માંડયા. છ દિવસ વીતી ગયા. પણ રાજાના કંઈ ખબર ન હતા. ક્યાં ગયા રાજા? શું થયું હશે એમને?

રાજા વિજયકેતુ બીજે દિવસે બપોરે જ લાટ દેશ પહોંચી ગયા હતા ને ત્યાંની વનરાઈમાંથી કેવડાનાં ફૂલ પણ એમણે સાથે લીધાં હતાં. પછી કેવડાનું એક ફૂલ ભાલાના ફળા પર ચડાવી એ પોતાના રાજ્ય તરફ પાછા વળતા હતા. ઘોડો પવનવેગે રાજમહેલ તરફ આગળ ધપી રહ્યો હતો. રાજ્યના સીમાડા બાજુ નાના નાના પહાડોમાંથઈને રસ્તો હતો. એ ગાળીઓ વટાવ્યા પછી જ રાજ્યની હદ શરૂ થતી હતી. ત્રીજે દિવસે બપોરે પહાડો વચ્ચે થઈને રાજા પસાર થતા હતા ત્યારે આજુ-બાજુના પથ્થરોની આડશોથી એક હથિયારબંધ ટોળું એમના પર ધસી આવ્યું. એણે આવી રાજાને ઘેરી લીધા.

'આ શું? કોણ છો તમે સૌ?' રાજાએ ચોંકીને પૂછ્યું.

'અમે જે હોઈએ તે. અમારા બંદીવાન છો.' સામો જવાબ મળ્યો.

રાજાએ ક્રોધથી રાતાપીળા થતાં કહ્યું: 'તમારી આટલી બધી હિંમત? જાણો છો, હું અહીંનો રાજા છું!' સામું ટોળું હર્ષનાદ કરી બોલ્યું: 'તો તો બહુ સારું થયું. ચાલો અમારા સેનાપતિ પાસે.'

પહાડ વચ્ચોવચ્ચ પરદેશી શત્રુએ છાવણી નાખી હતી. ત્રીસેક હજારનું સૈન્ય હતું. સેનાપતિ ત્યારે સૂવા માટે જતા હતા. સૈનિકોએ કહ્યું: 'આજે તમારે બંદીવાન રહેવું પડશે. કાલે એમને મળી શકાશે.' સૈનિકોને રાજા વિજયકેતુની વાત પર વિશ્વાસ નહોતો આવ્યો. તેઓ મશ્કરી-રમૂજ કરતા કરતા રાજાને એક શિબિરમાં લઈ ગયા અને ત્યાં તેમને બંદીવાન બનાવ્યા. રાજાને ખબર હતી કે દૂર ઉત્તર તરફથી ભયંકર શક જાતિ ભારત પર ચડી આવી છે; પણ તે આટલે સુધી આવી ગયાની ખબર એને નહોતી.

વળતે દિવસે સેનાપતિ સાથે મેળાપ ન થયો. એ કોઈ બીજા કામ-કાજમાં રોકાએલા હતા. ત્રીજે દિવસે સેનાપતિ પાસે લઈ ગયા. સેના-પતિનો ભરાવદાર ચહેરો, લાલચોળ વાન, મોટી આંખો ધ્યાન ખેંચતાં હતાં. પગથી માથા સુધી રાજાનું નિરીક્ષણ કરી એણે પૂછ્યું: 'હકીકતમાં શું ખરેખર આપ આ દેશના રાજા છો?'

વિજયકેતુએ કહ્યું: 'હા, જુઓ આ મારી વીંટી ને આ મારું કવચ.'

સેનાપતિએ કહ્યું: 'આપ ત્યારે તો સાચેસાચ રાજા છો. અમે આપના રાજ્ય ઉપર ચડી આવતા હતા, પણ આપ જ જ્યારે અજાણતાં પકડાઈ ગયા છો ત્યારે હવે અમારે લડાઈ કરવાની રહેતી નથી. લડાઈ વિના જ અમે તમારા પર વિજય મેળવ્યો છે.'

રાજાએ કહ્યું: 'પણ મારું તો નાનું એવું રાજ છે, અને મારું લશ્કર પણ સામાન્ય જ છે. આ રાજ્ય જીતવામાં તમને કશું ગૌરવ નહિ મળે. તો પછી આ રાજ્ય જીતવાની ઇચ્છા કેમ રાખો છો?'

'આ રાજસ્થાન વીરોની ભૂમિ છે. અહીંની ધરતીના ગુણે અહીંના લોકો વીર બને છે. ધરતીના દોષે જ લોકો કાયર પાકે છે. તેથી જ અમે રાજસ્થાન જીતીને અહીં અમારું રાજ્ય સ્થાપવા માગીએ છીએ.'

'પણ મને બંદી બનાવ્યે તમને શો ફાયદો થશે? તમે જો મારા રાજ્ય પર ચડાઈ કરશો તો લોકો માતૃભૂમિનું રક્ષણ કરવા તમારી સાથે લડાઈમાં ઊતરશે જ.' રાજાએ કહ્યું.

'ના, લોકો જ્યારે જાણશે કે એમનો રાજા અમારો કેદી છે ત્યારે તેઓ લડશે નહિ. બીનશરતી આત્મસમર્પણ જ કરશે.'

રાજાએ થોડી વાર વિચાર કરી કહ્યું: 'સેનાપતિ, મારે એક વાર મારા મહેલે જવું જ પડશે. તમે મને બે દિવસ માટે છુટ્ટો કરો. હું પાછો આવીને આપમેળે તમારો બંદી બની જઈશ.'

સેનાપતિ કેટલીક ક્ષણો સુધી રાજા સામે જોઈ જ રહ્યો; પછી બોલ્યો: 'પણ આપ પાછા ફરશો જ એની ખાતરી શી?'

'હું ક્ષત્રિય બચ્ચો છું. ક્ષત્રિયનો બોલ સદા અફર હોય છે.'

'પણ એક વાર મહેલે જવું જ જોઈએ એવું બન્યું શું છે?'

'મારી પત્ની થોડાંક ટીપાં મધ ઉપર જ રહીને મારી રાહ જુએ છે. એક વાર એને મળીને તુરત જ હું પાછો ફરીશ.' અને રાજાએ કેવડાનાં ફૂલ લેવા જવાની વાત એને સમજાવી.

વાત સાંભળી સેનાપતિ રાજાનો મિત્ર બની ગયો. એણે કહ્યું: 'ભલે, હું તમને છૂટા કરીશ; પણ આજ તો દિવસ પૂરો થવા આવ્યો છે. આજે જશો તો યે મહેલે પહોંચતાં ઘણી રાત થઈ જશે. એ કરતાં કાલે વહેલી સવારે જ નીકળી જજો. અને તમારું વચન ન ભુલાય તે યાદ રાખજો.'

વળતે પરોઢિયે જ રાજા ભાલાના ફળા ઉપર કેવડાનાં ફૂલો ગોઠવી ઘોડેસવાર થઈ ચાલી નીકળ્યો.

બીજી બાજુ રાણીની દશા ગંભીર બની ગઈ હતી. દિવસો સુધી કંઈ જ ખાધા-પીધા વિના રહેવાથી એની દેહસ્થિતિ અત્યંત નાજુક બની ગઈ હતી. પથારીમાંથી ઊઠીને બેસતાં પણ શરીર કષ્ટાતું હતું, ને મનથી તો લગભગ પાગલ જેવી જ થઈ ગઈ હતી. ત્યાં ત્રીજા પહોરે આવીને પહેરેગીરે ખબર આપ્યા કે, 'રાજા વિજયકેતુ આવી રહ્યા છે.'

રાણીએ પથારીમાંથી ઊભાં થઈ અગાશી તરફ દોટ દીધી. દાસી-ઓએ ઘણી ના પાડી, પણ એણે કોઈનું સાંભળ્યું જ નહિ. અગાશીની પાળે જઈ એણે પશ્ચિમાદિ નજર કરી. આંખે સ્પષ્ટ દેખાતું નહોતું, છતાં મનમાં થયું જાણે ઘણે દૂર મેદાનને પેલે પારથી એક ઘોડેસવાર મારતે ઘોડે ચાલ્યો આવે છે. થોડી વારમાં ઘોડેસવાર વધુ પાસે આવતાં રાણી તેને ઓળખી શકી. એ રાજા હતો. એના ભાલાના ફળા પર કેવડો શોભતો હતો. રાજા પણ રાણીને મહેલની ટોચ પર ઊભેલી જોઈ શક્યો. એને જોતાં જ કેવડાનાં ફૂલવાળો ભાલો એણે ઊંચો કર્યો.

રાણી હવે વધુ સંભાળી ન શકી. બે હાથ આગળ લંબાવી એ આગલી બાજુ ઝૂકી પડી. દાસીઓએ ચીસાચીસ કરી મૂકી, પણ કોઈ અટકાવી શકે એ પહેલાં તો તે પાળની પેલી બાજુ એકદમ ઊથલી પડી!

રાજાએ આવીને જોયું તો રાણીનો મૃતદેહ નીચે દરવાજા સામે જ પડયો છે. એણે રાણીના મૃતદેહને હાચકી હૈયાસરસો ચાંપી લીધો.

પછી શબને ચિતાએ ચડાવી એણે ચોમેર કેવડાનાં ફૂલ પાથર્યાં. ચિતા પ્રજળી ઊઠી. કેવડાનાં ફૂલની મહેક ચારે દિશાએ લહેરી ઊઠી.

રાજાએ મહેલમાં પગ પણ ન મૂકયો. ઘોડે ચડી એ એકલા જ શક સેનાપતિની છાવણીમાં પહોંચી ગયા ને સેનાપતિને જણાવ્યું કે, 'હું આવી ગયો છું. પણ હું જીવતો હોઈશ ત્યાં સુધી મારું રાજ્ય તમે જીતી નહિ શકો. આવો આપણે દ્વંદ્વયુદ્ધ કરીએ.'

શક સેનાપતિ સાથે રાજા વિજયકેતુનું દ્વંદ્વયુદ્ધ થયું. એમાં રાજા વિજયકેતુ મરાયા. તે પછી શકોએ આવી રાજ્ય પર કાબૂ મેળવ્યો. ઘણાંઘણાં વરસો વીતી ગયાં. મરુભૂમિ આગળ વધી રાજ્યને ગળવા લાગી. દેશ વેરાન થયો ને મહેલ વસવાટવિહોણો શૂન્ય ઊભો રહ્યો. એ રીતે કેટકેટલી શતાબ્દીઓ વીતી ગઈ. તેમ છતાં હજુ યે મહેલના વાતાવરણમાંથી ફૂલની ફોરમ ઊઠે છે. કયારેક ઓચિંતાનો ગાઢ રાત્રે વીણાનો ઝંકાર સંભળાય છે. સાંભળનારાઓ કહે છે કે રાજાનો પુનર્જન્મ નથી થયો તેથી એનો આત્મા આ પ્રાસાદમાં જ વિહરે છે. રાણીનો પુનર્જન્મ થાય છે. એ સાઠ-સિત્તેર વર્ષને ગાળે નવે અવતારે આવે છે, રાજાને ફરીફરી મળે છે ને વળી પાછી ચાલી જાય છે. રાજા અહીં એની પ્રતીક્ષા કર્યા જ કરે છે.'

વાત પૂરી કરી રુક્મિણી ઉતાવળી ઉતાવળી ચાલી ગઈ. એને હજુ અરધી રસોઈ કરવાની બાકી હતી.

સુવીરે જોયું તો અરુણા મંત્રમુગ્ધ શી સ્વપ્ન જોતી હોય તેમ બેઠી હતી. થોડી વાર ચમકીને એણે સુવીર તરફ જોયું, અને મોં પર એક કૃત્રિમ હાસ્ય લાવી એ બોલી: 'એક કપોલકલ્પિત વાત જ લાગે છે ને?'

'એવું ન પણ હોય, એના મૂળમાં થોડુંઘણું સાચું હોય પણ ખરું.'

અરુણા વધુ ન બોલી. એના મોં પર એક માયાવી પરદો પડી ગયો. એની મનઃસ્થિતિનો તાગ સુવીર પૂરો પામી ન શકયો, છતાં એ પણ અશાન્ત બની ગયો. આ કેવી અદૃશ્ય માયાવી જાળમાં તેઓ ફસાઈ રહ્યાં છે! જે શંકાને તે પરાણે પોતાના મનમાંથી દૂર કરવા માગતો હતો તે આ જ હતી કે અરુણા મનોમન પોતાની જાતને જન્માન્તરની રાણી અરુણાવતી માની રહી છે અને મનોમન વિદેહી વિજયકેતુના આત્માને મળવા અભિસારે જવા અધીર બની રહી છે! અસ્વસ્થ શરીરમાં મન પણ અસ્વસ્થ જ રહે છે એનાં જ આ લક્ષણ છે.

પણ એ તો જે હોય તે. છતાં એક વાત તો નક્કી કે રાણીના અરુણાવતી નામનો મેળ કોઈ ગેબી રીતે અરુણા સાથે મળી જતો હતો!

એ રાતે 'મને ભૂખ નથી લાગી' કહી અરુણા સૂવા માટે ચાલી ગઈ. સુવીરે નિયમ મુજબ સમયસર ખાવા-પીવાનું પતાવી શયનખંડમાં જઈને જોયું તો અરુણા ઊંઘી ગઈ હતી. ભરઊંઘમાં પડી હતી. સુવીરે એને જગાડી નહિ. મનમાં અનેક વિચારો સાથે થોડી વાર એણે પથારીની આજુબાજુ આંટા માર્યા ને પછી એક બાજુ સૂઈ ગયો.

મોડી રાતે સુવીરની આંખ ઊઘડી ગઈ. દૂરથી જાણે વીણાનો ધીમો રવ આવી રહ્યો હતો. સુવીરના અંગેઅંગે જાણે શૂળા ભોંકાઈ ગયા. ઘરમાં અંધારું હતું. મીણબત્તી ઓલવાઈ ગઈ હતી. અંધારામાં આજુબાજુ હાથ ફેરવતાં એને જણાયું કે અરુણા પથારીમાં નથી.

ઓશીકાપસે સુવીરે એક ટોર્ચ રાખી હતી. એની ચાંપ દાબી એના પ્રકાશમાં એણે જોયું તો સાચે જ પથારીમાં અરુણા નહોતી. અને દૂરથી આવતો વીણાનો નાદ પણ જાણે દૂર સુદૂર ચાલ્યો ગયો.

સુવીર મન અને શરીરે થોડી વાર જડ જેવું કરી પડયો રહ્યો પણ અરુણા પાછી ન ફરી. એણે બેઠા થઈ શરીરે શાલ વીંટી અને ટોર્ચ કરી બીજા બે ઓરડા પણ તપાસી લીધા. પણ ત્યાં યે અરુણા નહોતી.

પોતાનાં મન-તનને મજબૂત કરી ધીમે પગલે સુવીર અગાશીમાં આવી ઊભો રહ્યો. પશ્ચિમ આકાશમાં ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો. આકાશમાં અને મરુભૂમિમાં જાણે ચાંદની રેલાઈ રહી હતી. સૂસવતો ઠંડો પવન હિમ જેમ શરીરને વીંધતો હતો.

વિશાળ અગાશી ચાંદનીમાં રહસ્યભૂમિશી લાગતી હતી. સુવીરે ચોતરફ નજર ફેરવી પણ અરુણા નજરે ન પડી. થોડી વાર એ મૂઢ શો વિમાસી રહ્યો: કયાં ગઈ હશે અરુણા? આ નિર્જન અજાણ્યા રણમાં મોડી રાત્રે એ એકલી કયાં ગઈ હશે? શું નીચે ગઈ હશે! શા માટે? અભિસારે?...નહિ, નહિ; એવી અશકય કલ્પના તો આજે સાંજે સાંભળેલી વાર્તાનો જ પ્રતાપ છે. અરુણા નક્કી આજુબાજુમાં જ કયાંક હોવી જોઈએ. એણે મોટેથી સાદ પાડયો: 'અરુણા!'

પણ કંઈ જવાબ ન મળ્યો. માત્ર સૂસવતો પવન એના કાનમાં સૂ...સૂ...કરતો વહી ગયો. અત્યાર સુધી સુવીરે પોતાના મનને સખત સંયમમાં રાખ્યું હતું. પણ હવે એ સંયમની પાળ તૂટી ગઈ. એણે દોડીને અગાશીની પાળ પાસે જઈ નીચે નજર કરી અને પછી નીચે જોતાં જોતાં એ ચારે બાજુ ફરી વળ્યો. ના, અરુણા અગાશી ઉપરથી પડી તો નથી ગઈ. પણ તો એ ગઈ કયાં?

એ પળ વાર માથે હાથ દઈને ઊભો રહ્યો. પછી ફરી શયનખંડ તરફ દોડ્યો. શયનખંડમાં સરખી રીતે જોયું નથી. કદાચ ઊંઘમાં ને ઊંઘમાં એ પાટની બીજી બાજુ પડી ગઈ હોય તો!

અંધારા ઓરડામાં પ્રવેશતાં જ એ હેબતાઈને ઊભો રહી ગયો. ઓરડો આખો કેવડાની સુગંધથી મહેક મહેક થતો હતો. સ્તબ્ધ બની એણે વિચાર્યું: કેવડો મહેકે છે એ વાત ત્યારે ખોટી નહોતી; રોગવિકૃત મગજની કલ્પના નહોતી. અતિ પ્રાકૃત, અત્યંત પ્રાચીન પેલા કેવડાની જ એ મહેક હતી; અને વીણાનો ઝંકાર પણ એ જ હતો. નક્કી એક સૂક્ષ્મ જગતના અલૌકિક વાતાવરણ વચ્ચે તેઓ વસતાં હતાં!

સુવીરે ટોર્ચના પ્રકાશમાં જોયું તો પથારીમાં એક બાજુ અરુણા ઊંઘતી હતી. એનાં વસ્ત્રો ચોળાએલાં હતાં, વાળ વિખરાએલા હતા. એ અત્યંત થાકીને ભરઊંઘમાં પડી હોય તેમ લાગતું હતું. સુવીરના મનમાં શંકા જાગી: તો શું અરુણા આ બધો વખત પથારીમાં ઊંઘતી જ હતી? પણ એ કઈ રીતે સંભવે? એક મીણબત્તી પેટાવી એણે ઓશીકા બાજુ મૂકી. પછી એ પથારીમાં અરુણાની બાજુમાં બેઠો. ઊંઘતી અરુણાના ચહેરા તરફ જોતાં સુવીરના હૈયામાં જાગેલા સ્નેહના ઉચ્છ્વાસે એનો સાદ રૂંધી નાખ્યો. બેઉ હાથ વડે અરુણાને હૈયા સરસી ચાંપતાં એણે રૂંધાતા અવાજે કહ્યું: 'અરુણા! અરુણા!'

પરંતુ અરુણાની ઊંઘ ઊડી નહિ. એના શિથિલ અંગોમાં કંઈ જ પડઘો ન દેખાયો. થાકેલા બાળકની જેમ એ ઊંઘતી જ રહી.

નિસાસો મૂકી સુવીરે એને પોતાના બાહુપાશમાંથી મુક્ત કરી અને પછી દીવો ઓલવીને અરુણાના શરીરે હાથ ફેરવતો તે પથારીમાં પડ્યો. એણે જોયું કે ધીરેધીરે કેવડાની મહેક ઓરડામાંથી ઓસરી રહી હતી.

વળતી સવારે ઊંઘમાંથી ઊઠતાં સુવીરે અરુણાને પૂછ્યું: 'કાલે રાતે તું કયાં હતી?'

અરુણાની આંખો હજુ ઊંઘે ભરી હતી. થોડી વાર સુવીર સામે તાકી રહીને એણે કહ્યું: 'કયાં હતી કેમ? હું તો કયાં ય ગઈ નહોતી!'

'ગઈ હતી. રાતના બીજા પહોરે ઊંઘ ઊડી જતાં જોયું તો તું પથારીમાં નહોતી.' સુવીરે કહ્યું.

'કોણ જાણે–મને કંઈ સમજાતું નથી.' અરુણાએ મનોમન ખોવાઈ જતી હોય તેમ ઉત્તર આપ્યો. સુવીરે જોયું કે અરુણાની સ્મૃતિ તાજી

થઈ રહી છે ને એ રાહ જોઈ રહ્યો. અરુણાએ આંખો ઊંચી કરી સુવીર તરફ જોયું. એની આંખમાં શંકા અને છૂપી ઉત્તેજના હતી. એ ભરાએલા સાદે બોલી: 'ઊંઘમાં શું કર્યું તે કંઈ યાદ નથી આવતું.' આ બોલતી વેળા અરુણાના ચહેરા પર કોઈ અદશ્ય આવરણ આવી ગયું.

બહારના ઓરડામાંથી ચાની તૈયારીનો ખડખડાટ આવ્યો. ગિરધર સવારની ચા લાવ્યો હતો. સુવીર ઊભો થઈ ગયો. એને આ વાત કળતાં વાર ન લાગી કે અરુણા ગઈ રાતની વાત યાદ આવ્યા છતાં તેની પાસે એ ગોપવવા માગે છે. એને શું છુપાવવાનું હશે? સ્વપ્ન-અભિસાર?

દિવસ કંટાળાભરેલી સુસ્તીમાં, આળસમાં વીતી ગયો. બંને જણે પોતાની જાતને પોતાનામાં જ વીંટાળી રાખી. આ જાતની વિચિત્ર પરિસ્થિતિમાં શું કરવું તે સુવીરને સમજાતું નહોતું. અરુણા એક અંતરગૂઢ માદકતામાં ડૂબી હતી. એ બેઉ જાણે હાલતાંચાલતાં યંત્ર હતાં; પરસ્પરની સાથે એમને કોઈ ચેતનનો સંબંધ નહોતો; એકદમ આકસ્મિકપણે જ જાણે એ બેઉ ભેગાં થઈ ગયાં હોય નહિ?

સૂર્યાસ્ત પછી રુક્મિણી આવી અગાશીમાં સાદડી પાથરી અરુણાનું માથું ઓળવા બેઠી. માથું ઓળવા સાથે ધીમા સાદે બેઉ વચ્ચે ગોઠડી ચાલતી હતી. સુવીરે આવેથી જોયું તો ત્યારે અરુણાના વદન પર આનંદ અને ઉત્સુકતા છવાઈ ગયાં હતાં. અરુણાનું મોં હસું હસું થતું હતું. હવે એના મોં પર તંદ્રાનો માદક વિમૂઢ ભાવ નહોતો. એથી જરા નિરાંત અનુભવતો એ નીચે ઊતરી ગયો. સાંજ પછીના આછા અજવાળામાં એકલો એકલો રેતીના પટ ઉપર આંટા મારવા લાગ્યો.

વિરાજબાબુ આજે આવે તો સારું. આ સ્થળ વિજનવાસ માટે અતિશય સુંદર છે, પરંતુ આ મહેલમાં કોઈ ભૂખ્યો, અતૃપ્ત આત્મા અદશ્યપણે વિચરી રહ્યો છે. કેવડાની મહેક, વીણાનો ઝંકાર, એ બધું મિથ્યા નથી. અરુણાની માનસિક સ્થિતિ અહીં આવ્યા પછી વધુ અગમ્ય રહસ્યમય બની રહી છે. એના મનમાં શું થઈ રહ્યું છે એ જો જાણી શકાય તો......વિરાજબાબુ આવી જાય તો સારું.

કલાકેક પછી સુવીર રેતીનો પટ ખૂંદી પાછો મહેલે આવી પહોંચ્યો. બેઠકઘરમાં ચાર પાંચ મીણબત્તીઓ બળી રહી હતી; અરુણા એક દર્પણ લઈ તેમાં પોતાનું મોં નિહાળી રહી હતી. સુવીર ચમકીને બારણામાં જ ઊભો રહી ગયો. અરુણાના વાળ આજ નવી જ રીતે ઓળાયા હતા. એણે નવી ભાતનો ચોટલો લીધો હતો. એના મોં પર સુંદર રીતે પીળ કાઢેલી હતી. સેંથાના આગલા ભાગમાં મોતીની દામણી શોભતી હતી. એને જોતાં સુવીરને અજન્તાનાં ચિત્રો યાદ આવી ગયાં. રુક્મિણીએ એને એ વીત્યા યુગના શણગારે શણગારી હતી.

થોડી વાર સુધી મુગ્ધપણે તેના તરફ જોઈ રહ્યા પછી સુવીરે કહ્યું: 'વાહ! આજ તો તું અજબ સુંદર લાગે છે ને!' પણ અરુણાએ સુવીરને જોયો નહોતો. એકાએક એની નજરે પડી જતાં એણે શરમાઇને બે હાથ વડે મોં ઢાંકી લીધું. એ દોડતી શયનખંડમાં પહોંચી ગઈ.

અરુણાનું આ રીતે શરમાઈ જવું અસ્વાભાવિક હતું. પળ વાર અવાક્ રહ્યા પછી સુવીર અરુણાને અનુસર્યો. જઇને જોયું તો અરુણા ઓશીકામાં મોં સંતાડીને સૂતી છે. એની પથારી પાસે ઊભા રહીને સુવીરે હળવે સાદે કહ્યું: 'આમાં શરમાવાનું શું હતું? જરા ઊભી થા. એક વાર ધરાઈને જોવા દે તારું આ રૂપ.'

પણ અરુણાએ મોં ન ફેરવ્યું. થોડી વાર સુધી શક્ય પ્રયત્ન કરી સુવીર બહાર નીકળ્યો. ખુરશી પર બેસી એક પુસ્તક ઉઘાડીને બેઠો. એનું જીવન એકાએક શુષ્ક અને જટિલ બની ગયું હતું.

વાળુ કર્યા પછી અરુણા પણ એક પુસ્તક લઈ વાંચવા બેસી ગઈ. એના નવા સાજ-શણગારનો સંકોચ હવે શમી ગયો હતો.

'સૂઈ નથી જવું?' સુવીરે પૂછ્યું.

'બપોરે ઊંઘી છું. હમણાં સૂઈ જઈશ તો ઊંઘ નહિ આવે.'

અને કડવાશભર્યા મને સુવીર એકલો જ સૂવા ચાલ્યો ગયો.

રાતના ત્રીજા પહોરે સુવીરની ઊંઘ ઊડી ગઈ. એ વખતે વીણાનો ઝંકાર નહોતો પણ કેવડાનાં તાજાં ફૂલની સુવાસે વાતાવરણ મહેક મહેક થતું હતું. આ કારણે સુવીર જાગ્રત બની ગયો હતો.

પથારીમાં અરુણા નહોતી. એ પથારીમાંથી ઊઠ્યો. બાજુના ઓરડામાં પણ અંધારું હતું. ત્યાંય અરુણા નહોતી. સુવીર અગાશીમાં ગયો.

આજે પણ ચંદ્રમા અસ્ત પામવા ઉપર હતો. પશ્ચિમ-આકાશમાં પ્રકાશ રેલાયો હતો. પરંતુ ત્યાં પણ અરુણા નહોતી અને કેવડાની મહેક પણ અગાશીમાં ઓછી હતી. સુવીર પાછો વળીને દાદરના દ્વારે જ ઊભો રહ્યો. ત્યાં મહેક વધુ હતી. એને મનમાં થયું કે નીચેના માળ પરથી એ મહેક આવતી હતી. એ ધીમે પગલે નીચે ઊતરવા લાગ્યો.

જે ઓરડામાં પ્રાચીન અવશેષો સંઘરવામાં આવ્યા હતા ત્યાંથી જ મહેક આવતી હતી. સુવીરે ટૉર્ચ ન કરી. ઓરડાના બારણા પાસે થોડી વાર એ નિસ્તબ્ધ ઊભો રહ્યો. એ મોટા ઓરડામાં અંધારું હતું. દૂર એક બાજુ એક નાનો દીપક ટમટમતો હતો જેના પ્રકાશમાં જ્યાંત્યાં પથરાએલી ચીજ-વસ્તુઓ અસ્પષ્ટપણે દેખાતી હતી.

સુવીર દબાતે પગલે એ ઓરડામાં પ્રવેશ્યો અને નીરવતામાં ભંગ ન પડે તેમ જાળવીજાળવીને પેલી ટમટમતી જ્યોત તરફ આગળ વધ્યો. પણ અર્ધે જતાં જ એ થંભીને ઊભો રહી ગયો. એક ધીમું—એકદમ મૃદુ હાસ્ય એને સંભળાયું! જાણે બે પ્રેમીઓ મધુ-રજની માણતાંમાણતાં છાની ગોઠડી કરતાં હતાં; ઊંડા રસથી મીઠું હસતાં હતાં. પણ અત્યંત ધૂંધળા એ પ્રકાશમાં ત્યાં કોઈ માનવી દેખાતું નહોતું.

સુવીરનું મગજ જાણે એકાએક કામ કરતું અટકી ગયું. એક અંધ આવેગે જાણે એનો સાદ ઝલાઈ ગયો. થોડાંક પગલાં આગળ વધી કટ કરતાં એણે ટૉર્ચની ચાંપ દાબી.

જોયું તો ભીંતને અડીને એક ચટાઈ પડી હતી, જેના પર અરુણા એકલી સૂતી હતી. ટૉર્ચના તીવ્ર પ્રકાશમાં એના અંગ પરના અલંકારો ઝગમગી ઊઠ્યા. વીજળીની ગતિએ બેઠી થઈ આંખો ફાડીને એ જોઈ રહી!

'અરુણા!'

શિકારીનો અણસાર આવતાં જ જેમ હરિણી ફાળ ભરતી ભાગી છૂટે તેમ અરુણા ભાગી. સુવીર પળ વાર તો દિગ્મૂઢ બનીને થંભી જ ગયો. એણે ઓરડામાં ચારે બાજુ ટૉર્ચના પ્રકાશમાં જોયું, પણ ક્યાંય કોઈ નહોતું. માત્ર એક નાનું ટમટમિયું સાદડી પાસે ઓશીકા બાજુ ટમટમતું હતું. લાગલો જ સુવીર મન અને શરીરની જડતા ખંખેરી ઉતાવળો ઉતાવળો ઉપર ગયો. શયનખંડમાં અરુણા ઊંધી પડીને સૂતી હતી. સુવીરે એની પાસે જઇને કહ્યુ: 'અરુણા!'

અરુણા ઊઠીને બેઠી થઈ. આંખમાં ઝળઝળિયાં સાથે સુવીર સામે જોઈ એણે કહ્યુ: 'તમે શા માટે મને પીડો છો?'

'હું તને પીડું છું?' સુવીરે ચમકીને સામું પૂછ્યું.

'મને છોડી દો, મને મુક્તિ આપો.' અરુણાએ વીનવણી કરતાં કહ્યુ.

સુવીર એની પાસે બેઠો ને એના હાથ પોતાના હાથમાં લઈ સ્નેહાર્દ્ર સ્વરે બોલ્યો: 'અરુણા, ચાલો આપણે અહીંથી ચાલ્યાં જઈએ, આ શાપિત પ્રાસાદ છોડી આપણા વતનમાં જ ચાલ્યાં જઈએ.'

જવાબમાં જાણે ત્રાસ થતો હોય તેમ સુવીરના હાથમાંથી પોતાનો હાથ છોડાવીને અરુણાએ કહ્યુ: 'ઓ!... ના ના, ના...'

'પણ તારું દર્દ અહીં નહિ મટે. હવે હું તને અહીં વધુ નહિ રહેવા દઉં, વિરાજબાબુ આવી જાય, તો આપણે કાલે જ ઊપડીએ.' (અનુ. પૃ. ૪૬૪)

અમેરિકાનું એક અગ્રગણ્ય અખબાર | # ધ ન્યૂ યૉર્ક ટાઇમ્સ | પરિચયકાર ગુણવન્ત છો. શાહ

'છાપવા યોગ્ય બધા જ સમાચાર' આપવાના આગ્રહી ને લગભગ ૬,૫૦,૦૦૦નો ફેલાવો ધરાવતા અખબારનો પરિચય

The New York Times.

રોજ સવારે અમેરિકન ઘરો, છાપાંઓની દુકાનો અને નાનાં-મોટાં દફતરોમાં મળી 'ધ ન્યૂ યૉર્ક ટાઇમ્સ'ની છ લાખથી યે વધુ નકલો વેચાય છે. આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક વિષયની નજીવીથી માંડી ઐતિહાસિક મહત્ત્વવાળી હજારો બાબતોને આવરી લેતા, દુનિયાના ખૂણેખૂણામાંથી આવેલા સમાચારોથી એની સેંકડો કટારો ભરચક હોય છે. રવિવારની આવૃત્તિની તો વળી બમણી નકલો ખપે છે. એ નકલમાં પાંચેક લાખથી યે વધુ શબ્દોનું વાચન ભર્યું હોય છે.

સહેજે પ્રશ્ન થાય કે આ આટલું બધું વાંચવાનો સમય કોણ કાઢી શકતું હશે. ખરેખર, એમાં જે કંઈ છપાય છે એ બધું જ વાંચવાની તો કોઈને યે નવરાશ ન મળે, એની જરૂર પણ ન હોય. પણ એના લાખો વાચકોમાંથી પ્રત્યેકને રસ જાગે એવું કંઈક તો એમાંથી નીકળે જ. કપડાં પહેરવાં કે ખાવાપીવા જેવી રોજિંદી જરૂરિયાતો પેઠે 'ટાઇમ્સ' જોઈ જવું એ પણ એક લગભગ અનિવાર્ય જીવનક્રમ બની રહે છે.

પ્રત્યક્ષ જોયા વિના આ અખબારનો ખયાલ બાંધવો મુશ્કેલ છે. ૫૦, ૬૦ કે ૭૦ પાનાંની એની સાડા છ લાખથી યે વધુ નકલોની દૈનિક આવૃત્તિ તથા ૪૦૦ કે તેથી યે વધારે પાનાંની અને લગભગ બેવડી નકલ-સંખ્યાવાળી એની રવિવારની આવૃત્તિના આવા આંકડા એ તો માત્ર એના દેખાવની કોરી છાપ ઉપસાવવા બરોબર છે. એના કરતાં એને અમેરિકાના જ એક પાસા તરીકે જોવું એ વધુ સાચું ને સરળ છે. કેળવણી, સંસ્કૃતિ, રાજકારણ, વિજ્ઞાન, વ્યાપાર-ઉદ્યોગ કે મનોરંજન વગેરે ક્ષેત્રોમાં અમેરિકનો શું વિચારે છે, શું આચરે છે કે શું ઇચ્છે છે તેની ભૂમિકા બાંધતા ને એની તલસ્પર્શી છણાવટ કરતા લેખો સાથે તેમાં છેલ્લા સમાચારો પ્રકટ થાય છે. એમાં પ્રકટ થતી હજારો જાહેરખબરો પરથી એ પ્રજા ઘરમાં અને બહાર શું ખાય-પીએ છે, શું પહેરે-ઓઢે છે કે શું વાપરે છે એનો પણ ખયાલ આવે છે, અને હજી આ ઉપરાંત, પણ અનેક વિષયો છે જેને વિષે આ અખબારમાં કંઈ ને કંઈ છપાયું હોય છે. 'છાપવા યોગ્ય બધા જ સમાચાર' (ઑલ ધ ન્યૂઝ ધેટ ઇઝ ફિટ ટુ પ્રિન્ટ) એ આ અખબારનું સૂત્ર છે. અખબારના પહેલા પાને ઉપલે ડાબે ખૂણે એ હમેશા છપાય છે અને એ સૂત્રને સાર્થક કરવા આ પત્ર ક્ષણે ક્ષણે બદલાતા જતા જગતના ચિત્રની પ્રત્યેક બાજુ વાચકો સમક્ષ રજૂ કરવા બધું જ કરી છૂટે છે. અમેરિકાના ખૂણેખૂણાના સમાચારો ઉપરાંત લંડન, મૉસ્કો, પારી(સ), બર્લિન, વીએના, બુડાપેસ્ટ, બુખારેસ્ટ, ઍથેન્સ, અંકારા, બેલફાસ્ટ, સ્ટૉકહોમ ને બ્રસેલ્સ તેમજ કાહિરા (કેરો), રબાત, તેલ અવીવ, બગદાદ ને નવી દિલ્હી, તથા ગ્વાટેમાલા, બોગોટા, ઑટાવા, મનિલા, ફિલિપાઇન્સ, કોલંબો, સૂવા, તાઇપેઈ, ઑકલૅન્ડ, પોર્ટ મોર્સબી, નાહા હૉંગકૉંગ ને વળી છેક દક્ષિણ ધ્રુવપ્રદેશમાંથી પણ રોજેરોજના ને અનેકવિધ ક્ષેત્રોના સમાચાર તે મેળવે છે. દુનિયાભરના આ બધા ખબરો કોઈ સમાચાર-સંસ્થાઓ દ્વારા નહિ, પણ ન્યૂ યૉર્ક ટાઇમ્સના પોતાના જ ખબરપત્રીઓ દ્વારા આવે છે, અને એટલે જ બીજાં અખબારો કરતાં ન્યૂ યૉર્ક ટાઇમ્સ અમેરિકામાં તેમજ પરદેશમાં જુદું તરી આવે છે. પોતાની આ અદ્વિતીય ને આગવી વિશિષ્ટતા જાળવી રાખવા દેશવિદેશમાં છવ્વીસ જેટલી કચેરીઓ અને સોથી યે વધારે પ્રમુખ ખબરપત્રીઓને એ નિભાવે છે.



ન્યૂ યૉર્ક ટાઇમ્સનું ભવ્ય મકાન. આગળનું નવું મકાન પાછળથી ઉમેરવામાં આવ્યું છે. ડાબી બાજુ આરંભમાં આ અખબારના લાખો વાચકોના ચિરપરિચિત નામાક્ષરો છે.

અમેરિકાનાં લગભગ દોઢેક હજાર અંગ્રેજી દૈનિકોની કચેરીઓમાં રોજેરોજના સમાચારો એકઠા કરનાર સમાચાર-વિભાગ, યંત્ર-વિભાગ, જાહેરખબર-વિભાગ અને રવાનગી-વિભાગ એ ચાર મુખ્ય વિભાગો ગણાય છે. 'ટાઇમ્સ'માં આ સઘળાં કાર્યો માટે પાંચેક હજાર માણસો કામ કરે છે. આમાંથી ૯૦૦ જેટલા માણસો તો એના સમાચાર-વિભાગમાં જ છે.

આ વિભાગમાં ન્યૂ યૉર્ક શહેરમાંથી તો સમાચારોના ગંજ ખડકાય છે. પાટનગર વૉશિંગ્ટનમાંથી યે ઢગલાબંધ ખબરો આવતા રહે છે અને પરદેશના તો અવનવા સમાચારોમાંથી સંપાદકો 'ટાઇમ્સ'માં આપવા યોગ્ય ખબરોની તારવણી કરે છે. ટાઇપરાઇટરોની મોટી લંગાર પર સ્થાનિક ખબરપત્રીઓ સમાચારો ઉતારતા હોય છે તેથી કે તાર યા ટેલિફોન દ્વારા આવેલા સમાચારોનું પુનર્લેખન થતું હોય છે તેથી એ આખો વિભાગ ધમધમી રહ્યો હોય છે. બીજી બાજુ 'ટેલિટાઇપ' યંત્રો પણ સતત કડકડતાં રહી દૂરદૂરનાં વિવિધ પાટનગરોમાંથી અહીંની કચેરીઓમાં સમાચારોનો ધોધ વહેવડાવતાં હોય છે.



સંપાદન-વિભાગ નુંએક દશ્ય

ટાઇમ્સની આ કચેરી જોડે એમાંનાં ઘણાંખરાંનાં સીધાં સંધાન છે. દૂર દેશાવરમાં કંઈ 'છાપવા યોગ્ય' બનાવ બને કે તુરત એના સમાચાર અહીં ઊતરવા માંડે, યા આ મુખ્ય કચેરીમાંથી કોઈ સંપાદકને પરદેશના કોઈ સમાચારની વધુ વિગતો જોઈએ ને કહેવડાવે કે તુરત એ માહિતીઓ ત્યાંની કચેરીઓ આ 'ટેલિટાઇપ' દ્વારા મોકલવા માંડે. પણ પરદેશના ખબરો માટે આ ટેલિટાઇપનો ઉપયોગ એ તો 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'ની સમાચારો મેળવવાની અનેક વ્યવસ્થામાંનું એક અંગ છે. એ ઉપરાંત, ટેલિફોન, રેડિયોફોન, ટેલિગ્રામ, વિમાન, ટ્રેઈન, જહાજ કે મોટરગાડીઓ વગેરે પ્રત્યેક અદ્યતન સવલતોનો લાભ પણ લેવાતો રહે છે અને એ ઓછું હોય તેમ સ્થાનિક ખબરપત્રીઓની સતત ટાંટિયાતોડ પણ ખરી જ!

એના મુદ્રણ-વિભાગમાં વળી સમાચાર-વિભાગ કરતાં યે વધારે—એટલે કે ત્રણેક હજાર કરતાં વધુ માણસો છે. એમાંથી સોએકથી વધુ માણસો એક કલાકમાં ૪૮ પાનાં ભરેલી સાડાચાર લાખ નકલો છાપતા ગંજાવર યંત્રને સંભાળે છે. એકલા રવિવારની જ આવૃત્તિ છાપવામાં 'ટાઇમ્સ'નો એ ધમધમતો પ્રેસરાક્ષસ સત્તર હજાર એકરથી યે વધારે વિસ્તૃત કાગળ અને ૧૨૦ ટન જેટલી શાહી હોઇયાં કરી જાય છે! રોજેરોજ આ યંત્રનું પેટ ભરવા ૧૧૭ જેટલાં 'લાઇનોટાઇપ' યંત્રો સાથેનું એવું જ વિસ્તૃત એનું કંપોઝખાતું છે.

પણ કાગળ પર લખેલાં આ વર્ણનો પરથી આ અખબારનાં વહીવટ, ચીવટ અને ઝડપ ખરા અર્થમાં નહિ સમજી શકાય. એમની કામગીરીનાં એક-બે ઉદાહરણો પરથી કદાચ એનો ખયાલ મળી શકશે.

ઈ. ૧૯૫૧ની વાત છે. અમેરિકન લશ્કરની સેવામાંથી મૅકઆર્થર નિવૃત્ત થવાના હતા. મધરાતે ખબરપત્રીઓને જાણ કરવામાં આવી કે 'વ્હાઈટ હાઉસ'માંથી થોડા સમયમાં એક અગત્યની જાહેરાત બહાર પડશે. સૌ પોતપોતાની રીતે એ માટે સજ્જ થવા માંડયા. ન્યૂ યૉર્ક ટાઇમ્સના વૉશિંગ્ટન ખાતેના ખબરપત્રી વિલિયમ લૉરેન્સે આ અંગે તૈયાર રહેવા ન્યૂ યૉર્કની વડી કચેરીમાં સૂચના આપી દીધી અને પોતે તુરત 'વ્હાઈટ હાઉસ' પહોંચી ગયા. ન્યૂ યૉર્ક અને વૉશિંગ્ટનને જોડતી સીધી ટેલિફોન લાઈન ચાલુ જ રાખવામાં આવી હતી. બરાબર એક ને ચાર મિનિટે વ્હાઈટ હાઉસના સમાચારખંડમાંથી લૉરેન્સ દોડયા ને ટેલિફોન ઉપાડી ન્યૂ યૉર્કની કચેરીમાં એ સમાચારના ફકરાઓ લખાવવા માંડયા. જેમજેમ ફકરાઓ લખાતા ગયા તેમતેમ તે સંપાદકના ટેબલ પર પહોંચતા ગયા ને ત્યાંથી તુરત કંપોઝખાતામાં. દરમિયાન ટાઇમ્સના આલીશાન મકાનમાં જમીનમાં ૭૫ ફૂટ નીચે આવેલા પ્રેસરૂમમાં 'સ્ટૉપપ્રેસ'ની લાલબત્તી ઝગઝગી ઊઠી. વૉશિંગ્ટનથી લૉરેન્સે ખબર મોકલવાનો આરંભ કર્યો ત્યાર પછી બેંતાલીસ મિનિટે તો મૅક આર્થર અંગેના ખબરો સાથે ન્યૂ યૉર્ક ટાઇમ્સની તે આવૃત્તિ શહેરની બજારમાં અને ન્યૂસ સ્ટૉલ પર પહોંચી ગઈ હતી! આ સમાચારો પૂરેપૂરા સમાવી લેવા અખબારને જાહેરખબરનાં છ કૉલમો કાઢી નાખવાં પડયાં હતાં.

અખબારી આલમમાં અસાધારણ ગણાય એવું એક બીજું પરાક્રમ પણ ન્યૂ યૉર્ક ટાઇમ્સે ૧૯૫૫માં દાખવ્યું. પોતાનાં આગવાં સાહસિક કાર્યોને કારણે અમેરિકન પત્રકારોમાં અગ્રતમ હરોળમાં સ્થાન મેળવનાર ન્યૂ યૉર્ક ટાઈમ્સની વૉશિંગ્ટનની કચેરીના વડા જેમ્સ રસ્ટનને સ્ટાલિન, ચર્ચિલ અને રૂઝવેલ્ટ વચ્ચે યોજાએલી યાલ્ટા બેઠકનો સત્તાવાર અહેવાલ હાથ ચડી ગયો. ૮૩૪ પાનાંનો એ આખો અહેવાલ ન્યૂ યૉર્ક મોકલવા માટે તેણે પાંચ ટેલિટાઇપ ઑપરેટરોને બેસાડી દીધા. આખી રાત એ કામ ચાલ્યું. બીજે દિવસે રસ્ટને વધારાની ચૌદ ટેલિગ્રાફ લાઇનો મેળવી અને એ બધાંમાંથી એકીસાથે અહેવાલની શબ્દશઃ વિગતો ન્યૂ યૉર્કમાં ઊતરવા માંડી.

દરમિયાન ટાઇમ્સના સમાચાર-વિભાગમાં એ આવતા લખાણને જોઈ જવા સારુ સંપાદકો માટે ખાસ મેજ ગોઠવવામાં આવ્યું, સંદર્ભ જોવા માટે એ મેજ પર વધારાનું સાહિત્ય પણ મૂકી દેવાયું, ને તડામાર કામ ચાલુ થઈ ગયું. તાર પર આવેલી નકલોને ઑપરેટરો ટાઇપ કરી રહ્યા હતા એની સાથે કંપોઝખાતામાં ૪૮ લાઇનોટાઇપ યંત્રો પણ ખાસ આ અહેવાલના લખાણ માટે જ કામે લાગી ગયાં હતાં. આવી મોટી ધમાલ હરીફ અખબારોથી છૂપી કેમ રહી શકે? એના પ્રતિનિધિઓએ પણ દોડાદોડ કરી મૂકી. પરિણામે ટાઇમ્સ એ સમગ્ર અહેવાલ સંપૂર્ણ તો ન ઉતારી શક્યું, પણ અન્ય અખબારો જ્યારે ઉપરઉપરની વિગતો જ આપી શક્યા ત્યારે ન્યૂ યૉર્ક ટાઇમ્સે બે લાખ શબ્દોમાં તે વાચકો સમક્ષ મૂક્યો; ને સાથે એને આનુષંગિક સાહિત્ય, ચિત્રો, તસવીરો, સંપાદકીય ટિપ્પણો વગેરે તો જુદું! ટાઇમ્સનાં પૂરાં બત્રીસ પાનાં એ માટે રોકયાં હતાં. હજી સુધી કોઈ પણ અખબારે આટલો વિગતસભર અહેવાલ કદાચ આપ્યો નથી!

ઈ. ૧૮૯૬ની ૧૩મી ઑગસ્ટે ઍડોલ્ફ ઑક્સે 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ' ખરીદ્યું, એ વખતે પણ પોતાના તાટસ્થ્યભર્યા સંપાદનને કારણે એ અખબારની પ્રતિષ્ઠા તો હતી જ; પણ ત્યારે એની ગ્રાહકસંખ્યા માત્ર ૯૦૦૦ નકલો ઉપર આવીને ઊભી હતી. આ સ્થિતિ સુધારવાની ઑક્સમાં હામ હતી. છએક દિવસ પછી અખબારના સંપાદકીય પાના પર પોતાના 'સિદ્ધાંતોની જાહેરાત'માં એણે જણાવ્યું કે:

'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'ની કટારોમાં જાહેર મહત્ત્વના બધા જ પ્રશ્નો રજૂ કરીને એના દ્વારા દરેક પ્રકારના બુદ્ધિયુક્ત વિચારો ચર્ચવા માટે, જો વધુ વહેલા નહિ, તો અન્ય કોઈ પણ વિશ્વસનીય માધ્યમ દ્વારા પ્રાપ્ત થઈ શકે એટલા વહેલા, કોઈ પણ ભય કે પક્ષપાત વિના તેમજ કોઈ પણ વાદ પક્ષ કે સંકલિત હિતોની અસરમાં આવ્યા વિના, બધા જ સમાચારો ટૂંકમાં ને સુંદર રીતે, સારા સમાજની શિષ્ટ ભાષામાં આપવાનું મારું ધ્યેય છે.'

પત્રકાર જગતમાં જ્યારે ઑક્સે પ્રવેશ કર્યો ત્યારે લોકો અખબારી સનસનાટીઓથી ધરાઈ રહેવા આવ્યા હતા. આ પરિસ્થિતિને પામી જઈ અને એનાથી પ્રેરાઇને લોકોને સીધા સાદા ખબરો આપવાની અને તે પણ અન્ય કોઈ પણ છાપા જેટલા કે એથી યે વધુ વહેલા આપવાના વચનની જાહેરાતમાં ઑક્સનું બુદ્ધિચાતુર્ય વરતાઈ આવે છે.

પોતાની સહાયમાં ઉચ્ચ કક્ષાના માણસો પસંદ કરવાની આવ-

હત એ ઑક્સની શક્તિનું એક બીજું ઊજળું પાસું છે. કાર વૅટ્સ વાન ઍન્ડાને ન્યૂ યૉર્ક ટાઇમ્સના મૅનેજિંગ એડિટરને પદે મૂકવામાં એની એ શક્તિ દેખાઈ આવી છે. એ પછીના પચ્ચીસ વર્ષમાં વાન ઍન્ડાએ ન્યૂ યૉર્ક ટાઇમ્સને પ્રતિષ્ઠા અને સમૃદ્ધિનાં જે શિખરો પર પહોંચાડ્યું એમાં એણે એની પોતાની શક્તિનો પણ પરચો આપીને પત્રકાર જગતમાં એક ઐતિહાસિક સીમાસ્તંભ સ્થાપ્યો છે.

વાન ઍન્ડાને પણ ઑક્સની માફક દુનિયાના દૂરદૂરના વણખેડાએલા ખૂણાઓમાંથી સમાચારો મેળવવામાં તેમજ જ્ઞાનવિજ્ઞાનના ખબરો આપવામાં ઊંડો રસ હતો. બુદ્ધિશાળી વાચકોને પણ એમાં રસ પડશે એવી એમને બંનેને શ્રદ્ધા હતી, અને આ રીતે ન્યૂ યૉર્ક ટાઇમ્સ દ્વારા વધુ સારી જાહેર સેવા થશે એમ તેઓ માનતા હતા. વૈજ્ઞાનિક સંશોધનો, શોધસફરો, ઉડ્ડયનો ને વાહનવ્યવહારના વિકાસની કથાઓના પ્રકાશનના સર્વ હક્ક સ્વાધીન કરવા માટે ગમે તેવી ભારે રકમ ચૂકવી આપવાની ઑક્સની તૈયારી વિના વાન ઍન્ડા પત્રકારત્વના આવા ક્ષેત્રમાં ન્યૂ યૉર્ક ટાઇમ્સને અગ્રસ્થાને મૂકી શકત નહિ. આવાં મોટાં ખર્ચ માટે ટાઇમ્સના વહીવટદારોમાં કે કાર્યકરોમાં કચવાટ જણાય તો ઑક્સ એ સૌને શાંત પાડતા.

વાન ઍન્ડાએ અખબારમાંથી સનસનાટીભરી સસ્તી ને તકલાદી અસરોને દૂર કરી. સીધાસાદા સમાચારોને શબ્દોના વાઘા પહેરાવી એમાં ચટાપટા રંગ પૂરવાનો એ વખતે અખબારી આલમમાં જાણે કે એક રવૈયો હતો. ઘણા વાચકો પણ આવા વાચનને આવકારતા. પણ એ સૌએ જોયું કે સાદાઈથી રજૂ થતા પણ પૂરેપૂરા પ્રામાણિક સમાચારો આપવાની રસમ સ્વીકારીને ન્યૂ યૉર્ક ટાઇમ્સ પ્રગતિ સાધી રહ્યું હતું. 'બુદ્ધિશાળી વર્ગ સમાચારપત્ર ખબરો અને માહિતી મેળવવા માટે જ ખરીદે છે' એવી ન્યૂ યૉર્ક ટાઇમ્સની માન્યતાને એની ઉત્તરોત્તર સધાતી જતી પ્રગતિએ સાચી સાબિત કરી દીધી.

વાચકોને સમાચારો પહોંચાડવામાં 'ટાઇમ્સ' પોતાના પ્રચંડ પ્રયત્નો વડે અનેક વાર મોખરે રહ્યું છે. રૂસો-જાપાન યુદ્ધમાં પોર્ટ આર્થર પર જાપાને હુમલો કર્યાના ખબરો દરિયા પરથી વાયરલેસ દ્વારા મેળવનાર એ પ્રથમ અમેરિકન અખબાર હતું. રૉબર્ટ ઈ. પીઅરી ઉત્તર ધ્રુવ પર પહોંચ્યાની જાણ પણ એણે જ સૌપ્રથમ જાહેર કરેલી. ઍડમિરલ બાયર્ડની દક્ષિણ ધ્રુવની શોધસફરોનો અહેવાલ મેળવવા છેક ત્યાં સુધી પોતાના ખબરપત્રીને મોકલનાર પણ એ જ પ્રથમ હતું. પિકાર્ડની સ્ટ્રૅટોસ્ફીઅર સુધીની ઐતિહાસિક બલૂનયાત્રાનો અહેવાલ પણ એણે જ પ્રથમ આપેલો, અને ઈ. ૧૯૨૨માં મળેલી એક વિજ્ઞાન-પરિષદનો અહેવાલ આપી અણુશક્તિ-સંશોધકો શું ખોળી રહ્યા હતા એની જાણ પણ એણે જ સૌપહેલાં આપી હતી. 'અણુ-વિભાજનના સાક્ષી વિજ્ઞાનીઓ' એવા મથાળા હેઠળ આપેલા એ અહેવાલમાં તો એ કાળે મોટા ભાગના લોકોને તદ્દન અજાણ એવા 'આઇસોટોપ્સ' ને 'આલ્ફા પાર્ટિકલ્સ' જેવા, આગળ જતાં અણુવિજ્ઞાનના ક્ષેત્રમાં અત્યંત મહત્ત્વના શબ્દો સૌપ્રથમ એણે જ લોકો સમક્ષ મૂક્યા હતા.

વાન ઍન્ડા જેવા જ શક્તિશાળી લેસ્ટર માર્કેલને શોધીને ઑક્સે પોતાના પસંદગીચાતુર્યનું બીજું પ્રમાણ આપ્યું. ઈ. ૧૯૨૩માં જ્યારે ઑક્સે માર્કેલને પસંદ કર્યો ત્યારે એ માત્ર ૨૯ વર્ષની વયનો હતો અને એક અન્ય અખબારમાં મદદનીશ મૅનેજિંગ એડિટર હતો. ન્યૂ યૉર્ક ટાઇમ્સની રવિવારની અઠવાડિક આવૃત્તિનું સંપાદન ઑક્સે તેને સોંપ્યું ત્યારે ત્રણ સંપાદકો, એક મંત્રી ને એક પટાવાળા સાથે માર્કેલે આરંભ કર્યો હતો. આજે એના ખાતામાં લગભગ સો જેટલા



બીજા દિવસના અખબાર પરત્વેના નિર્ણયો લેવા દરરોજ સાંજે ચારથી પાંચ વાગ્યા વચ્ચે નિયમિત મળતી સંપાદકોની બેઠક

માણસો છે. લંડન, પારી(સ) અને વૉશિંગ્ટનમાં એ આવૃત્તિ માટે ખાસ ખબરપત્રીઓ હોવા ઉપરાંત દૈનિક ટાઇમ્સના દુનિયાભરના બધા જ ખબરપત્રીઓનો પણ તે ઉપયોગ કરી શકે છે.

દૈનિક ને અઠવાડિક આવૃત્તિના સમાચાર-વિભાગો પોતપોતાની સામગ્રી અલગઅલગ અને જુદીજુદી પદ્ધતિથી મેળવે છે. દૈનિકના સંપાદકોએ દુનિયાભરમાંથી સતત આવતા રહેતા દસેક લાખ શબ્દોના ધોધમાંથી પોતાને કામની વિગતો તારવવી પડે છે. તેઓ ખાસ લેખો અને અહેવાલો પણ મંગાવે છે, પણ મોટે ભાગે તો તકદીર જે કંઈ સમાચાર સર્જે તેમાંથી એમણે અખબાર ઊભું કરવાનું હોય છે. એમાંથી રોજના સમાચારોની પસંદગી અને એના પરત્વેના એમના નિર્ણયો દરરોજ સાંજે ચારથી પાંચ વાગ્યા વચ્ચે નિયમિત મળતી એમની બેઠકમાં નક્કી થાય છે. મૅનેજિંગ એડિટર અને એના બે મદદનીશો, સમાચાર-સંપાદક ને એના સહાયકો, તથા દેશવિદેશ, શહેર, વેપારરોજગાર. રમતોગમતો, અર્થકારણ અને ચિત્રવિભાગના ખાસ સંપાદકો એ બેઠકમાં હાજર રહે છે.

બીજી બાજુ રવિવારની આવૃત્તિમાં લગભગ નેવું ટકા કે એથીયે વધુ પ્રમાણની લેખસામગ્રી તો માર્કેલ અને એના મદદનીશો કાર્યાલયમાં તૈયાર કરે છે. એ માટે એકેએક ક્ષેત્રમાં એમની શોધખોળ ચાલતી જ રહે છે. દર અઠવાડિયે તેઓ ચાર પૂર્તિઓનું પ્રકાશન કરે છે. એમની સાહિત્યપૂર્તિમાં તો વરસે લગભગ બે હજારથી યે વધારે પુસ્તકોનાં જાણીતા વિવેચકો ને વિદ્વાનોએ કરેલાં અવલોકનો પ્રકટ થાય છે. એમની મૅગેઝીન પૂર્તિમાં કાર્યાલયની તેમજ બહારની વિભિન્ન ક્ષેત્રોની અધિકૃત વ્યક્તિઓની કૃતિઓ છપાય છે. ત્રીજી પૂર્તિમાં ચાલુ નાટ્યપ્રવૃત્તિઓ, ચલચિત્રો, સંગીત, નૃત્ય, ટેલિવિઝન, રેડિયો, ગ્રામોફોનની રેકૉર્ડ, કળા, હરાજી. બ્રિજની રમત, ટપાલટિકિટ, સિક્કા-સંગ્રહ, પ્રવાસો, બાગબાની, ફોટોગ્રાફી, મોટરગાડી ને ઉડ્ડયનવ્યવહારનાં વિકાસ તથા ગૃહવિષયક બાબતો જેવા અનેકવિધ વિષયો અંગે અધિકૃત નિષ્ણાતોના લેખો, વિવેચનો ને ચિત્રો આવે છે.

રવિવારની આવૃત્તિનું ચોથું નિયમિત અંગ, જેને ઘણા વાચકો સમાચારની કટારો પછીનું સૌથી અગત્યનું અંગ ગણે છે, એ છે 'સાપ્તાહિક સમીક્ષા.' સપ્તાહ દરમિયાનના દુનિયાભરના અગ્રગણ્ય

સમાચારોની સમીક્ષા, પૃથક્કરણ, વિવેચન ને એના પરથી આગામી સપ્તાહમાં સંભવિત વળાંકોનું એક સમતોલ ચિત્ર એમાં રજૂ થાય છે.

પુસ્તકો, નાટકો અને મનોરંજનના અન્ય પ્રકારોનાં વિવેચનો પછી ન્યૂ યૉર્ક ટાઇમ્સમાં એક જ પાનું એવું છે કે જેના પર અખબારના પોતાના અભિપ્રાય વ્યક્ત થાય છે. એ છે એનું સંપાદકીય લેખનું પાનું. એનું મહત્ત્વ ઘણું ઊંચું અંકાય છે. મોટા ભાગના તંત્રીલેખો ટાઇમ્સ સાથે પા સદીથી યે વધુ વખતથી સંકળાએલા ચાર્લ્સ મર્ઝ અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાત એવા એની નીચેના આઠ સંપાદકોનું મંડળ તૈયાર કરે છે. આ સંપાદકીય પાનાનું ગૌરવ દેશવિદેશમાં સ્વીકારાય છે એટલું જ નહિ અમેરિકાની સંસદમાં પણ એના સંદર્ભો લેવાય છે.

ટાઇમ્સના સમાચારોની કે વિચારોની રજૂઆતમાં બહારની કોઈ પણ અસર ન પડે તેની કાળજી રખાય છે. એમાં જાહેરખબરો આપનારે પણ ટાઇમ્સે નક્કી કરેલાં ધોરણો જાળવવાં પડે છે. જરૂર પડયે સમાચારો કે સંપાદકીય લેખો લેવા માટે મોટી આવક જતી કરીને પણ જાહેરખબરો ખસેડી નાખતાં ટાઇમ્સ અચકાતું નથી.

એનો મોટા ભાગનો વાચકવર્ગ તો ન્યૂ યૉર્ક શહેર અને એની આસપાસમાં જ વસે છે. શનિવારે રાત્રે જ્યારે રવિવારની પૂર્તિઓ પ્રકટ થાય છે ત્યારે તો ટાઇમ્સના મકાનની આસપાસ ફરતા ૮૦ કીલોમીટર જેટલા વિસ્તારમાં એના અંકો વહેંચવા માટે ૫૦૦ જેટલી મોટી ટ્રકોની જરૂર પડે છે. રેલવે અને વિમાનમાર્ગે જતી નકલો અમેરિકાના છેક પશ્ચિમ છેડા સુધી પહોંચાડાય છે. આ પૂર્વ અને પશ્ચિમ છેડા વચ્ચે જે લાંબું અંતર છે એને કારણે એના સ્થાનિક સમયમાં લગભગ ત્રણેક કલાકનો તફાવત પડે છે. એનો લાભ એ થાય છે કે બંને છેડાના લોકો પોતાના સવારના નાસ્તા સમયે ટાઇમ્સ વાંચી શકે છે.

વળી, મનિલા ને મેલબોર્ન (ઑસ્ટ્રેલિયા) સુધી ટાઇમ્સની રવિવારની આવૃત્તિની મેટ્રિકસો (પોચા જાડા કાગળમાં દબાવેલી છાપ) પહોંચાડાય છે ને ત્યાં પણ એ છપાઇને વહેંચાય છે. આ જ રીતે દ૦ અમેરિકા અને પારી(સ)માં પણ દૈનિક અને અઠવાડિક આવૃત્તિઓની મેટ્રિકસો પહોંચાડી ત્યાં એનું છાપકામ કરવામાં આવે છે.

આમ, ન્યૂ યૉર્ક ટાઇમ્સ સામાન્ય વાચક, રમતગમતના રસિયા, સંસદના સભ્યો, જાહેરાત આપનારાઓ, ગૃહિણીઓ, શિક્ષકો એમ ઘણાને મન ઘણી ગરજ સારે છે. ઈ. ૧૯૫૧માં એની શતાબ્દી વેળા ન્યૂ યૉર્ક શહેરના ઓછામાં ઓછા પચ્ચીસ વર્ષથી પત્રકારત્વ ખેડતા સંપાદકો ને ખબરપત્રીઓની એક સામાજિક સંસ્થા 'સોસાએટી ઑવ સિલ્યુરીઅન્સ'એ ટાઇમ્સને જે શબ્દોમાં બિરદાવેલું એના પરથી આ અખબારની ઓળખ મળે છે. ટાઇમ્સને એમાં 'બહુશ્રુત વિદ્વાન પણ ડોળઘાલુ પંડિત નહિ, વાસ્તવલક્ષી પણ બેપરવા નહિ, બહુ વિગતસભર અને મહેનતુ પણ નીરસ નહિ, શક્તિશાળી પણ આક્રમક નહિ, સત્યને વરેલું પણ અસહિષ્ણુ નહિ. રાજકારણમાં નિખાલસ પણ પક્ષકાર નહિ, દૃષ્ટિ આવરણ ને વગમાં જગતવ્યાપી છતાં સદા અમેરિકન' ગણાવીને એને 'સન્માનીય, જોમભર્યું, ઉપયોગિતામાં સદા વિકસતું સામાજિક વિકાસ પર સ્પષ્ટ નિગાહ રાખતું નિરીક્ષક અને નાગરિકત્વનું સજાગ પુરસ્કર્તા તથા રાજ્યવહીવટમાં જાગરૂકતાનું હિમાયતી' કહીને વધાવ્યું છે. (હવે પછી 'ઈઝ્વેસ્ટિયા')

રંગગઠરિયાં (અનુ. પૃ. ૪૯૦થી) પોતાનાં રંગબેરંગી ચિત્રો, ખડીમીણ લક્કડ તાણાવાણા તાંતણાની રચેલી પ્રતિમાઓ, વિવિધ પ્રકારની સામગ્રી, ભરતગૂંથણના પરદા, બિછાનાં, કાગળની કાપલીઓમાંથી પેદા કરી બેનમૂન ઉપયોગમાં લેવાતા પ્રકાશના શેઇડો, એવીએવી અકલ્પિત અઢળક કલાસામગ્રી વેચતા બેઠા જોશો. બે ચાર આંટા મારી તમને ગમતી વસ્તુ પસંદ કરી લ્યો. જેમ રાત વધતી જશે તેમ તે સસ્તામાં મળવાની શક્યતા ઊભી થશે; ક્યાં તો એ વેચાઈ પણ ગઈ હોય, યા મધરાતની આસપાસ થાકેલી ઘરભણી જવા તૈયાર થએલી બેલડી તમને પાણીને મૂલ્યે પણ આપી જશે. આ મેળો, આ નાટક, આ ખુમારી, આ તમાશો, આ મદીલી કલાપ્રિય જમાતનો જ મેળો જરૂર જોવા જેવો છે.

એ વિદ્યાર્થીઓમાંના જ યુનિવર્સિટીનું થીએટર ચલાવે છે. નાટ્યસાહિત્ય અને નાટ્યનિર્માણના અભ્યાસના વર્ગો તો છે જ, પણ રંગભૂમિ ઉપર હજી તો જન્મ્યો જ નથી એવા નાટકકારની કૃતિના, અથવા કોઈની કલ્પનામાં નથી બેઠું એવા પ્રકારના પ્રોડકશનના સચોટ પુરાવા આપનારા ઇશારા અહીં જોવા મળે. એ લોકોની રચેલી વેશભૂષામાં, યા શણગારેલી રંગભૂમિમાં નવાં કૌતુકો જરૂર પેખવા મળે, ઊછરતો લેખક જરૂર કંઈ ને કંઈ પ્રેરણા મેળવે. ના, કંઈ જ નથી, તખ્તા ઉપર તદ્દન એકધારું અંધારું છે, ત્યાં બેત્રણ પાત્રો ઝબકી ઊઠશે, આટલો જ પ્રકાશ પથરાશે, હોલવાશે, આપને થશે કે ત્રણ કે ચાર જે રીતે અંધારામાં જે અલગારમાં ખડા રહી પળભર ઝબકી ગયા, તે વીજળી જ હતી, વીજરેખાનું નટો દ્વારા સૂચન નહિ સર્જન હતું. અને તરત આછા પ્રકાશમાં માથે-મોઢે ઓઢી એક બેલડી નાઠી, તે પ્રણયઘેલી પ્રેમની મૂર્તિઓ જ હતી, અને તરત ચાબૂકના અવાજ સડસડ, ઘોડાના પગના દાબડા દબડક દબડક, અને ઘોડેથી ઊતરીને લશ્કરી અદાથી ઊભા રહી ગએલા અસવારો, એને મોખરે સશસ્ત્ર સશક્ત ઉમરાવજાદો છે, અને પ્રકાશ વધતાં જ ત્રાડ નાખે છે. ચારે દિશામાં અસવારોને દોડવા હુકમ આપે છે. ક્રોધથી પ્રેમથી બળ્યોઝળ્યો છે, હાથ-માથું પછાડે છે, પણ ભાઈ હાથથી ગઈ તે સદાની ગઈ. ધન, દોલત, સત્તા અન્યના નિર્મળ પ્રેમમાં પડેલી કિશોરીને લલચાવી શકતાં નથી, એને ભયંકર ઝંઝાવાતભરી રાત્રિએ નાસી જતી ખાળી કે રોકી શકતાં નથી. વીજળીને વેગે વધતું નાટક, કે કશું જ બનતું નથી એવા દશબાર નટો ફક્ત રંગભૂમિ ઉપર જુદીજુદી અવસ્થામાં પડેલા ખડા છે, નથી એ ટેબ્લો, નથી એ નૃત્ય, નથી એ સતતની ક્રિયા, છતાં છે ફક્ત એક કોમ્પોઝિશન, એક ફૉર્મ, એક ઘાટ, એક સંવેદન, અને તમને આપોઆપ એમાંથી કંઈ વાતનો મુદ્દો મળી જાય છે. એવા અખતરા, નવનવીન પ્રયોગો મ્યુનિખની યુનિવર્સિટીમાંની રંગભૂમિ ઉપર જોવા-માણવા મળશે.

અહીંથી ઈસર નદી ઓળંગી આપણે એક વાર ફરી આવ્યા છીએ એ સાલ્ઝબર્ગ થઈ જર્મનીની જેમ જ રંગભૂમિના ક્ષેત્રમાં ડંકો વગાડનાર, અથવા તો ઑસ્ટ્રિયાના વિયેનાથી જર્મનીમાં પ્રવેશ કરાવનાર, ડાન્યુબને કાંઠે ફરી વાર વિયેના ગયો. એના ઓપેરા હાઉસની કથા તો આપણે જોઈ ગયા છીએ, એના હ્રાઈનાહાર્ટનો કસબ આપણે પ્રમાણી ગયા છીએ. હું તો ત્યાંની યુનિવર્સિટીમાં પ્રો. પંડિત ડૉ. હાઈન્ઝ કિન્ડરમાનને મળવા જતો હતો અને એની લાયબ્રેરીમાં અત્યંત આસાનીથી એમને મળ્યો. (ચાલુ)

ગુજરાત સાહિત્ય સભા તરફથી વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મય પ્રકાશનોની સમીક્ષાનું કામ સને ૧૯૬૬ માટે પ્રો. ચંદ્રકાન્ત મહેતા (૨/૫૨, રૂપનગર, દિલ્હી-૭)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્ય સભાની વિનંતી છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં વાર તેમને મોકલીને આભારી કરશો.

 ચામડીના રોગમાં, જ્ઞાનતંતુઓના વ્યાધિમાં,- પેશાબની પથરીમાં, મેદવૃદ્ધિમાં અને કૃશતામાં

આહાર

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરના રક્ષણ માટે ચામડી એ એકલું ઢાંકણ નથી પણ તે જીવંત અવયવ છે. પોષણની ખામી ચામડી ઉપર છતી થયા વિના રહેતી નથી. ખોરાકના દાહક ને કહેવાતા પદાર્થો લોહીમાં ભળવાથી તેની માઠી અસર ચામડી ઉપર દેખાય છે. ઍલર્જી ચામડી ઉપર છતી થાય છે. દૂધ અથાણાં ફળ માછલી ઇંડાં કે અજાણ્યો ખોરાક માફક ન આવે ત્યારે ચામડી ઉપર શીળવા થાય છે જે એવો ખોરાક છોડવાથી મિસી જાય છે.

યૌવનારંભે ચહેરાનો દેખાવ બગાડનાર ખીલ અને માથામાં ખોડા વખતે ચરબી ઘટાડી શુકધાન્યો ખાવાથી ફાયદો થાય છે. ગુદા અને યોનિની ખજવાળ માટે પેશાબમાં સાકરની તપાસ થવી જરૂરી છે. આ સ્થિતિ વખતે મરીમસાલા છોડવાના છે. ચરી પાળવાનો ખરો ગુણ તો ખરજવામાં માલૂમ પડે છે. ટમેટાં ને ખાટાં ફળ, આદુ સૂંઠ મસાલા જેવા તીખા પદાર્થો ને રીંગણ વગેરે ખાવાથી ખરજવામાં વધારો થાય છે. બાળકોને દૂધ ને ઇંડાં માફક નથી આવતાં. દારૂથી ખરજવાની સ્થિતિ બગડે છે. સાદો મોળો ખોરાક ફાયદો કરે છે.

આપણે આગળ ઍલર્જી શબ્દ વાંચી ગયા. આ વિશિષ્ટ વિકાર અવસ્થા છે. હવા, પાણી ને ખોરાક દ્વારા શરીરમાં ગએલા કોઈ પદાર્થના કારણે તે થાય છે. ઍલર્જીનાં લક્ષણોમાં ઊલટી ઝાડા દમ ને શીળવા થઈ આવે છે. ઍલર્જી આણનાર ખોરાકનો પદાર્થ જાણવો મુશ્કેલ છે, પણ ઘઉંનું ગ્લુટન નામનું પ્રોટીન, ભાત, દૂધ, બગડેલાં ઇંડાં, માછલી, માંસ વગેરે ઍલર્જી આણનાર છે.

જ્ઞાનતંત્રના રોગોમાં

જ્ઞાનતંત્રના રોગોમાં ફેફરું વધુ પ્રસરેલું છે. એમાં મીઠું ને પાણી ઓછાં કરવાનાં છે. જોકે હમણાં શોધાએલી દવાઓથી પથ્યની જરૂર ન હોવાનું કહેવાય છે, પણ અનુભવમાં ઉપયોગી નીવડેલી બાબત ઉપર દર્શાવી છે.

વાતરોગમાં

પ્રૌઢ ઉંમરની આસપાસ વાતરોગની પીડા સામાન્ય છે. એ વખતે સાંધા અગર તો માંસપેશીઓનો દુઃખાવો થાય છે. માત્ર પગના અંગૂઠાનો સોજો આવી પીડા ઉપજાવે એ નજલા(ગાઉટ)નું લક્ષણ છે.

સાંધાના વા વખતે ખટાશવાળી ચીજો ખાવાની બંધ કરવામાં આવે છે, પણ લીંબુ મોસંબી ને આંબળાંની ખટાશ માફક આવે છે. તેનાથી શરીરમાં થતા ક્ષારીય (આલ્કલાઈન) પદાર્થો આ સ્થિતિ માટે ગુણકારી છે લોહીને આમ્લિક (ઍસિડિક) બનાવે એવા પદાર્થો તજવાના છે. આમાં દાળ ભાત રોટલી અને માંસાહારનો સમાવેશ થાય છે.

વાની પીડા વખતે માત્ર શાકભાજી ફળો ને દૂધનો આહાર લેવો. વા મટયા બાદ ધીમેધીમે રોજિંદો ખોરાક શરૂ કરવો.

વા કરતાં નજલાની પીડા તીવ્ર છે. સાંધામાં યુરિક ઍસિડ જમા થવાથી નજલાની પીડા થાય છે. ખોરાકના પ્યુરિન પદાર્થોમાંથી યુરિક ઍસિડ પેદા થાય છે. ભાજી ચા કૉફી માંસ મચ્છી કલેજું પ્યુરિનધારક પદાર્થો છે. શુકધાન શિબીધાન કંદ ને લીલોતરી શાકમાં તે ઓછાં છે. નજલામાં એકબે ઉપવાસ બાદ દૂધ માખણ ને ફળ લેવાં. ત્યાર બાદ દૂધ ને ફળો ચાલુ રાખી દાળ ભાત રોટલી ને શાક લેવાં. રોગીએ કાયમને માટે ઓછા ઉષ્માંકવાળો ખોરાક લેવાનો છે. દારૂ તદ્દન વર્જ્ય છે.

પેશાબની પથરીમાં

પ્યુરિન પદાર્થોવાળા ખોરાક ઓછા લેવા પડે એવી માંદગી પેશાબની પથરી છે. પથરી થવાનાં ઘણાં કારણો છે પણ તે ત્રણ જાતની હોય છે: યુરેટ, ફૉસ્ફેટ ને ઑક્ઝેલેટ. આ ત્રણમાંથી ફૉસ્ફેટની પથરી વધારે થાય છે. ઑક્ઝેલેટની પથરી કઠણ ને પીગળે નહિ તેવી હોય છે.

યુરેટ ને ઑક્ઝેલેટની પથરીમાં પેશાબ ક્ષારીય (આલ્કલાઈન) રહે એવા પદાર્થો જેવા કે દૂધ ફળ ને શાકપાન વિશેષ લેવાં. યુરેટની પથરીમાં માંસ કલેજી કઠોળ ચા કૉફી છોડવાનાં છે. ઑક્ઝેલેટની પથરીમાં ટમેટાં, ભાજીનાં શાક ને મૂળાની ભાજી ન ખાવાં. ચા કૉફી ઓછાં લેવાં કે છોડવાં. ભાત ઘઉં ઘી ગોળ દૂધ ઇંડાં લઈ શકાય.

ફૉસ્ફેટમાં પેશાબ આમ્લિક(ઍસિડિક)રહે એવા પદાર્થો ખાવાના છે. દૂધ શાકપાન ઓછાં ખાવાં. ભાત રોટલી ને પ્રાણિજ પ્રોટીન ખાવાં. વધારે પરસેવો થાય એવા ગરમ પ્રદેશમાં રોગીએ પુષ્કળ પાણી પીવું.

મેદવૃદ્ધિમાં

મહર્ષિ ચરક અને મહર્ષિ શુશ્રુતે અતિસ્થૂળ અને અતિકૃશ માણસો વ્યાધિયુક્ત ગણ્યા છે. જાડા શરીરમાં ડાયાબીટિસ, લોહીનું ઊંચું દબાણ, ફેફસાંનો એમ્ફીસિયા, આર્ટીરિયો સ્કલૅરોસિસ, હૃદય, કલેજા ને મૂત્રપિંડના રોગ, વંધ્યત્વ ને અકાળ મૃત્યુનું જોખમ રહેલું છે.

પુષ્કળ ખાવાથી જ જાડા થવાય છે એવું નથી પણ બહુ ખોરાક સાથે થોડો શારીરિક શ્રમ હોવાથી શરીર સ્થૂલ બને છે. જરૂર કરતાં વધારે ખવાય ત્યારે શરીરમાં ચરબી જમા થાય છે. અઢાર કરતાં એકવીસની ઉંમરે, યુવાની કરતાં ચાલીસપચાસની ઉંમરે અને જીવનના મધ્યાંતર કરતાં ઘડપણમાં હલનચલન ઓછું થવાથી ને વધારે આરામ હોવાથી અગાઉના કરતાં ઘણો ઓછો ખોરાક હોવો જોઈએ. ટૂંકામાં વધારે ખોરાક ને ઓછો શ્રમ એ મેદવૃદ્ધિનાં જોડકાં કારણો છે.

સ્ત્રી કે પુરુષને કામ ઓછું કરવાનું હોય ત્યારે શરીરનું વજન વધવા માંડે છે. આપણને ખોરાકનું વ્યસન પડયું છે એટલે જરૂર ન હોવા છતાં ય કેટલીક વાર તો વગર ઇચ્છાએ ખવાય છે. તેમાં યે ગળ્યા પદાર્થો વધારે ખવાય છે. એટલે વજન ઉતારવા માટે ખોરાક તૃપ્તિદાયક હોવા છતાં ય ઓછા ઉષ્માંકવાળો અને પોષણદાયક હોવો જોઈએ.

મેદવૃદ્ધિ ઘટાડવાના ખોરાકમાં સૌપ્રથમ ધ્યાન ચરબી તરફ જાય છે. પણ ચરબી વગર ખોરાક અરુચિકર થઈ પડે છે અને વારંવાર ભૂખ લાગે છે. ચરબીને કારણે ખોરાક હોજરીમાંથી ધીમેધીમે જતો હોવાથી તે તૃપ્તિદાતા થઈ પડે છે. વળી, શરીરના ઘસારાની મરામત માટે પ્રોટીનો આવશ્યક છે, એટલે તેમનું પ્રમાણ ઓછું ન થઈ શકે. એટલે રોગીએ ઘટાડવાનો કે ઓછો કરવાનો કોઈ ખોરાક હોય તો તે કાર્બોહાઈડ્રેટ છે. આમાં ઘટાડો કરી ઉષ્માંક ઓછા કરવા જોઈએ.

ઉત્તરવયમાં સ્થૂલતા તરફ વલણ ધરાવતા લોકો માટે ‘અતિ દગાખોર દુશ્મન જેવા ખાદ્યોમાં દૂધ ખાંડ બીઅર ને માખણ’ હોવાનો વિલિયમ બૅન્ટિંગનો અભિપ્રાય હચિન્સન ટાંકે છે. બધા ખોરાકોમાં ખાંડ અતિ સ્થૂલતા આણનાર છે અને અઠવાડિયામાં તેના પાંચ ઔંસ વપરાશથી એક રતલ વજન વધતું હોવાનો બૅન્ટિંગનો અનુભવ છે.

ટૂંકમાં વજન ઉતારવા રોજિંદા આહારના ઉષ્માંક ઘટાડવા માટે ખોરાકમાં વધારે કાપ કાર્બોહાઈડ્રેટ પદાર્થોનો કરવાનો છે, ચરબી મિત

લ ઘુ ક થા

અણસાર!

રસિક ઝવેરી

સ્કૉટલૅન્ડ યાર્ડની મુલાકાતે ગયો ત્યારે મારા પાસપોર્ટમાં પત્રકાર તરીકેની ઓળખ જોઇને ફરજ પરના અધિકારી મિ. હચિન્સને મને બધે ફેરવી ખાસ ચીવટથી ઘણી વિગતો સમજાવી. મુલાકાત પૂરી કરી અમે કૉફી પીતા હતા એટલામાં ફોનની ઘંટડી રણકી. વાત પતાવી મિ. હચિન્સને મને કહ્યુ: 'કાલે રાત્રે અમે ચોરીનો એક કિસ્સો પુરાવા સહિત—રેડ હૅન્ડેડ—પકડી શકયા છીએ, એ સંબંધી ફોન હતો. તમને કદાચ એમાં રસ પડશે.'

'જૉન અને ટૉમ લંડનના એક પબ (દારૂના પીઠા)માં પેઠા. બપોરે ત્રણેક વાગ્યાનો સમય, એટલે પબમાં કોઈ ઘરાક નહોતા. બારમૅન પાસે કાઉન્ટર પરથી બીઅર પીતા જાય અને વાતો કરતા જાય. શહેર બહાર આવેલા એક ડ્રૂગસ્ટોરને લૂટવાની બંને સંતલસ કરી રહ્યા હતા. આખી યોજના કેમ પાર ઉતારવી એની વિગતોની ધીમે અવાજે સંભાળપૂર્વક ચર્ચા ચાલતી હતી. કાઉન્ટર પરના બારમૅને અમને ફોન પર તરત જ એ સંતલસની ખબર કરી. ફોન આવ્યો કે તરત જ અમે રેડિયો મેસેજથી પબ પાસેના ઑફિસરને જૉન ને ટૉમની હીલચાલ પર નજર રાખવા કહ્યુ. ને રાત્રે બંનેને ડ્રૂગસ્ટોર લૂટતા પકડી પાડયા.

એ બારમૅન બહેરો છે, સાંભળી શકતો નથી; એટલે, આદતના જોરે, હોઠ ફફડે એ—લિપ મૂવમેન્ટ—પરથી વાતચીત સમજવાની કળા એણે સાધી લીધી છે!'

પ્રમાણમાં ઘટાડવાની છે. ચા-કૉફી પણ બહુ ઓછી ખાંડ અને થોડા દૂધવાળી લેવાની છે. ભાત ભાખરી રોટલા રોટલીનું પ્રમાણ ઘટાડી તેના બદલે શાકપાન વધારે લઈ પેટ ભરવાનું છે. દૂધ મર્યાદિત પ્રમાણમાં ને ઘી કે માખણ આખા દિવસમાં અડધો ઔંસ લેવાની છૂટ છે.

વજન ઉતારવા માટે અધિકારી લેખકો દ્વારા ખોરાકના અનેક કોઠાઓ પ્રકટ થએલા છે. ખોરાકનો એ ક્રમ દરેકને લાગુ પડતો નથી, પણ એ જાણવાથી જિજ્ઞાસુને ખાવાની રસમનો સ્પષ્ટ ખયાલ આવે છે. પચાસ રોગીઓમાંથી થોડાકનું સાડાત્રણ મહિનામાં ૫૦ રતલ, તો બીજાઓનું ૧૮ થી ૨૦ રતલ અને મહિનાનું સરાસરી ૮ થી ૧૦ રતલ વજન ઘટવાનો ડૉ. વિનોદ એ. ધુરંધર લિખિત અહેવાલ ધ્યાનપાત્ર છે. તેમણે રોગીને રોજિંદા એક હજાર ઉષ્માંકથી શરૂઆત કરાવી અને જો મહિને ૮ થી ૧૦ રતલ વજન ઊતરે તો ઉષ્માંકનું પ્રમાણ ઘટાડી રોજનું ૭૫૦ થી ૫૦૦ ઉષ્માંક કરી સફળતા મેળવવાનું લખ્યું છે.

આમિષાહારી માટે એક હજાર ઉષ્માંકધારક ખોરાકની ડૉ. ધુરંધરની યાદી પ્રમાણે-સવારના નાસ્તામાં એક નારંગી, એક ઈંડુ કે થોડી માછલી, પાંઉનો પાતળો ટુકડો, માખણ ને દૂધવાળી ચા; દસ વાગ્યે: એક પ્યાલો પાણી, દૂધવાળી ચા કે કૉફી; બપોરે જમણમાં: તળ્યા વિનાની માછલી કે માંસ, શાકપાન, ફળ, ચા, પાંઉનો ટુકડો ને માખણ; સાંજે: દૂધવાળી ચા અને વાળુમાં થોડું માંસ કે મચ્છી, શાકનું કચુંબર, ફળ, પાંઉનો એક ટુકડો ને માખણ. એ પ્રમાણે ખોરાકનું આયોજન કરવું; રોજ દસ ઔંસ દૂધ ને અડધો ઔંસ માખણ લેવાની છૂટ છે.

આહારવિજ્ઞાન નામના પુસ્તકમાં ડા. જે. ડી. પાઠક આશરે ૧૧૦૦ ઉષ્માંકધારક ખોરાકની યાદી આ પ્રમાણે વર્ણવે છે: નાસ્તામાં. ૨ ઔંસ દૂધવાળી ચા કે કૉફી, જમણમાં એક અધોળ લોટની રોટલી, દાળ કઠોળ પોણો ઔંસ, છાસ ૧૦ ઔંસ, પનીર ઔંસ, શાક ૪ થી ૬ ઔંસ અને મોસંબી કે નારંગી ૧ નંગ; બપોરની ચા: ૨ ઔંસ દૂધવાળી ચા કે કૉફી અને પપૈયું સફરજન કેરી મોસંબી જેવું ફળ ઇચ્છા મુજબ; વાળુ: ભાખરી કે રોટલી એક ઔંસ, પનીર ૨ ઔંસ, છાસ ૧૦ ઔંસ, શાકભાજી ૪ ઔંસ.

આ ખોરાક એકધારો થઈ ન પડે તે માટે જુદાંજુદાં કઠોળ અને શાકપાનનો ફેરફાર થઈ શકે છે. ખાંડ ગોળ મધ મીઠાઈ મુરબ્બા ભાત કોદરી કેઈક ચૉકલેટ ઘી માખણ તેલ મગફળી કાજુ આલુ બદામ કેળાં બટાટા શક્કરિયાં સૂરણ બીટ કંદમૂળ ડબામાં સંઘરેલાં ફળ મેદ ઉતારવામાં ત્યાજ્ય છે. પાણી અને મીઠું પણ બને એટલું ઓછું લેવાનું છે. રુચિકર અને સ્વાદિષ્ટ બનાવવા મસાલા વાપરવાની છૂટ છે. આ યાદી સિવાય બીજું કે વધારાનું ખાવાની મનાઈ છે.

મેદ ઉતારવાના પથ્યાપથ્યમાં હચિન્સન શરૂઆતમાં એકથી પાંચ દિવસના ઉપવાસ કરવાનું લખે છે. એથી વજન જલદી ઊતરવા સાથે ખાવાની રુચિ પણ ઘટે છે; પણ આ રીત ઇચ્છનીય નથી. આના કરતાં ૧૩૦ ગ્રામ કાર્બોહાઇડ્રેટ, ૭૧૦૨ ગ્રામ પ્રોટીન અને ૩૯ ગ્રામ ચરબી ને ૧૧૯૦ ઉષ્માંકધારક ખોરાકથી શરૂઆત કરવી ઇચ્છનીય છે. એ માટે—નાસ્તો: ૨ ઔંસ રોટલો ભાખરી કે બ્રેડ બે ઔંસ કેળાં કે ૪ ઔંસ સફરજન કે ૭ ઔંસ તરબૂચ યા એક મોસંબી કે ૭ ઔંસ ટમેટાં; જમણ: ત્રણ ઔંસ માંસ કે દોઢ ઔંસ કઠોળ, ત્રણ ઔંસ બટાટા, લીલોતરી શાકપાન, ૧ ઔંસ બ્રેડ ભાખરી કે રોટલો રોટલી; બપોરની ચા સાથે ૧ ઔંસ ભાખરી કે રોટલી કે બ્રેડ કાચાં ટમેટાં; વાળુ: ૪ ઔંસ બાફેલી માછલી કે ૨ ઔંસ કઠોળ, ૩ ઔંસ બટાટા, ૪ ઔંસ મોસંબી નારંગી કે સફરજન અથવા ૨ ઔંસ કેળાં લીલી દ્રાક્ષ યા ૭ ઔંસ તરબૂચ કે ૬ ઔંસ ટમેટાં અને આખા દિવસ દરમિયાન અધોશેર દૂધ.

આ આહારથી લાંબા સમય સુધી સ્વાસ્થ્ય જળવાતું હોવાનું કહી હચિન્સન અઠવાડિયે એક કે બે રતલ વજન ઉતારવાનું સૂચવે છે. ઉમર અને ઊંચાઈ અનુસાર વજન ઊતર્યા બાદ ખોરાકના ઉષ્માંક વધારી વજનની તપાસ રાખવી.

વજન ઉતારવા માટે વ્યક્તિગત આહારની આયોજના લખવી મુશ્કેલ છે. ખરી રીતે તો રોગીએ કાર્બોહાઇડ્રેટ પ્રોટીન ને ચરબીધારક ખોરાકોની યાદી જાણવી જોઇએ, જેમાં આ ઘટકો વધારે હોય તે ખોરાક ત્યજવો અગર તો જાણકાર આહારશાસ્ત્રીની સૂચના અનુસાર વર્તવાનું રાખવું. ખોરાકમાં ફેરફાર કરી મેદ ઉતારવા રોગીએ અવારનવાર દાક્તર પાસે શારીરિક તપાસ કરાવવી ઇષ્ટ છે.

કૃશતામાં

કેટલીક વ્યક્તિઓ ખોરાક વધારે પ્રમાણમાં લેતી હોવા છતાં ય શરીરે કૃશ હોય છે. શ્રમના પ્રમાણ કરતાં જે ખોરાક વધારે લેવાય તે શરીરમાં ચરબીના રૂપમાં જમા થાય છે પણ અમુક શરીરમાં અભિશોષણની નિષ્ફળતાના કારણે શરીરમાં ચરબી જમા થતી નથી.

શરીરમાં ચરબી જમા થવા માટે વધારે ખોરાક અને સંપૂર્ણ આરામ ગુણકારી છે. ખોરાકમાં યે ચરબી દ્રવ્યો વધુ ઉપયોગી છે, બીજા ક્રમમાં કાર્બોહાઇડ્રેટ છે. ચરબી ને કાર્બોહાઇડ્રેટથી ઉષ્માંકમાં વધારો કરવા સાથે ચા કૉફી ને તમાકુનું વ્યસન ઓછું કરવાથી માંડી છોડવાનું છે. ચા કે તમાકુનું વ્યસન ભૂખ મારે છે. હળવી કસરતથી માંસપેશી સુદૃઢ થાય છે અને વજન વધારવામાં તે સહાયક નીવડે છે.

ગંભીર માંદગીની સમારોગ્યતા ક્ષય અને ન્યુરેસ્થેનીઆની માંદગીમાં વજન વધે એવા ખોરાકની આયોજના કરવી પડે છે. દૂધ મલાઈ માખણ અને ખાંડનું વધુકું પ્રમાણ વજન વધારનાર નીવડે છે.

રંગગઠરિયાં-૭૫

‘સર્જ સેટાયર આઈરની અને એવું બધું’ લુડવિગ સ્ટ્રાસે અને રંગભૂમિમાં નવાં કૌતુકો

લેખક ચન્દ્રવદન મહેતા



ક્રિશ્ચિયન ડીટ્રિચ ગ્રાબે

આ. ચાનક મારા હાથમાં એક વાર એક જૂના પુસ્તક વેચનારને ત્યાંથી ગ્રાબે - સંસ્કૃતના વિદ્વાન ગારબે નહિ - ‘સર્જ સેટાયર આઈરની ને એવું બધું’ એવા લાંબા મથાળાનું એક નાટકનું પુસ્તક હાથમાં આવ્યું હતું. અંગ્રેજીમાં છપાએલું-તરજુમાએલું એ વાંચીને એના કર્તા વિષે વધારે જાણવા ચટપટી લાગી હતી, પણ ત્રણ-ચાર વર્ષોથી કશો મેળ જામે નહિ, તે છેક મ્યુનિખમાં એનો મેળ આબાદ જામી ગયો. ભજવાતાં નાટકોની યાદી જોઉં છું તો આજે સાંજે જ એ નાટક ભજવાય છે, એ જાણતાં મારી દેખભાળ રાખનારાઓને એની વ્યવસ્થા કરવા ટેલિફોન રણકાવું છું, તો વહીવટદાર કહે છે, ‘અરે એ તો જૂનું નાટક, એમાં શું બળ્યું છે, બીજાં ઘણાં સારાં છે’. પણ આપણો મનખો ન માને, અને નાટકશાળામાં મારી જીદને લઈ બીજા ત્રણચાર મારી સાથે ભેગાં ટિકિટમાં હાજર થઈ ગએલાં, એમાં એક વિદ્યાર્થિની બાબૅરા તો શરત બકીને બેઠી હતી કે પહેલા અંક બાદ અહીં નાટકશાળામાંથી મિ. મહેતાની બાદબાકી!

અલ્યા ભાઈ, આપણી ભવાઈ જ. એ જ એ ગ્રાબે, કૉર્લૉનમાં પ્રો. બાડનહાઉસને પાસે જેનાં ચાર થોથાં જોયાં હતાં તે આ નાટક-લેખક. ઈ. ૧૮૦૦ની શરૂઆતમાં જન્મી, ૧૮૩૫માં ગુજર્યો તે. શરૂઆતમાં થાળી ન વાગી એટલું જ, પણ પછી તો રંગલો ઝળકયો, ફરમો કરપીણ અડબંગ દેખાતો, પોતાને ત્યાં ભણવા રહેનાર ‘વધ્યારથી’ને સોટીના મારથી અને ઢોલ-મુક્કાથી જ ભણતાં આવડે એવી સૈકાઓ પહેલાંની આંતરરાષ્ટ્રીય ફિલસૂફીમાં માનનારો, આ પઠ્ઠો. જે બાપ-દીકરાને એને ત્યાં ‘વદયા’ ભણવા મૂકવા આવે છે એનાં પહેલાં વાકયો પતતાં જ મહેતાજી છોકરાને દશબાર ધોલ ઝીંકી, પંદરવીસ ‘સરસતી’ સંભળાવી દે છે. તમ્તા ઉપર માર પડે તે કોને ન ગમે? અને મુરબ્બી પિતાજીની હાજરીમાં, પિતાજી પણ ‘ચોંકયા વિના ‘ઘટારથ’ છે એવી દશશેરિયું ધુણાવી અનુમતિ આપતા રહે અને પછી ડેવિલ એને પનારે પડે છે. એટલામાં પ્રેમી બન્દો આવી ચડે છે. એ વળી કવિ પાકયો છે, અને કવિ તો કવિની રીતે જ પ્રેમ કરે, પ્રિયતમાના મનની એને કાં પડી છે? એમાં લેખક પણ જાતે આ મારું નથી, અહીં ઉમેરેલું છે એવી ફરિયાદ કરતો ટપકી પડે છે અને જે ચાળો ચાલ્યો છે શરૂઆતની માસ્ટરજીની સોટી સમાજની માલેતુજાર વ્યક્તિઓ ઉપર ચોંટી છે. માનવજાતને ભરમાવવા ભમાવવા ડેવિલે આંટાકાંટાવાળી ચાલબાજી વિસ્તારી છે એની છેવટે તો અડબંગ દેખાતા માસ્તરજીએ જ ચોટલી પકડી, એ કળોટિયાને તરકીબ કરી મોંઢામાં બાઈબલ ચવડાવ્યું છે અને પિંજરે પૂર્યો છે, એ નાટક જોતાં સૌ કોઈ છેલ્લે સુધી બેઠા તો રહ્યા, પણ પૂરું થતાં આ જોવા આવવા માટે મારો ઉપકાર માનતાં નહિ થાકયા. આપણને એમ જ થાય કે ક્રિશ્ચિયન ડીટ્રિચ ગ્રાબે એકાદ હોડકું પકડી થોડા દિવસ માટે ઉત્તર ગુજરાતની મહેમાની માણવા આવી ગયા હશે!



‘સર્જ, સેટાયર, આઈરની અને એવું બધું’નું એક દશ્ય

મ્યુનિખથી એક દિવસ નજીકના બે કલાકના રેલરસ્તે આલ્પ્સના જર્મનીમાં ઊંચામાં ઊંચા શિખર ઝારમીશ જઈ આવ્યો બધું યંત્ર બળે જોવાનું. વીજળી-દોરડાં-શિકું એમાં ઉપર ચડવાનું, બરફ ખરો, પણ છઃ, કયાં હિમગિરિનાં ગૌરવાન્વિત નિરંતર નિંદરતાં ભવ્ય શિખરો અને આ, સરખાવતાં પણ બિચારા જાતે જ શરમાઈ જાય એવાં ટોચકાં! હા, આસપાસ તળાવો સારાં, વનરાઇઓ સુઘડ અને સ્વચ્છ, અને બારેમાસ લીલોતરી, પરંતુ આ ગિરિકન્દરા જોઈ મનડું ડોલ્યું નહિ.

પરંતુ રોજ સાંજે અને શનિવારે તો ખાસ ઓડિયન પ્લેસથી યુનિવર્સિટીને રસ્તે લુડવિગ સ્ટ્રાસે, આકાડામી તરફ અને લિયોપોલ્ડ સ્ટ્રાસે તરફ ચાલ્યા જ જાઓ, ચાલ્યા જ જાઓ તો જર્મનીની મોટામાં મોટી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ કબજે કરી રમતો-ભમતો, જીવતો-જાગતો કરી નાખેલો આ મોહોલ્લો—એ રસ્તો જોશો. શું નહિ જુઓ ત્યાં? ફક્ત પગથાર પર જ ચાલ્યા કરો, જો ચાલી શકો તો—એટલી ભીડ હશે, એમાં કિશોરકિશોરીઓ ખાતાં, પીતાં, ગાતાં, વાતોમાં મશગૂલ, તરેહતરેહની વાળની, ફરાકની, સ્કર્ટની, પગચંપલની, હૅન્ડ-બૅગની. કંઠમાળાની ફૅશનને હરીફાઈ કરાવતાં જોશો, આજે જોશો તે કાલે નહિ જુઓ. રેસ્ટોરાં ભરચક, બહાર અંદર શોધતાં જગ્યા ન જડે, પરતુ ત્યાંની પગથાર ઉપર નજર કરતાં રહો તો ત્યાં ધૂની મસ્ત કલાકાર વિદ્યાર્થીઓ લાપરવાઈથી, મદીલી આંખે, પોતાની આવડતના નશામાં ચકચૂર ભોંય ઉપર મીણબત્તીના પ્રકાશમાં (અનુ. પૃ. ૪૫૭)

ગુનાશોધન-૨૦

એક અલગ તંત્ર

લેખક
પુષ્કરભાઈ ગોકાણી

મુંબાઈમાં મસ્જિદ બંદર રોડમાંથી ફંટાતી રેં મ્યુઅલ સ્ટ્રીટમાં રામચરણ ભૈયાની પાનની દુકાન છે. આસપાસની-ઇમારતોમાંનાં નાનાંમોટાં અનેક દફતરોના માણસો અને ત્યાં આવતાજતા લોકોની રામચરણને સારી ઘરાકી છે. ભૈયાને ત્યાં હમણાં જગન્નાથ આવ્યો છે. પાન બનાવવામાં એનો હાથ સારો બેઠેલો છે અને જબાનનો પણ એ મીઠો છે, એટલે પોતાના જૂના બધા ગ્રાહકોને એ સાચવી શકશે એવી રામચરણને ખાતરી બેસતાં એ જગન્નાથને દુકાન સોંપી થોડો સમય પોતાને વતન ગયો છે. આ લત્તામાં પોતે હજી નવોસવો હોઈ જગન્નાથ ગ્રાહકોની વાતોમાં અને એ રીતે એમનો પરિચય કેળવવામાં ઊંડો રસ લે છે અને ગ્રાહકો મોકળી જીભે વાતો કરતાં અચકાય નહિ એટલી પ્રતિષ્ઠા તો એણે જમાવી છે.

રામચરણની દુકાન છે એ મકાનમાં જ માલેગાંવકરની ઑફિસમાં કામ કરતા સખારામનું થોડા દિવસો પહેલાં ખૂન થયું હતું. સખારામ બીજા બે ઘાટી તાત્યા અને અર્જુન સાથે અહીં જ રહેતો હતો. તાત્યા આ જ મકાનમાં બીજા દફતરમાં કામ કરતો હતો. અર્જુન હાથલારી રાખતો ને માલની હેરફેર કરવાની મજૂરી કરતો. સખારામને લીધે માલેગાંવકરની પેઢીમાં એ પરિચિત હતો અને એ પેઢી ગોદી પર ક્લીઅરિંગનું કામ કરતી હતી એટલે અર્જુનને સારું કામ મળી રહેતું. પણ હમણાં ગણેશોત્સવના દિવસો હોઈ એ પોતાને ગામ ગયો હતો. તાત્યા ભગત હતો. રોજ રાતે ભજનકીર્તનમાં જતો ને બહુ મોડો પાછો ફરતો. સખારામ થાક્યોપાક્યો વહેલો સૂઈ જતો. દિવસે ત્રણેનાં બિસ્તરપોટલાં દાદર નીચેના એક બંડકિયામાં રહેતાં. રાત્રે ત્રણે દાદર નીચે સૂઈ રહેતા.

એક રાતે તાત્યા બહુ મોડો પાછો ફર્યો. આવીને જોયું તો સખારામને કોઈએ મારી નાખ્યો હતો. પોલીસને બોલાવવામાં આવ્યા. એમણે એમની રીતે બધી તપાસ આરંભી દીધી. તાત્યાને તતડાવ્યો. મકાનમાંની બધી ઑફિસના માણસોમાં પણ પૂછતાછ કરી. રામચરણ અને આસપાસના લોકોમાં પણ પૂછપરછ કરી. પણ પોસ્ટમોર્ટમમાં સખારામની છાતીમાંથી મળેલી ધાતુની એક કરચ સિવાય પોલીસને કંઈ જાણવા જેવું મળ્યું નહોતું.

આ વાતને દિવસો થઈ ગયા. જગન્નાથે તો આ બધું લોકોના મોંએ સાંભળ્યું હતું. અર્જુન પણ હવે પાછો ફર્યો હતો. પાનની દુકાને એ પણ આવતો-જતો. લત્તામાં બીજા બે પાટીવાળા પણ આવ્યા હતા. અર્જુન નહોતો એ દરમિયાન એના ભાગનું થોડુંઘણું કામ એમને મળતું. અર્જુન આવ્યા પછી યે તેઓ પોતાની સલુકાઇને કારણે અહીં જ ટકી રહેલા, અને વળી અર્જુનને તો માલેગાંવકરની પેઢીમાંથી જ પૂરતું કામ મળી રહેતું એટલે અરસપરસ અદેખાઈ ઊભી થવાને કોઈ ખાસ કારણ નહોતું. અર્જુન સાથેની સારાસારીથી એ બંને પણ હવે માલેગાંવકરને ત્યાં આવતા જતા વેપારીઓથી પરિચિત થવા લાગ્યા હતા. જ્યારે ખાસ કંઈ કામ ન મળે ત્યારે તેઓ જગન્નાથને ત્યાં ગપાટા મારવા એકઠા થતા. કેટલીક વાર પેલા પાટીવાળામાંથી એકાદ વળી આસપાસ મજૂરી શોધવા છેક ગોદી સુધી પણ ચક્કર લગાવી આવતો. આમ, સખારામનું ખૂન હવે જૂની વાત બની જઈ લત્તાનો બધો વહેવાર પૂર્વવત્ ચાલી રહ્યો હતો.

જગન્નાથ નવરો બેઠો હતો. પેલા બે પાટીવાળા પણ ત્યાં ગપ્પાં મારતા હતા. માલેગાંવકરનો મહેતાજી પાન લેવા આવ્યો. એ ઉતાવળમાં હતો. બૅંકમાં એને કંઈ અગત્યનું કામ હતું. એની વાત પરથી જણાયું કે એડનથી એક સ્ટીમર આવી હતી અને બૅંકમાંથી આવ્યા પછી એને ગોદી પર પણ આજે બહુ કામ હતું. પાટીવાળાને પણ થયું કે આજે ગોદી પર મજૂરી મળી રહેશે. એટલે એ ગોદી તરફ ગયો. મહેતાજી ગયા પછી એક માણસ પાનની દુકાને આવ્યો. વાત કરતાં જણાયું કે એને માલેગાંવકરને ત્યાં જ કામ હતું. માણસ અજાણ્યો લાગતો હતો. કપડાં નવાંનકોર ચડાવ્યાં હતાં. અહીંનું કામ પતાવી કદાચ એ પણ ગોદીમાં જ જવાનો હતો. બધા ગયા પછી માત્ર જગન્નાથ અને પેલો એક પાટીવાળો ગપ્પાં મારતા બેઠા હતા. એમણે જોયું કે મહેતાજી બૅંકમાંથી કંઈ લઈને પાછો ફર્યો છે. બૅંકમાં પેઢીનું લૉકર હશે એમ લાગ્યું. મહેતાજી આવી ગયા પછી પેલો નવો આગંતુક પાછો ફર્યો. એ ગોદી તરફ જતો હશે એમ લાગ્યું. પાટીવાળો પણ કંઈ કામ નિમિત્તે ગોદી તરફ ઊપડ્યો.

બેએક કલાક પછી પેલો માણસ ગોદીમાંથી બહાર આવ્યો ત્યારે બહાર એક મોટર ઊભી હતી. એમાંથી બેએક જણ એ માણસ પાસે ગયા અને એને મોટર પાસે લઈ જઈ એમાં બેસાડી દીધો. મોટર સીધી જકાતખાતાના અમલદારોના દફતર પર ગઈ. પેલા માણસને ત્યાં અનેક સવાલો પુછાયા અને એની જડતી પણ લેવામાં આવી. એની પાસેથી સોનું મળી આવ્યું. તુરત બૅંક પર જઈ માલેગાંવકરની પેઢીના લૉકરને છાનાંમાનાં સીલ મારી દેવામાં આવ્યાં. અલબત્ત, એ લૉકર ભળતા નામે જ રખાએલું હતું પણ એ શોધી કાઢવું મુશ્કેલ ન હતું.

અને ધીરેધીરે જે વાત પ્રસરી તે પરથી લોકોને જાણવા મળ્યું કે માલેગાંવકરની પેઢી દાણચોરી કરતી હતી. એમની કેટલીક અગત્યની વાત સખારામના જાણવામાં આવી ગએલી એટલે એનો કાંટો માર્ગમાંથી દૂર કરવામાં આવેલો. પોલીસે સૌને પકડી પાડ્યા હતા.

રામચરણ હવે દેશમાંથી આવી ગયો હતો. જગન્નાથ હવે દુકાને દેખાતો નહોતો કે નહોતા દેખાતા પેલા બે પાટીવાળા. લોકોને લાગવા માંડ્યું કે કદાચ એ ત્રણે છૂપી પોલીસના માણસો જ હશે. રામચરણ આ બાબતમાં ખાસ કંઈ બોલતો નહોતો.

પોલીસની—ખાસ કરીને છૂપી પોલીસની કામગીરીનું આ એક (કલ્પિત) દૃષ્ટાંત છે. અંધારપછેડો ઓઢી રાતે નગરચર્યા કરવા નીકળતા રાજાઓની ઘણી વાર્તાઓ આપણે સાંભળી છે. જે માહિતી સીધી પૂછપરછમાં ન મળે તે આમ લોકોની વચ્ચે અણજાણપણે ભળી જઈ મેળવી લેવાની આવી રીતોનાં ઘણાં દૃષ્ટાંત આપણને જાણવા મળે છે. ગુનાશોધનનું આ એક અગત્યનું અંગ છે અને આજે તો એનો ઘણો વિકાસ થયો છે; એટલું જ નહિ, રાજદ્વારી ક્ષેત્રે પણ આ પદ્ધતિ ખૂબ જ પ્રસરેલી છે. અનેક અવનવાં વૈજ્ઞાનિક સાધનોનો પણ હવે એમાં સહારો મળી શકે છે. છતાં વેશપલટો કરી કે વ્યવસાયને માર્ગે સામા પક્ષમાં ભળી જઈ એમને વિષેની માહિતીઓ એકઠી કરવાનું કાર્ય સાદું અને પૂરેપૂરું જોખમી હોવા છતાં હજી યે સફળતાથી અજમાવાય છે. રાજદ્વારી ક્ષેત્રે તો બહુ મામૂલી લાગતી માહિતીઓ એકઠી કરવા લાખોનો ખર્ચ કરી વર્ષો સુધી કેટલાક માણસો અને એમનાં કામને નિભાવવામાં આવે છે. બ્રિટનના નાગરિક બની રહેલા એક નાઝીએ ઘડિયાળી તરીકે ગ્રેટબ્રિટનને ઉત્તર કિનારે રહીને (અનુસંધાન પૃ. ૪૬૬)

ઉત્તર ભારતીય સંગીતજ્ઞ ગાયકોના છેલ્લા ઉત્કૃષ્ટ પ્રતિનિધિ

આફતાબે મૂસીકી ઉસ્તાદ ફૈયાઝખાં

લેખક • ધનંજય

ઈ. સ. ૧૯૪૦ની આસપાસની વાત છે. સવારમાં સાત વાગ્યે અમે કેટલાક સંગીતપ્રેમી મિત્રો રેડિયોની સામે ગોઠવાઈ ગયા હતા. જાહેરાત થઈ: યે ઑલ ઇંડિયા રેડિયો, બંબઈ હૈ. અબ હમારે સ્ટુડિયો મેં આફતાબે મૂસીકી ઉસ્તાદ ફૈયાઝખાં બડૌદાવાલે તશરીફ લાયે હૈં. વે આપકો પહેલે લલિતમેં આલાપ ઔર બાદમેં ઉસી રાગમેં હોરી ધમાર ઔર ખયાલ સુનાએંગે. હોરી કે બોલ હૈ: લાલ હુ કૈસે કે જાઉં વારી.' ખયાલ તિનતાલમેં હૈ. બોલ હૈ: 'તરપત હુ જૈસે જલ બિનુ મીન.'

અમારા કાન સતેજ થઈ ગયા. જવારીદાર તાનપુરા પર મધ્યમ ષડ્જનો ધીરગંભીર સ્વર છેડાવા માંડયો અને એમાં ધીરેથી ખાંસાહેબે પોતાના મધુર ગંભીર કંઠે 'સા' ઉપાડયો. તાનપુરા સાથે એ એકરૂપ બની જતો હતો ને પછી એમના રસભરપૂર કંઠમાંથી 'અનંત હરિ નારાયણ' એ શબ્દોચ્ચાર સાથે મંદ્રમાં નિ રે નિ ધ મ, ધ મ મ ગ સુધીના સ્વરોના અદ્‌ભુત ઉઠાવ સહિત આલાપ શરૂ થયો. 'અનંત' શબ્દમાંથી બનેલા 'નોમ તોમ તનનન'ને નોમતોમ આલાપ કહે છે. એક અત્યંત કુશળ મીંડ લઈ ખાંસાહેબ મંદ્ર મ ધ સ્વરો પરથી ષડજ પર આવતાં જ અમારા મોંમાંથી 'વાહવાહ' નીકળી ગઈ. જે અદા અને સિફતથી તેઓ મંદ્ર નિષાદથી મંદ્ર ગાંધાર સુધી મીંડ લઈ ષડ્જ પર આવતા અને તેની સાથે જ તબલા પર ખાં અલ્લારખા 'ધિન્'ની થાપ આપતા એ અવર્ણનીય કરામત હતી. હવે ખાંસાહેબ કઈ રીતે ગાંધાર મધ્યમ લઈને આગળ વધશે એ સાંભળવા અમે તડપી ઊઠયા.

જાહેરમાં શ્રોતાઓની વચ્ચે ગાવું અને રેડિયો ઉપર ગાવું એમાં ઘણો ફેર પડે છે. ખાંસાહેબને પ્રત્યક્ષ તો ઘણી વાર સાંભળેલા. શ્રોતાઓની સૂઝ પરખી લેવાની એમની અજબ શક્તિનો મને અનુભવ હતો. એક જ દૃષ્ટિપાતમાં એ શ્રોતાઓની અભિરુચિ પારખી લેતા અને પછી એમનું મનરંજન કરે એવી જ ચીજથી તેઓ મહેફિલનો આરંભ કરતા. પણ રેડિયો ઉપર તો શ્રોતાઓનું કેવળ અદર્શન હોય. નજર સામે લાલ બત્તી થાય એટલે ગાયનનો આરંભ કરવાનો ને ફરી એ બત્તીને અણુસારે ગાયન સંકેલી લેવાનું. આ સ્થિતિમાં શ્રોતાઓને ખુશ કરવા એ એક કસોટી છે. પણ ખાંસાહેબે તો એમની વિલક્ષણ છટાથી લલિતની મોહક સૂરાવલિથી પકડ જમાવી દીધેલી.

ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિમાં લલિત એક અદ્વિતીય રાગ છે. એના તમામ સ્વર આંદોલિત હોઈ કોઈ પણ વાજિંત્રના ચાવી કે પડદા પર એને ઉતારવા અત્યંત કઠિન છે. એમાં યે ગાંધાર, ધૈવત તો નિતાંત આંદોલિત છે; 'ખડા' લાગતા જ નથી. પણ સંગીતના આ જાદુગરે પોતાની મોહક સ્વરસાધનાથી ઉપરનો ધૈવત, તીવ્ર મધ્યમ અને શુદ્ધ મધ્યમની મીંડ સહિત ગાન્ધાર, એમ એક પછી એક સ્વર અપૂર્વ રંગતથી બતાવવા માંડયા. સાથોસાથ જે રીતે એ તાર સપ્તકના ઋષભ સહિત ઉપરનો નિષાદ લઇને તુરત જ 'રે નિ ધ મ, ધ મ મ ગ, રે, મ ગ રે સા' એ સ્વરવિસ્તારને આલાપમાં સૂક્ષ્મ વળાંક આપીને સમ ઉપર આવીને ઉતારતા એ એક શ્રવણમનોહર લહાવો હતો.

આગળ વધતાં એમણે ભરતીદાર આલાપ તથા તાનયુક્ત સ્વરવિસ્તારની જમાવટ કરી લાગલા જ 'લાલ હું કૈસે કે'ની હોરી ધમારમાં શરૂ કરી, અને 'જાઉં વારી' એ શબ્દો તથા 'નિકસી નનદકી ચોરી' એ ચરણમાં આવતા શબ્દોની જાદુઈ જાળ પાથરવા માંડી. કાંઈકાંઈ



૧૮૮૦] ઉસ્તાદ ફૈયાઝખાં [૧૯૫૧

લાક્ષણિક ઢબે એમણે 'નિકસી' શબ્દમાં મ ધ સા એ સ્વરોમાં તાર કોમલ ઋષભની મીંડથી ગાંધાર સુધીના સ્વરોની સૌંદર્ય ભરપૂર ગૂંથણી ખડી કરી, છેલ્લે બોલતાનોની વૈવિધ્યપૂર્ણ રમઝટ બોલાવી દીધી! વાતાવરણમાં ચોપાસ 'લલિત' છવાઈ રહ્યો. અમે એક અગાધ સૂરસાગરમાં ઊંડા ઊતરી ગયા. ત્યાં જ એમણે અપૂર્વ કલાથી તિનતાલમાં 'તરપત હું જૈસે જલ બિન' ચીજ શરૂ કરી. અને છએક મિનિટમાં ઝડપી બોલતાન, લયદાર સીધી તાન ઉપરાંત 'જૈસે જલ બિન મીન' તથા 'કાહે સૈયાં હમ તુમ રોકિન'નાં ચરણોમાં જે તલસાટ દર્શાવ્યો એનાથી તો સૌ મંત્રમુગ્ધ બની ગયા. પોણા કલાકે ખાંસાહેબનું અલૌકિક ગાન પૂરું થયું અને અમે એકાએક ધરતી પર આવી પડયા.

આજે એ ખાંસાહેબ નથી. એમના અવસાનને સોળ વર્ષ વીતી ગયાં છે ઈ ૧૯૫૦ની ૬ઠ્ઠી નવેમ્બરે, આસો વદ બારશે લાંબી બીમારી બાદ સંગીતના આ બેતાજ બાદશાહનું વડોદરામાં અવસાન થયું.

ફૈયાઝખાંસાહેબની કલા વર્ણવવી એ ખરેખર મુશ્કેલ કામ છે. એમના નિકટના ભાણેજ વડોદરાનિવાસી ખાંસાહેબ ગુલામરસૂલખાં, જેમણે લગભગ પચ્ચીસ-ત્રીસ વર્ષ સુધી અનેક મહેફિલો અને સમારંભોમાં હાર્મોનિયમ પર એમનો સાથ કરેલો તે, તથા ખાંસાહેબ આતાહુસેનખાં જેમણે એમની સાથે સંગત કરીને એમના પટ્ટશિષ્ય તરીકે નામના મેળવી છે એવાનું એ કામ છે. જેમણે લગભગ સાઠ વર્ષ પર તેમની સાથે ભારતભરમાં પ્રવાસ કરેલો એ આગ્રા ઘરાણાના મશહૂર ઉસ્તાદ મરહૂમ વિલાયતહુસેનખાં કહેતા કે 'ખાંસાહબ ઉન દિનોં મેં બહોતસી તૈયારી મેં ગાતે થે. મહેફિલકી શુરૂઆત મૈં કરતા. મેરે ચચેરે દાદા કરામતખાંસાહબકી તાલીમ મૈં લે રહા થા. મૈં ઉસ વક્ત યમન કલ્યાણ, બિહાગ જૈસે આલાપી રાગ મેં 'નોમતોમ' શુરૂ કર દેતા; બાદમેં એકાધ ધ્રુપદ સુનાતા; ફિર ખાંસાહબકા ગાના શુરૂ હોતા થા.

કઈ દફે વે કેદાર મેં આલાપ શુરૂ કર કે 'સેજ નિસ નિંદ' અગર તો 'બહોત ગઈ થોડી રહી' ચીજ શુરૂ કર દેતે. બાદમેં જો બોલ ઊપજ ઓર બોલતાનોંકી બૌછારન બરસતી, ગમક કી કઈ બારિક અદાએં, તાનેં, મિટકડિયાં વગૈરહ કી ભરમાર હો જાતી, તૈયારીકી અજીબસી તાનોં કી ઝડી લગ જાતી, ઉન સબોં સે હમ લોગ તાજ્જૂબ સે રહ જાતે થે. તાનપુરે હાથ મેં જમ જાતે. હોશ નહિ રહેતા. રાગ પૂરા હોને પર એસા માલૂમ હોતા કિ હમ કહાં થે, કહાં આ ગયે. યકાયક યે કૈસે બંધ હો ગયા. ચાલુ હી રહતા તો ક્યા હર્જ થી?'

આ હતી આફતાબે મૂસીકીની રંગભરી સંગીતકલા; ને તે મણ્ સને ૧૯૦૯પથી ૧૯૧૦નાં વર્ષો દરમિયાનની. પછી તો એમની ગાનશૈલી પ્રૌઢ બની; વિકસી, અને પછીનાં વીસેક વર્ષ દરમિયાન તો એ શિખરે પહોંચી. ઈ. ૧૯૩૩ થી ૧૯૪૦ દરમિયાન તેમના કંઠમાંથી અસ્ખલિત નીકળતા રાગદારી સ્વરોચ્ચાર, શબ્દોચ્ચારણની અજબ જેવી રીત, ચીજોના હરએક રાગની મોહક મુખબંધનની કલા, ચીજના કેટલાક જીવભૂત શબ્દો પર વજન દઈ સાદી રીતે યા તાનો દ્વારા અપૂર્વ રીતે તેમનો ઉચ્ચાર કરી અદ્ભુત અસર નિપજાવવાની તેમની દૈવી શક્તિ એ બધાનો મેં ખૂબ અનુભવ કર્યો છે.

સ્વ. શ્રી ગોવિંદરાવ ટેંબે, મરહૂમ ઉસ્તાદ રજ્જબઅલીખાં તથા અઝમતહુસેનખાં જેવા સંગીતજ્ઞોને સભાગૃહોમાં અને ખાનગીમાં અમે કહેતા સાંભળ્યા છે કે, 'સૌને પોતાના લાગે તેવી આત્મીયતાભરી ગાન કલાથી શ્રોતાઓને વશ કરનાર આવો યુગદર્શી કલાકાર સ્વ. પંડિત ભાસ્કરબુવા બખલે સિવાય આ સદીમાં કોઈ થયો નથી.'

ખાંસાહેબની એ ખૂબી હતી કે એ કદી અપ્રસિદ્ધ રાગો ફર્માઇશ થયા વગર ગાતા નહિ. તેમનો અવાજ પુરુષ સ્વરના પ્રમાણમાં ઘણો નીચો હતો. તેથી મંદ્ર સપ્તકમાં ખીલતા રાગો તેઓ લાજવાબ કુશળતાથી ગાતા અને એમાં એ ભારતભરમાં અજોડ હતા.

ફૈયાઝખાંસાહેબના પિતાનું નામ હતું સફદરહુસેનખાં, જેઓ 'રંગીલે ઘરાણા'ના સ્થાપક ખાંસાહેબ રમઝાનખાંના પૌત્ર હતા. શ્રોતાઓનું રંજન કરે તેવી અસંખ્ય ચીજો રચવા માટે તેમનું નામ 'ગાનરત્ન ઉસ્તાદ રમઝાનખાં રંગીલે' પડેલું. 'સો સો બાર બલમા' એ લલિતની એમની ચીજ, હજી પ્રસિદ્ધ છે એમના માતામહ હતા આગ્રા ઘરાણાના મશહૂર ઉસ્તાદ ગુલામઅબ્બાસખાં. એમના ભાઈ ઉસ્તાદ કલ્લનખાં પણ કુશળ ગાયક હતા. સ્વ. રામકૃષ્ણબુવા વઝે કહે છે કે 'જયપુરમાં મેં એક મહેફિલમાં ગુલામઅબ્બાસખાંને સાંભળેલા. એટલી વિલંબિત લયમાં ગાનાર આજે કોઈ મળવો મુશ્કેલ છે.' એટલે ખાંસાહેબમાં પિતૃ તેમજ માતૃ બંને પક્ષે સંગીતનો અલભ્ય વારસો ઊતરેલો. એમના જન્મ પહેલાં જ પિતાનું અવસાન થએલું, એટલે માતામહે જ એમનું લાલનપાલન કર્યું અને શિક્ષણ આપ્યું. પાંચ વર્ષની વયથી સતત પચ્ચીસ વર્ષની ઉમર સુધી તેમણે એકધારી ધ્રુપદ ધમારની તાલીમ લીધી, જે એમના માતૃપક્ષની ગાયકી હતી

પિતૃપક્ષમાં કોટાના ઉસ્તાદ ફિદાહુસેનખાં પાસે તેમણે તાલીમ લીધેલી. ગુલામઅબ્બાસખાંસાહેબના પિતા ઘથ્થે ખુદાબક્ષ એક નામી ગાયક હતા. એમનો અવાજ પણ ખૂબ નીચો હોવાથી એમણે મંદ્ર સપ્તકની પુષ્કળ તાલીમ લીધેલી. આથી તેઓ મલુહા કેદાર, પુરિયા, હેમકલ્યાણ, મિયાં કી મલ્હાર, દરબારી કાનડા, મિયાં કી તોડી, આસાવરી વગેરે રાગો બેહદ કુશળતાથી ગાતા. ફૈયાઝખાં સાહેબને પરદાદાનો આ જ સ્વર વારસામાં મળ્યો હતો, તેથી એમની મંદ્ર સ્વરોની તાલીમ પણ તેવી જ નમૂનેદાર હતી. કહેવાય છે કે વડોદરામાં જ્યારે ગુલામઅબ્બાસખાં દરબારી ગાયક હતા ત્યારે ખાંસાહેબ તેમની પાસે રહેતા. રોજ ચાંદના ઉદય સાથે એમની તાલીમ શરૂ થતી અને અસ્ત થવા સાથે બંધ થતી। એનો અર્થ એ કે પૂર્ણિમાંની આખી રાત તાલીમ ને અમાસને દિવસે રજા! તાલીમની રીત વિલક્ષણ હતી: ખાંસાહેબના એક હાથમાં તાનપૂરો અને બીજો હાથ ખાટલાના એક પાયા નીચે રખાતો. સામે છેડે માતામહ બેસે. ગાવામાં જરા ચૂક પડે તો સામા છેડા પરથી પોતાના શરીરનો ભાર આ તરફના પાયા પર મૂકે, હાથ દબાય કે ખાંસાહેબ જાગૃત થઈ જાય!

ગુલામઅબ્બાસખાંના કાકાના દીકરા શેરખાં પણ ઉત્તમ ગાયક હતા એમના પુત્ર અને આગ્રા ઘરાણાના મશહૂર ઉસ્તાદ નથ્થનખાં પાસે પણ દિલ્હીમાં એમને ઉત્કૃષ્ટ તાલીમ મળેલી. અત્યંત વિલંબિત લયમાં ને ખાસ કરીને ઝુમરા ને આડા ચૌતાલ જેવા તાલોમાં ખયાલ ગાવાની પદ્ધતિ નથ્થનખાં તથા ઉસ્તાદ અલ્લાદિયાખાંએ જ શરૂ કરેલી. મરહૂમ ઉસ્તાદ વિલાયતહુસેનખાં એ નથ્થનખાંસાહેબના પુત્ર. તેમના બીજા મોટા પુત્ર ઉસ્તાદ અબદુલ્લેખાંના ગાયનની ઘણી અસર ફૈયાઝખાંસાહેબના ગાયન પર પડી છે. ઉપરાંત સ્વ. પંડિત ભાસ્કર બુવા બખલેની અપ્રતિમ ગાયનશૈલી પણ ખાંસાહેબે અપનાવેલી. મહેફિલમાં હરકોઈ શ્રોતાને લાગે કે ખાંસાહેબ જાણે એને એકલાને માટે જ ગાઈ રહ્યા છે, એની જ ગમતી ચીજ સંભળાવી રહ્યા છે, એવી પારગામી કલા પંડિત ભાસ્કર બુવા પછી ફૈયાઝખાંસાહેબને જ વરી હતી.

ધ્રુપદ ધમાર ઉપરાંત ખાંસાહેબનો ખયાલ ગાયકી પર પણ અજોડ કાબૂ હતો. અનેક નામી સંગીતકારોની ભાષામાં જે 'દાવત' કહેવાય છે તેવી મહેફિલોમાં સાંભળેલા પ્રસિદ્ધ ઠુમરીગાયક મૌજુદ્દીનખાંની ઢબથી ઠુમરી ગાવાની મોહક કલા પણ એમણે સિદ્ધ કરેલી.

આ બધી તાલીમનું પરિણામ એ આવ્યું કે એમની યુવાન વયમાં એમના જેવો બીજો સિદ્ધ ગાયક સારા યે હિંદમાં મળવો મુશ્કેલ થઈ પડ્યો. ઉસ્તાદ ખુદાબક્ષની રાહે ખાંસાહેબ તમામ મંદ્ર સ્વરોના રાગ અદ્ભુત કુશળતાથી ગાતા. એમના ગાયન બાદ કોઇને ગાવાનું કહેવું એ કેવળ મશ્કરી મનાતી. શ્રી ટેંબે કહેતા કે, 'ફૈયાઝખાં ગાય છે કે તરત જ નથ્થનખાંસાહેબ, ભાસ્કરબુવા ને અબદુલ્લેખાંની ઝલક દેખાવા માંડીને એમની મૂર્તિ ખડી થાય છે, મન ભરાઈ આવે છે, આંખો આંસુથી ઊભરાઈ જાય છે. મિયાં કી તોડીમાં જ્યારે એ 'સબ નિસ બર જોરી' કે 'દૈયા બટ દુભાર ભયી'ની સનંદની ચીજ શરૂ કરે છે ત્યારે બસ મંદ્ર ધૈવતથી ઉપરના કોમળ ગાન્ધાર સુધી એક સ્વર લહરીનો પટ છવાઈ જાય છે. શ્રીકૃષ્ણની બંસી સાંભળી ગોપીઓ જેમ બધું કામ મૂકી દેતી તેમ બીજા તમામ શારીરિક માનસિક વ્યાપારો છોડી મન 'દૈયા' પર લાગી જાય છે. શું કહેવું તેની સૂઝ પડતી નથી.'

કેટલી યે મહેફિલોમાં અન્ય ગાયકોએ અટપટા રાગો ગાઈ શ્રોતાઓને ચકિત કરી દીધા હોય ત્યાં ખાંસાહેબ તખ્તા પર આવી 'બનાઓ બતિયાં ચલો કાહે કો જૂઠી' જેવો ભૈરવી દાદરા કે 'બાબુલ મોરા નૈહર છૂટો જાય' જેવી ભૈરવી ઠુમરી એક કલાક સુધી ગાઇને શ્રોતાઓને રસમાં તરબોળ કરી દેતા. મહેફિલમાં રંગ ભરવાની કલા તો તેમની જ હતી. એમને મૂર્તિમંત રંગદેવતા કહીએ તો યે ખોટું નહિ.

એમના ગાયનની ઘણી રેકૉર્ડો હજી યે ખૂબ પ્રસિદ્ધ છે. તેમાં 'ગરવા મંય સંગ લાગી' એ તોડીની ચીજ સર્વોત્તમ છે. એમાં તાન નથી, ઘરાણેદાર ગાયકીની લાજવાબ મોહક ઊપજ છે. એ જ્યારે 'ગરવા મંય સંગ લા' એમ બોલે છે ને પછી 'લાગે મિત પિહરવા' બોલી સમ પર આવે છે તથા તારનો ગાન્ધાર લે છે ત્યારે ખૂબ જ ભાવવાહી લાગે છે. એવી રીતે ગવાએલી તોડીની હાલ તો કોઈ રેકૉર્ડ નથી. તેટલી જ ઉત્તમ 'મનમોહન બ્રિજ કો રસિયા' પરજની તાનના પ્રકારો માટે

છે. લયદાર તાનો માટે તેમની 'ફૂલવન કી ગેંદન મૈકા ના મારો' છે. ખાંસાહેબની બેનમૂન તૈયારીની તાનો દરબારીની 'સહેલરિયાં આઈ' તથા સુઘરાઈની 'નૈનનસોં દેખી'ની રેકોર્ડોમાં જોવા મળે છે. પણ ગાયકીનો ઉત્કૃષ્ટ નમૂનો આ ચીજોમાં નથી. લલિતની રેકોર્ડમાં પણ નથી; જ્યારે 'બનાઓ બતિયાં' તથા 'વંદે નંદકુમારમ્' ઠુમરીના શ્રેષ્ઠ નમૂના છે. 'પ્રેમપિયા'ના નામથી એમણે પોતે પણ ઘણી ચીજો રચી છે. તેમાં જયજયવંતીની 'મોરે મંદર અબ લો નહિ આયે', 'એ મોરી છાંડો' (સુઘરાઈ), 'અંખિયાં ઉનસો લાગ રહી' (ઝિંઝોટી) વગેરે જાણીતી છે.

ખાંસાહેબ જેવું વિલંબિત ખયાલ ગાયન આજકાલ સાંભળવા મળતું નથી. એ ભરતીદાર ષડ્જનો ઉઠાવ, એ આલાપચારી તથા ભલભલા ગાયકનું માન મુકાવે તેવી શૈલીમાં રજૂ થતી વિલંબિત લયની ચીજ, રાગની માફકસરની બઢત, ફિરત તથા અસંખ્ય લયદાર તાનોની કરામત હાલ કોણ દર્શાવી શકે તેમ છે? એ જ્યારે યાદ આવે છે ત્યારે થાય છે કે મુઘલાઈ જમાનાની એ દરબારી ધ્રુપદ શૈલીનું ગાન, સદારંગ-અદારંગના રચેલા પ્રસિદ્ધ ખયાલ હવે કોની પાસે સાંભળવા મળશે?

આજકાલ ઉજવાય છે તેવી ખાંસાહેબની ષષ્ઠીપૂર્તિ ભલે ઉજવાઈ નહોતી, પરંતુ કોઈ બાદશાહને ન મળે તેવાં માન અકરામ એમને મળ્યાં હતાં. ઈ. ૧૯૦૬ થી ૧૯૧૧ દરમિયાન તેઓ મ્હૈસુરમાં રાજગાયક હતા. ત્યાં એમને 'આફતાબે મૂસીકી'ની પદવી તથા સુવર્ણચંદ્રક અર્પણ થએલાં. ત્યાર બાદ સ્વ. મહારાજા સયાજીરાવે તેમને વડોદરા દરબારમાં ગાયક તરીકે સ્થાપી બહુમાન કરેલું, મકાનો એનાયત કરેલાં.

હાલ પણ તેમનું 'ફૈયાઝ મંઝિલ' વડોદરામાં લકડપીઠના લત્તામાં એમની યાદ આપતું ઊભું છે. મહારાજા તુકોજીરાવ હોળકરે સને ૧૯૩૫ માં હોળી ઉત્સવ પર ખાંસાહેબની ગાયનકલા પર ખુશ થઇને દસ હજાર રૂપિયાનો રત્નહાર, પાંચસો રૂપિયાનો પોશાક તથા દસ હજાર રૂપિયા રોકડા આપી એમનું બહુમાન કરેલું। સયાજીરાવ મહારાજા પણ અનેક વખત મોટાં રોકડ ઈનામો તથા મૂલ્યવાન આભૂષણોથી એમને નવાજતા રહેતા, એમણે ખાંસાહેબને 'ગાનરત્ન'ની પદવી પણ આપી હતી. આ ઉપરાંત હિંદભરનાં મોટાં શહેરોમાં એમને માટે માનસમારંભો યોજાયા હતા. થોડાંક વર્ષો પર ખાંસાહેબ વડોદરામાં જે લત્તામાં રહેતા ત્યાંના એક માર્ગને 'ઉસ્તાદ ફૈયાઝખાં માર્ગ'નું નામ અપાયું છે. પોતે તો સંગીતના કલાધર હતા સામાન્ય તાલીમથી હાંસલ ન થઈ શકે એટલી ઊંચી કક્ષાએ એમની કલા પહોંચી હતી છતાં ખાંસાહેબ અતાહુસેન, પંડિત દિલીપચંદ્ર વેદી, પંડિત એસ.એન. રાતંજનકર, બંગાળાના ભીષ્મદેવ ચટ્ટોપાધ્યાય વગેરે કેટલાક કુશળ ગાયકોએ તેમની પાસે તાલીમ લીધી હતી.

મુનશીજીના શબ્દોને જરા ફેરવીને મૂકીએ તો કહી શકાય કે 'સૈકો વીતશે તો ય એમની સરસાઈ કરનારા ભલે કોઈ મળશે. એમને વીસરાવનાર કોઈ જડશે નહિ. કલાની રસાત્મક ભવ્યતામાં એને વીસરાવનારને જોવા માટે તો પાંચસો વર્ષની ઇતિહાસયાત્રા કરી ગ્વાલિયરના મહારાજા માનસિંહના રાજગાયક ને પાછળથી શહેનશાહ અકબરના માનીતા સંગીતકાર ઉસ્તાદ તાનસેન સુધી જવું પડે તેમ છે.'

અનુસંધાન] કેવડાની મહેક [પૃ. ૪૫૩થી

'ના, ના, ના...મારે અહીં રહેવું છે.'

'પણ તારે મારી સાથે આવવું જ પડશે. હું તને પરાણે લઈ જઈશ. આ મકાનમાં હવે નથી જ રહેવું.'

'ના, ના, ના...' કહેતાં અરુણા બેબાકળી બની પથારીમાંથી કૂદકો મારી નીચે ઊતરી ગઈ અને અગાશી તરફ દોટ દીધી.

'અરુણા! અરુણા!!' સાદ પાડતો સુવીર પણ એની પાછળ દોડચો.

આકાશમાં ચંદ્ર આથમી રહ્યો હતો. બંધ-તૂટ્યા ધસમસતા પૂરની જેમ ચાંદની વહે જતી હતી. સુવીરે જોયું કે અરુણા દોડતી અગાશીની પશ્ચિમ બાજુની પાળ તરફ જાય છે. એટલે એ પણ મોટે સાદે 'અરુણા! અરુણા' કરતો તેની પાછળ દોડચો.

અગાશીની પાળ પાસે પહોંચીને અરુણાએ એક વાર પાછળ જોયું. સુવીરને એણે દોડતો આવતો જોયો અને એક અસ્વાભાવિક ચીસ પાડીને એણે અગાશી પરથી નીચે ઝંપલાવ્યું!

સુવીરે પાળ પર ઝૂકીને જોયું તો અજવાળામાં અરુણા વીસ હાથ નીચે રેતી ઉપર પડેલી જણાઈ. સુવીર એક ઊંડો ધ્રૂજતો નિસાસો મૂકતો કોઈ અંધની જેમ દાદર વાટે સડસડાટ નીચે ગયો.

ત્યાં નીચે પોચી રેતીના પટ પર અરુણા ચત્તીપાટ પડી હતી. એને ચેતના નહોતી. તેમ ચેતનવિહોણી પણ નહોતી. નરમ રેતી પર પડવાને કારણે એને આઘાત બહુ નહોતો લાગ્યો. અજ્ઞાતપણે જ 'અરુણા, અરુણા' બોલતાં સુવીરે એને બે હાથ વતી ઊંચકી લીધી. અપાર વેદના સહ અરુણાને ઉપાડી તે માંડ માંડ ઉપર પહોંચ્યો ને અરુણાના રેતીમાં રજોટાએલા શરીરને એણે પથારીમાં સરખી રીતે સુવાડચો. સવાર પડવામાં હજુ બેત્રણ કલાકની વાર હતી. ભીના ટુવાલથી એણે અરુણાનું મોં ને આખો દેહ લૂછી નાખ્યાં છતાં અરુણા ભાનમાં ન આવી.

નિસ્તબ્ધ રાત્રિ! કામવાળી બાઈ કે કોઈને યે એવે વખતે ઉઠાડવાનું સુવીરને યોગ્ય ન લાગ્યું. એણે પથારીમાં અરુણાની બાજુએ બેસી રહી તેના મોં તરફ અપલક જોતાં જોતાં રાત કાઢી નાખી.

સવારે સાડા સાતે જીપમાં વિરાજબાબુ આવ્યા. સુવીરને મોંએ બધી વાત સાંભળી એમણે કહ્યું: 'ચાલો. હમણાં જ એને હૉસ્પિટાલે લઈ જઈએ.' રેલ્વે-સ્ટેશન પાસે જ હૉસ્પિટાલ હતી. બેભાન અરુણાને જીપમાંગોઠવી ત્યાં લઈ ગયા. દાક્તરે બધી તપાસ કરી જણાવ્યું: 'સારું છે કે શરીરમાં ક્યાં ય જરા જેટલો ય આઘાત નથી લાગ્યો. માત્ર 'કંકોશન'નો કેસ છે. થોડી વારમાં જ ભાનમાં આવી જશે.'

બપોરે ત્રણેક વાગ્યે અરુણા ભાનમાં આવી. ધીરેધીરે આંખો ઉઘાડી થોડી વાર એ શૂન્યમાં તાકી રહી. એ પછી તેની આંખને ખૂણેથી બે આંસુ સરી પડચાં. સુવીર એની બાજુમાં જ હતો. અરુણાના મોં પર લળીને વ્યગ્ર કંઠે એ બોલ્યો: 'અરુણા!'

અરુણાના હોઠ થોડા ફફડ્યા: 'મને ઘેર લઈ ચાલો.'

'ઘેર? ઘરે?'

'હા, કલકત્તાના આપણા ઘરે જ પાછા જવું છે, હવે.'

'ભલે, આપણે આજે જ ઊપડી જઈશું.' પોતાના અસીમ આનંદને ગોપવતાં સુવીરે કહ્યું.

લાંબો પંથ વટાવી મેઈલ ટ્રેઈન બંગાળમાં પ્રવેશતી હતી. અંગેઅંગને ડોલાવતી ઢૂ ઢૂ કરતી એ ધસમસતી આગળ વધતી જતી હતી. અહીં મરુભોમ નહોતી, નજર પહોંચે ત્યાં સુધી ચારે બાજુ હરિયાળી જ હરિયાળી ધરતી લહેરાતી હતી.

'કુપે'માં સુવીરે હાથ ખેંચીને અરુણાને પોતાની પાસે ખેંચી લીધી અને ધીરેધીરે પૂછ્યું: 'અરુણા, મરુભૂમિ વચ્ચે ઊભેલી પ્રાસાદ ભૂમિની વાત તને યાદ છે!'

લાંબી વાર સુધી મૂંગી રહ્યા પછી અરુણા બોલી: 'એ વાત હવે ક્યારેય મને યાદ ન કરાવશો ભલા થઈને! હું એ બધું ભૂલી જવા માગું છું.'

ને અરુણાને ગાઢપણે પોતાના હૈયા સરસી ચાંપતાં સુવીરે કહ્યું: 'હું તને એ ભુલાવી દઈશ. અને તું યે આટલું ન ભૂલીશ કે આ ભવે તો તું મારી જ મારી છો.'

અતીતનાં પુષ્પો

ધનસુખલાલ મહેતા



સાહિત્યમાં નિબંધો, ગમે તેવા સરસ હોય છતાં પણ 'સર્જન' કહેવાતા નથી. નાટક, કાવ્ય, નવલિકા ને નવલકથા સર્જનના વિભાગમાં આવે છે. શિલ્પ અને ચિત્રકળામાં આવા સાફ વિભાગ નથી. એમાં તો કાં તો એ કૃતિઓ મૌલિક હોય, કાં તો એ કોઈક કલાકારની કૃતિઓના પડછાયા રૂપે હોય. સંગીતના ક્ષેત્રમાં એથી પણ વધુ સંકુચિત સ્થિતિ છે. ભૈરવી હું પણ ગાઉં, ઓમકારનાથ પણ ગાય, ફૈયાઝખાં પણ ગાય. એમાં ગાનારની ગાયકી પરથી એ નાનો કે મોટો કલાકાર ગણાય. પણ એ વાત જવા દઈએ. આપણે સાહિત્યમાં સર્જનવિભાગ—ને તેમાં પણ નાટક, નવલિકા અને નવલકથા જ લઈએ. એનાં સર્જન કરવામાં શાં શાં સાધનો જોઈએ? અનુભવ જેમ બહોળો તેમ સારો, છતાં આપણે એવા દાખલા પણ જોઈએ છીએ કે લખનાર માચીમાંનો માકડ જ હોય અને છતાં તે સુંદર કૃતિઓ રચવાને સમર્થ હોય.

વસ્તુની જરૂર ખરી. પણ જેની દૃષ્ટિ જ એવી હોય કે જે કોઈ પણ દૃશ્ય હોય તે દૃશ્ય પરથી એ સર્જન કરી શકે. તેને માટે વસ્તુ શોધવા દૂર જવું પડતું નથી. એક કુશળ અમેરિકન વાર્તાકાર. હું ભૂલતો ન હોઉં તો વિલ્બર ડૅનિયલ સ્ટીલ એક વાર એક મિત્ર જોડે ફરવા જતો હતો. માર્ગમાં મિત્રે પ્રશ્ન પૂછ્યો કે, 'તને શામાંથી વસ્તુ જડે છે?' જવાબ મળ્યો: 'મને તો હું જ્યાં પણ જોઉં ત્યાં વાર્તાનું વસ્તુ જણાય છે.'

મિત્રે તે માન્યું નહિ અને કહ્યું: 'ઠીક; એમ છે તો આ કચરો નાખવાની પેટી માર્ગમાં પડી છે ને? તે જોઇને એક નવલિકા લખી નાખ.'

સ્ટીલે એ પડકાર ઝીલી લીધો અને તેની આસપાસ એક સુંદર નવલિકા ગૂંથી. તે વાર્તા 'હાર્પર્સ મૅગૅઝિન'માં પ્રકટ પણ થઈ.

સમરસેટ મૉમ કહેતો કે તેને કદી વસ્તુની ખોટ પડી નથી. ફુરસદ મળે કે પેલા જથ્થામાંથી કાંઈક લઈને એકાદ વાર્તા ઘડી કાઢે.

આપણે ત્યાં કેટલાક નવલિકાકારો, આજ વર્ષોથી, એકધારું લખ્યા જ કરે છે, એટલે એમ કહેવું પડે કે એમને પણ મૉમની પેઠે વસ્તુની ખોટ નથી અને સ્ટીલની પેઠે તે જે કાંઇ પણ જુએ તેના વિષે નવલિકા લખી શકે. પણ આવા લેખકો સિવાય એવો પણ એક વર્ગ દરેક દેશમાં હોય છે, જે વખત જતાં નવું લખી શકતો નથી. તેમની પ્રેરણા—જો તે એમાં માનતો હોય તો—સુકાઈ ગઈ જણાય છે. વસ્તુ શોધ્યાં જડતાં નથી. આવા લેખકોને કૂવાની આવ આવતી નથી, એટલે ટાંકામાંથી પાણીનો ઉપયોગ કરવો પડે છે અને ટાંકાનું પાણી આખરે તો ખૂટી જ જાય ને? મોટાઓના દાખલા જવા દઈએ. મારો જ દાખલો લઉં. પહેલાં ધારો ત્યારે હું નવલિકા—મુખ્યત્વે હાસ્યપ્રધાન—લખી શકતો. એક પ્રસંગ કહું:

સ્વ. જયકૃષ્ણ નાગરદાસ વર્મા, બૅરિસ્ટર, એક વખત 'ગુણસુંદરી' નામે માસિક ચલાવતા હતા. હું ઘણી વાર એમાં લખતો, કારણ કે વર્મા મારા મિત્ર અને અમારા કલમમંડળના એક સભ્ય. એક વાર એમણે મને ત્રણ ચિત્રો બતાવ્યાં. એકમાં એક સ્ત્રી અને એક પુરુષ, બીજામાં બંને સ્ત્રીઓ, તો વળી ત્રીજામાં કાંઈક જુદું, એવાં તે ચિત્રો હતાં. મને તે બતાવીને તેમણે કહ્યું: 'ધનસુખભાઈ, એક વાર હું માંદો હતો ત્યારે કામચલાઉ કામ જોનારે એક વાર્તા પરથી આ ત્રણ ચિત્ર તૈયાર કરાવેલાં અને તેના બ્લૉક પણ કરાવી નાખ્યા. મેં આવીને વાર્તા નાપસંદ કરી અને આ ત્રણ ચિત્રોના બ્લૉક માથે પડયા.'

'તો હવે એનું શું કરવા ધારો છો?'

'એટલા માટે તો હું તમને તે બતાવું છું. એના પરથી તમે એક, બે કે ત્રણ નાનીનાની નવલિકા લખી નાખોને. મને માસિકને માટે વાર્તા મળે અને આ ચિત્રોના બ્લૉકનો ઉપયોગ થઈ જાય.'

પહેલે ઝપાટે તો હું હસી જ પડયો: 'તમે પણ વર્મા, ખરા છો હોં! વાર્તા પહેલાં લખાય અને પછી ચિત્રો દોરાય; તમે તો આખો ક્રમ ઉલટાવી નાખો છો!' વર્મા કાબેલ વ્યક્તિ હતા. મારી તબિયત જાણતા હતા. મને ફુલાવીને કહે: 'અરે ધનસુખભાઈ, આ નિયમ સામાન્ય માણસોને લાગુ પડે છે. અસામાન્ય માણસોને નહિ. હું અસામાન્ય તંત્રી છું એમ માની લો, અને તમે અસામાન્ય લેખક છો એમ ધારી લો; અને પછી મને વાર્તા તૈયાર કરીને આપી દો!'

અને સાચે જ, મેં એ ચિત્રોની આસપાસ ત્રણ નવલિકા ગૂંથી દીધી અને તે ગુણસુંદરીમાં છપાઈ પણ ખરી! હવે આજે એ પ્રેરણા નથી, એ કલ્પના નથી અને એવો ઉત્સાહ આપનાર પણ નથી! આમ કહું? ના રે ના. તો તો અમારા રામભાઈ અને ધીરુબહેનને ભારે અન્યાય થયો કહેવાય. એમણે લગભગ બળાત્કાર કરીને, મારી પાસે 'ગરીબની ઝૂંપડી' નાટક લખાવેલું.

ઘણી ય વાર આપણને આપણાં સગાંમાં, આપણા સ્નેહીઓમાં ચહેરાનું જે મળતાપણું જણાતું નથી તે માત્ર થોડી વાર કોઈક કોઈક વાર જોનારને જણાઈ જાય છે. લાંબા સમય પહેલાંની વાત છે. મારી મોટી પુત્રી પૂર્ણિમા તે વખતે લગભગ પંદર-સોળની હશે. (અત્યારે આશરે પિસ્તાળીસની હશે.) હું એને લઇને જુહુ કિનારે ફરવા ગએલો. ત્યાં હું એક ઠેકાણે બેઠો અને પૂર્ણિમા આગળ ફરવા ગઈ.

હું બેઠો હતો ત્યાં મારા એક પ્રશંસક આવીને બેઠા. થોડી વારમાં વર્ષોનાં મારાં એક સ્નેહી (એ તો એમ કહે છે કે હું જન્મી ત્યારથી ધનુભાઈ, મારા સ્નેહી છે!) વિનોદિની નીલકંઠ આવીને કહે છે કે, 'કેમ ધનુભાઈ, તમે અહીં નિરાંતે બેઠા છો? તમે આ તરફ બેઠા છો એવું મેં જાણ્યું એથી હું અહીં આવી.'

'તમને ક્યાંથી ખબર પડી કે હું અહીં બેઠો છું?' મેં પૂછ્યું.

'તમારી પુત્રી મને મળી હતી.' જવાબ મળ્યો.

'પણ તમે એને ક્યાંથી ઓળખી?' મેં પૂછ્યું.

'એમાં ઓળખવાની એવી ખાસ જરૂર ન હતી. દૂરથી ધનુભાઈ સાડી પહેરીને આવતા હતા તે મેં જોયા! હવે, તમે હાસ્યકાર છો છતાં સાડી પહેરીને જુહુ ફરવા આવો નહિ; એથી મેં જાણ્યું કે આ સાડી પહેરીને મને મળનાર તમારી પુત્રી હોવી જોઈએ. મેં તેને પૂછ્યું અને હું સાચી ઠરી!' વિનોદિની બોલી અમે બંને ખડખડાટ હસ્યાં. થોડી વાર ટોળટપ્પાં માર્યા પછી એ ચાલી ગઈ. તે ગઈ પછી મારા પ્રશંસક, જે સારા પ્રમાણમાં ગુસ્સે થયા હતા તે બોલ્યા: 'આ તે કાંઈ રીત છે? તમારા જેવાને માટે આમ કહેવું? એ યુવતી કોણ છે?'



પૂર્ણિમા



વિનોદિની નીલકંઠ

મેં એમને શાંત કર્યા અને એમનું ઓળખાણ આપીને સમજાવ્યું કે એમને કોઈ પણ પ્રકારે બોલાવાનો હક્ક છે.

એક જમાનો એવો ય હતો જ્યારે બિનધંધાર્થી ગુજરાતી રંગભૂમિ તરફથી ત્રિઅંકી નાટકો તો કોઈક કોઈક જ ભજવાતાં. બાકી તો બધા કાર્યક્રમ ચવચવના મુરબ્બા જેવા હતા. એમાં એકાદ બે એકાંકી હોય, બેએક ગરબા હોય, બેએક નૃત્ય હોય અને એકાદ દાંડિયારાસ પણ હોય.

એ વખતે રંગમંચની ભીતરમાં કાંઈકાંઈ તમાશા થતા. એક વાર ત્રિઅંકી નાટક 'કાકાની શશી' વખતે જ નાયક-નાયિકા ઝગડી પડેલાં ને એમનો ઝગડો પતે નહિ ત્યાં સુધી મુનશીજીની ચિઠ્ઠીથી જ્યોતીન્દ્ર દવેએ દસેક મિનિટ શ્રોતાઓ—પ્રેક્ષકોને પોતાની યુક્તિપ્રયુક્તિથી રોકી રાખેલા! આમ 'ચવચવ'માં પણ થતું.

એક વાર રૉયલ ઓપેરા હાઉસમાં આવું 'ચવચવ' ચાલે. તેમાં લઘુમતીનો એક પક્ષ ભંગાણ પાડવા ઇચ્છતો હતો. મને તેની ખબર ન હતી, કારણ કે આ ચવચવ મુંબાઈગરાંઓએ સ્ટેજ કરેલું. હું તો 'જનરલ મૅનેજર' તરીકે ત્યાં હતો. દાંડયારાસની આઇટમને અરધો-એક કલાકની વાર હતી એટલે મેં એમાં ભાગ લેનારાઓની હાજરી ગણી લીધી. એટલામાં ખબર પડી કે દાંડિયાનો કોથળો જ ગુમ છે!

બીજા દાંડિયા લેવા જવું પડે ઠેઠ સાંતાક્રુઝ. એટલો સમય કોઈ રીતે મળે એમ ન હતું. બહુમતીવાળાં ઉપરતળે થઈ ગયાં. મેં 'કાંઈક રસ્તો નીકળશે' એમ કહી એમને શાંત રાખી બાકીનો કાર્યક્રમ ભજવવા કહ્યું. વિચાર કરતાં મને સૂઝી આવ્યું: વીજળીનું ફિટિંગ કરવા માટે વપરાતી લાકડાની 'કેસિંગ' ત્યાં મોટા જથ્થામાં હતી. એક સુથાર ઝોકાં ખાતો સીનસીનરીને અઢેલી એક ખૂણામાં બેઠો હતો. મેં એને પાંચ રૂપિયાની નોટ સરકાવી એ કેસિંગના દાંડિયા જેવડા બત્રીસ ટુકડા કાપી આપવાનું કહ્યું. તેણે ગુપચુપ તે કરી આપ્યા. આઇટમનો સમય પાસે આવતો ગયો. બધાં પૂછ્યા કરતાં હતાં. મારો જવાબ એટલો જ કે વખત થયે દાંડિયા મળશે.

દાંડિયા ગુમ કરનાર—અમે તેમનાં નામ જાણી ગયા હતા—છાતી ફુલાવી ફરતા હતા. સમય આવ્યો. સોળેસોળ વ્યક્તિને મેં લાકડાના બબ્બે ટુકડા આપી દીધા, અને દાંડિયારાસ પૂર દમામથી રમાઈ ગયો! પેલા દાંડિયા ગુમ કરનાર ભાઈ મારી પાસે આવીને બોલ્યા: 'આપ મુરબ્બી આ કાર્યક્રમની વ્યવસ્થામાં હતા તેની અમને ખબર નહિ; નહિ તો આમ કરત નહિ! માફ કરજો મુરબ્બી!'

એક એકાંકી એમાં એક યુવક-યુવતી વચ્ચે બોલવાનો ફાંકડો સંવાદ મેં મહેનત લઈ એમને સરસ 'કૅામ્પોઝિશન' શીખવ્યાં.

તે ભજવતી વખતે, હું તો જોઈ જ રહ્યો: યુવક એક વિંગ તરફ અને યુવતી બીજી વિંગ તરફ! સંવાદનો 'ટેમ્પો' પણ બહુ ધીમો થઈ ગયો. છેક સુધી પેલાં પ્રેમી યુગલનું મિલન જ રંગમંચ પર ન થયું!

પાછળથી જણાયું કે બંને પોતપોતાનાં ભાષણો ભૂલી ગએલાં અને બંને પ્રૅામ્પ્ટરની શોધમાં જુદીજુદી બાજુની વિંગ તરફ ગએલાં!

પણ આમાં એમને પણ શો દોષ દેવો? પ્રથમ કક્ષાના અભિનયકારોને પણ મેં એ જ રીતે વિંગ આગળ જઈ પ્રૅામ્પ્ટરને વિનવતા જોયા છે!

અમારા ડૉ. ઠાકર ઘણી વાર કહેતા કે દાક્તરોને સામાન્ય બુદ્ધિ અસામાન્ય પ્રમાણમાં હોવી જોઈએ. એથી ઘણી વાર એમને કેસ તપાસવામાં ઘણું સુતરું થઈ પડે છે.

અને એક વાર એ 'કૉમનસેન્સ'થી એમણે મારું દર્દ પણ સચોટ પારખેલું. હું નોકરીને અંગે કરાચી ગએલો. ત્યાં ચાર માસ રહેલો. છેલ્લો માસ મને જમણી બાજુ પેટમાં દુખ્યા કરતું અને ત્યાંના ડૉક્ટરે કહેલું કે કદાચ એપેન્ડિસાઇટિસ પણ હોય. આમ કહીને એમણે મારી પાસે ઠીકઠીક ચરી પણ પળાવી હતી.

હું કરાચીથી મુંબાઈ આવ્યો ને હું તથા મારા મોટા ભાઈ જયસુખલાલ દાક્તર પાસે ગયા. મેં ત્યાંના દાક્તરનો અભિપ્રાય કહ્યો. એમણે એ સાંભળ્યો અને પછી કહ્યું કે, 'હવે બેસને, ચાર મહિને આવ્યો છે તો જરા ગપ્પાં તો મારી લઈએ. પછી તપાસીશ.' આમતેમ ગપ્પાં માર્યાં પછી અચાનક એમણે મને સવાલ પૂછ્યો: 'ધત્તુભાઈ, ખરું કહેજે, કરાચીમાં ઑફિસમાંથી કેટલા દહાડા ગાબડી મારેલી?'

'એક પણ દિવસ નહિ. અરે, ગૂડ ફ્રાઇડેની ચાર દિવસની રજા હતી છતાં હું એ ચારેય દિ ઑફિસે ગએલો. ઘરમાં રહીને કરું પણ શું?'

તરત જ ડૉક્ટરે જયસુખભાઇને કહ્યું: 'તમે નીરાંતે ઑફિસ જાઓ; ધત્તુભાઇને બીજું ગમે તે દર્દ હશે, પણ એપેન્ડિસાઇટિસ નથી.'

'તમે તપાસ્યા વગર કેવી રીતે જાણ્યું?' જયસુખભાઈએ પૂછ્યું.

'એ જ ખૂબી છે ને?' ડૉક્ટરે હસતાંહસતાં કહ્યું: 'આને હું છેલ્લાં પચ્ચીસ વર્ષ થયાં ઓળખું છું નવ્વાણુ તાવ હોય તો એ ઑફિસ નહિ જાય. સહેજ પેટમાં દુઃખે તો એ ઑફિસ નહિ જાય. તો પછી એપેન્ડિસાઇટિસનું દર્દ થયું હોય અને એ એક પણ દિવસ ઑફિસમાં પાડે નહિ એ બને જ કેમ?' અને આખરે એમણે મને તપાસ્યો ત્યારે નીકળ્યું પણ એમ જ, ખોટું 'ડાયેટિંગ' કરવાથી મને 'લો બ્લડપ્રેશર' થઈ ગએલું. અને એક વાર હું ઊંટ પર બેઠેલો એથી મારાં આંતરડાંમાં સહેજસહેજ દુખ્યા કરતું હતું!

દરેક કુટુંબે એકએક કુટુંબનો ડૉક્ટર રાખવો જોઇએ તે આને માટે જ. એ આપણી તબિયત બરાબર જાણતો જ હોય. (ચાલુ)

એક અલગ તંત્ર (અનુસંધાન પૃષ્ઠ ૪૬૧થી) ત્યાં 'સ્કેપાફ્લો'માં છુપાએલા બ્રિટિશ નૌકાકાફલાની અને એના રક્ષણ માટે કરેલી નેળમાં કરવામાં આવેલી સંરક્ષણ ગોઠવણોની માહિતી મેળવી હતી, તે પહેલાં વર્ષો સુધી તો એણે માત્ર આ નેળના પાણીમાં થતા ભરતીઓટના આંકડા જ એકઠા કરીકરીને જર્મની મોકલ્યા હતા; અને એની કામગીરીને લીધે જ કમાન્ડર ગન્થર પ્રીન જર્મનીથી ઊપડી, આખું ગ્રેટબ્રિટન પસાર કરી, સંરક્ષણ અંગેનાં બધાં બ્રિટિશ સાધનોને પાર કરી 'સ્કેપાફ્લો'ના અજેય ગણાતા જળદુર્ગમાં જઇને ટૉર્પિડોનો તાસીરો બોલાવી આવ્યો હતો. (એના એ અપ્રતિમ સાહસની કથા અગાઉ 'કુમાર'ના ૪૨૦મા અંકમાં આવી ગઈ છે) આના પરથી સમજી શકાશે કે લોકોમાં ભળી જઈ છૂપી રીતે માહિતીઓ મેળવવાની કામગીરીનો કેટલી હદ સુધી વિકાસ થયો છે. પોલીસ ખાતામાં આ માટે એક ખાસ અલગ તંત્ર જ હોય છે. એના સંચાલનની કે એની કાર્યપદ્ધતિની બધી માહિતી જાહેરમાં મૂકવાની ન જ હોય એ સમજી શકાય એવું છે.

પચ્ચીસ વર્ષ પહેલાં — કુમાર

કલાની ઉપાસનામાં જ જીવનનો મોટો ભાગ વ્યતીત થયો હોવા છતાં એ કાળના અન્ય સહધર્મીઓ અને ઉત્તમ સાધકોનો પરિચય મેળવવા, એમની કલાપ્રવૃત્તિ અને પ્રચારનું સાક્ષાત્ નિરીક્ષણ કરવા, નવા કલાપ્રયોગો જનસમાજને કેટલા સહ્યા છે અને કલાના આદર્શોમાં કેટલું સામ્ય છે એ સમજવા, પ્રાચીન કલાપરંપરાઓ કેટલી જળવાએલી છે, ભૂતકાળના અવશેષો નવા સંસ્કૃતિવિધાનમાં શો ફાળો આપી શકે એમ છે એ પ્રત્યક્ષ કરવા આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ઈ. ૧૯૪૧ની આખરમાં શ્રી રવિશંકર રાવળ ઉત્તરભારતની સંસ્કારયાત્રાએ ગયા હતા. તેની લેખમાળા કોઈ અનેરો રસ જમાવતી નિયમિત આવતી હતી. ત્યારના ડિસેમ્બર અંકમાં એમની શાંતિનિકેતનની મુલાકાતમાં કલાસંસ્કારો તથા કલાશિક્ષણનો આપેલો પરિચય આ કલા-અંક માટે સર્વથા ઉપયુક્ત લેખાશે.

શાન્તિનિકેતનમાં મ્યૂઝિયમના પાછલા ભાગમાં પ્રદર્શન માટે એક વિશાળ ખંડ બાંધ્યો છે, જેનું નામ હૅવેલ-ભવન રાખવામાં આવ્યું છે. ભારતીય કળા માટે પ્રારંભિક ભૂમિકા બાંધનાર તથા સ્વાર્પણ કરનાર એ અભિજાત અંગ્રેજ કલાવિદ્‌ના નામસ્મરણ માટે આ સર્વથા ઉચિત સ્મારક ગણશે. મિસિસ હૅવેલે પોતાના પતિનાં કેટલાંક મૌલિક ચિત્રો અહીં ભેટ આપ્યાં છે. મિ હૅવેલનું કળાવિવેચક તરીકે તો અનન્ય સ્થાન છે જ, પરંતુ જેઓ આ ચિત્ર જુએ તેમને એ પણ જણાય કે કલાકાર તરીકે પણ તેમની દષ્ટિ અને પીંછી ઉત્તમ કલાકારના નામને જેબ આપે એવી છે. એમનું એક સુંદર નાનું ફોટો-પોર્ટ્રૅટ મને ત્યાં પહેલી જ વાર જોવા મળ્યું. રજા લઈને કૅમેરાથી તેની નકલ કરાવી લીધી. આ નાનીશી પ્રાપ્તિ એક સદ્‌ભાગ્ય ગણાય; કારણ કે હિંદી કલાના એ મહાન ઉપકારકની કોઈ સારી છબિ હજુ સુધી સાંપડી ન હતી.

હૅવેલ ભવનની બાંધણી કુતૂહલ ઉપજાવે એવી છે. કોઈ મંદિરના ગર્ભભાગમાં લાગે એવી શાંતિ અને એકાંતનું ત્યાં ભાન થાય, છતાં પ્રકાશ ને હવાની ઊણપ ન લાગે. ભીંતોમાં કોઈ તરફ બારીઓ ન હોવા છતાં ઉપરની ચેથી હવા આવવાને ખૂબીભરી યોજના કરી છે. ભીંત ઉપરનાં ચિત્રો માટે, માથા પર વચલા ભાગમાં કરેલી કાચની ઘુમટી દ્વારા એકસરખો ૪૫ ડિગ્રીનો પ્રકાશ મળી રહે છે અને આંખને ક્યાંયથી પણ પ્રકાશ અથડાતો નથી. આ સ્થળે વચ્ચોવચ સાદરડીઓ પાથરી શ્રી નંદબાબુ, શ્રી વિનોદ'દા તથા કલાભવનના બીજા વિદ્યાર્થીઓ સાથે બેસીને મેં ગુજરાતની કળાના છાપેલા તથા અસલ નમૂના તેમજ લોકજીવનના ફોટોગ્રાફો બતાવ્યા. તેમાં જામનગર તરફની ગ્રામ સ્ત્રીઓએ ભીંત પર લીંપણમાં પાડેલી ડિઝાઇનો, શ્રી પંચાણભાઈ વારાના ઘરની ભીંતો પરનાં ચીતરામણો અને ભાવનગર તરફનાં રાસનૃત્યોના ફોટોગ્રાફોએ બહુ સાનંદાશ્ચર્ય ઉપજાવ્યું કે દેશની તળપદી કળાપ્રવૃત્તિઓ હજુ આપણે ત્યાં જીવંત છે.

શાંતિનિકેતનનાં કેટલાંક મકાનોમાં કલાભવનના ભૂતપૂર્વ ને હાલના વિદ્યાર્થીઓએ કંઈ ને કંઈ સુશોભનો તથા ભીંતચિત્રો કરીને આકર્ષણ તથા ચિંતન વધાર્યાં છે. અહીંના સર્વ સંસ્કારમાં કળા કેટલો સજીવન અંશ છે તેનું તે ભાન કરાવે છે. શ્રી નંદબાબુનું પણ માનવું છે કે આવા પ્રકારની કામગીરીમાં વિદ્યાર્થીઓને અનેક જાતની ક્રિયાઓની તાલીમ અને અનુભવ મળે છે, સંયુક્ત કાર્યના પ્રભાવનું ભાન થાય છે તથા કામ કેવી રીતે સંપૂર્ણતાએ પહોંચે છે તેનો સાક્ષાત્ પરિચય તેઓ મેળવે છે. સંગીત તેમજ ભાષાના વિદ્યાર્થીઓને પણ તેનો રંગ ચડે છે. આમ, શાંતિનિકેતનના નાનકડા સમાજમાં કળા મહારાણીપદ ભોગવે છે.

તે ઉપરાંત નંદબાબુ દરેક કલા-વિદ્યાર્થીને સંગીતમાં વાદ્ય કે ગાનનો પરિચય મેળવવા ખાસ ભલામણ કરે છે. વાર્તાલાપમાં તેમણે કહ્યું હતું કે ચિત્રકળા માટે સંગીત એ ઉદ્દીપક સાધન છે અને કળાની ઊર્મિઓ તે વડે વધુ દીપ્તિમાન કરી શકાય છે. વિશ્વભારતીના વિદ્યાર્થીઓમાંનો મોટો ભાગ થોડું ચિત્રકામ ને સંગીત શીખીને પોતાના સાહિત્યસંસ્કારનો વધારે ગાઢ અને તાત્ત્વિક પરિચય પામી શક્યા છે અને કળાના સમુદ્ધાર તેમજ પ્રચાર માટે સારા વિવેચકો બની શક્યા છે.

શાંતિનિકેતનમાં અમે એક વાર કલાભવન તરફ જતા હતા ત્યાં સામેથી લાંબી લાકડી ઝુકાવતા એક કાળા જુવાનને ઝપાટાબંધ કેડીઓ અને વળાંકો પસાર કરી આવતા જોયા. કોઈએ કહ્યું કે એ કાલુ'દા સંગીત ને તાલમાં એક રત્ન છે અને પોતે દિવ્યચક્ષુ હોવા છતાં અનુમાનશક્તિથી જ આશ્રમમાં બધે ફરે છે ન સૌને બરોબર પિછાને છે. તેની ખરી ખૂબી તો માણસને સ્પર્શ કરી નામ કહી આપવાની મેં જોઈ. મારી પિછાન કરાવી એને બીજે દિવસે તેના હાથમાં મૂકી મેં પરીક્ષા કરી તો તરત જ કહ્યું કે વજુ'દા (વ્રજલાલ)ના નવા આવેલા મહેમાન છે! આ વિચક્ષણ તરુણ આનંદમસ્ત દેખાતા હતા: પોતાનાં ચક્ષુની ખોટ જાણે જરા યે સાલતી ન હોય.

કલાભવનની ફરજ માત્ર શાળાસમયમાં જ પર્યાપ્ત થતી નથી. વિદ્યાર્થી-નિવાસો આસપાસમાં જ બંધાવેલા છે, તેથી પ્રવીણતા પામેલા વિદ્યાર્થીઓ, પોતે પોતાના નિવાસમાં કામ કરી રહ્યા છે એટલું ગુરુજનોને બતાવી શકે તો તેમને શાળાની હાજરી નિયમિત ભરવી પડતી નથી. કેટલાક નવા બંધાવેલા વિદ્યાર્થી-નિવાસોના પ્રકાર તો ખરેખર નવા જ છે. દરેક વિદ્યાર્થીગૃહમાં જ કામ કરવાનો ખંડ બનાવી ત્યાં નીચી ધારે મોટી કાચની બારીઓ કરી આપી છે, તેને સ્ટુડિયો કહે છે. અહીં કળાના વિદ્યાર્થીઓ પોતાનાં ચિત્રો શાળાના જેવી જ સગવડથી પૂરાં કરી શકે છે. કળાશિક્ષકોનાં ગૃહોમાં પણ આવો સ્ટુડિયો-વિભાગ બાંધી આપેલો છે. અહીં કામ કરતા વિદ્યાર્થીઓ શાળામાં ન ગયા હોય તો શ્રી નંદબાબુ કે કોઈ અધ્યાપક ત્યાં જઈ તેને માર્ગદર્શન આપે છે. નૂતન વિદ્યાર્થીને ઘણી વાર આ બધું સમજમાં આવતું નથી, પણ કામની જેમને લગની લાગી હોય છે તે દિવસરાત એકધારા મચ્યા જ રહે છે.

શ્રી નંદબાબુ કહેતા હતા કે ઘણા વિદ્યાર્થીઓને ખબર પડતી નથી કે ક્યારે તેમના શિક્ષણનું કાર્ય ચાલી રહ્યું હોય છે. તેમના માટે કોઈ પરીક્ષાઓ નથી હોતી. ગુરુજનોને ખબર પડે છે કે તેઓ કેટલા ચડ્યા છે. શ્રદ્ધા રાખી તેમના કહેવા પ્રમાણે કામ કર્યે જાય તે તરી જાય. શ્રી નંદબાબુ શાળાપદ્ધતિથી ઘણા નારાજ છે. છતાં વિદ્યાર્થીઓ વધી જવાથી કેટલાંક નિયમનો અમલમાં મૂકવાં પડ્યાં છે. તેઓ માને છે કે જે દિવસે આશ્રમનું કલાભવન 'સ્કૂલ ઑવ આર્ટ' બનશે તે દિવસે 'સ્ટુડિયો-લાઈફ' મટી જશે અને વિદ્યાર્થી તથા ગુરુ વચ્ચે જે શાન્ત સ્વસ્થ વ્યવહાર છે તેનો ભંગ થશે. વિદ્યાર્થીઓ અને તેમની વાંછનાઓ વિષે તેમને બહુ વિશાળ અનુભવ છે. ખરા ખોટા વિદ્યાર્થીને તેઓ તુરત પારખી શકે છે. પણ સંસ્થા સાર્વજનિક હોવાથી દરેકને તક આપવી જોઈએ એમ માને છે. 'આ

૪૬૭ ('કુમાર' અંક ૫૧૬)



બૌદ્ધધર્મ અંગીકાર કરેલાં આજનાં લી ગોતમી જ્યારે કુ. રતિ પિટિટ તરીકે શાન્તિનિકેતનમાં કલાનો અભ્યાસ કરતાં હતાં ત્યારે તેમણે કરેલું બંગાળના નિસર્ગરમ્ય સાંથાલ ગામડાનું, છાયાપ્રકાશની લીલાવાળું મનોરમ લીનોકટ.





મથાળે : શાંતિનિકેતન કલાભવનના અધ્યાપક શ્રી વિનોદવિહારી મુખર્જી; નીચે : સંગીતસુરદાસ શ્રી કાલુ'દા; જમણી બાજુ ઉપર : ભારતીય કલાના મહાન પુરસ્કર્તા અભિજાત અંગ્રેજ શ્રી ઈ. બી. હેવલ; નીચે : શાંતિનિકેતનમાં વત્સલતાની છાયા પાથરતા શ્રી ગુરુદયાળ મલ્લિક; તથા નંદબાબુ સાથે કામ કરતા (હાલ કલાભવન સંભાળતા) સ્વ. નંદબાબુના પુત્ર શ્રી વિશુ'દા.







નંદબાબુનાં પુત્રી શ્રી ગૌરીદેવીનો ખાસ કલાવિષય અલ્પનાઓ (રંગોળી) છે. તેના થોડા નમૂના (ફોટો : શ્રી રતિ પિટિટ)

બધામાંથી એકબે જ ખરા સર્જક કલાકારો થશે; બાકીના કળાની સાધારણ પ્રવૃત્તિઓ ચલાવનાર થશે અને કેટલાક માત્ર પોતાના જીવનમાં કળાના પરિચયથી મળેલો આનંદ ભોગવશે.' તેમણે કહેલી આ હકીકત લગભગ દરેક કળાશાળા માટે સત્ય ઠરે છે.

કલાભવનમાં બધું શિક્ષણ આપવામાં પૌરસ્ત્ય નમૂનાઓનો જ ઉપયોગ કરવામાં આવે છે. ડિઝાઈન, ચિત્રસર્જન અને સુશોભન એ ત્રણ મુખ્ય વિષયો છે. ચિત્રનાં સાધનોમાં વૉટરકલર અને ટેમ્પેરા (ચિકાશમાં મેળવેલા કોરા રંગોનું કામ) મુખ્ય છે. શ્રી નંદબાબુનો મોટો ફાળો તો ભીંતચિત્રો માટે જોઈતા જથ્થાબંધ રંગ વાપરવામાં થતા દેશી માટીના ઉપયોગનો છે. મજૂરો રાખી રંગરંગના પથ્થરો દળાવીઘૂંટાવી તેના ડબ્બા તે ભરાવી રાખે છે ને એ રંગોની મર્યાદામાં જ ભીંતચિત્રોની રચના કરવાનું વિદ્યાર્થીઓને કહે છે.

ચિત્રકળા ઉપર વ્યાખ્યાનો કે નિબંધોનો પ્રસ્તાવ ત્યાં નથી; પરંતુ ઉત્તમ ચૂંટણીથી એકઠાં થએલાં હિંદી, યુરોપી અને ચીન–જાપાન તથા જાવાનાં પુસ્તકોનું નવનીત ત્યાં છે. ઑઈલ પેઈન્ટિંગ તેમજ પૉર્ટ્રેટ પેઈન્ટિંગ કલાભવનમાં નથી, પરંતુ તેની સામે ખાસ વિરોધ પણ નથી; કારણ કે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તેની ઉપાસના પોતાના નિવાસગૃહમાં ચાલુ રાખે છે. શ્રી કિંકરદા (રામકિંકર) બૈજ અદ્યતન (મૉડર્નિસ્ટ) પદ્ધતિના એક પ્રવીણ ઑઈલપેઈન્ટર છે. એમણે યુરોપીય પદ્ધતિએ કરેલાં દૃશ્યચિત્રો મેં જોયાં. શ્રી નંદબાબુનો યુરોપી પદ્ધતિ સામે એ વાંધો છે કે આપણા વિદ્યાર્થીઓ તેમનો કોઈ 'માસ્ટરપીસ' (શ્રેષ્ઠતમ કૃતિ) જોઇને શીખે તો ઠીક છે; પણ સાવ બજારુ નમૂના પર ચડી જાય તે અનિષ્ટ છે. એમણે પોતાનું આખું જીવન કળાના અવનવા પ્રયોગો, અભ્યાસ, ચિંતન અને સંશોધનમાં ગુજાર્યું છે અને મોટી પદવીઓ તથા પગારો કે આવકોનો ભોગ આપી દીધો છે. તેમનું કેટલું યે જૂનુંનવું કામ જોઈને તેમના માટે 'અહોધન્ય' કહ્યા સિવાય રહીએ નહિ.

કળાભવનની સવિશેષ સાધનસામગ્રી તો મ્યૂઝિયમમાં ભરી છે. શ્રી અવનીબાબુએ પોતાનાં કેટલાં યે અસલ ચિત્રો અહીં ભેટ કરી દીધાં છે. તે જોતાં હજુ પણ લાગે કે તેમનું ગુરુસ્થાન અવિચળ છે. બહુ થોડાં પણ સુંદર મુઘલ, રાજપૂત અને ઈરાની ચિત્રો પણ અહીં છે. તે ઉપરાંત કેટલીક મૂર્તિઓ, પથ્થર અને માટીના નમૂના, કાપડ ભરત અને વણાટના નમૂના તથા ગ્રામજીવનની હસ્તકળાઓ હિંદના પ્રત્યેક પ્રાંતેથી મળ્યાં છે. વાઘ-ગુફાઓની ભીંતો ઉપરથી ઉતારેલા એક ચિત્રની આખી નકલ એક મોટી ભીંત ઉપર ભરી કાઢી છે. તે જોઈ વિદ્યાર્થીઓ અજંટા અને વાઘ-ગુફાનો કંઈક અંશે સાક્ષાત્કાર અનુભવી શકે તેવું છે. મ્યૂઝિયમનાં હવામાન, સંરક્ષણ અને શાંતિની યોજના માટે તેના સ્થપતિ સુરેન્દ્રનાથ કારને પણ યાદ કરવા જોઈએ.

આ બધાં સાધનો વચ્ચે ત્યાં હિંદી કળાશિક્ષણની કોઈ પરિપાટી નિશ્ચિત થયાનું પ્રમાણ મળતું નથી. પણ નંદબાબુનું એક વાક્ય યાદ આવે છે કે, 'વાઘ બચ્ચાને શિકાર કરવાના પાઠ આપતો નથી. પોતે તેને વનમાં લઈ જાય છે ને શિકાર કરી બતાવે છે. બચ્ચું નિજી પ્રયોગો કરી તે શક્તિ હાથ કરી લે છે.' આથી હમેશાં તેમનો આગ્રહ રહે છે કે ગુરુએ વિદ્યાર્થી વચ્ચે જ પોતાનું કામ કરી દેખાડવું જોઈએ. તેમનાં કામ સુધાર્યા કરવાની મહેનત કરતું કઈ રીતે પોતે આરંભથી અંત લગી પાર ઉતારે છે તે બતાવવું જોઇએ.

શતરંજના કોયડાનો ઉકેલ

આવા લાંબા કોયડા ઉકેલવા અઘરા નથી. અહીં પ્રથમ તો એ સમજી લેવું જોઈએ કે કાળા પ્યાદાને આઠમી પંક્તિ ઉપર પહોંચાડીને રાજાની આસપાસનું એકાદ ખાનું એના વડે રૂંધવું જોઈએ. એ સમજાય એટલે સફેદનું KR5 પરનું પ્યાદુ કાળા રાજાએ મારવું જ જોઈએ એ તુરત સમજાશે. પણ તે પહેલાં KN4 પરનું પ્યાદું અને તેની યે પહેલાં KB6 પરનો ઘોડો, તેમ વિચાર કરતાંકરતાં ક્યાંથી શરૂઆત કરવી તે છેવટે સમજાઈ જશે. આ રીત બીજગણિતમાં 'સાદું રૂપ' આપવાના દાખલા જેમ પૂંછડીથી શરૂ કરવા પડે છે તેના જેવી જ છે. હવે જુઓ કે ઉકેલ કેવો સરળ છે. પ્રથમ ૭૫ ચાલ કાળાની જ છે.

1K–B1, 2K–Q1, 3K–K2, 4K–B1, 5K–N2, 6K–R3, 7K–N4, 8K–B5, 9K–K6, 1 K–Q7, 11K–B7, 12K–N6, 13K×R, 14K–N6, 15K–B7, 16K–Q7, 17K K6, 18K–B5, 19K–N4, 20K–R3, 21K–N2, 22K–B1, 23K–K2, 24K–Q1, 25K–B1, 26K–N1, 27K×B, 28K–N1, 29K–N1, 30K–Q1, 31K–K2, 32K–B1, 33K–N2, 34K–R3, 35K–N4, 36K–B5, 37K–K6, 38K–B7, 39K×P, 40K×R, 41K×P, 42K–N8, 43K–B8, 44K–K8, 45K–Q8, 46K–B8, 47K–N8, 48K×B, 49K–N8, 50K–B7, 51K–Q6, 52K–K6, 53K–B5, 54K–N4, 55K×N, 56K–N4, 57K×NP, 58K×P, 59K–N4, 60K–B3, 61K–K2, 62K–Q1, 63K–B1, 64K–N1, 65K–R1, 66P–R4, 67P–R5, 69P R6 69P–R7, 70P–R8 (=N), 71N–B7, 72N–Q6, 73N–B4, 74N–R3, 75N–N1 (પચોતેર ચાલ પૂરી કરી.) અને હવે સફેદ 1N–B7 ચાલીને કાળાને મહાત કરી દે છે.

સાહિત્યસંપર્ક

થોડી નવલકથાઓ

અવલોકન: ચંદુભાઈ ઠક્કર

ઊજળા પડછાયા, કાળી કાયા: દુનિયાની દૃષ્ટિએ જે હીન ને ગુનેગાર છે, એમનાં અંતરમાં પણ માનવતાના કેવા ઉચ્ચ ગુણો હોય છે, કેવી ઋજુતા, નિર્મળતા ને નિખાલસતા હોય છે એનું દર્શન બંગાળના નામી સર્જક જરાસંધે આ ગ્રંથમાં મનોહર કરાવ્યું છે.

આશરે બસો બસો પાનાંનાં ત્રણ 'પર્વ'માં વિભક્ત આ ગ્રંથનું કથાવસ્તુ જેલજીવનને લગતું છે, પણ એનાં પ્રકરણોને એકબીજા સાથે કશો સંબંધ નથી. દરેક પ્રકરણ સ્વતંત્ર કથા છે, છતાં એ દરેક કથા કેદી માનવની કથા છે. જેના કપાળ પર 'ગુનેગાર'નું કાદવનું તિલક છાપેલું છે એવા લોહકપાટ (લોખંડી દરવાજા) પાછળ રહેતા કેદીઓની કથા છે. એ એની એકતાનો સૂક્ષ્મ દોર છે, તો અન્ય રીતે જેલર મલય ચૌધરીએ જેલમાં જોએલા ગુનેગારોની માનવતાની એ કથા છે, એ રીતે પણ પુસ્તકને નવલકથાની જેમ આસ્વાદી શકાય છે.

દેશસેવક અનિમેષ, 'વંદેમાતરમ્'ના નાદ સાથે શહાદતને વરતો ભૂપેશ સેન, જેલને જ ઘરસમજતો રહીમ, બહાદુર બદરુદ્દીન મુનશી, પિતૃભક્ત પરિમલ, અફઘાનં ખાણાનો આગ્રહી અફઝલખાં, કેવળ મનસા બ્રહ્મચર્યભંગથી દુઃખી થતા સદાનંદ બ્રહ્મચારી જેવા પુરુષો, તો પતિને ચરણે અનાઘ્રાત પુષ્પદેહ ચડાવવા ઇચ્છતી પતિભક્ત મલ્લિકા, મોદીની કામલાલસાને વશ ન થતાં એનાં ઘર ને પુત્રને બાળી નાખતી જ્ઞાનદા, કડક આત્મનિરીક્ષક અપર્ણા વગેરે સ્ત્રીઓ આ વૈવિધ્યભરી જેલસૃષ્ટિનાં આકર્ષક ને સજીવ પાત્રો છે, જે કર્તાના અનુભવની સચ્ચાઈના રણકા સાથે ભાવકના હૈયામાં અવિસ્મરણીય છાપ મૂકી જાય છે.

પાત્રો–પોતાના કેદીઓ–પ્રત્યેની લેખકની સહાનુભૂતિ, કરુણામિશ્રિત સૂક્ષ્મ હાસ્યવૃત્તિ, સત્તાવાળાઓ સામેનો મર્માળો કટાક્ષ, હળવી રમતિયાળ શૈલી, બહુશ્રુતતા, કલાસંયમ, ધ્વન્યાત્મક આલેખન કરવાની સર્જનશક્તિ એ સર્વ આ કથાનાં આકર્ષક તત્ત્વો છે.

આવી કથાને શ્રી નગીનદાસ પારેખ જેવા સિદ્ધહસ્ત, ચીવટવાળા ને ભાષાશુદ્ધિના આગ્રહી અનુવાદકના હાથનો લાભ મળ્યો છે એ સોનામાં સુગંધ ભળ્યા જેવો ઘાટ છે. (પ્ર૦ વોરા ઍન્ડ કં. લિ., રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨, રૂ. ૧૨.)

ચહાષ્ટક વત્તા એક: ગુજરાતી સાહિત્યની હાસ્યનવલકથાઓના અલ્પ ધનમાં શ્રી ચૂનીલાલ મડિયાની આ 'શ્રદ્ધા અને અંધશ્રદ્ધાની રમૂજી નવલકથા' એક નોંધપાત્ર ઉમેરારૂપ ગણી શકાય; પણ એ નોંધવું જોઈએ કે આ નવલકથાનું વસ્તુ નાટકને વધુ અનુકૂળ પડે એવું લાગે છે. ચબરાક સંવાદો, રમૂજી પ્રસંગો, માનવમનની નબળાઈઓ તથા વૈચિત્ર્યને મળતી અભિવ્યક્તિ, તીવ્ર કટાક્ષો વગેરે આ કથાનાં વિશિષ્ટ લક્ષણો છે; તેમ છતાં કથાવસ્તુનો વિકાસ સ્વાભાવિકપણે થતો હોય એવી છાપ ઊભી થતી નથી. (પ્રકાશક ઉપર મુજબ; રૂ. ૪-૫૦.)

ચાંદચકોરી: રણમાં આવેલા વારોહા સ્ટેશને સ્ટેશનમાસ્તર તરીકે કામ કરતા કથાનાયક શિશિરને ત્યાં ઉનાળુ વૅકેશનમાં એના ઘેરથી બહેન શમ્પા, માતા સુભદ્રા અને વાગ્દત્તા સંજ્ઞા આવે છે ત્યારે, વગર ટિકિટે મુસાફરી કરતી પકડાઈ જતાં આ સ્ટેશને ઊતરી પડેલી અને શિશિરને ત્યાં નોકરાણી તરીકે કામ કરતી ચાંદચકોરીની સેવાશુશ્રૂષાનો લાભ મેળવે છે. પણ થોડા જ સમયમાં રણની ગરમીથી કંટાળી જતાં સૌ પાછાં ચાલ્યા જાય છે. એકલો પડેલો શિશિર રણને ગુલઝાર બનાવતી ચાંદ તરફ આકર્ષાય છે. ચંદા શિશિરની વાગ્દત્તા સંજ્ઞાની તેને યાદ આપીને એના માર્ગમાં કંટક ન બનવાની ઉદારતા બતાવે છે, પણ ત્યાં તો સંજ્ઞાએ પરિમલ સાથે લગ્ન કરી લીધાં છે એવો શમ્પાનો પત્ર આવતાં બંનેનો માર્ગ નિર્વિઘ્ન બને છે અને કથાનો ચિત્રપટીય સુખદ અંત આવે છે.

શિશિરનો ખાસ મિત્ર પરિમલ શમ્પા તરફ આકર્ષાયો હોવા છતાં સંજ્ઞા સાથે કેમ લગ્ન કરે છે એ પ્રશ્નનો કર્તા પાસે કોઈ વજૂદવાળો ખુલાસો નથી. કશા સંઘર્ષ વિનાની, અનાકર્ષક પ્રસંગોને અસ્પષ્ટ પાત્રાલેખનવાળી આ કૃતિ સામાન્ય કક્ષાની ચિત્રપટકથા જેવી લાગે છે. (લેખક: રસિક મહેતા, પ્ર૦ સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા સૂરત-૨; રૂ. ૬.).

મેના-પોપટ: (ભા. ૧-૨) સામાન્ય વાચકવર્ગને ધ્યાનમાં રાખીને લખાએલી શ્રી નાનુભાઈ નાયકની આ નવલકથામાં,-મિલનો મૅનેજર એવો કથાનાયક સુશીલ ટાઇપિસ્ટ મેના સાથે પરિચયમાં આવતાં એના પ્રેમમાં પડી લગ્ન કરે છે, પણ શરૂઆતની શરમાળ મેના સિને-ડિરેક્ટર પાઠકના સંગે અલ્લડ નારી બને છે અને સુશીલના જીવનમાં આગ ચંપાય છે. રૂપભોગી ભ્રમર પાઠક મેનાને છોડી લજ્જાવતીમાં લોભાય છે અને પશ્ચાત્તાપથી પીડાતી મેના પુનઃ પતિગૃહે જાય છે, જ્યાં ઉદારહૃદયી સુશીલ અગાઉ વચન આપ્યા મુજબ એનો સ્વીકાર કરે છે. મેનાનું માનસ-

શબ્દકથા: ઊધ, ઊંટડો, ગાડું

'ઊધ' કે 'ઊંધ' શબ્દ ઘણાને અપરિચિત હશે. તે ગાડાના એક ભાગનું નામ છે. ગાડાનું આગલું ટેકણ તે 'અડો', 'હડો' કે 'ઊંટડો' ('ઊંટિયો') કહેવાય છે. ગાડાની ધરી ઉપરનો ભાગ તે 'માચડો'. ઊંટડા અને માચડાને જોડતું લાકડું—જેના મૂળ આગળ ગાડાખેડુ ઘણી વાર બેસે છે તે 'ઊધ'. તેને કેટલેક સ્થળે 'ધારિયો' કહે છે.

આ 'ઊંધ'નું મૂળ વેદ જેટલું જૂનું છે. 'અથર્વવેદ' (૮–૮–૨૨)માં તથા શતપથ બ્રાહ્મણ (૧૨–૨–૨–૨)માં 'ઉદ્ધિ' શબ્દ, ગાડું હાંકનાર જ્યાં બેસે છે તે જગ્યાના અર્થમાં મળે છે. વૈદિક સાહિત્ય સિવાય અન્યત્ર આ શબ્દનો પ્રયોગ કોશોમાં નોંધાયો નથી. લોકવ્યવહારમાં પ્રચલિત રહીને તે ગુજરાતી સુધી ઊતરી આવ્યો છે.

'ગાડીવાનની બેઠક' એ અર્થનો સહેજ વિસ્તાર ગુજરાતી 'ઊધ'માં મળે છે. ગાડાંના બીજા ભાગો અંગે પણ આવું જ અર્થપરિવર્તન જોવામાં આવે છે.

'ગાડું' શબ્દ જ લઈએ: સંસ્કૃતમાં ગાડીના અર્થમાં એક 'ગંત્રી' શબ્દ છે. પણ તેનો હર્ષચરિતથી પહેલાં કોઈ પ્રયોગ નોંધાયો નથી, અને નિયમો પ્રમાણે તેમાંથી "ગાડી" શબ્દ ન આવી શકે. એટલે તેનું મૂળ અન્યત્ર શોધવું રહ્યું.

વૈદિક ભાષામાં 'ગર્ત'નો અર્થ થાય છે 'ગાડીવાનની બેઠક'. તેના લોકપ્રચલિત રૂપ 'ગર્દ'-માંથી એક તરફથી આપણને પ્રાકૃત 'ગદ્દ' મળે છે, જેનો અર્થ થાય છે 'ગાદી'; બીજી તરફથી 'ગડ્ડ' મળે છે, જે આપણા 'ગાડી–ગાડું'નું મૂળ છે. અહીં પણ 'ગાડીવાનની બેઠક'નો અર્થ વ્યાપક બન્યો અને તેનો વાચક શબ્દ આખા ગાડાનો વાચક બની ગયો.

સંસ્કૃતમાં 'અક્ષ' એટલે 'ધરી' અને 'ગાડું' બંને અર્થ છે, તે પણ અહીં સરખાવી શકાય.

હરિવલ્લભ ભાયાણી

પરિવર્તન નાટકી લાગે છે, પણ સાર્થાનું મનોમંથન આકર્ષક બન્યું છે. એકંદરે કથામાં ખાસ કશી કલાનાં દર્શન થતાં નથી (લેખક–પ્રકાશક ઉપર મુજબ, પૃ. ૬૦૦, રૂ. ૧૪).

હૃદયલક્ષ્મી : (ભા. ૧-૨) દિયર-ભાભીનો સંબંધ ધરાવતાં સુશીર-દર્શનાનો અનેક યાતનાઓ અને માનસિક મૂંઝવણો પછી લગ્નમાં પરિણમતો સંબંધ એ આ પ્રસ્તારી નવલકથાનો કથાવિષય છે. સદ્‌ગત મોટાભાઈની પત્ની દર્શના સાથે લોકમાન્યતા ને રૂઢિની શૃંખલાઓને લીધે લગ્ન ન કરી શકતો સુશીર કૌશામ્બીની સંમતિથી અંતે લગ્ન કરે છે અને વાર્તા સુખાંત બને છે.

પાત્રોની એકવિધ ભાષા, અનાવશ્યક લંબાણ, પરિસ્થિતિ અને પ્રસંગોનું આલેખન કરવાની અનાવડત, તત્સમ શબ્દોનો ક્લિષ્ટ પ્રયોગ, આશ્ચર્યચિહ્નોનો વિવેકહીન ઉપયોગ અને બેહદ જોડણીદોષો એ આ નવલકથાની નોંધપાત્ર મર્યાદાઓ છે. (લેખક–પ્રકાશક ઉપર મુજબ, રૂ. ૧૬.)

પ્રણયબંધ : ગુલશન નંદાની 'પથ્થર કા હોઠ' નવલકથાનો શ્રી વિજય હ. મહેતાએ કરેલો આ અનુવાદ એક વેશ્યાની વેદનાની કથા કહી જાય છે. વેશ્યા પણ એક સ્ત્રી છે અને એને ગૃહિણીપદ ને માતૃપદ પામવાની અપાર ઝંખના હોય છે, એનું આલેખન કરતી ચાંદ નામની વેશ્યાની આંતરિક યાતનાની આ કથા છે. અનુવાદ એકંદરે સુવાચ્ય બન્યો છે. (પ્ર૦ સૌરભ પ્રકાશન, રૂ. ૫-૫૦).

શુભ દિન આયો : તાનસેનના પુત્ર બિલાસ અને તવાયફ ગુલબદન શબનમની પ્રણયકથા આલેખતી આ નવલનું કથાવસ્તુ અર્ધ ઈતિહાસ અને અર્ધ દંતકથામાંથી ઉપાડી આલેખવામાં લેખક શ્રી હરિન્ મહેતાએ ઠીકઠીક કુશળતા બતાવી છે. તાનસેન શબનમના સંગીતથી ખુશ થઈ એને સ્વપુત્ર સાથે પરણવાની અનુમતિ આપે છે ત્યાં સુધીમાં પ્રેમી યુગલ જે તાવણીમાંથી પસાર થાય છે એનું આલેખન સારી રીતે થયું છે. પણ આ બંનેના ઉર-અભિસારને ઉચિત અભિવ્યક્તિ ન મળવાથી, આકર્ષક બની શકત એવું કથાનક કથળી ગયું છે. ઘટનાને લેખક આકર્ષક આકાર આપવામાં નિષ્ફળ ગયા છે. (સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩, રૂ. ૬-૫૦).

નવાં પ્રકાશનો

મહાદેવભાઈની ડાયરી : ભા. ૬, ૭, ૮ : માત્ર ગુજરાતના જ નહિ પણ વિશ્વભરના રાજનીતિ–સાહિત્યમાં જે અગ્રપદની અધિકારીણી છે એવી આ ડાયરી મહાત્મા ગાંધીજીના મૂલ્યવાન જીવનની ક્ષણેક્ષણનો ચીવટભર્યો અહેવાલ આપવા ઉપરાંત એ કાળના ભારતના સાંપ્રત જીવનપ્રવાહનો પણ પ્રામાણિક ઈતિહાસ આલેખે છે.

ગાંધીજીના પત્રો, પ્રવાસો, મુલાકાતો, વાર્તાલાપો આદિ ઉપરાંત એમનાં પ્રવચનો, વિવિધ વ્યક્તિઓનાં રેખાચિત્રો, પ્રસંગો અને ઘટનાચિત્રો આલેખતી, ગાંધીસાર સર્વસંગ્રહરૂપ આ કૃતિમાં એના નાયક 'બાપુ'ની વેધક નિખાલસતા, ઉત્કટ દેશદાઝ, અતાગ પ્રેમ ને કરુણાની ભાવના, હૈયાની નિર્મળતા ને પારદર્શક્તા, નમ્રતા ને નીડરતા, સેવાભાવના ને સ્પષ્ટવક્તૃત્વતા પાનેપાને પ્રતીત થાય છે.

ડાયરીના આ ત્રણ ભાગો લખાયા એ ગાળામાં કૉંગ્રેસે સ્વીકારેલા ખાદી ને રેંટિયાના પ્રચારના તથા અસ્પૃશ્યતાનિવારણ તેમજ હિન્દુ-મુસ્લિમ ઐક્યના રચનાત્મક કાર્યમાં ગાંધીજી ગળાબૂડ રહેતા હોવાથી આ ત્રણ ભાગોમાં મુખ્યત્વે પ્રવાસવર્ણન અને ઉપર્યુક્ત વિષયો પરનાં પ્રવચનો જ આવે છે અને વિષયોની મર્યાદાને લીધે એ પ્રવચનોમાં એકવિધતા અને પુનરુક્તિઓ જોવા મળે છે; તેમ છતાં ગાંધીજીની સાદી, સરળ ને સૂત્રાત્મક શૈલીએ, બહુશ્રુતતાએ અને પ્રસંગોચિત દૃષ્ટાંતાદિ આપવાની શક્તિએ આ પ્રવચનોને રોચક બનાવ્યાં છે. ઉપરાંત એ ત્રણ વિષયોની સાથેસાથે, પ્રસંગે કેળવણી, બ્રહ્મચર્ય, સ્વચ્છતા, વ્યાયામ, અહિંસા, બ્રહ્મચર્ય આદિ વિષયો પર પણ એમણે પોતાના મૌલિક અને તાત્ત્વિક ખયાલો અભિવ્યક્ત કર્યા છે.

બાપુના 'હૃદયમ્ તુ દ્વિતીયમ્' જેવા અત્યંત નિકટના અંતેવાસી શ્રી મહાદેવભાઇએ આ ડાયરીના લખાણમાં રાખેલી ચીવટ, જાગરુકતા અને વિવેકપૂર્ણતા જેમ મહાપુરુષના મંત્રી થવાની એમની લાયકાતનો પુરાવો છે, એમ પ્રસંગે એમાં આવતી કથાઓ અને અનુવાદો એમની પ્રકૃતિદત્ત સર્ગશક્તિની પણ જુબાની આપે છે. રામભક્ત હનુમાનનો પ્રેમ અને વ્યાસના લહિયા ગણપતિની લેખનશક્તિ બંને મહાદેવભ ઈમાં સંમિલિત થયાં દેખાય છે.

અગાઉના ભાગોના સંપાદક સ્વ. નરહરિભાઈ પરીખ જેમ જ આ ત્રણ ભાગોના સંપાદક શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલે ઉઠાવેલી જહેમત સાર્થક અને એથી અભિનંદનીય છે. (પ્ર૦ સાબરમતી આશ્રમ અને સુરક્ષા ટ્રસ્ટ અમદાવાદ–૧૩, પાકું પૂઠું, દરેકનાં અનુક્રમે પૃ. ૪૯૨, ૪૫૬ અને ૫૧૪; અને કિંમત દરેકની રૂ. ૬.)

મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ (પુ. ૧-૨) ગાંધીજીના અંગત મંત્રી અને મહાદેવભાઈ દેસાઈના અવસાન બાદ 'હરિજન' આદિ સાપ્તાહિકોના તંત્રી, શ્રી પ્યારેલાલે અંગ્રેજીમાં લખેલા 'મહાત્મા ગાંધી : ધ લાસ્ટ ફેઈઝ' પુસ્તકનો શ્રી મણિભાઈ દેસાઈએ કરેલો આ અનુવાદ ગાંધીજીએ 'સત્યના પ્રયોગો' રૂપે લખેલી આત્મકથાનો પૂરક છે, અને એ રીતે એમના જીવનનાં આકરી કસોટીમાં પસાર થએલાં અંતિમ વર્ષોનો શ્રદ્ધેય અહેવાલ છે.

જીવંતસિદ્ધાંત સમા સત્યાગ્રહને જીવનમાં ઉતારીને જ નહિ પણ સામુદાયિકરીતે પ્રજા એનો અમલ કરી શકે એ માટેની કાર્યપદ્ધતિ ઉપજાવીને તેનો ઉપયોગ કરતાં શીખવવા ગાંધીજીએ શું, કેમ ને શા માટે કર્યું એનો સર્વગ્રાહી, પ્રમાણભૂત ને સવિસ્તર અહેવાલ વાંચવો હોય એણે આ ગ્રંથ વાંચવો જ જોઈએ.

એકતાને ભોગે હિંદને પ્રાપ્ત થએલા સ્વાતંત્ર્યના કાળે પ્રજામાં અહિંસા પેદા કરવાનો પોતાનો પ્રયાસ નિષ્ફળ થતો જોઈ ગાંધીજીએ જે મનોમંથન અનુભવ્યું અને પોતાનાં સ્વપ્નાં મુજબની નવી સમાજવ્યવસ્થા સિદ્ધ કરવાના માર્ગે હિન્દને ચડાવવા જે પ્રબળ પુરુષાર્થ કર્યો એનું વર્ણન એ આ ગ્રંથનો સૌથી વધારે આકર્ષક ભાગ છે. ગ્રંથમાં વર્ણવવામાં આવેલા પ્રસંગો તથા ઘટનાઓ સગી આંખે જોવાની અને જાણવાની તક જેમને સાંપડી હતી તથા તેમને સાચી રીતે સમજાવવાની બુદ્ધિની સૂક્ષ્મતા અને દૃષ્ટિ જેમનામાં છે એવા સૂઝ, સમજદારી અને સંયમ ધરાવતા લેખકને હાથે આ ગ્રંથ લખાયો છે, તેથી સોનામાં સુગંધ ભળ્યાનો સુમેળ સધાયો છે એટલું જ નહિ પણ મણિભાઈ દેસાઈ જેવા સિદ્ધહસ્ત અનુવાદકની કલમ આ ગ્રંથને સાંપડી છે એ પણ શુભ યોગાનુયોગ છે.

માત્ર ગાંધીજયંતીના દિવસે જ જે મહાપુરુષને યાદ કરીને આપણે કૃતઘ્નતાનું પાપ વહોરી રહ્યા છીએ, એમાંથી આ પુસ્તક આપણને બચાવી શકે એમ છે એમ કહેવામાં જરા યે અતિશયોક્તિ થવાનો સંભવ નથી. (પ્ર૦ નવજીવન, અમદાવાદ-૧૪; પાકું પૂઠું, પૃ. અનુક્રમે ૪૮૮, ૪૯૪; કિંમત દરેકની રૂ. ૭)

ગોપકાવ્યો : ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં ખેતી અને એને આનુષંગિક પશુપાલન જેવા ધંધાઓને વિષયક કરતું સાહિત્ય જેટલું રચાય એટલી પ્રજાજીવનના ઉલ્લાસની પ્રતીતિ વિશેષ થાય. અલબત્ત, ગુજરાતી સા-

હિત્યની વાત કરીએ તો આપણાં ગોપકાવ્યો (પૅસ્ટોરલ્સ) સંખ્યા કે ગુણવત્તા ઉભય દૃષ્ટિએ બહુ ગૌરવ અપાવે એવાં નથી; તેમ છતાં જે થોડાં પણ છે એનો આ સંગ્રહ (અમારા સ્મરણ પ્રમાણે વર્ષો પહેલાં થએલા પ્રકાશનનું આ બીજું સંસ્કરણ) સંપાદકોની એ પ્રકારનાં કાવ્યો તરફની પ્રીતિ અને સંપાદનની ચીવટ દર્શાવે છે. નરસિંહ મહેતાના 'જાગને જાદવા'થી શરૂ કરી આધુનિક સુધીના અનેક નાનામોટા કવિઓની આ કૃતિઓ કાવ્યત્વની કસોટીએ પાર ઊતરી શકે એવી ભલે ન હોય, પણ એમાં ધબકતી ખેડૂતજીવનની વેદનાઓ ને મધુરી ઝંખનાઓ ને તમન્નાઓ, આકર્ષક ને પ્રેરણાત્મક છે. આવા સંગ્રહો હમેશાં આવકાર્ય છે. માત્ર એની પાછળ વધારે મહેનત લેવાય એ જરૂરી છે. (સંપાદકો : કલ્યાણજી વિ. મહેતા અને ચૂનીલાલ રા. શેલત; પ્રકાશક : ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ, સુરત; પૃ. ૯૨, ૮૦ પૈસા.)

કવિ નાકર – એક અધ્યયન : ભાલણ અને પ્રેમાનંદ વચ્ચે ઐતિહાસિક તથા સાહિત્યિક દૃષ્ટિએ મહત્ત્વની કડી જેવા કવિ નાકરનાં વ્યક્તિત્વ ને સર્જનનો પરિચય કરાવતો, ગુજરાતી ભાષાસાહિત્યના પ્રાધ્યાપક શ્રી ચિમનલાલ ત્રિવેદીનો આ અધ્યયનગ્રંથ ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ માટે અત્યંત ઉપયોગી બની રહે તેવો છે. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; પૃ. ૫૧૨, રૂ. ૯–૫૦)

છેલ્લો ઝબકારો : ગુજરાતના નવલિકા સાહિત્યમાં 'તણખા' લઈને પ્રવેશ કરનાર 'ધૂમકેતુ'ના આ સંગ્રહનું નામ એ આકસ્મિક ઘટના કે કુદરતનો કોઈ અગમ્ય સંકેત, ગમે તે હોય પણ ધૂમકેતુની વાર્તાકાર તરીકેની વિશિષ્ટતાઓ ને મર્યાદાઓનો એ એક વધુ સાક્ષી બની શકે એમ છે, એ નિઃશંક. (પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ–૧; પૃ. ૨૭૮, રૂ. ૫–૫૦)

મનોમંથન : હિન્દુ ધર્મ અને તત્ત્વજ્ઞાન પર ચિંતન રજૂ કરતું પ્રો. ગોવિંદલાલ હ. ભટ્ટનું પુસ્તક : પ્ર૦ પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા; પૃ. ૩૩૯, રૂ. ૫–૫૦)

વિચારપોથી : વિનોબાજીએ પોતાના નિદિધ્યાસનમાંથી સ્ફુરેલા વિચારોને 'સ્વસંવેદ્ય' ભાષામાં ઉતારીને બનાવેલી હસ્તલિખિત 'વિચારપોથી'નો, સર્વશ્રી અનવર આગેવાન, મીરા ભટ્ટ ને હેમલતા વ્યાસે કરેલો અનુવાદ. (પ્ર૦ યજ્ઞ પ્રકાશન, વડોદરા-૧; પૃ. ૯૨, કાચું પૂઠું. રૂ. ૧)

ગામનો વિદ્રોહ : ભારતના ગામડાની આજની કરુણ પરિસ્થિતિનું તાદૃશ ચિત્ર દોરી, એક અને નેક બનીને ગામ પોતે જ પોતાનો ઉદ્ધાર કરે એવી પ્રેરણા આપતા, આચાર્ય રામમૂર્તિના પુસ્તકનો હરિશ્ચંદ્ર બહેનોએ કરેલો અનુવાદ. (પ્ર૦ ઉપર મુજબ; પૃ. ૧૩૨, કાચું પૂઠું, રૂ. ૧)

વિદ્યા વેચાય નહિ : સુરત જિલ્લાના મઢી ગામમાં 'વિદ્યા વેચાય નહિ'નો સિદ્ધાંત પ્રસ્થાપી લોકોની મફત સેવા કરતા ગાંધીવાદી હાડવૈદ્ય મંચેરશા સુરાશીવાળાના જીવન અને કાર્યનો મિતાક્ષરી પરિચય કરાવતી શ્રી મનુ પંડિતે લખેલી પુસ્તિકા. (પ્ર૦ વત્સલ પ્રકાશન, મઢી; પૃ ૪૮, કાચું પૂઠું, ૬૦ પૈસા.)

ઝરણું ભા. ૧–૨ : શ્રી સેફ પાલનપુરીની બે ભાગમાં આલેખાએલી સામાજિક નવલ. (ફાલ્ગુની પ્રકાશન, ૨૨૬, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઇ–૩, પૃ. ૩૨૪,+૨૭ દરેકના રૂ. ૮)

રોગ અને આરોગ્ય : કબજિયાતથી માંડી કૅન્સર સુધીના રોગોનાં કારણોની ચર્ચા કરી, એ સુધારવા કે અટકાવવાના નૈસર્ગિક ઉપાયો બતાવતું, વૈદ્યકીય સાહિત્યમાં આદરપાત્ર એવું, ડૉ. હરકિશન ડી. ગાંધી કૃત પુસ્તક. (પ્ર૦ પુનિત પ્રકાશન મંદિર, મણિનગર અમદાવાદ-૮, પૃ. ૧૭૨, કાચું પૂઠું, રૂ. ૧)

ખેડા જિલ્લાનાં વિવિધ પાસાં : સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વાણિજ્ય વિભાગના પ્રાધ્યાપકોએ જનસંખ્યા, સહકારી પ્રવૃત્તિ, રોજગારી, વાહનવ્યવહાર, સિમેન્ટ, કાચ, દૂધ ને વીજળીના ઉદ્યોગો વગેરે ખેડા જિલ્લાને સ્પર્શતા વિષયો પર આપેલાં વ્યાખ્યાનોનો આ સંગ્રહ ખેડા જિલ્લાના ઔદ્યોગિક પાસાનો સારો પરિચય કરાવે છે. વ્યાખ્યાતા પ્રાધ્યાપકોએ પોતપોતાના વિષયને ન્યાય આપવા ખૂબ જહેમત લીધી જણાય છે અને આંકડાઓ તેમજ અન્ય માહિતી ખૂબ ચીવટથી આપી છે. આવાં વ્યાખ્યાનો ઉભય પક્ષે લાભદાયક થઈ પડે છે. (સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગર પૃ. ૧૦૨, કાચું પૂઠું, રૂ. ૨.)

તિમિરે ટમકતા તારલા : ૭ અંગ્રેજી વાર્તાઓને યોગ્ય ફેરફારો સાથે ગુજરાતી દેહે રજૂ કરતો શ્રી રંભાબહેન ગાંધીનો વાર્તાસંગ્રહ. (પ્ર૦ સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબઇ-૩; પાકું પૂઠું, પૃ. ૨૨૬, રૂ ૫)

શુક્તિ : અંતરની ઊર્મિઓને વાણી આપતો ટચૂકડો કાવ્યસંગ્રહ. લે. ઉપેન્દ્ર રાવળ; પ્ર. નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨. પૃ. ૧૮, કાચું પૂઠું, રૂ. ૦–૫૦.

સાહિત્યપ્રેમીની ડાયરી

આ વર્ષનું નોબેલ પારિતોષિક વિચારવા માટે સ્વીડનના પાટનગર સ્ટૉકહોમમાં એક બાજુ ૧૮ સભ્યોની સમિતિ બેઠી હતી, ત્યારે બીજી બાજુ શહેરભરના પુસ્તકવિક્રેતાઓ પોતાની દુકાનોમાં અંગ્રેજ લેખક ગ્રૅહામ ગ્રીનનાં પુસ્તકો અને તસવીરોના ઢગલા ખડકી રહ્યા હતા. કેમ ? એમને લગભગ સો ટકા ખાતરી હતી કે આ વર્ષનું નોબેલ પારિતોષિક ગ્રીનને જ મળશે. પરંતુ સૌની ધારણાથી વિરુદ્ધ પ્રમાણમાં ઓછા જાણીતા બે યહૂદી લેખકો—સ્મુઍલ ઍગનન અને નેલ્લી સાશ—ને એ ઈનામ ફાળવાયું. આમ, સૅમ્યુઅલ બકેટ, રૉબર્ટ ગ્રેવ્સ, ઓડ્ન, ઇબ્સન, મૉમ, સ્ટ્રિન્બર્ગ વગેરે સાહિત્યકારોને સ્વીડિશ અકાદમીએ જેમ આ વિશ્વપ્રતિષ્ઠિત પારિતોષિકથી વંચિત રાખેલા એમ ગ્રૅહામ ગ્રીન પણ રહ્યા.

પોતાની તટસ્થતા માટે સ્વીડન બહુ કાળજી રાખે છે. રશિયન લેખક શોલોખોવે જે સમયગાળામાં કશું જ વિશિષ્ટ સાહિત્યિક પ્રદાન નહિ કરેલું એ વખતે એને ઈનામ આપીને અકાદમીએ ગયા વર્ષે જે પગલું ભરેલું એઆની પ્રતીતિ કરાવે છે. આ વર્ષે પણ અકાદમીની ઇચ્છા તો નાનાં અને ઊભાં થતાં રાષ્ટ્રોમાંથી કોઈકને પુરસ્કૃત કરવાની હતી. એ માટે આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના લેખકોનાં નામ જોએલાં; પરંતુ એમાંથી કોઈ જરૂરી યોગ્યતા ધરાવતું કે વિવાદથી પર પણ ન લાગ્યું, એટલે હિબ્રૂ ભાષાનાં બે યહૂદી લેખકોને ૨૦ હજાર પૌંડ (૧ પૌંડ=૨૧ રૂા.) સરખે હિસ્સે વહેંચીને નવાજવામાં આવ્યા.

જેઈમ્સ જૉઈસની ચર્ચાસ્પદ અને વિશિષ્ટ ધાટીની નવલકથા 'યુલિસિસ' એના પ્રકાશન પછી ૪૪ વર્ષે ફિલ્મીકરણ પામે છે એ હકીકત તેના ચાહકોને સાનંદ આશ્ચર્ય ઉપજાવી રહી છે. આપણા 'સરસ્વતીચન્દ્ર'ની જેમ 'યુલિસિસ'ને પણ અનેક વાર ચિત્રપટ ઉપર લાવવાના પ્રયાસો થએલા. વીસીના ગાળા દરમ્યાન ખુદ જૉઈસ સાથે એ અંગે વિચારણા થએલી. નવલકથાના મુખ્ય પાત્ર બ્લૂમ તરીકે વિગત જમાનાના જાણીતા અભિનેતા ચાર્લ્સ લૅાટનને ઉતારવાનું પણ નિર્માતા વૅાર્નર બ્રધર્સે ગોઠવેલું. પરંતુ એ કશું જ પરિણામકારી ન નીવડ્યું. અંતે અમેરિકન નિર્માતા-દિગ્દર્શક જોસેફ સ્ટ્રિકે હામ ભીડી અને અત્યારે ચિત્ર પોણાથી વધુ હિસ્સે ઊતરી પણ ગયું છે.

દિગ્દર્શક સ્ટ્રિક 'યુલિસિસ'ના જન્મ પછી બીજા જ વર્ષે જન્મેલા છે અને એમના બાલ્ય-

કાળ દરમ્યાન એમહર્સ્ટ(સ)થી ચોરીછૂપીથી અમેરિકામાં પોતાના ઘરમાં ઘુસી ગએલી એ અશ્લીલ-નવલકથાની છૂપાતી અનુભવેલી. સોળ વર્ષની વયે એમણે એ નવલકથા વાંચેલી અને આ સદીના ઉત્તમ પ્રદાન તરીકે એને મૂલવેલી. એના પિતા જબરા ચર્ચાખોર હતા અને ઘરમાં આવેલા મિત્ર-સહેમાનો સાથે એ નવલકથાની જ ચર્ચા કરતા રહેતા. એ વખતે કોઈ એ ગ્રંથને વખોડતું તો તે એનાં બે મોઢે વખાણ કરતા અને કોઈ એને બિરદાવતું તો તે એને ચારે બાજુથી છોલી નાખતા!

૧૯૦૪ની ૧૬મી જૂને ડબ્લિનમાં બનવા પ્રસંગ ઉપર એ નવલકથાની માંડણી થએલી છે, પરંતુ એ કાળનું ડબ્લિન રૂપેરી પડદા ઉપર લાવતાં કરોડો રૂપિયા ખર્ચવા પડે એવું હોવાથી વર્તમાન સમયને ચિત્રમાં પ્રસ્તુત કરેલો છે.

૮૭ વર્ષની વયે અવસાન પામેલા સર સી. પી. રામસ્વામી આય્યર 'ધ હિસ્ટરી ઑફ અવર ટાઈમ' નામનું આત્મકથાત્મક પુસ્તક લખી રહ્યા હતા; લગભગ ત્રણસો ત્રણસો પાનાંના બે ભાગમાં પ્રગટ થનારા એ ગ્રંથમાં ભારત અને ઇંગ્લંડ વચ્ચે યોજાએલી ગોળમેજી પરિષદોનાં એમનાં સંસ્મરણો ઉપરાંત મહાત્મા ગાંધી, ચર્ચિલ, ઍટલી, બર્કનહેડ, રામસે મૅકડોનલ્ડ વગેરે સાથેની એમની મિત્રતા-વાતચીતોનો સમાવેશ થએલો હશે.

આંતરરાષ્ટ્રીય પી. ઈ. એન.ના કોષાધ્યક્ષ અને મહામંત્રી શ્રી ડેવિડ કારવેરે 'ન્યૂ પોએટ્સ'(=નવાં કાવ્યો)ના નામે થનારા એક સમુચ્ચય માટે કવિઓને પોતાની પાંચપાંચ કૃતિઓ મોકલવાનું આમંત્રણ આપ્યું છે. એના સંપાદકો રહેશે ચાર્લ્સ કૉઝલે, પીટર રેડગ્રોવ અને હૅરોલ્ડ પિન્ટર.

અમેરિકન વૃત્તપત્ર પ્રકાશક સંઘે વિશ્વવૃત્તપત્ર ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર દૈનિકને ઇનામ આપવાની જાહેરાત કરી છે. આ સંસ્થાએ ૧૯૬૫ની સાલનું ઇનામ તુર્કીના 'વેની અદન' નામના દૈનિકને આપ્યું છે. ફક્ત ૨,૫૦૦ નકલોનું વેચાણ ધરાવનાર આ દૈનિક છ જ પાનાંમાં દરરોજ વિસ્તૃત પ્રમાણમાં સમાચારો આપે છે. તુર્કીને આઝાદી અપાવવામાં આ દૈનિકે મોટો ભાગ ભજવેલો.

૧૯૬૬ની સાલનું ઇનામ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગના 'રૅન્ડ ડેઈલી મેઇલ'ને આપ્યું છે. એ દેશનાં સવારનાં દૈનિકોમાં એનું વેચાણ સૌથી વધુ છે. ત્યાંની રંગભેદી ગોરી સરકારના અમાનુષી અત્યાચાર સામેના લેખો પ્રગટ કરવા માટે સરકાર તરફથી ગયા ૪૭૩ ('કુમાર' અંક ૫૨૬)

વર્ષ એને ઘણું સહન કરવું પડેલું, છતાં અંગ્રેજીભાષી જનતામાં એ ખૂબ જ લોકપ્રિય છે.

સીધું કોઈ પણ પુસ્તક કાચાં પૂઠાંની ખિસ્સા આવૃત્તિમાં—પાતળા પૂઠાંની આવૃત્તિમાં પ્રગટ થયું હોય એવું જવલ્લે બને છે. એમાંયે નવલકથા તો પહેલાં પાકા પૂઠાંમાં જ પ્રગટ થાય, ને પછી પાતળા પૂઠાની આવૃત્તિમાં, એવો અત્યાર સુધીનો શિરસ્તો છે. પરંતુ પુસ્તકપ્રકાશન ક્ષેત્રે ક્રાંતિકારી કહેવાય એવું પગલું ૭૨ વર્ષના બ્રિટિશ લેખક જે. બી. પ્રીસ્ટલીએ ભર્યું છે. 'સૉલ્ટ ઈઝ લીકિંગ' નામની એમની એક નવી રહસ્યકથા 'પાન' નામની પાતળા પૂઠાની પ્રકાશન શ્રેણીમાં પ્રગટ થઈ રહી છે. પહેલાં જાડા પૂંઠામાં અને પછી પાતળા પૂઠામાં પુસ્તક પ્રગટ કરીને લેખકો અને મૂળ પ્રકાશકો ખૂબ કમાણી કરતા. ઘણા પ્રકાશકો કબૂલે પણ છે કે અમારું પુસ્તક પાતળા પૂંઠાની આવૃત્તિના કોઈ પ્રકાશકે પ્રગટ કર્યું ન હોત તો અમે ખલાસ થઈ જાત.

૨૫મી ઑક્ટોબરે ૮૫મી વર્ષગાંઠ ઊજવનાર કલાકાર પિકાસોનાં ચિત્રોનું એક સર્વાંગપૂર્ણ અને વિશ્વમાં એક જ વ્યક્તિનું કદી ન થયું હોય એવું અતિવિશાળ પ્રદર્શન પારી(સ)માં ગઈ ૧૮મી નવેમ્બરે ખુલ્લું મુકાયું. જેમાં વિશ્વભરનાં સંગ્રહસ્થાનો, કલાવીથિઓ ને પિકાસોના અંગત સંગ્રહમાંની ૮૦૦ જેટલી રચનાઓ હશે, ફ્રાન્સના સાંસ્કૃતિક બાબતોના ખાતાએ 'પિકાસોને માનાંજલિ' તરીકે યોજેલા આ પ્રદર્શનમાં ૩૮૦ ચિત્રો વડે તો પિકાસોના વિકાસના સઘળા તબક્કા દર્શાવ્યા હશે. આ સાથેનું ચિત્ર બ્રિટનની 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ કૉન્ટેમ્પરરી આર્ટ્સ' (સમકાલીન કલાસંઘ) નામની સંસ્થાને પોતાના જન્મદિન નિમિત્તે પિકાસોએ આપેલું 'વૂમન્સ હેડ' નામનું છે. સંસ્થાની નવી બંધાએલી કલાવિથિના ભંડોળ માટે એની હરાજી થશે.

પુસ્તકના પ્રકાશન સાથે કાચાં પૂઠાની ખિસ્સા આવૃત્તિઓ કાઢવાની પહેલ કરનાર જાણીતી પ્રકાશનપેઢી 'પેન્ગ્વીન' હવે પાકા પૂઠાના પ્રકાશનક્ષેત્રે પગરણ માંડી રહી છે. પુસ્તકનું નામ છે 'બિબ્લિઑપોલા' અને એના લેખક છે સિગફ્રીડ ટૉબર્ટ. એની કિંમત ૨૧ પૌંડ અને ૧૦ શિલિંગ છે. એમાં બીજી સદીથી તે ઠેઠ ૧૯મી સદી સુધીના પુસ્તકવિક્રયનો ચિત્રાત્મક ઇતિહાસ રજૂ કર્યો છે.

રાષ્ટ્રકુટુંબ પુસ્તક-પ્રદર્શન દ્વારા આયોજિત એક અભિપ્રાય-દર્શનના કાર્યક્રમમાં વિશ્વમાન્ય સાહિત્યિક સાપ્તાહિક 'ટાઇમ્સ લિટરરી સપ્લિમેન્ટ'ના તંત્રી શ્રી આર્થર ક્રૂકે તૈયાર કરેલી યાદીમાં નવ તો ભારતીય લેખકની કે ભારતીય પૃષ્ઠભૂમિમાં લખાએલી નવલકથાઓ છે. જેમાં પ્રવર ઝાબવાલાની 'એ બેક વર્ડ પ્લેઈસ', 'ગેટ રેડી ફૉર બૅટલ', 'ધ હાઉસ-હોલ્ડર', 'લાઈક બર્ડ્ઝ, લાઇક ફિશિઝ ઍન્ડ અધર સ્ટૉરીઝ', વી. એસ. નાઈપાલની 'હાઉસ ફૉર મિ. બિશ્વાસ', 'મિગ્યુલ સ્ટ્રીટ', 'મિ. સ્ટોન ઍન્ડ નાઈટ્સ કંપેનીઅન', તથા આર. કે. નારાયણની 'ધ મૅન-ઈટર ઑવ માલગુડી' તેમજ રાજા રાવની 'ધ સર્પેન્ટ ઍન્ડ ધ રોપ'નો સમાવેશ થાય છે.

રૂપિયાના અવમૂલ્યનનો આંચકો આ પુસ્તકપ્રેમીઓ ઉપર પણ પડ્યો છે. અંગ્રેજી પુસ્તકો જે સહેલાઈથી ખિસ્સાને પરવડતાં તે દિવસ હવે નથી રહ્યા. આ સ્થિતિમાં રાહતનો શ્વાસ ખેંચવા મળે એવા સમાચાર છે: 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા' જેવાં બહુમૂલ્ય (બંને અર્થમાં) પુસ્તકોને ભારતમાં જ છપાવીને ભારતીય આવૃત્તિ જેવાં પુસ્તકો પ્રગટ કરવાની યોજના અમેરિકાએ ઘડી છે.


આ વિચાર જેટલો આનંદદાયક છે તેટલો જ એનો અમલ આઘાતજનક છે. 'બ્રિટાનિકા'ની અત્યારની કિંમત લગભગ રૂ. ૨૦૦૦ જેટલી છે, જે ઠીકઠીક કહેવાય એવાં પુસ્તકાલયોને પણ પોસાય નહિ. એટલે એ પુસ્તકો ભારતમાં છાપવામાં આવે તો શી કિંમતે પડે એની પ્રાથમિક તપાસ નાઉમેદ કરે તેવી છે. એ માટે ભારત આવેલા ખાસ પ્રતિનિધિની પૃચ્છાના ઉત્તરમાં ભારતમાંના ઉત્તમોત્તમ મુદ્રણાલયોમાં ગણાતા મુંબાઈના એક છાપખાનાએ જણાવ્યું કે બ્રિટાનિકાના ૨૪ ખંડ છાપતાં ઓછામાં ઓછાં બે વર્ષ લાગે. 'બ્રિટાનિકા'ના પ્રકાશકોનું કહેવું એમ છે કે દર વર્ષે પ્રકાશિત થતી એની નવી આવૃત્તિમાં આ ચોવીસે ખંડોનું પાનું યે પાનું નવતર માહિતીથી વધુ ને વધુ સમૃદ્ધ બને છે. (જોકે ૧૯૬૫ની એની આવૃત્તિમાં નેહરુના અવસાનની નોંધ પણ નથી લેવાઈ એ વાત જવા દઈએ!) એ ગણતરીએ તો ભારતમાં કદી નવી આવૃત્તિ છાપી જ ન શકાય ને? એટલે હવે અમેરિકનો વિચારી રહ્યા છે કે સંપૂર્ણ અદ્યતન એવું એક તદ્દન નવું મુદ્રણાલય જ ભારતમાં ઊભું કરવું, કે જેથી ગમે તેવું રાક્ષસી કે જંગી કામ કરી શકાય.

—અખબારી કૉટ

રવિશંકર રાવળની ખાસ મુલાકાત દ્વારા મેળવનાર
ચંપકલાલ મહેતા

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના
ઉપાસકોના
ઉત્તરો



રવિશંકર મ. રાવળ

આપને પ્રથમ કોણે ચિત્રકલા તરફ પ્રેર્યા?

નાનપણથી જ જોવા-જાણવાની કુતૂહલવૃત્તિ મારામાં ઘણી હતી. માણસો, બનાવો અને નવીનતા તરફ હું સહજમાં આકર્ષાતો એવું મને યાદ છે. એ બધાં વિષે હું જે પૂછ્યા કરું કે વધારે સમજણ માગું તે પૂરી પાડનારા વડીલોનો સમાગમ મને હમેશાં મળી રહેતો. વાર્તા, કથા કે બનાવ મારા મનમાં ચિત્રરૂપે પ્રત્યક્ષ બની રહેતા. કોઈ ઠેકાણે ચિત્ર, પૂતળું કે નવો ઘાટ યા આકૃતિ હું જોતો ત્યારે મારી જિજ્ઞાસા અને રસવૃત્તિ ઊછળતી. ભીંત પરનાં અને ચોપડીઓમાંનાં ચિત્રો કેવી રીતે થતાં હશે તેનું આશ્ચર્ય હું અનુભવતો અને સ્લેટમાં માણસ, સૂરજ, ડુંગર, ડુક્કર કે ઝાડ ચીતરવાની ચેષ્ટાઓ કરતો. બાલવયમાં એ ચેષ્ટા કે રમત જ હતી.

વળી ચિત્રોમાં નાનપણથી રસ ઉત્પન્ન થયો તેનું કારણ તો મારાં માતુશ્રી જે કંઈ વાર્તા કે કથન કહેતાં તે સદા મને ચિત્રાત્મક લાગતું. તે બોલતાં તેનું મારા મનમાં ચિત્ર જ થતું, મને શબ્દોથી સૂચિત આકૃતિઓ દેખાતી. બધાં બાળકો નાનપણમાં લીટા કરે છે તેવા જ હું કરતો ને મોટો થતો તેમ તે શોખ ચાલુ રહ્યો.

ઉત્તમ ચિત્રકાર થવા માટે કયા ગુણો જરૂરી છે?

અથાગ પરિશ્રમ કરવો, નિષ્ફળતાથી કાયર ન થવું અને જ્યાં-ત્યાંથી કૃતિકૌશલ્ય શોધતા જ રહેવું. ઉપરાંત, નિખાલસ નિરૂપણશક્તિ અને પ્રામાણિક રેખાંકન યા આકૃતિનિર્માણ. તસ્વીર કે દૃશ્ય ઉતારવાની શક્તિ એ ચિત્રકળાની પ્રાથમિક સિદ્ધિ છે. કલ્પનાની સમૃદ્ધિ અને ભાવસંનિવેષ તથા સૌંદર્યની ફોરમ ચિત્રમાં પ્રગટાવવા જુદા જ પ્રકારની માનસિક સાધના અને જીવનદૃષ્ટિની જરૂર છે. કોઈ શૈલી, કૌશલ્ય, કરામત કે વસ્તુવિષયમાં કલા નથી પણ ચિત્રબદ્ધ સ્વરૂપમાં તેના સર્જકના ચૈતન્યનો કોઈ પ્રકારનો આ વિર્ભાવ કે ઊર્મિનો અંતર્ગત પ્રવાહ હોય તો જ એ ચિત્રકળાનું યથાયોગ્ય સર્જન બને. હજુ પણ કળાનાં સનાતન રહસ્યો અને આદર્શોની શોધમાં હું તડપી રહ્યો છું.

ગુજરાતમાં ચિત્રોની શરૂઆત કોણે ને ક્યારે કરી?

પરંપરાગત ચિત્રો દોરનારા સો વર્ષ પહેલાં હતા તેની સાક્ષી રૂપે ઘણાં જૂનાં મકાનો ને મંદિરોની ભીંતો પર ચિત્રો મોજૂદ છે. પણ જેને આપણે passionથી, અનુરાગથી ચિત્રો કરનારા કહીએ તેવા એમાં કોઈ નહિ. આધુનિક યુગે પણ ઈ. ૧૯૦૭ સુધી ફોટો પરથી મોટી તસવીરો કરનારા થયા, પણ પ્રસંગ કે ભાવના આલેખનારા નહોતા. ૧૯૦૭માં ભારતમાતાનું ચિત્ર નકશાની આકૃતિમાં દેવી સ્વરૂપે આલેખાએલું છપાઈને પ્રચાર પામ્યું હતું. તેના ચિત્રકાર અમદાવાદમાં જમાલપુરની એક ગુજરાતી શાળાના શિક્ષક મગનલાલ દવે હતા. ૧૯૧૫માં હું તેમને મળ્યો ત્યારે પણ તે શાળાના શિક્ષક હતા; પણ ઘરમાં ભાવનાશીલ ચિત્રકાર હતા. કોઈ પણ શિક્ષણ વિના એમણે રવિ વર્માનાં ચિત્રો પરથી પ્રેરણા લઈ, રાણકદેવી અને તેના પુત્રોનો વધ કરવા તૈયાર થએલા સિદ્ધરાજનો પ્રસંગ, દમયંતી અને પારધી તથા બીજાં બેત્રણ લોકસાહિત્ય કે પુરાણકથાનાં ચિત્રો કર્યાં હતાં. તે વખતે પણ તે ચિત્રો મને clumsy ભારેખમ લાગ્યાં હતાં, પણ એ ચિત્રકારની ધીરજ અને સાધનાથી હું મુગ્ધ બન્યો હતો. એ ચિત્રકારમાં ધૂન હતી. પોતાનાં ચિત્રોમાંથી તેણે પઈની પણ કમાણી કરી નહોતી. એ એકાકી ચિત્રકારનું નામ ને કામ એમ ને એમ લુપ્ત થયાં છે.

ગુજરાતમાં પદ્ધતિસર તાલીમ અને અભ્યાસથી ચિત્ર દોરવાનો યુગ ૧૯૧૭થી શરૂ થયો ગણાય. ૧૯૧૭માં મને મુંબાઈની આર્ટ સોસાએટીએ 'વર્ષના શ્રેષ્ઠ ચિત્ર' માટે સુવર્ણચંદ્રક આપ્યો. કલાપીના 'બિલ્વમંગળ' કાવ્યની પ્રેરણાથી તે મેં કરેલું. ગુજરાતી સાહિત્યની મારી ચિત્રકળા પર ઘણી અસર છે એમ હું માનું છું.

ચિત્રકળાના વિભાગ—પ્રકાર ખરા?

મારી સમજ માટે હું બે જ ભાગ પાડું છું: વસ્તુલક્ષી (representational) અને પ્રભાવલક્ષી (abstract). બંનેની સફળતા જોનારની ગ્રહણશક્તિની કસોટી કરે છે.

આપને ખાસ શોખ શાનો?

ભાતભાતનાં નિરીક્ષણો કરવાનો ને તેમાંથી બને તેટલું ચિત્રમાં કે શબ્દમાં સાચવી લેવાનો. મને પ્રસંગો અને વ્યક્તિઓમાં કે અનુભવોમાં જે કંઈ unique નાવીન્યપૂર્ણ લાગે છે તે હું તરત સમજી શકું છું અને તેનો આહ્લાદ અનુભવું છું.

'વીસમી સદી' ને હાજીમહમ્મદ વિષે ટૂંકમાં કહેશો?

'વીસમી સદી' જીવતું હોત તો હું 'કુમાર' કાઢવાની ઇચ્છા કે કલ્પના પણ કરી શક્યો ન હોત. એ જ તંત્રી એવા હતા કે જે કલાકારોને સાહિત્યકારોની જેમ જ બિરદાવતા હતા. એમની શક્તિ અને ભાવનાનું મૂલ્ય ગુજરાત હજી સમજી શક્યું નથી. 'વીસમી સદી' ન હોત તો હું કદાચ લેખનસાહિત્ય તરફ વળ્યો જ ન હોત; સફળ ધંધાદારી professional થઈ બેઠો હોત.

આપના સાહસની કડવી-મીઠી?

'વીસમી સદી' હાજીમહમ્મદ પાછળ જેમ અલોપ થઈ ગયું તેમ 'કુમાર'ને પણ તમે લુપ્ત થએલું જોત. 'કુમાર' પાછળ મારા જીવનનાં વીસ ઉત્તમ વર્ષ ખર્ચાઈ ગયાં. ચિત્રકળામાં પણ મારે સહન કરવું પડ્યું. પૈસાની વાત તો બાજુ રહી. ઈ. ૧૯૪૨માં મરણપથારી જેવી માંદગી આવી. બોટાદ જઈ સ્વ. મેઘાણીના ઘરમાં રહ્યો. ટપાલ-વ્યવહાર બંધ રાખવો પડ્યો. હવે જો જીવવું હોય તો 'કુમાર'નો ભાર છોડી દેવો એવી સ્વ. મેઘાણીની સલાહ મળી. 'કુમાર' તથા પ્રેસ આદિ સર્વ વેચી નાખવા ધાર્યું હતું, પરંતુ કેટલાક સુજન મિત્રોએ તે લિમિટેડ કર્યું. શ્રી બચુભાઈ (વીસ

વર્ષના મારા સાથી)એ બધે વેતનથી પણ તેનો ભાર ઉઠાવી લીધો અને આજે 'કુમાર' ૪૩ વર્ષ વટાવી ગયું છે.

Q કલાની આપની અંગત વ્યાખ્યા ?

મનુષ્યની આંતરસૃષ્ટિમાં ઉત્કટ ભાવોના જે ઊર્મિ ઊઠે તેને સ્વરૂપ આપીને આકલનથી મનુષ્યના જીવનમાં જે આનંદ ભરે, સંતૃપ્તિ આપે તથા ઉલ્લાસ પૂરે, તેમજ જે વિકલન કે વ્યાકુળતા નિવારીને તથા સુસ્થિર આદર્શોનો અનુભવ કરાવીને જીવનમાં વ્યવસ્થા અને સૌંદર્યભાન આપે એ મારે મન કલાપ્રવૃત્તિ છે.

Q કોણ ચડે ?—લેખક કે આલેખક ?

લેખન અને આલેખન બંને માણસની અભિવ્યક્તિનાં જુદાંજુદાં માધ્યમો છે. બંનેનું ઊગમસ્થાન એક જ હોવા છતાં શિખર પરના સરોવરમાંથી વહેતી નદીઓની પેઠે જુદાજુદા પ્રવાહો બન્યા છે, પણ અંતે બંને પ્રવાહો સાગરમાં એકરૂપ થઈ જાય છે. લેખન શ્રુતિનું પ્રતિનિધિ છે, આલેખન દૃષ્ટિનું પ્રતિનિધિ છે. બંને ઇંદ્રિયો દ્વારા મળેલા અનુભવોનાં સ્વરૂપો નિરાળાં છે. દૃષ્ટિ આકૃતિ અને રંગની સૃષ્ટિમાં નિરૂપણ શોધે છે; લેખન કે વાણી વિચારો યા કાળક્રમનો આધાર લે છે, છતાં તે ચિત્રની ભાષાનો ઘણી વાર પ્રયોગ કરે છે. આલેખન જોવા-સમજવા ઇચ્છનારને પૂર્વજ્ઞાનની ભાગ્યે જ જરૂર રહે છે, શબ્દાલેખન ભાષાજ્ઞાન વિના અબોધ રહે છે. કોણ ચડે એ પ્રશ્ન જ રહેતો નથી. પ્રત્યેકનું કાર્ય નિરાળું છે.

Q કલા અને ભોક્તા વચ્ચે કયા પ્રકારનો સંબંધ હોય ?

કલાના આસ્વાદ માટે ઇંદ્રિયાકર્ષણ અને શુદ્ધ અનુભૂતિની જરૂર છે. આંખ કે કાનને આસ્વાદ્ય લાગે, રંજક લાગે અને પરિણામે કૃતિનો સંપર્ક થાય તથા અનુભૂતિ પ્રકટે ત્યારે તેની સાર્થકતા ગણાય. કલા તેનો 'અર્થ' પ્રગટ કરી શકે નહિ ત્યાં સુધી અનુભૂતિ થાય નહિ. 'અર્થ' એટલે પ્રત્યાઘાત કે સંક્રમણ કરવાની શક્તિ.

Q આપ 'કળા ખાતર કળા'માં માનો છો ?

'કળા ખાતર કળા' સૂત્ર ભુલામણી રૂપ છે. કળાનો અર્થ 'અંતરના ભાવોનું આકલન' સ્વીકારીએ તો પ્રશ્ન જ રહેતો નથી કે તે અન્ય જનને તે ભાવો દર્શાવવાનો એક પ્રકાર જ છે. કોઈના આદેશ કે ફરમાનથી નહિ, પણ નિજાનંદનો ઉલ્લાસ પ્રકટ કરવા કોઈ ગાય, નાચે કે શોભાશણગાર યા ચિત્રો કરે અને કહે કે હું કોઇ માટે નહિ, મારી પ્રસન્નતા માટે જ કરું છું તો તેમાં કોઇને વિરોધ હોઈ શકે નહિ; પરંતુ તેની એ પ્રક્રિયાથી અન્ય પણ તેના આનંદમાં ભાગીદાર બને ત્યારે જ તેની વિશેષ સાર્થકતા સધાય; અને એમ થશે ત્યારે જ બીજા એને કળા કહેશે. મનમાં ને મનમાં રાંડવા-પરણવાના સુખદુઃખનો ભોક્તા તો તે એકલો જ રહેશે.

Q સર્વસમન્વયી અને શ્રેષ્ઠ કલા કઈ કહી શકાય ?

જે કલામાં કલાસ્વામીએ કૌશલના સર્વશ્રેષ્ઠ પ્રકારોના પ્રયોગ સાથે ઊંચી માનવભાવનાઓ પ્રકટ કરી હોય તે. આવા કલાકારોનાં દૃષ્ટાંત તરીકે મહાભારત, રામાયણ, બાઈબલ, કવિ કાલિદાસ કે શેક્સપીઅર જેવાનાં સર્જનો, અજન્ટા-ગુફાનાં ચિત્રો, મુઘલ, કાંગડા કે રાજપૂત કલમનાં ચિત્રો અને આ યુગમાં કવિવર રવીન્દ્રનાથની કૃતિઓ ગણી શકાય. અગર એ કોટિનું કોઈ કલાકાર્ય, જે મનુષ્ય ઉપર સ્વયંભૂ સ્વામીત્વ સ્થાપે તે.

Q આપનો હાલનો જીવનવ્યવસાય અને નિત્યકાર્ય ?

અત્યારે તો હું પરમાત્માની બક્ષિશ તરીકેનું જીવન ગુજારું છું. કોઈ સંસ્થા, રાજ્ય અથવા યુનિવર્સિટીને મારી સલાહ લેવાની જરૂર પડે ત્યાં આપું છું. રોજ સવારે ચા પી કામ પર બેસી જાઉં છું. દસ વાગ્યા સુધી પત્રો કે લેખનપ્રવૃત્તિ કરું છું. અગિયારે ભોજન, પછી ટપાલ જોઉં, જવાબો લખું કે વાચન કરું. બે કલાક આરામ. બપોરના ફરીથી પ્રવૃત્તિ. સવારથી સાંજ સુધી મુલાકાતો તો હોય જ. વલ્લભવિદ્યાનગરમાં ચારુતર વિદ્યામંડળે મારી સૂચનાથી એક કલાકેન્દ્ર શરૂ કર્યું છે તેમાં મેં મારાં ૪૦૦૦ની કિંમતનાં પુસ્તકો આપી દીધાં છે. તેનો હું માનાર્હ નિયામક છું.

Q ખૂબ જ ટૂંકમાં આપનો અનુભવનિચોડ કહેશો ?

જિંદગીમાં મળેલો દાવ શુદ્ધ બુદ્ધિથી ખેલી જવો. 'પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિ હાથ છે.'

Q આપની જીવનભાવના ?

કોઈ પણ કલાકાર તેના યુગની શ્રેષ્ઠ ભાવનાઓને અનુસરીને પોતાની સાધના કરતો રહે તો જ તેની કલા અને સંસ્કૃતિની એકવાક્યતા સચવાય. કલાકાર પોતાની સાધનાનું ક્ષેત્ર પોતાના જીવનમાં મળેલા સંસ્કારો, અનુભવો અને તત્કાલીન સમાજ-વ્યવસ્થામાંથી જ પ્રાપ્ત કરી શકે, અને તો જ તેની કલામાં તેની નિષ્ઠા અને પ્રતિભા પ્રભાવશાળી બને.

કોઈ પણ કલાકાર પોતાની કૃતિ માટે છેવટનો અભિપ્રાય આપી શકે નહિ. સમયના તરંગોને ભેદીને જે કૃતિઓ ટકી રહી છે તેમાં જ કંઈક સ્થાયી તત્ત્વ હોય છે; એ તત્ત્વ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો એ સન્નિષ્ઠ કલાકારનો ધર્મ બને છે. મારા માટે હું એટલું જ કહી શકું કે હું મારી સાધનામાં શ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યો નથી. જે કૈં મેળવી શક્યો તેથી કલામંદિરને ઉંબરે બેસવાની લાયકાત પામીને વિશ્વની શ્રેષ્ઠ કલાકૃતિઓ સમજવા પામ્યો છું અને એનાથી મારા જીવનને ધન્ય બન્યું માનું છું.

Q આપના આ અમૃતપર્વ પ્રસંગે આપનો સંદેશ ?

મારા જીવનમાં આવું પર્વ જોવાનો લ્હાવ મળ્યો એમાં પરમાત્માની કૃપા રૂપ સદ્ભાગ્ય અને ગુણજ્ઞ ગુજરાતની મારા પ્રત્યેની શુભેચ્છા જોઉં છું. મને જીવનમાં જે જે શ્રેષ્ઠ પુરુષો મળ્યા તેમની પ્રેરણા-પ્રસાદીથી મેં શુદ્ધ ભાવે કલાની પ્રતિષ્ઠા માટે પ્રયત્નો કર્યા છે. તેમાં મારી અંગત એષણાઓ કરતાં કલાતત્ત્વનાં આદર અને પરિસ્થાપનાને આગળ રાખ્યાં છે. છતાં માનું છું કે મારી મહેચ્છાઓ પ્રમાણે હું મારી સાધના પૂર્ણ કરી શક્યો નથી, તેમજ ઈષ્ટ ભાવના પ્રમાણે કલાને રાજ્યમાં, પ્રજામાં કે શિક્ષણમાં યોગ્ય સ્થાન અને અધિકાર મળ્યાં છે એવો સંતોષ પામ્યો નથી. નવી પેઢી એ કાર્ય પૂરું કરવાના આદર્શો સેવે એ જ તેમને મારો સંદેશ છે જેથી કળાની શક્તિઓ દ્વારા રાષ્ટ્ર સંતૃપ્તિ અને જીવનનો પરમ ઉલ્લાસ અનુભવી શકે.

Q ગુજરાતની કલાદૃષ્ટિને સતેજ કરવા શું સૂચવો છો ?

શિક્ષણમાં શિશુવર્ગથી જ સાચી કળાનો સંપર્ક અપાય અને ક્રમેક્રમે માનસશાસ્ત્ર તથા વ્યવહારના અનુસંધાનમાં તેનો વિકાસ થાય એવા અભ્યાસક્રમનો સંશોધનપૂર્વક અમલ કરવો જોઈએ. ઉપરાંત ઉચ્ચ અભ્યાસ માટે પીઠ અને શ્રેષ્ઠ અધ્યાપકમંડળ દ્વારા નવા કલાકારોને પાકી તાલીમ આપવી જોઇએ. માનવ-સંસ્કૃતિમાં જે કંઈ શ્રેષ્ઠ કે કલ્યાણમય છે તેને કલાકારો સાક્ષાત્ કરી શકે એવી તેમની સાધના હોય તો પ્રજા તેમની કલાથી પરિતૃપ્તિ અનુભવે અને તેમનામાં રહેલી સહજ કલાભાવના ઉદ્દીપના પામે ને સર્વ કલાઓ રક્ષણ મેળવે.

સ્વીકાર-નોંધ

શ્રી અરવિંદ સોસાએટી · પોંડિચેરી
નવાં પ્રકાશનો

શ્રી માતાજી: દિવ્ય સ્વરૂપ: શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં અધ્યાત્મવિષયક લખાણોમાંથી સંપાદિત કરેલો સંગ્રહ. અનુ. શ્રી સુંદરમ્, કાચું પૂઠું, પૃ. ૧૮૮, કિં. ૩–૫૦.

વ્યવહારુ માર્ગદર્શન ભા. ૧, ૨, ૩: શ્રી અરવિંદ અને માતાજીનાં લખાણોમાંથી પસંદ કરી સંપાદિત કરેલી વ્યવહારોપયોગી કંડિકાઓ. સં. શ્રી મણિભાઈ પટેલ, અનુ. રામભાઈ પટેલ પૃ. દરેકનાં ૧૫૦, કિં ૨–૫૦.

યોગની પગદંડી: શ્રી માતાજીએ આશ્રમનાં બાળકો સાથે કરેલા વાર્તાલાપોનો અત્યંત પ્રબોધક ને સંસ્કારપ્રેરક સંગ્રહ. અનુ. શ્રી સુંદરમ્, કાચું પૂઠું, પૃ. ૧૫૯, કિં. ૨-૫૦.

સંગ્રામની ક્ષણો: હિંદના સ્વાતંત્ર્ય સંગ્રામ, છેલ્લા વિશ્વયુદ્ધ અને જગતના નવસર્જન અંગે શ્રી અરવિંદ અને માતાજીએ લખેલા લેખો અને પત્રોનો સંગ્રહ. અનુ. શ્રી સુંદરમ્, કાચું પૂઠું, પૃ. ૧૪૮, કિં. ૨–૫૦.

આધ્યાત્મિક સમાજ: શ્રી અરવિંદના એક મહત્ત્વના ગ્રંથ 'ધ હ્યુમન સાયકલ'નાં સાત પ્રકરણોનો શ્રી સુંદરમે કરેલો અનુવાદ જેમાં શ્રી અરવિંદે માનવજાતિની સંસ્કૃતિનો આખો ય વિકાસપટ તપાસીને માનવજાતિ છેવટે તો એક આધ્યાત્મિક સમાજરૂપે બનશે એ બાબત અદ્ભુત રીતે આલેખી છે. કાચું પૂઠું, પૃ. ૧૬૦, કિં. ૨–૫૦.

ભક્તિયોગ: મોક્ષપ્રાપ્તિના સૌથી સરળ સાધન ગણાતા ભક્તિયોગની શ્રી અરવિંદે લાક્ષણિક રીતે કરેલી છણાવટ. અનુ. અંબાલાલ પુરાણી, કાચું પૂઠું, પૃ. ૧૧૮, કિં. ૨–૫૦.

પૂર્ણયોગનું તત્ત્વજ્ઞાન: 'ધ લાઈફ ડિવાઈન' (દિવ્ય જીવન) નામના શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાન-વિષયક જાણીતા પુસ્તકનાં પાંચ પ્રકરણો અને અન્ય લેખોના સંપાદનરૂપ આ પુસ્તક ગુજરાત યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓને પ્રાથમિક પ્રવેશ માટે ઉપયોગી થઈ પડે એ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. અનુ. સુંદરમ્, કાચું પૂઠું, પૃ. ૧૬૦, કિં. ૩.

રામકૃષ્ણ આશ્રમ · રાજકોટનાં
પ્રકાશનો

પરમપદને પંથે: મૂળ બંગાળીમાં લખાએલી શ્રી વિરજાનંદજી મહારાજની અધ્યાત્મવિષયક નોંધોનો શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ કરેલો ગુજરાતી અનુ. પ કુ પૂઠું. પૃ. ૧૬૬, રૂ. ૩.

અધ્યાત્મ વાણી: શ્રી રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદામણિદેવી અને એમના અંતેવાસી શિષ્યો સર્વશ્રી બ્રહ્માનંદજી, પ્રેમાનંદજી, તુરિયાનંદજી, શિવાનંદજી, સારદાનંદજી આદિના આધ્યાત્મિક વિષયો પરના વાર્તાલાપના મૂળ અંગ્રેજી ગ્રંથ Spiritual talksનો આ ગુજરાતી અનુવાદ એની સાદી અને સચોટ પ્રબોધકતાથી ગુજરાતી વાચકોને અધ્યાત્મ સાધનામાં માર્ગદર્શક અને સહાયક નીવડે એવો બન્યો છે, એ એની નોંધપાત્ર વિશેષતા છે, ઉપરાત અધ્યાત્મ જેવો ગહન વિષય દૃષ્ટાંતો આદિથી સરળ ને સુગમ બનાવી સર્વજનરોચક બનાવ્યો છે એ પણ ધ્યાનપાત્ર છે. પ.કું પૂઠું, પૃ. ૨૪૦, કિં. ૪–૫૦.

બાલગોવિંદ પ્રકાશન
ગાંધીમાર્ગ · અમદાવાદ-૧

ગાંધી-જીવનદર્શન: ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળાઓમાંનાં છ વ્યાખ્યાનોનો સંગ્રહ પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૨૫.

ફિલસૂફને પૂછો: સામાન્ય રીતે હળવી શૈલીમાં રાજકારણ ને સમાજ પર કટાક્ષલેખો લખતા શ્રી ચીનુભાઈ પટવાના આ પુસ્તકમાં એમણે ગુ. સ.માં વાચકોને મૂંઝવતા પ્રશ્નોને ગંભીરતાથી આપેલા જવાબોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. લગ્ન, પ્રેમ, વહેમ, રિવાજો, શિક્ષણ, ડૉકટરો, જાહેરખબરો વગેરે વિવિધ વિષયો પર વાચકોએ પૂછેલા પ્રશ્નોના શ્રી પટવાએ આપેલા જવાબો તાટસ્થ્યપૂર્ણ, વિગતપૂર્ણ અને સ્પષ્ટ છે. ક્યાંક ક્યાંક એમની ગંભીરતા સરી પડે છે, ત્યારે પણ પોતાની જવાબદારી સમજીને જ જવાબો આપે છે, એ નોંધપાત્ર છે. પાકુ પૂઠું, પૃ. ૨૨૬, રૂ. ૪.

હિંદુધર્મમાં મધ્યમમાર્ગ: પૂ. નાનાભાઈની બીજી પુણ્યતિથિએ ખ્યાતનામ ચિંતક ને વિવેચક શ્રી ડોલરરાય માંકડે આપેલાં વ્યાખ્યાનોની આ પુસ્તિકામાં લેખકે હિન્દુધર્મમાં નિહાળેલા રહસ્યને પ્રગટ કર્યું છે. એમાં એમનો વિદ્યાવ્યાસંગ, વિદ્વત્તા ને હિન્દુધર્મ પ્રત્યેનો અનુરાગ પ્રતીત થાય છે. પૃ. ૮૮, કિં. ૧-૭૫.

સ્મૃતિ સાહિત્યમંદિરનાં પ્રકાશનો
વિરાર · પશ્ચિમ રેલવે · મુંબાઈ

સેવાસદન: સેવાના અંચળા હેઠળ સમાજશોષણ કરનાર કેટલા ય હરિલાલોની અનિષ્ટ લીલાને પડકારતી સામાજિક નવલકથા. મૂળચંદ મોદી, પૃ. ૨૮૦, રૂ. ૬–૨૫.

સુખ સવાયાં થાય: સાચા જીવનના સુખના મર્મનો આદર્શ રજૂ કરતી નવલકથા. હરિલાલ ઉપાધ્યાય, પૃ. ૩૪૮, પાકું પૂઠું રૂ. ૫ાા.

ખોલો નયન ભીતરનાં: એક અંધ યુવતીની કરુણ રોમાંચક હૃદયદ્રાવક કથા. ચંદ્રવદન શુક્લ, પૃ. ૪૩૫, પાકું પૂઠું, રૂ. ૭–૫૦.

સરિત સંગમ: ગુજરાતના શ્રેષ્ઠ લેખકોની ભારતના ઉજ્જવળ ભાવિને સંદેશો આપતી ૧૮ વાર્તાઓનો સંગ્રહ, સંપાદક ડૉ. મંજુલાલ મજમુદાર અને સુરેશ ગાંધી. પૃ. ૨૫૫, પાકું પૂઠું, રૂ. ૫.

પ્રાચ્ય વિદ્યામંદિર
મ. સયાજીરાવ વિશ્વવિદ્યાલય · વડોદરા

શ્રીમદ્ ભાગવત ૧: દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના શુભાશયથી કરેલો શ્રીમદ્ ભાગવતનો સરળ ગુજરાતી અનુવાદ. અનુ. સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા, પૃ. ૨૯૮, પાકું પૂઠું, રૂ. ૬.

ગુજરાતી સ્થળનામ વ્યાખ્યાનમાળા ભાગ-૧: ભૌગોલિક ને નૈસર્ગિક પરિસ્થિતિ અને પ્રાણીસૂચક, વ્યક્તિવિશેષ, માનવસમૂહો, ધાર્મિક અસર તથા વનસ્પતિ વિશેષથી ગુજરાતના સ્થળનામ પરનાં વ્યાખ્યાનોનો સંગ્રહ. પૃ. ૩૧૭, પાકું પૂઠું, રૂ. ૭.

ભારતીય સંસ્કૃતિ: સ્વ. ર. વ. દેસાઈ કૃત 'ભારતીય સંસ્કૃતિ' નામના ગ્રંથનો સંક્ષેપ. સંક્ષેપકાર કિશોરકાંત એસ. યાજ્ઞિક, પૃ. ૨૫૬, પાકુ પૂઠું, રૂ. ૩.

યજ્ઞ પ્રકાશનનાં પુસ્તકો
હુજરાત પાગા · વડોદરા-૧

સર્વોદય વિચારણા: દેશના હાલના સળગતા પ્રશ્નોની પ્રશ્નોત્તર દ્વારા ચર્ચા કરતી પુસ્તિકા. શિવાજી ન. ભાવે અને સ્વામી આનંદ, પૃ. ૨૦૦, કાચું પૂઠું, રૂ. ૨.

ભારત એટમ બૉમ્બ બનાવશે? અણુ શસ્ત્રોની હોડ હરીફના ભય અને જોખમોની ચર્ચા ઉપરાંત હિરોશીમાની હત્યાકાંડનું દર્શન કરાવતી ચિત્રાવલીનું પુસ્તક ડૉ. મધુકર શાહ, પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

શાણો સમાજ: ઉદ્યોગનું અનિવાર્ય હદે કેન્દ્રિકરણ કરવાની સમજ આપતું પુસ્તક એરિક ફ્રૉમકૃત The Sane Societyના અનુ. કાન્તિભાઈ શાહ. પૃ. ૨૯૧, પાકું પૂઠું, રૂ. ૩.

શ્રી હરિહર પુસ્તકાલયનાં પ્રકાશન

- ટાવરરોડ • સુરત

અસૂતા: સ્ત્રી-પુરુષના પ્રેમસંબંધમાં સ્વાર્થના સ્થાનને લગતા પ્રશ્નોનું નિરૂપણ કરતી મનુષ્યત્રિકોણાત્મક નવલકથા. રઘુવીર ચૌધરી, પૃ. ૪૯૦, પાકું પૂઠું, રૂ. ૯-૫૦.

લોબનપગી: ગુણવંતરાય આચાર્યની ૧૬ વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૨૩૧, પાકું પૂઠું, રૂ. ૪.

રાતરાણી: ભગવતીકુમાર હ. શર્માની ૧૮ વાર્તાઓનો નવલિકાસંગ્રહ. પૃ. ૧૮૦, પાકું પૂઠું, રૂ. ૫-૫૦.

દિલાસો: પન્નાલાલ પટેલની ૨૭ વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૩૧૧, પાકું પૂઠું, રૂ. ૬-૫૦.

જ્વાળા અને જ્યોત: બાળ ભીખુની સ્મરણકથા. શ્રી ચંદ્રકાન્ત જે. પંડયા. પ્ર૦ જયંત જનરલ સ્ટોર, સયાજીરોડ, નવસારી. પૃ. ૧૬૦, પાકું પૂઠું, કિં. ૩-૭૫.

ગુજરાતી કાવ્યપ્રકારો: મુંબાઈ યુનિવર્સિટીના ઉપક્રમે ડોલરરાય માંકડે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં ગુજરાતી કાવ્યપ્રકારોનાં વર્ગીકરણ અને તાત્ત્વિક સ્વરૂપ વિષે આપેલાં પાંચ વ્યાખ્યાનોનો સંગ્રહ. પ્રકાશક: ગંગાજળા પ્રકાશન, અલીઆબાડા (જિ. જામનગર). પૃ. ૨૧૯, પાકું પૂઠું. રૂ. ૪-૫૦.

અન્ય પ્રકાશનો

વાઙ્મય વિહાર: ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેના ષષ્ઠિપૂર્તિ સન્માન સમારંભ નિમિત્તે પ્રસિદ્ધ થએલા આ ગ્રંથમાં એમના હાસ્યરસના લેખો, કાવ્યો, નાટક તેમ જ એમણે કરાવેલો કેટલાક સાહિત્યસર્જકોનો પરિચય ને મીમાંસા વિષયક લેખો ઉપરાંત એમનું ટૂંકું ચરિત્ર અને એમનાં 'ઊંચા હાસ્ય'નો ખ્યાલ આપતાં શ્રી ગગનવિહારી મહેતાનો લેખ આદિ સામગ્રી સુંદર રીતે સંપાદિત થઈ છે. પ્ર. સન્માન સમારંભ સમિતિ, પાકું પૂઠું, પૃ. ૫૫૦, રૂ. ૧૦.

ભોજા ભક્તનો કાવ્યપ્રસાદ: મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પોતાના ચાબખાથી પ્રસિદ્ધ થએલા કવિ ભોજા ભગતનાં વિવિધ પ્રકારનાં ઉત્તમ પદોનો આ સંગ્રહ એના સંપાદક શ્રી મનસુખલાલ સાવલિયાએ પ્રારંભમાં ભોજા ભગત વિષે આપેલી માહિતીથી સાહિત્યના અભ્યાસીઓ માટે ઉપયોગી ગ્રંથ પુરવાર થશે એ નિઃશંક છે. માત્ર ડૉ. ધીરુભાઈ ઠાકરે યોગ્ય રીતે જ આમુખમાં દર્શાવ્યું છે એમ પદોના વિવેચનમાં પૂર્વજ ભક્તિ પ્રેરિત અહોભાવનો અંશ છે, એનો સાર જ ગ્રહણ કરવો જરૂરી છે. પ્ર. શાંતિલાલ માલજી ભક્ત, ફત્તેપુર. પાકું પૂઠું, પૃ. ૨૦૨, કિં. ૫.

કોણાર્ક: ૭૦૦ વર્ષ પહેલાંના સ્થપતિઓના કલાનમૂના પર સૂર્યદેવની કોતરાએલી વિજયગાથાનું પરિવર્ધિત સંસ્કરણ, ગુજરાતી નાટ્ય અનુવાદ. જગદીશચંદ્ર માથુરકૃત હિંદી-આવૃત્તિ 'કોણાર્ક'ના અનુવાદ અને પ્રકાશક: વિઠ્ઠલદાસ તલાટી, મંદિર ફળિયા, હાલોલ, જિ. પંચમહાલ. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૨.

વેણુ અને ફીણ: લેબેનોનના કવિ, ચિંતક અને ચિત્રકાર ખલિલ જીબ્રાનની 'Sand and Foam' નામની અંગ્રેજી કૃતિનો આ અનુ. ઊંડા અધ્યાત્મ ચિંતન ને જીવન વિષેની સાચી સમજને એક સાથે પ્રગટ કરી એની સચોટ ને પ્રબોધક વાણીથી હૃદયંગમ બન્યો છે. છપાઈ, સુશોભન ને આકારની દૃષ્ટિએ પણ આ કૃતિ આકર્ષક છે. પ્ર. રાજેન્દ્ર મયાભાઈ શાહ, પ્રકાશ પ્રિન્ટર્સ, મુંબાઈ-૨, અનુવાદ: લક્ષ્મીનારાયણ પંડ્યા; કાન્તિ ઉપાધ્યાય, કિં. છાપી નથી; પૃ. આશરે ૧૫૦.

વૉર્ડ નં. ૭: 'બ્લ્યુ બૉટલ' નામની પોતાની નવલકથા પરદેશ મોકલી છપાવવા બદલ જેને રશિયન સરકારે પાગલ ગણી મેન્ટલ-હૉસ્પિટલના વૉર્ડ નં. ૭માં ધકેલી દીધો હતો એ લેખક વેલેરી તારસીસે પોતાના એ નવતર જીવનના અનુભવોને-એ પાગલખાનામાં પરાણે પાગલ ઠરાવી ધકેલવામાં આવેલા ડાહ્યા માણસોની કહાનીઓને નવલકથાના નામ નીચે આ પુસ્તકમાં આલેખી છે. અનુવાદિકા બહેન સુભદ્રા ગાંધીએ મૂળને વફાદાર રહેવા કરેલો અતિપ્રયાસ ભાષામાં થોડી કૃત્રિમતા આણે છે, બાકી એકંદરે અનુવાદ સુવાચ્ય બન્યો છે. પ્ર. વિશ્વમાનવ વતી ભોગીલાલ ગાંધી, વડોદરા, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૩.

ઝાંખી: શ્રી નાનાલાલ દલપતરામ પટેલનાં વિવિધ વિષય પરનાં ઊર્મિકાવ્યો, ગીતો, ભજનો આદિનો સંગ્રહ. પ્ર. પોતે જ, કાચું પૂઠું, પૃ. ૯૬, કિં. ૧-૨૫.

અરમાન: યુવાન ગઝલકાર શ્રી વલી લાખાનીની ગઝલોનો સંગ્રહ. પ્ર. પોતે જ; મુખ્ય વિક્રેતા: સુરાલય કિતાબમાલા, ભાવનગર. કાચું પૂઠું, પૃ. ૮૨, કિં. ૨.

ટાગોરનું જીવન-કથન: બહુધા પરિચયલક્ષી પણ અંશતઃ પર્યેષણાલક્ષી એવી આ પુસ્તિકામાં શ્રી રણજિત પટેલે (અનામી) સામાન્ય કક્ષાના વાચકોને પણ ટાગોર અને એમના સાહિત્યમાં રસ લેતા કરવાનો પ્રયાસ કર્યો છે, જે મહદ્ અંશે ફળીભૂત થવા સંભવ છે. પ્ર. આચાર્ય બુક ડેપો, સૂરત. કાચું પૂઠું, પૃ. ૧૧૪, કિં. ૨.

ત્રિભુવન તિલક: ભગવાન મહાવીરનું સુંદરસરળ વૃત્તોમાં કાવ્યબદ્ધ સંક્ષિપ્ત ચરિત્ર. લેખક-પ્રકાશક: હીરાચંદ ક. ઝવેરી. પારિજાત, ફ્લેટ નં. ૨૧-૯૫, મરીન ડ્રાઈવ, મુંબાઈ-૨, પૃ. ૩૧૧, પાકું પૂઠું, રૂ. ૭-૫૦.

ઘરશાળાનાં બાળકો: મૂળ રશિયન લેખકની 'સ્કુલ બૉય'ની અંગ્રેજી આવૃત્તિનો અનુવાદ. કુમાર અવસ્થાના વિદ્યાર્થીઓના જીવનમાં ડોકિયું કરાવતું પુસ્તક. શામજીભાઈ કા. જમોડ અને તારાબેન શા. જમોડ. પ્રકાશક: ઘરશાળા પ્રકાશનમંદિર, ભાવનગર. પૃ. ૧૪૪, કાચું પૂઠું, રૂ. ૨.


વર્ષાજલ: પ્રકૃતિના ને આધ્યાત્મિક વિષયોને સ્પર્શતી બંગાળીની અસરવાળી કાવ્યકૃતિઓનો સંગ્રહ. મીનપિયાસી. પ્રકાશક: વૈદ્ય દિનકરરાય કે. ભટ્ટ. ચૂડા. (સુરેન્દ્રનગર જિલ્લો-સૌરાષ્ટ્ર) પૃ. ૧૩૦. કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

આદર્શનારી લલિતાદેવી: લોક લાડીલા વડા પ્રધાન શ્રી શાસ્ત્રીના જીવનમાં મોટો ફાળો આપનાર એમનાં પત્ની લલિતાદેવીનું સત્ય હકીકતોથી ભરપૂર જીવનવૃત્તાંત. પ્રકાશક: જયજગત પ્રકાશન મંદિર, અમદાવાદ. પૃ. ૧૦૭, કાચું પૂઠું, રૂ. ૧.

કંડક્ટર: બસ અને તેમાં મુસાફરી કરતા ઉતારુઓના સાચા રખેવાળ કંડક્ટરની ફરજો અને પ્રાથમિક સારવારની અગત્ય સમજાવતી પુસ્તિકા. સં.: પ્રેમશંકર ન. ભટ્ટ. પ્રકાશક: શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર. પૃ. ૧૬, કાચું પૂઠું, રૂ. ૦-૨૦.

પૃથ્વી પ્રદક્ષિણા ભા. ૨: યુરોપ અમેરિકા અને એશિયાના પૂર્વના દેશોની પ્રવાસકથા. લે. શાસ્ત્રી રેવાશંકર બરડવાલા 'વિશ્વામિત્ર'. પ્ર૦: શ્રી ખરવાળા જ્યોતિષાશ્રમ, પ્રહ્લાદ પ્લૉટ શેરી નં. ૩૧, રાજકોટ. પૃ. ૧૬૪, કાચું પૂઠું, રૂ. ૩.

આપણી દુનિયા તેનું ભૂત અને ભવિષ્ય: વિજ્ઞાનના વિચારો દ્વારા જનસમાજને વિશ્વ, માનવઉત્પત્તિ અને વિકાસ અંગે સમજ આપતી પુસ્તિકા. લે. ડૉ. જગન્નાથ દામોદર વહોરા; પ્ર. ડૉ. જગન્નાથ વહોરા, માલવિય રોડ, વીલે-પારલે, મુંબાઈ-૫૭. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૦-૫૦.



ઘરમહીં સહુ નાનાંમોટાં મળે; નિજ ક્ષેત્રનો
શ્રમ સકલ આંહીં ભુલાતો પરસ્પર હૂંફમાં;
શિશુની ફ્લ વાણી, ગૌરીને ગળે લય પ્રેમનો
પ્રકટી અધરે આવી પાછો રમે કંઈ ક્ષોભમાં;
નયનમહીં લાધે તંદ્રાળુ સુધામય અંજન,
હૃદય ગહને એનું રેલાય નિઃસ્વન સ્પંદન.
(શાન્તકોલાહલ) —રાજેન્દ્ર શાહ

સર રુસ્તમ પેસ્તનજી મસાણી

પ્રાચ્ય વિદ્યા (પૂર્વ તરફના દેશોને લગતા શાસ્ત્રીય જ્ઞાન)ના વિખ્યાત વિદ્વાન, અજોડ સંશોધક અને લેખક સર રૂસ્તમ પેસ્તનજી મસાણીના અવસાનથી મુંબાઈના જાહેર જીવને આંચકો અનુભવ્યો છે. હજી ગઈ ૨૩મી સપ્ટેમ્બરે મુંબાઈની સંસ્કારી જનતાએ જેમની ૯૧મી જયંતી હોંશથી ઊજવી હતી એવા આ વયોવૃદ્ધ, જન્મે પારસી પણ વર્તને અણીશુદ્ધ ભારતીય ભવ્ય પુરુષે જીવનની અંતિમ ક્ષણ સુધી કાર્યરત રહી મૃત્યુને પણ શરમાવ્યું હતું.

મુંબાઈની જાણીતી ન્યૂ હાઈસ્કૂલ અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં વિદ્યાભ્યાસ કરી બી.એ. અને એમ.એ. બંનેમાં અંગ્રેજી અને પર્શિયન સાથે ફર્સ્ટ ક્લૉસ મેળવનાર આ આજીવન સ્કૉલરે લંડન યુનિવર્સિટીનું 'મેરિટ સર્ટિફિકેટ' અને ઍડવાન્સ ઇકૉનૉમિક્સમાં ડીસ્ટિંક્શન પ્રાપ્ત કર્યાં હતાં. શિક્ષણ ને વહીવટી ક્ષેત્રોમાં ઉજ્જ્વલ કારકિર્દી સાથે શ્રી મસાણી સામાજિક સેવાકાર્યોમાં પણ સદા અગ્રણી રહ્યા હતા. મુંબાઈની મ્યુનિસિપલ કૉર્પોરેશનના સેક્રેટરી તથા ડેપ્યુટી કમિશનર તરીકેની સેવા બજાવ્યા પછી ૧૯૨૨માં તેના પ્રથમ ભારતીય કમિશનર થયા હતા. મુંબાઈ યુનિવર્સિટીના સિન્ડિકેટ-સભ્ય અને ફેલો તથા ૧૯૩૯થી૧૯૪૨ સુધી તેઓ તેના ઉપકુલપતિપદે રહ્યા હતા. એમની આ બધી સેવાઓના ઉપલક્ષ્યમાં અંગ્રેજ સરકારે ૧૯૪૩માં એમને નાઈટહૂડ બક્ષી 'સર' બનાવ્યા હતા. પ્રાદેશિક યુનિવર્સિટીઓની શરૂઆત થતાં પૂના અને વડોદરા યુનિવર્સિટીના પણ તે ફેલો બન્યા હતા.

વિભિન્ન વિષયોમાં એકસરખો રસ ધરાવતા અને વિવિધ કાર્યક્ષેત્રોમાં સંગીન કાર્ય કરનાર આ સફળ વહીવટદારે સેન્ટ્રલ બૅંક ઑાવ ઇન્ડિયાના મૅનેજર, બૉમ્બે પ્રોવિન્શિયલ ઈન્કવાયરી કમિટીના સેક્રેટરી, ઈન્ડિયન સેન્ટ્રલ ઈન્કવાયરી કમિટીના જૉઈન્ટ સેક્રેટરી, રીઝર્વ બૅન્ક ઑાવ ઇન્ડિયાની સેન્ટ્રલ કમિટીના ડાયરેક્ટર, એના વેસ્ટર્ન ઇન્ડિયા બોર્ડના વાઈસ પ્રેસિડેન્ટ તેમ જ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑાવ બૅન્કર્સની કાઉન્સિલના ફેલો તરીકે કીમતી સેવાઓ આપી હતી. પૂનાની ડેક્કન કૉલેજના સભ્ય અને ટ્રસ્ટી તથા ત્યાંના રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ ઑાવ સાયન્સની સ્થાપનામાં સહાયક આ શિક્ષણશાસ્ત્રી બૅંગલોરના તાતા ઇન્સ્ટિટ્યુટ ઑાવ સાયન્સ સાથે પણ સંકળાએલા હતા, અને તે ઉપરાંત અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે એન. એમ વાડિયા ચૅરીટીઝ ટ્રસ્ટને પણ સહાયક બન્યા હતા.



પણ એમના જીવનનું ઉત્તમ પાસું ને એમના સાહિત્ય, વિજ્ઞાન તથા ધર્મ પ્રત્યેના પ્રેમને અભિવ્યક્તિ આપનાર ક્ષેત્ર તો છે એમની સંશોધક તરીકેની કારકિર્દી. શાંત અધ્યયનશીલ

તારા-પરિચય-૧૧



જેનાથી આપણે તારા-પરિચયનો આરંભ કર્યો હતો એ મૃગમંડળ હવે આકાશમાં ફરી દેખાવા માંડ્યું છે એટલે એને આધારે આસપાસનાં બીજાં તારામંડળો ઓળખીએ.

મૃગની પશ્ચિમે અંગ્રેજી V આકારે એક તારકગુચ્છ જલદી ધ્યાન ખેંચે છે. વૃષભ રાશિમાં આવેલા રોહિણી નક્ષત્રના એ તારાઓ છે, જેમાંનો ડાબી તરફનો તેજસ્વી તારો રોહિણી (Aldebaran)નામે ઓળખાય છે. એકબીજાથી ૬૮ પ્રકાશવર્ષ દૂર રહી ઘૂમતા બે તારાઓવાળો એ જોડિયો તારો છે. રોહિણીના તારા-ગુચ્છમાં લગભગ ૧૫૦ જેટલા તારા છે, જે ૧૨૦ પ્રકાશવર્ષ જેટલા વિસ્તારમાં પ્રસરેલા છે. આ V આકારનાં બંને પાંખિયાં લંબાવતાં થોડે દૂર બે ચળકતા તારા દેખાશે. (આ વર્ષના આરંભમાં એમની વચ્ચે ગુરુ ગ્રહ દેખાતો હતો એ યાદ હશે.) આમાંનો ઉત્તર તરફનો વધુ તેજસ્વી તારો અગ્નિ (Nath) નામે ઓળખાય છે.

અગ્નિ એ 'બ્રહ્મમંડળ' (Auriga)નો એક તારો છે. આ તારામંડળમાં બ્રહ્મહૃદય (Capella) સૌથી વધુ તેજસ્વી તારો છે. આકાશમાં જે સૌથી વધુ તેજસ્વી તાર ઓ છે એમાંનો એક આ બ્રહ્મહૃદય વધુમાં વધુ ઉત્તરમાં છે. આ તારામંડળમાં બીજા બે મુખ્ય તારા 'ગાલવ' અને 'પ્રજાપતિ' નામે જાણીતા છે.

રોહિણીથી થોડે દૂર એક ત રા-ગ્રુમખું ધ્યાન ખેંચે છે. એ છે કૃત્તિકા (Pleiades) નક્ષત્ર. નરી આંખે તો એમાં સાતેક તારાઓ દેખાય છે અને એ સાતને ગણવા એ પણ આંખની કસોટી જેવું છે, પરંતુ હકીકતે આ તારાગુચ્છમાં સેંકડો તારા છે અને એમની વચ્ચે નિહારિકાનું આછું વાયુ સ્વરૂપ પ્રસરેલું છે.

ભવિષ્યમાં આપણે આ સૌની વિગતે ઓળખાણ કરીશું.

શ્રી મસાણીએ ૧૯૩૬માં ગુજરાત સંશોધક મંડળની સ્થાપનામાં ફાળો આપી એના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે અભૂતપૂર્વ સેવા આપી છે. નવા-નવા પ્રશ્નો હાથમાં લેવાની અને ચર્ચાઓ દ્વારા ઊભા થતા પ્રશ્નો પર પ્રકાશનો ધોધ વહેવડાવવાની એમની પદ્ધતિ અનોખી ને વિશિષ્ટ હતી. આંતરિક નિયમોની અવગણના કર્યા વિના અટપટા પ્રશ્નો હલ કરવાની એમની કુશળતાએ એમના સાથીઓને પ્રભાવિત કર્યા હતા.

'દાદાભાઈ નવરોજીનું ચરિત્ર' લખનાર આ લેખકે 'પોએટ્સ ઑવ ઈરાન ઍન્ડ ઇન્ડિયા' (૧૯૩૮), 'રિલીજીઅન ઑવ ગૂડ લાઈફ: ઝોરોએસ્ટ્રિયાનિઝમ' (૧૯૩૮, ૧૯૫૪), 'એડ્યુકેશન ફૉર વર્લ્ડ અંડરસ્ટૅન્ડિંગ (૧૯૫૪), 'બ્રિટન ઇન ઇન્ડિયા' (૧૯૬૦), 'ફોક લોર ઑવ વેલ્સ' (૧૯૧૯), 'લૉ ઍન્ડ પ્રોસીજનર ઑવ ધ મ્યુનિસિપલ કૉર્પોરેશન ઑવ બૉમ્બે' (૧૯૨૧), 'ઈવોલ્યુશન ઑવ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ ઇન બૉમ્બે' (૧૯૨૯), 'ધ કૉન્ફરન્સ ઑવ ધ બર્ડ્સ (૧૯૨૪), 'વિનોબા ભાવે—ધ ફાઈવ ગિફ્ટ્સ' (૧૯૫૭) આદિ વિદ્વત્તાભર્યા પુસ્તકો ઉપરાંત ગુજરાતીમાં પણ બાલ મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સમાજશિક્ષણ ઉપર સંખ્યાબંધ લેખો ઉપરાંત કેટલીક ટૂંકી વાર્તાઓ પણ એમણે લખી છે, જેનું પુનર્મુદ્રણ ને પ્રકાશન જરૂરી છે.

જાતજાહેરાતનું ડિંડિમ વગાડ્યા વિના અનેક ક્ષેત્રોમાં પાયાનું મજબૂત કામ કરી જનાર ગઈ પેઢીના ત્યાગવીરોની જમાતના અંતિમ સિતારા સમા શ્રી મસાણીએ પસાર કરાવેલા 'બાળસંરક્ષણધારો' ને 'વેશ્યાધારો' જેવા ઠરાવો એમની સમાજસેવાના બોલતા પુરાવા છે.

પોતાની માંદગીની પરવા કર્યા સિવાય પતિસેવામાં રત રહેતાં પત્નીના પતિ, જીવનમાં સ્થિર થઈ ચૂકેલા ત્રણ પુત્રો (જેમાંના એક શ્રી મીનુ મસાણી તો રાજકીય નેતા ને પ્રખર અર્થશાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ છે) તથા આકાશવાણી-દિલ્હીમાં સારો હોદ્દો ધરાવતાં પુત્રીના પિતા શ્રી રુસ્તમ મસાણીના અવસાનથી એમનું આ કુટુંબ જ નહિ પણ દેશનું અને ખાસ તો મુંબાઈનું સંસ્કારજીવન રંક બન્યું છે.

ભારતીય નૌકાદળનો વિકાસ

આજે સંરક્ષણ-લક્ષી બની ગએલા હિંદમાં સર્વ પ્રથમ જશગાથા 'જવાન'ની ગવાય તે સ્વાભાવિક છે. હિંદ પર લશ્કરો લઈ ત્રાટકનારા બંને દુશ્મનો (ચીન અને પાકિસ્તાન) સાથેની સરહદ ખુશ્કી, તેથી રણસંગ્રામ પણ જમીન પર જ વધારે થાય છે. તે પછી આધુનિક શસ્ત્રાસ્ત્રોની કૂચ નીચે હવાઈ દળ પણ વધારે ને વધારે ભાગ ભજવતું થયું છે. હિંદનાં સંરક્ષણદળોની ત્રણે ય પાંખોમાં હવાઈ દળ સૌથી વધારે લાડકું. સૌથી ઝડપી વિકાસ પણ એનો જ થઈ રહ્યો છે. હવેની લડાઇઓમાં પાયદળ અને હવાઈ દળને સોંપહેલાં એકીસાથે ઝંપલાવવાનું હોય છે.

આને મુકાબલે હિંદના નૌકાદળનો વિકાસ સૌથી મોડો ને સૌથી ઓછો થયો છે. દુનિયા પર રાજ્ય કરતી ઇંગ્લન્ડ, સ્પેઈન, પોર્ટુગલ ને ફ્રાન્સ જેવી એક વખતની દરિયાઈ સેનાઓ જ તૂટી પડી છે. દરિયાઈ યુદ્ધો દ્વારા હવે ફેંસલો થતો નથી. હિંદના નૌકાદળનું હિંદીકરણ ત્રણે ય પાંખોમાં સૌથી છેલ્લું કરી શકાય. અને હજુ પણ હિંદનાં નૌકાજહાજો માટે ઘણોખરો આધાર બ્રિટનની ખંધી દયા પર જ રાખવો પડે છે.

પણ તેથી કંઈ હિંદનો હજારેક માઈલોનો સાગરકાંઠો ટૂંકો બની નથી જતો, કે નથી તેનો પહેરો હળવો પડી જતો. આ સાગરકાંઠાના પછવાડા જેવા બંગાળના ઉપસાગરમાં અને આંગણા જેવા અરબી સમુદ્રમાં પાકિસ્તાની દુશ્મનાવટે દેખા દીધી છે. પરિણામે હિંદના નૌકાદળના વિકાસને છેલ્લાં થોડાં વર્ષોથી દોડાવવો પડ્યો છે.

આજની વીજળિક યાંત્રિક હેરફેરના જમાનામાં નૌકાજહાજો ભારેખમ થઈ પડે. એટલે નૌકાજહાજો પર વિમાનો મૂકવાં પડે છે. હિંદના



(સ્કેચ : રવિશંકર રાવળ)

ગુજરાત રાજ્યના ગવર્નર શ્રી નિત્યાનંદ કાનૂનગોએ ગુજરાત યુનિવર્સિટીના ચાન્સેલરની હેસિયતથી વાઈસ ચાન્સેલરપદની પૅનલની ચૂંટણીમાં પ્રથમ સ્થાને ચૂંટાઈ આવનાર ગુજરાતના અગ્રણી કવિ અને સારસ્વત તેમજ યુનિવર્સિટીના ભાષાભવનના અધ્યક્ષ શ્રી ઉમાશંકર જોશીને તા. ૩૦મી નવેમ્બરથી ત્રણ વર્ષની મુદત માટે ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરપદે નિયુક્ત કર્યા તેથી સમસ્ત ગુજરાતી પ્રજાનું હૈયું ઠર્યું છે. યોગ્યને યોગ્ય સ્થાન મળતાં માંગલ્યના પ્રત્યયનો જે આનંદ થાય તેવો આ આનંદ છે. શ્રી ઉમાશંકર જોશીને ઘણાંઘણાં અભિનંદનો, અને સેનેટસભ્યોની સદ્ભાવનાને પણ અભિનંદન ઘટે છે, કેમ કે ચૂંટનાર વ્યક્તિનાં શીલ અને જ્ઞાનની પ્રતિષ્ઠા કરવા ઉપરાંત તેમણે ચૂંટણી દ્વારા વિદ્યાની મૂલ્યપ્રતિષ્ઠા કરી છે. ગુજરાતના બુદ્ધિધનોમાં જાગેલો નવો ભાવ યુનિવર્સિટીમાં નવું વાતાવરણ સરજાવશે એવી આશા હવે રાખીએ. (બુદ્ધિપ્રકાશ)

—યશવંત શુક્લ

નૌકાદળની વિમાની પાંખ આમ જન્મી. એનો પહેલો લડાયક ઉપયોગ ગોવા કબજે કરતાં થએલો. બીજો ઉપયોગ ગયે વર્ષે પાકિસ્તાન સાથેના યુદ્ધમાં, અમેરિકન સબમરીન ગાઝીને આપણા કાંઠા તરફ લપાતી આવતી પકડી પાડવામાં ને તેને ખોખરી કરવામાં થયો હતો.

હિંદે 'વિક્રાંત' વિમાનવાહક યુદ્ધજહાજ (ઍર-ક્રાફ્ટ કૅરીઅર) મેળવ્યું છે. છેલ્લાં બે વર્ષમાં ભારે ઝડપી નવાં પગલાં ભરાઈ રહ્યાં છે. રશિયાથી સબમરીનો મેળવી લેવાઈ છે. સબમરીનોનું કામ જ ચૂપકીદીથી દરિયાની નીચે રહેવાનું છે અને પ્રસિદ્ધિની એવી ચૂપકીદી નીચે જ એ આવેલી સબમરીનો અત્યારે રહે છે.

બ્રિટન પરની નૌકાપરવશતા ફિટાવવા માટે મુંબાઈમાં મઝગામ ડૉકયાર્ડ નંખાયો છે, જ્યાં આપણી જરૂરિયાતનાં નાનાં યુદ્ધ-જહાજો

બાંધવાનું શરૂ થયું છે, ને પહેલવહેલી 'ફ્રીગેઈટ' બાંધવાનું કામ ચાલે છે.

સાથે ત્રીજું પગલું પણ ભરાયું છે. નૌકાદળ માટેનાં શસ્ત્રો અને દારૂગોળો પણ દેશમાં જ બનાવી લેવો સારો. નૌકાદળનાં શસ્ત્રો એટલે ખાસ વેધકતાવાળી તોપો, ટૉર્પિડો ટ્યૂબ્સ, દુશ્મન જહાજોને આંટા મારતાં અટકાવવા અને તેનો ઘડોલાડવો કરવા માટેની તરતી સુરંગો વગેરે. એ બધું બનાવવાના શ્રીગણેશ પણ હિંદમાં હવે મંડાયા છે.

મિગ વિમાનો બનતાં થાય, મિસાઇલો બનતાં થાય, નૌકાદળ આમ ઝડપી સ્વાવલંબન કરવા લાગે અને પ્રજા છાતીવાળી રહે, તો પાંચ-સાત વર્ષમાં આપણા પર નજર નાખવાનું ભુલાવી દેવાંની સ્થિતિમાં આપણે આવી જઇએ. અણુશસ્ત્રોવાળી વાત તો સિલકમાં રહેશે.

(ગુજરાતમિત્ર) —હરિન્‌ભાઈ શાહ

ત્રિફળાનું સામર્થ્ય

ત્રિફળા આયુર્વેદનું એક સુપરિચિત ઔષધ છે. એમાં ત્રણ ફળોનો સુમેળ સધાયો છે : હરડે, બહેડાં ને આમળાં. ત્રિફળા કેવળ દસ્ત માટે જ વપરાય એવી સામાન્ય સમજણ છે; પણ વસ્તુતઃ તો ત્રિદોષનાં દરદોને દૂર કરી શકે એવું એનામાં સામર્થ્ય રહ્યુ છે.

સૌથી પહેલાં હરડેનો વિચાર કરીએ. આયુર્વેદ-વિજ્ઞાનમાં હરડેની ભારે પ્રશંસા છે. પંડિતો એટલે સુધી કહે છે કે જે બાળકોને માતાનું પોષણ મળતું નથી એ બાળકોને હરડે માતા જેવું પોષણ આપે છે. અને આથી જ નાનાં બાળકોને હરડેનો ઘસારો કાયમી આપવાનો એક પ્રણાલિકાગત સંસ્કાર છે. હરડેની ગુણસમૃદ્ધિનો વિસ્તાર તો એક સ્વતંત્ર પુસ્તક લખી શકાય એટલો છે. ષડ્રસમાંથી મધુર, તૂરો, ખાટો, તીખો ને કડવો એ પાંચ રસોનું તેમાં અસ્તિત્વ છે.

હરડેથી માનવશરીરમાં બે ક્રિયા થાય છે : વાયુનું અનુલોમન અને આમનું પાચન. રોગવિજ્ઞાનમાં આ બે રોગો ઉપર જ રોગોનો વિશેષતઃ વિચાર થયો છે. આંતરડાં અને જ્ઞાનતંતુના રોગોમાં આ બે વિકૃતિઓ જ મહત્ત્વનો ભાગ ભજવે છે ને એનો સ્વીકાર આજના અદ્યતન વિજ્ઞાને પણ કરવા માંડયો છે. હરડેનો પ્રધાન ગુણ મળજન્ય વાયુના દોષો—ઝેરોને દૂર કરવાનો છે. હરડેનો તૂરો, કડવો, તીખો ને ખાટો રસ આ આમનું દીપન, પાચન, શોષણ અને અનુલોમન કરી તેને ઘસડીને બહાર ફેંકી દે છે. હરડેમાં ટૅનિક એસિડનો ઠીક પ્રમાણમાં જથ્થો હોઈ ચામડાંને કમાવીને કડક બનાવતી હરડે આપણા શરીરમાં જઈને પણ આ કડક બનાવવાની—આંતરડાંને મજબૂત કરવાની પ્રક્રિયા કરે છે. આંતરડાંની ગોળ આંતર દીવાલોના સંપર્કમાં આવીને તે આ દીવાલોનું સંકોચન કરે છે, ને એ દીવાલોની વચ્ચે રહેલો ખોરાક કે મળ આ સંકોચનક્રિયાથી દબાઇને આગળ ધકેલાઈ દસ્ત વાટે બહાર નીકળે છે; અને સાથે જ એના તૂરા રૂક્ષ ગુણધર્મથી ખોરાકમાં જે પોષક ઘટકો છે તેનું શોષણ થઈને આંતરડાંમાં બળ પુરાય છે. આમ હરડે વાયુ અને આમને પેદા થતાં રોકે છે.

ત્રિફળાના બીજા દ્રવ્ય આમળાંને તો આપણા પ્રાચીન પંડિતોએ રસાયનની તાકાત આપનારાં કહ્યાં છે. શરીરના સર્વાંગ દોષોને દૂર કરવા માટેની વૈષ્ણવી શક્તિ આમળાંમાંથી મળી રહે છે. હરડે વાયુ અને આમને હરે છે, ત્યારે આમળાં પિત્તજ દોષની વિકૃતિ દૂર કરે છે. ખોરાકના પાચન માટે અને એ પછી છૂટા પડેલા રસોને શુદ્ધ રક્તધાતુમાં પરિવર્તન કરવા માટેનો પાચક, રંજક ને આલોચક પિત્ત આમળાંમાંથી મળે છે. વૈજ્ઞાનિક રીતે આમળાંમાં પ્રજીવક 'સી'નું પ્રમાણ એટલું બધું છે કે જેના સેવનથી લોહીની ગરમી શમે છે. આથી જ એ રક્તપિત્તમાં સૌથી મહત્ત્વના ઔષધ તરીકે સ્થાન પામ્યું છે.

ત્રિફળાના ત્રીજા ફળ બહેડાંથી આપણે બહુ પરિચિત નથી, કેમ કે હરડે ને આમળાં પેઠે તેનો સ્વતંત્ર ઉપયોગ થતો નથી. છતાં હરડેના વર્ગની જ એ વનસ્પતિ કફજ વિકૃતિનું મહામૂલું ઔષધ છે. તેની ક્રિયા મુખ્યત્વે ગળા અને શ્વાસની નળી ઉપર થાય છે અને આથી એ શરદી, સળેખમ, ઉધરસ, શ્વાસકાસ અને સ્વરભંગ જેવાં દરદોમાં ઉપયોગી બને છે. આમ, ત્રિફળા વાતજ, પિત્તજ ને કફજ દોષમાં લાભકારી છે.

સામાન્ય રીતે ત્રિફળાની બનાવટમાં આ ત્રણે ઔષધો સમાન વજને લેવાય છે. પણ રોગ પરત્વેનો વિશિષ્ટ ગુણ મેળવવા એની કૃતિમાં ફેર કરવામાં આવે તો એ વિશેષ હિતકારી બને છે.

ત્રિફળાનો આગવાયુના કોપની દષ્ટિએ ઉપયોગ કરવો હોય તો હરડે ૩ ભાગ, આમળાં બે ભાગ અને બહેડાં ૧ ભાગ લેવાં જોઈએ. જ્યારે પિત્તજ શક્તિ વધારવા માટે આમળાં ૩ ભાગ, બહેડાં ૨ ભાગ અને હરડે ૧ ભાગ લેવા જોઇએ. અને કફજ શક્તિ વધારવા માટે બહેડાં ૩ ભાગ, હરડે ૨ ભાગ અને આમળાં ૧ ભાગ લેવાં જોઇએ. આમ છતાં ય સમાન વજને મેળવેલ ત્રિફળા પણ રોગોના વિશાળ સમુદાય ઉપર વાપરવાથી સારો ફાયદો મળે છે.

(૧) ઝાડો સાફ ન આવતો હોય, બેત્રણ દિવસે જવું પડતું હોય ને ઝાડાને કાઢવા માટે શ્રમ કરવો પડતો હોય તેવી સ્થિતિમાં ત્રિફળા તોલો ૦। રાત્રે નવશેકા પાણી સાથે લેવાથી દસ્ત સાફ આવે છે.

(૨) આંતરડાંમાં ગરમી વધી ગઈ હોય, (કાં તો ઝાડા થઈ જાય અથવા કબજિયાત વધે) હોજરી—આંતરડાંમાં બળતરા થતી હોય, ગળું દાઝતું હોય, ગરમીના કારણે દાંતમાંથી લોહી નીકળતું હોય કે મોઢામાં કે ગળામાં ચાંદાં પડતાં હોય, કેટલીક વખત શરીરમાં તપારો લાગતો હોય, એવી સ્થિતિમાં ત્રિફળા તોલો ૦। રાત્રે પાંચ તોલા પાણીમાં પલાળી સવારના ચોળીગાળીને તે પાણી પી જવું.

(૩) ખોરાકભેદ અને પિત્તજ વિકૃતિને કારણે થતા કમળાના રોગમાં ત્રિફળા તોલો ૦। દસ તોલા પાણીમાં ઉકાળી, ૨॥ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી, ચોળીગાળી એમાં થોડું મધ મેળવીને પીવાથી શરીરના લાલ રક્તકણો વધે છે ને લિવર પૂર્વવત્ કામ કરતું થઈ જાય છે.

(૪) શરીરમાંથી લોહી ઓછું થઈ રહ્યુ હોય, ફીકાશ આવતી જતી હોય, લોહીના લાલ રક્તકણોંનો નાશ થઈ જતો હોય એવા પાન્ડુરોગમાં ત્રિફળા વાલ ચાર, મધ સાથે સવાર-સાંજ ચાટવાથી સારો ફાયદો થાય છે. સુવાવડ પછીની ફીકાશમાં આ પ્રયોગ ન કરવો.

(૫) આંખો નબળી પડતી જતી હોય, આંખમાંથી પાણી ગળતાં હોય, સહેજ વાંચતાં કે સ્થિર રીતે જોતાં ઝાંખપ લાગતી હોય તેવા આંખના દરદમાં ત્રિફળા રાતે પલાળી, સવારના ચોળીગાળીને એ પાણી આંખો પર છાંટવાથી આંખનું તેજ વધે છે, ગરમી ઓછી થાય છે.

(૬) માનસિક નબળાઈ હોય, વારંવાર મગજ ગરમ થઈ જતું હોય તેમજ મગજ ઉપર લોહીનું દબાણ વધી જતું હોય, સહેજે પણ કામ કરતાં મગજને થાક લાગતો હોય કે દુખાવો થઈ જતો હોય, એ બધાંને કારણે દિવસે દિવસે સ્મરણશક્તિ મંદ પડી જતી હોય એવા દરદમાં ત્રિફળા તોલા ૩, જેઠીમધ તોલો ૧, લોહભસ્મ તોલો ૧ (જેને સપ્તામૃત કહેવામાં આવે છે તે)નું ૨ થી ૪ વાલનું એક એક પડીકું સવાર-સાંજ મધ ને ઘી સાથે કાલવી ચાટવાથી મગજના જ્ઞાનતંતુઓને બળ મળે છે, મગજને ઠંડક રહે છે અને આથી મગજની ગરમીને કારણે પેદા થતી આંખોની ફરિયાદમાં પણ અજબ ફાયદો થાય છે.

(૭) આપણા સમાજમાં માનસિક તંત્ર નબળું પડી મગજનું પોષણ તૂટ્યું છે અને સાથે જ વાળનું સૌંદર્ય પણ ઘટવા માંડ્યું છે. કાં તો વાળ ખૂબ જ ખરતા હોય છે, કાં તો વધતા જ ન હોય; કેટલીક વખત ટાલ પડતી જતી હોય, તો કેટલીક વખત ઉંદરી જેવું થતું જતું

હોય છે. આવા, વાળ સાથે સબંધ ધરાવતા નાનામોટા દરદમાં ત્રિફળાનું ધીરજપૂર્વક સેવન હિતકારક નીવડે છે. ત્રિફળા વાલ ૪ નિયમિત મધ ને માખણ સાથે લેવાથી આ પ્રકારની ફરિયાદો દૂર થાય છે.

(૮) વારંવાર લોહી બગડી જતું હોય, શરીરે ગૂમડાં નીકળતાં હોય કે બીજાં લોહીવિકારનાં દરદો થતાં હોય તેમાં ત્રિફળા અને લીંબડાની ગળોનો ઉકાળો રક્તદોષ શાંત કરે છે, લોહી શુદ્ધ બને છે.

(૯) મેદજન્ય દરદોમાં ત્રિફળા સાથે ગુગળ લેવાથી અથવા ત્રિફળા-ગુગળની બે-બે ગોળી સવારસાંજ ગરમ પાણીમાં મધ મેળવી લેવાથી ચરબી ઘટે છે અને લોહીનું ઘનત્વ વધે છે.

(૧૦) સ્ત્રીરોગની દૃષ્ટિએ ખોટી ગરમીમાંથી પેદા થતો પ્રદરનો રોગ આપણી બહેનોમાં જોવા મળે છે. ચીકણું, સફેદ કે પીળું પ્રવાહી જાય અને પરિણામે કાયમ કમરનો દુખાવો થાય, શરીરમાં કળતર રહે, થાક લાગે વગેરે ફરિયાદોમાં ત્રિફળા વાલ ૧ અને શીતોપલાદી વાલ ૨ સવાર-સાંજ ઘી-સાકર સાથે લેવાથી આરામ થાય છે.

આમ અનેક નાનામોટા રોગોમાં ત્રિફળા એક સિદ્ધ ઔષધ છે.

—ચિકિત્સક


(જન્મભૂમિ–પ્રવાસી)

પિસાના ઢળી પડતા મિનારાનો બચાવ

દર સાલ એક લાખ જેટલા પ્રવાસીઓ ઇટલીમાં આવેલો પિસાનો જગપ્રસિદ્ધ ઢળતો મિનારો જોવા આવે છે, ને એ દ્વારા ત્યાંની સરકારને ઘણી સારી એવી આમદાની મળે છે. ઈ. ૧૧૭૪માં આ મિનારો બંધાયો ત્યારથી પોતાના પાયા તળેની ભેજવાળી જમીનને કારણે દર વર્ષે ઇંચના અમુક ભાગ જેટલો સતત એક તરફ ઢળતો જઈ (આજ સુધીમાં ૧૭ ફૂટ અને ૪ ઇંચ જેટલો) ઝૂકતો રહે તો એક દિવસ એ સદાને માટે ઢળી પડે અને જગતની એક અજાયબી હમેશાને માટે નાબૂદ થઈ જાય. એટલે એક જાહેર હરીફાઈ યોજીને ઇટલીની સરકારે આ હોનારત થતી અટકાવવા માટે વિવિધ યોજનાઓ માગી હતી. આના ઉત્તરમાં આવેલાં સૂચનોમાંથી બે ખયાલો વિચારવા જેવા જણાયા છે. પોર્લેન્ડના એક પ્રોફેસરે એક એવો વિચાર રજૂ કર્યો છે કે આ મિનારાની તળે થોડે ઊંડે એક વિશાળ તકતો મૂકી દેવો કે જેથી ઢળતા મિનારાના વજનથી દબાતી જતી ભેજવાળી જમીન સામે એક પ્રતિદબાણ ઊભું થાય અને તે વધુ દબાતી અટકે.

બીજી યોજના 'મસાચુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑવ અમેરિકા'ના (અમેરિકાની જાણીતી એમ. આઈ. ટી. કૉલેજના) ઍરૉનૉટિક્સ અને એસ્ટ્રૉનૉટિક્સ વિભાગના એક ચીની પ્રોફેસર, ડૉ. ચાન્ગ ટો. લીએ રજૂ કરી છે. વિમાનવિદ્યા અને પ્રક્ષેપરચનાના પોતાના જ્ઞાનના આધારે એમણે એવો ઉપાય સૂચવ્યો છે કે આ ઢળતા મિનારા સામે સમતોલન કરે એ રીતે સિમેન્ટ કૉન્ક્રીટના થર પર થર ચડાવીને કે ટુકડે-ટુકડે વહેંચાએલો જંગી વજનદાર નવો પાયો રચવો. પણ મિનારાની નીચેની જ ભોંયમાં આમ નવો પાયો રચવો એ તો હથેળીમાં વાંસ ઊભો રાખવા જેવું કપરું ગણાય. અને એથી મિનારાની ટોચના ભાગને કઈ રીતે રક્ષણ મળે? આને માટે પ્રો. લીનું સૂચન એવું છે કે પાયામાં જે કૉન્ક્રીટ પુરાય તે ટુકડેટુકડે અમુક પહોળાઈના જ ખુગદાઓ દ્વારા પુરાય કે જેથી મિનારાના અસલ પાયાને ઓછામાં ઓછી ખલેલ થાય.

વળી, મિનારાને પાયા તરફ હાલ છે એ જ સ્થિતિમાં પકડી રાખવા માટે એની અંદરની બાજુએ પોલાદી વલયો મૂકીને તેને નવા પાયામાં ધરબાઇને છેક ટોચ સુધી પહોંચતાં અનેક સળિયાઓ સાથે જકડી દેવાં. એથી ઢળતા જતા મિનારાના ખેંચાણ સામે નવો પાયો સમતોલ તાણ કરે અને એમાં જડાએલા સળિયા મિનારાની ટોચ સુધી અમુકઅમુક અંતરે મૂકેલાં વલય સાથે બંધાઇને એના બધા માળને પણ પકડી રાખે. આ કામ ચાલતું હોય એ દરમિયાન મિનારો



ઝૂકી ન પડે એટલા સારુ એને પોલાદી દોરડાં વડે બાંધીને જકડી રાખવાની યોજના પણ પ્રો. લીએ આપી છે, અને એમાં પણ દરે દોરડા સાથે એવી વ્યવસ્થા રાખવાનું સૂચન કર્યું છે કે જેના વડે કા[illegible] દરમિયાન મિનારો ક્યાંયથી પણ ચસકે તો તેની તુરત જ જાણ થ[illegible] શકે. આ સાથે આપેલી આકૃતિઓ પરથી પ્રો. લીનાં સૂચનો સમજાશે

શ્રી રવિશંકર રાવળના અમૃતપર્વ નિમિત્તે

શતરંજનો એક ખાસ કોયડો

સાહિત્યજગતમાં જેમ કોઈ ખાસ પ્રસંગની યાદમાં કે કોઈ વ્યક્તિવિશેષના સમ્માનાર્થે કાવ્ય રચાય છે તેમ શતરંજના ક્ષેત્રમાં ખાસ કોયડા રચવામાં આવે છે. ગુજરાતના કલા-ગુરુ શ્રી રવિશંકર રાવળના અમૃતપર્વ નિમિત્તે 'કુમાર'માં એમના માનાર્થે ખાસ કોયડા રચાવીને મૂકવાની મારી ઇચ્છા મેં મારા મિત્ર-મંડળ સમક્ષ મૂકી હતી અને તેના ઉત્તરમાં મને શ્રી પાર્થસારથિ તથા શ્રી પાલાનિયપ્પમ્ તરફથી જે બે ખાસ મૌલિક કોયડા મળ્યા તેમાંનો એક અહીં રજૂ કર્યો છે. શ્રી ર.મ.રા.ની ૭૫મી જયંતી નિમિત્તે તેમાં ૭૫ ચાલની રચના વિચારાઈ છે. કોયડો તદ્દન મૌલક હોઈ એના રચનારના નામ સાથે 'ઓરિજિનલ' શબ્દ મૂક્યો છે. આ બંને મિત્રોએ જે મહેનત લીધી છે તે બદલ હું એમનો આભારી છું. (અને 'કુમાર' પણ —સં૦)

R. Palaniappan
(original)



Series Helpmate in 75
સ્થિતિ: Bk6/7p/1K2PN2/1N5P/RP4P1/P7/6PP/B6R.

કોયડો : ૭૫ ચાલમાં સીરિઝ હેલ્પમેટ.

Fairy Chess Problems 'ફેરી ચેસ પ્રૉબ્લેમ્સ' ('કુમાર' અંક ૪૭૫) માટે એટલું કહેવું જરૂરી છે કે, સાધારણ કોયડામાં હમેશાં સફેદ પહેલાં રમે છે અને કાળાની શ્રેષ્ઠ ચાલની સામે પણ તે સૂચવેલી ચાલમ કાળાને મ્હાતાં કરે છે, પણ 'હેલ્પમેટ' કોયડામાં કાળો પણ સફેદને મદદ કરે છે ને તેમાં પ્રથમ ચાલ પણ કાળો જ ચાલે છે. એટલે કે helpmate in two—બે ચાલમાં હેલ્પમેટ હોય તો પ્રથમ કાળો રમે, પછી સફેદ, ફરી કાળો અને છેલ્લે સફેદ એને મ્હાત કરે. આમાં બંને પક્ષ સાથે મળીને મ્હાત કરે છે તેથી આવા કોયડા સરળ લાગે છે, પરંતુ ક્યારેક તે બહુ અટપટા હોય છે.

આ કોયડામાં સિરીઝ-Series શબ્દનો અર્થ એ છે કે કાળો એકીસાથે ૭૫ ચાલ ચાલે છે. દરમિયાન વચ્ચે સફેદની એક પણ ચાલ નથી. છેલ્લે એવી સ્થિતિ સર્જાય છે કે સફેદ માત્ર એક જ ચાલ લઈને મ્હાત કરે છે. (ઉકેલ પૃ.૪૬૯)

આ કોયડો રચનાર શ્રી પાલાનિયપ્પમ્ શતરંજના કોયડા ઉકેલવામાં ભારતભરમાં અદ્વિતીય ગણાય છે. કોયડા ઉકેલવાની આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં એમણે ઈનામો પણ મેળવ્યાં છે અને 'ફેરી ચેસ'માં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે.

સુરેશ મોદી

શ્રી અરવિંદ સુવર્ણચન્દ્રક

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા શ્રી હરિઃ ૐ આશ્રમ તરફથી વર્ષભરની શ્રેષ્ઠ કૃતિને રૂા. ૫૦૦)નો 'શ્રી અરવિંદ સુવર્ણચન્દ્રક' અપાય છે. તે માટે ૧૯૬૬ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી ૧) ભક્તિરસને પોષે અથવા ૨) જનહૃદયમાં ઉદાર ભાવો પ્રેરે અથવા ૩) પરાક્રમ, સાહસ, ધૈર્ય, ત્યાગ, સહિષ્ણુતા આદિ ગુણોને દૃઢ કરે એવી જે સાહિત્યગુણવાળી મૌલિક રચનાઓની બે બે નકલો 'ગુજરાતી સાહિત્ય પરિષદ C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ-૯' એ સરનામે તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૬૭ સુધીમાં પહોંચાડવી.

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : લૂઈ પાશ્ચર

છેલ્લી સદીના ઉત્તમ વિજ્ઞાનીઓમાંના એક ફ્રેંચ વિજ્ઞાની લૂઈ પાશ્ચરે સૂક્ષ્મ જીવાણુઓ વિષે



જે સંશોધનો કર્યાં એથી અગાઉ અસાધ્ય ગણાતા એવા ઘણા ચેપી રોગના ઉપચારો શક્ય બન્યા. આનું એક પરિણામ એ પણ આવ્યું કે વિષુવવૃત્ત નજીકના ગરમ પ્રદેશોમાં ઘણા રોગો પર કાબૂ મેળવી શકાયો અને એથી ત્યાં માનવવસવાટ શક્ય બની નવીનવી વસાહતો ને રાજ્યો વિકસ્યાં. ખાદ્ય પદાર્થોને લાંબો સમય સાચવી રાખવા અંગેના ઉદ્યોગોનો પણ એથી બહોળો વિકાસ થઈ શક્યો.

પાશ્ચરનો જન્મ ફ્રાંસની જ્યુરા પર્વતમાળામાં એક નાના ગામમાં ઈ. ૧૮૯૨ની ૨૭મી ડિસેમ્બરે થએલો. પિતાને આશા હતી કે પુત્ર ભણીગણીને ગામની શાળામાં શિક્ષક બની શકશે. એ માટે એણે પુત્રને પારી(સ) ભણવા મોકલ્યો પણ ઘરનો વિયોગ અસહ્ય થતાં એને થોડા સમયમાં જ ઘેર પાછો લાવવો પડ્યો. એ પછી લૂઈ બીસેન્કનની કૉલેજમાં ભણ્યો અને ત્યાં જ સહાયક ગણિતશિક્ષક બન્યો. ત્યાં એને વિજ્ઞાનની રઢ લાગી એટલે પારી(સ) જઈ વધુ અભ્યાસ કરી એણે ડૉક્ટર ઑવ સાયન્સની ઉપાધિ મેળવી અને એણે પછીના જ વર્ષમાં પોતાની શોધ અંગે એક અહેવાલ પ્રકટ કર્યો. એ સંશોધનને લીધે રસાયણશાસ્ત્રમાં પદાર્થની રચના અંગેની એક નવી જ શાખા સ્થપાઈ.

માત્ર ૨૬ વર્ષની વયે એણે આ ખ્યતિ મેળવી. પાંચેક વર્ષ સ્ટ્રાસબર્ગમાં ભણાવવા સાથે સંશોધનકાર્ય પણ જારી રાખ્યું ત્યાંની યુનિવર્સિટીના રૅક્ટરની પુત્રી સાથે એણે લગ્ન પણ કર્યાં. અહીંથી લિલ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે એની નિમણૂક થઈ. આ ગામમાં દારૂ ગાળવાનો વ્યવસાય મુખ્ય હતો. પદાર્થમાં આથો આવવા અંગે એણે ખાસ સંશોધન કરીને પાશ્ચરે જાહેર કર્યું કે આથો આવવાના કારણભૂત કોઈ રાસાયણિક પ્રતિક્રિયા નહિ પણ અતિસૂક્ષ્મ જીવાણુઓ જ છે.


ઈ ૧૮૫૭માં પ્રારી(સ)ના ઇકોલ નૉર્મેલમાં વિજ્ઞાનના અભ્યાસ માટે એને ડાયરેક્ટરનું પદ મળ્યું. પોતાના વિજ્ઞાનવિષયક વિચારોને ફેલાવવાની આ એક ઉમદા તક હતું. પણ ત્યાં કૉલેજમાં સંશોધન માટે પ્રયોગશાળા કે આર્થિક સહાયની કોઈ સગવડ હતી નહિ. છતાં એણે પોતાની મર્યાદિત આવકની બચતમાંથી એક નાની પ્રયોગશાળા બનાવી અને સસ્તાં સાધનો વડે પણ એણે અનેક મૌલિક પ્રયોગો કરીને આજે પાશ્ચરાઇઝેશન નામે ઓળખાતી વિખ્યાત પદ્ધતિ શોધી કાઢી જે આરંભમાં દારુને અને પછી દૂધને બગડતાં અટકાવવામાં વપરાતી થઈ છે.

પાશ્ચરે રેશમના કીડામાં પણ રોગ ફેલાવતા જીવાણુઓનો ઉપાય શોધી રેશમના ભાંગી પડતા ઉદ્યોગને બચાવી લીધેલો. ઘેટાં ને ઢોર તથા એમના સતત સંપર્કમાં આવતા માણસોમાં પણ ફેલાતા 'ઍન્થરેક્સ'ની રસી પણ એણે બનાવી. હડકવાની રસી શોધીને તો એણે માણસની મોટી સેવા કરી. એની આ સેવા પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવા દેશ-વિદેશમાંથી લોકોએ ભંડોળ એકઠું કરી પારી(સ)માં વિજ્ઞાનિક સંશોધનો માટે પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. આજે દુનિયા પર આવાં ૬૦ સંશોધન કેન્દ્રો એના નામે ચાલે છે.

પોતાના અને બીજા દેશોએ એનું બહુમાન કર્યું. ૭૨ વર્ષની વયે જ્યારે એનું અવસાન થયું ત્યારે એને શાહી માન સાથે પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટમાં જ સમાધિ આપવામાં આવી. પોતાના જીવનકાર્ય માટે એ હમેશાં સજગ હતા. એ કહેતા કે, 'માનવતાને અનુસરીને વિજ્ઞાન સદા જીવનની સીમાઓ વિસ્તારતું રહેશે.'

પ્રસંગવિશેષ : પર્લ હાર્બર પર જાપાની હુમલો • ૭મી ડિસેમ્બર ૧૯૪૧

હવાઈ ટાપુઓમાં પર્લ હાર્બર એ દુનિયાનાં મહત્ત્વનાં મોટાં અને ઉત્તમ નૌકામથકોમાંનું એક અમેરિકન થાણું છે. સંખ્યાબંધ યુદ્ધજહાજો ત્યાં એક સાથે રહી શકે તથા એમની મરામત પણ થઈ શકે એવી બધી જ વ્યવસ્થા ત્યાં છે. સબમરીન માટે પણ ત્યાં ખાસ અલગ બારું છે. અમેરિકાની પ્રથમ અણુસંચાલિત સબમરીન 'નૉટિલસ' અહીંથી જ એની ઉત્તરધ્રુવ તળેની વિખ્યાત સફરે ઊપડી હતી. ઈ. ૧૯૪૧ની ૭મી ડિસેમ્બરે એક તરફ વૉશિંગ્ટનમાં જ્યારે જાપાનના પ્રતિનિધિઓ શાંતિ અંગે વાટાઘાટ કરી રહ્યા ત્યારે એકાએક એક વિમાનવાહક જહાજ ઉપરથી ૧૫૦થી ૨૦૦ વિમાનોએ પર્લ:હાર્બરના અમેરિકન નૌકામથક પર ભયાનક બૉંબવર્ષા કરી. ઓચિંતા જ આવી પડેલા આ હુમલાથી ૯૦ મિનિટમાં તો અમેરિકાનાં ચાર મોટાં યુદ્ધજહાજો, સુરંગ બિછાવનાર એક જહાજ અને એક ટાર્ગેટ શિપ નાશ પામ્યાં. ૪ અન્ય યુદ્ધજહાજો, ૩ ક્રુઝર, ૩ વિનાશિકાઓ અને એક વિમાનવાહક જહાજને ભારે નુકસાન થયું. ૨૦૮૬ જેટલા અમેરિકનો માર્યા ગયા તથા ૭૪૯ ઘાયલ થયા. આ જ સમયે હિકહામ, વ્હીલર અને બેલોના લશ્કરી વિમાનમથકો પર પણ જાપાને બૉંબવર્ષા કરીને ૬૪ વિમાનોનો નાશ કર્યો તથા ૮૬ને નુકસાન કર્યું. આ મહાવિનાશ બદલ ત્યાંના કમાન્ડર એડમિરલ કિમેલ અને જનરલ શૉર્ટને બરતરફ કરવામાં આવેલા પણ ફરજ પ્રત્યેની એમની કોઈ બેદરકારી સાબિત થઈ શકી નહિ. જાપાનના આ ગજબના સાહસે સન્નાટો બોલાવી દીધો. અમેરિકા આ બનાવ પછી યુદ્ધમાં જોડાયું ને યુરોપમાં સળગેલું મહાયુદ્ધ વિશ્વભરમાં પ્રસરી ગયું.



પર્લ હાર્બર પરના જાપાની બૉંબમારાની એક દસ્તાવેજી છબિ

યોગ્ય ખરચ કરવું ભલું, અધિક ખરચ નહિ ભાઈ,
લેખણ ભરી લખવું ભલું, નહિ રેડી રૂશનાઈ.

૧૯૬૪ના એપ્રિલમાં હંબર્ટો કૅસ્ટેલો બ્રૅંકોએ બ્રાઝિલની સેનેટના અધ્યક્ષને નીચે પ્રમાણે પત્ર લખ્યો: 'આજે પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ તરીકે વિધિપૂર્વક મારુ સ્થાન નિશ્ચિત થવાનું હોઈ હું મારી ઐહિક સંપત્તિ જાહેર કરું છું, જે આ પ્રમાણે છે: ૪૩,૦૦૦ રૂ.ની કિંમતના શૅર; ૨૪,૦૦૦ રૂ ની કિંમતનો રીઓમાં આવેલો ફ્લૅટ; ૧૯૬૧ના મૉડેલની 'ઍરો વિલિસ' મોટર; અને રીઓ ડી-જાનેરોના સ્મશાનમાં રાખેલી કાયમી કબર.'

કહેવતોના અર્થ : 'ઢોરે પીંજણ માંડવી'. પીંજણનો અવાજ આમે ય મોટો, અને તે વળી ઢોરા–ઊંચા ટેકરા પર–ચડીને વગાડાતી હોય તો આસપાસ ઘણે સુધી સંભળાય. એવા શબ્દાર્થવાળી આ કહેવત કોઈ પણ વાતને છડેચોક જાહેર કરવા માટે વપરાય છે. એવી બીજી કહેવતો સાથે આપણે ત્યાં 'છાપરે ચડીને પોકારવું' જેવી અંગ્રેજી પરથી ઊતરેલી કહેવત પણ હવે તો તળપદા જેવી થઈ ગઈ છે.

ગણિતગમ્મત

$(૧^{૨}+૨^{૨})-(૧\times૦)=૫$
$(૨^{૨}+૩^{૨})-(૩\times૧)=૧૦$
$(૩^{૨}+૪^{૨})-(૫\times૨)=૧૫$
$(૪^{૨}+૫^{૨})-(૭\times૩)=૨૦$
$(૫^{૨}+૬^{૨})-(૯\times૪)=૨૫$
$(૬^{૨}+૭^{૨})-(૧૧\times૫)=૩૦$
$(૭^{૨}+૮^{૨})-(૧૩\times૬)=૩૫$
$(૮^{૨}+૯^{૨})-(૧૫\times૮)=૪૦$
$(૯^{૨}+૧૦^{૨})-(૧૭\times૮)=૪૫$
$(૧૦^{૨}+૧૧^{૨}(-૧૯\times૯)=૫૦$

અને એમ આગળ —કાન્તિલાલ મ. જોષી

શા–આબરૂદાર મોટો વેપારી, ચોરને માટે વ્યંગમાં વપરાતો શબ્દ, બાદશાહ, વાણિયા લોકોમાં વપરાતા જાતિવાચક સંબોધન તથા અભિવાદનનું ટૂંકું રૂપ, શાહુકાર, વહેવારિયો, સ્વાદ, મીઠાશ, જેવાં.

મહેશ— 'કૂતરા કરતાં બિલાડીમાં સમજ વધારે હોય છે.'

સરલા— 'તું ભલે એમ માનતો હોય, પરંતુ મને તારી વાત સમજાતી નથી.'

મહેશ— હું બિલાડીમાં વધુ સમજણ હોવાનું કહું છું, તારામાં નહિ.

ઊંઘ—પુરુષ માટે છ કલાક, સ્ત્રી માટે સાત કલાક, મૂર્ખ માટે આઠ કલાક—કે વધુ.

માનવીની મહત્તા તેણે શું મેળવ્યું છે તેમાં નહિ, પણ તે શું મેળવવા ઝંખે છે તેમાં છે.



અરધી સદી પહેલાં ખગોળશાસ્ત્રીઓ આપણી આકાશગંગાને જ સમગ્ર બ્રહ્માંડ માની લેતા. ખરી રીતે નભગંગામાં ૧૦૦ અબજ જેટલા સૂર્યો હોવા છતાં તે સમગ્ર અવકાશ સાગરનું તો એક બિન્દુ જ છે!!



કલાકણિકા : ઈરાનની પ્રાચીન રકાબીમાં આસમાની ભોંય પર સફેદ અને લીલી ફૂલપત્તીની અ-સમ પદ્ધતિની મનોરમ ગૂંથણી.



શિવનું વિષપાન

કલાકાર · નંદલાલ વસુ

મહાન ચિત્રકારના સામર્થ્યની એક કસોટી તે કોઈ દેવતા, ઇતિહાસ પારની વિભૂતિ કે માનવશ્રેષ્ઠની લક્ષણમૂર્તિ (icon) કેવી સર્જાવી શકે છે તેમાં ગણાય છે. ભારતના શિલ્પીઓએ નટરાજ શિવ કે ભગવાન બુદ્ધની, પશ્ચિમના કલાકારોએ કારુણ્યમૂર્તિ ઈશુની એવી લક્ષણમૂર્તિઓ સર્જી છે જે કાળપરંપરાથી જનસામાન્યના હૃદયમાં અંકિત થઈ છે. આધુનિક યુગમાં એવી લક્ષણમૂર્તિ સર્જનારા વિરલ કલાકારોમાં નંદલાલ વસુનું અગ્રસ્થાન છે. એમણે સર્જેલી શિવની લક્ષણમૂર્તિ જૂન અંકમાં આપણે જોઈ છે. એ જ શિવનું વિષપાન સમયનું આ ભવ્ય ચિત્ર સંસારનાં ઝેર સારવીને પચાવવાનો પ્રબોધ કરતું ભારતની કલાપરંપરામાં અમર રહેવાને સર્જાયું છે.